પંચગીત

વેણુ ગીત

ભ્રમર ગીત

પ્રણય ગીત

યુગલ ગીત

ગોપી ગીત

સંકલન - વિવેચન

ડૉ. પીયૂષ પરીખ

ગો.વા. શાંતિલાલ જમનાદાસ શાહ (દેત્રોજ)

ના સ્મણાર્થે

હસ્તે ગિરિશભાઇ શાહ (U.S.A.)

પંચગીત

વેણુ ગીત
ભ્રમર ગીત
પ્રણય ગીત
યુગલ ગીત
ગોપી ગીત

સંકલન - વિવેચન

ડૉ. પીયૂષ પરીખ

પ્રકાશક :
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ.
શ્રી ગોર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી, ભરૂચ, ગુજરાત.

લેખન તથા સંકલન : ડૉ. પીયૂષ પરીખ

પ્રથમ આવૃત્તિ : તા. ૨૫-૧૨-૨૦૧૬

પ્રત : ૫૦૦

ન્યોછાવર : ૧૦/- (પોસ્ટેજ ખર્ચ અલગ)

પ્રાપ્તિસ્થાન :
રૂણાબેન આર. મહેતા
મો.: ૯૦૧૬૧૧૬૩૫૭

મુદ્રક :
શ્રીજી ગ્રાફીક્સ
રાકેશ આર. મસાણી
એ-૧/૩, પટેલ સુપર માર્કેટ,
સ્ટેશન રોડ, ભરૂચ.
મો. : ૯૬૬૨૦૨૧૯૭૩

અનુક્રમણિકા

વિગત	પેજ નં.
ગોસ્વામી બાળકના આશીર્વચન	૫
પ્રેમાંજલિ	૭
શુભાશિષપત્ર	૮
શુભકામના પત્ર	૯
પ્રાક્કથન	૧૦
પરિચય : ડૉ. પીયૂષ પરીખ	૧૩
વેણુગીત	૧૭
પુષ્ટિ પ્રણયગીત	૪૨
ગોપી ગીતમ્	૭૩
યુગલગીત	૧૦૦
ભ્રમર ગીતમ્	૧૨૯
પુસ્તક સુચિ	૧૪૪

۶

।।श्री हरि: ।।
।।श्री द्वारकेशो जयति ।।

गो. श्री व्रजेशकुमारजी महाराज
(शु. तृ. गुहाधिपति) कांकरोली ,
सचिव - कार्यालय



।।श्री द्वारकेशो जयति ।।

श्रीमद् गोवर्द्धन धरं श्रीयुतं द्वारकेश्वरम् ।
श्रीमदाचार्यपादपादंच प्रणमामिनिरतंरम् ।।
श्रीमद् भगवतो नित्यं कृपापीयूष वर्षिण: ।
आशीर्वादस्वरूपेण भावृद्धि: सदाभवेत् ।।

भारत वर्ष के भक्तिमार्गीय परंपरा में श्रीमद् भागवत का स्थान सर्वोच्च माना जाता है, तथा उसमें भी दशम स्कंध के अन्तर्गत वेणुगीत, युगलगीत, गोपीगीत, भ्रमरगीत आदि का स्थान अतिशय मर्म स्पर्शी और हृदयंगम करने योग्य पुरातन काल से माना जा रहा है । इन्हीं गीति परंपरा में जयदेव कवि की श्रेष्ठ कृति गीत गोविंद भी रही है, तथा श्रीमत्प्रभुचरण श्री गुसांईजी ने श्रृंगार रस मण्डन को भी भक्तों के भावोपोषण हेतु इस पद्धति में अलंकृत किया है । इन सबका जो भाव, श्रीहरि के 'रतिरासोयतो भवेत्' उक्ति का मर्म जानकर आत्मा और परमात्मा के अलौकिक संबंध के ज्ञान पूर्वक हृदयारूढ किया जाय तभी भक्ति की व्यसनान्त दशा तथा आध्यात्म ज्ञान की तुरीय अवस्था तक पहुँच पाना संभव बनता है ।

भक्तों को इस रूप की तुरीय अवस्था तक पहुँचाने के लिये ही श्रीमद् वल्लभाचार्यजी महाप्रभु चरणों ने जीवात्मा का पर ब्रह्म के साथ सम्बन्ध जोडने का कार्य श्री रसराज पुरुषोत्तम की आज्ञा से किया है । श्रीमद् आचार्यों ने अति गूढ और गंभीर भाव से रास के अलौकिक स्वरूप का रहस्य समझाया है जो प्राय: 'कलिकालतमश्चछन्न दृष्टित्वद्विदुषामपि' लोगों की समझ से अस्पृष्ट ही रहता है। रास और महारास में - 'यस्यनि:श्वसितं वेदा:' स्वरूप परब्रह्म का, श्रुति स्मृति तथा (अनन्याश्रित) अनन्य पूर्वा रूप शुद्ध भक्तों का नित्य सिद्धा स्वरूप के द्वारा एक सूत्र में पिरोयी हुई, श्री कलिन्दनन्दिनी 'मुररिपो: श्रियंबिभ्रती' के द्वारा पद्म स्वरूप से ग्रंथित, श्रुति मातृ रूपा गायत्री के २४ अक्षर रूप से 'शोडषगोपिकानां मध्ये अष्टौ कृष्णा भवन्ति' के प्राकर में रास की लीला प्राय: सामान्य जनों से अस्पृष्ट ही रहती है ।

पैलेश
श्री द्वारकाधीश मंदिर
कांकरोली - 313 324
फोन : 02952-230001, 230256
फेक्स : 02952-231100

श्री राजाधिराज मंदिर
राजाधिराज मार्ग,
मथुरा - 281 001.
फोन : 0565-2406372

श्री बैठक मंदिर
द्वारकेशबाग,
बडौदा - 390 001
फोन : 0265-2431461

श्री द्वारकाधीश मंदिर
बउआकी पोल, रायपुर चकला,
अहमदाबाद - 380 001
फोन : 079-22141537

।। श्री हरि: ।।
।। श्री द्वारकेशो जयति ।।

गो. श्री व्रजेशकुमारजी महाराज
(शु. तृ. गुहाधिपति) कांकरोली,
सचिव - कार्यालय

उसी रहस्यमय लीला का वर्णन भी रहस्यात्मक रूप से ही किया गया है, पूर्वाचार्यों के द्वारा, अत: यहाँ इस ग्रंथ में उन भक्तों के ग्यारह श्लोकों को प्रणयगीत रूप से निरूपित समझाया गया है, उसे श्रीमदाचार्य चरणोंने विप्रयोग की पराकाष्ठा, ‘सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज‘ का सन्निष्ठ भाव और वैराग्य का चरम रूप के रूप में भक्तिमार्ग की सन्यस्त अवस्था का मूल रूप है इस प्रकार निरूपण करके तुरीयरूप सिद्धि का एक समन्वित रूप कहा है, अत: त्रिपदा गायत्री का स्वरूप चरमविप्रयोग के माध्यम से चतुष्पदा रूप ग्रहण कर लेता है । इस बात को श्रीआचार्यचरणों ने सूक्ष्म सांकेतिक रूप में रखा है । अत: इन गोपिकाओं की वाणी को गीत रूप से पृथक् निरूपित नहीं किया है । किन्तु इसके महत्त्व को तथा भक्तों की भाव प्रौढि, निष्ठा आदि के भावों को ‘प्रणयगीत‘ नामाभिधान के द्वारा इसमें समाविष्ट करके अतिशय उत्तम प्रकार संपादित किया है ।

डॉ. पीयूषभाई परिखने सरल और सार गर्भित भाषा के माध्यम से भगवदीयजनों के भाव संपोषणार्थ ग्रंथ रूप देकर एक उत्तम कार्य किया है । श्री..कृपा से यह ग्रंथ लोकोपकारक बने यही मंगलकामना और लेखनकार्य को उत्तम रूप दने के कारण डॉ. पीयूषभाई को अनेक आशीर्वाद ।

भवदीय

(तृ. पी. गोस्वामी श्री व्रजेशकुमारजी महाराज)
कांकरोली

पैलेश
श्री द्वारकाधीश मंदिर
कांकरोली - 313 324
फोन : 02952-230001, 230256
फेक्स : 02952-231100

श्री राजाधिराज मंदिर
राजाधिराज मार्ग,
मथुरा - 281 001.
फोन : 0565-2406372

श्री बैठक मंदिर
द्वारकेशबाग,
बडौदा - 390 001
फोन : 0265-2431461

श्री द्वारकाधीश मंदिर
बउआकी पोल, रायपुर चकला,
अहमदाबाद - 380 001
फोन : 079-22141537

પ્રેમાંજલિ



પ.પૂ. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી

જન્મ દિવસ
તા. ૧-૩-૧૯૪૦

ગોલોક વાસ
તા. ૯-૧૨-૨૦૧૩
(માગશર સુદ-૭)
(શ્રીગોકુલનાથજી ઉત્સવ)

મારા લૌકિક તાપ-ક્લેશને જેમણે ઉર્ધ્વીકરણ રૂપ અલૌકિક તાપ-ક્લેશના પાથે પ્રયાણનો પ્રયાસ કરાવ્યો.

'પંચગીત' આપને સાદર અર્પણ.

તુલયામ લવેનાપિ ન સ્વર્ગં ના પુનર્ભવમ્ ।
ભગવત્સંઙ્ગિ સઙ્ગસ્ય મર્ત્યાનાં કિમુતાશિષઃ ।। ૧:૧૮:૧૩।।

ભાગવતના સત્સંગની તોલે સ્વર્ગ કે મોક્ષનું સુખપણ કંઈ નથી તો મનુષ્યના સુખોની શી વિસાત ?

।। શ્રી ગોપીજનવલ્લભાય નમઃ ।।

શુભાશિષ પત્ર

પુષ્ટિમાર્ગીય પાથેય વિતરણ કર્તાઓ પૈકી પૂ.પા. ગો. બાળકો અને પુષ્ટિમર્મજ્ઞ શાસ્ત્રીજીઓ સિવાય આ પ્રકારનું પાથેય વિતરણ કર્તાઓમાં ચિ. પ.ભ. પીયૂષભાઈ પરીખ દૃષ્ટિપથ પર દૃષ્ટિગોચર થાય છે, વર્ષમાં એ મારા કરતાં નાના છે એટલે કોઈ નવું સાહિત્ય પ્રકાશન કરવાનું હોય તો મારી પાસે આશીર્વાદની અપેક્ષા રાખે છે, પણ પ્રભુનાં ગુણગાન માટે સંસ્કૃત સાહિત્યની એક ઉક્તિ યાદ આવે છે, ‘‘ગુણાઃ ગુણસ્થાનેસ્તુ, ન ચ લિંગં ન ચ વરઃ’’ એ ન્યાયે નવા પ્રકાશન પ્રસંગે મને કાંઈક લખવા કહે છે. શ્રીમદ્ભાગવત - સંહિતા તો સ્વયં અનેકવિધ માર્ગદર્શનનો નિધિ છે. તેમાં જે ‘પંચગીત’ છે (શ્રીવેણુગીત, શ્રીગોપીગીત, શ્રીયુગલગીત, શ્રીભ્રમરગીત અને શ્રીપ્રણય ગીત) તેમાં પુષ્ટિમાર્ગીય તત્ત્વજ્ઞાનનો જે નિચોડ છે તે પ્રત્યે ચિ. પીયૂષભાઈએ કાંઈક વૈષ્ણવસૃષ્ટિને આપવા ઉત્સુક છે. તે ગીતોમાં પ્રસંગને અનુસાર છંદોનો વિનિયોગ જોવા મળે છે; શ્રીગોપીજનોને મદ થતાં ‘શ્રીગોપીગીત’ મળ્યું, તો વેણુગીતમાં ક્યાંક વિરુદ્ધધર્મ વિશે જોવા મળે, શ્રી યુગલગીતમાં પ્રભુ ગોચારણ માટે વનમાં જતા ત્યારે ગોપીજનોને વિરહ વ્યથા થતી; જ્યારે શ્રીપ્રણયગીતમાં ભક્તોની વાણીનો વિજય છે, તો ભ્રમરગીતમાં ભ્રમરભક્તોને થતા ભ્રમરહિત ભ્રમરગીતનું વર્ણન છે. આવા સુંદર પ્રકાશનો વારંવાર પ્રભુ કરાવતાં રહે એ જ અભ્યર્થના - પ્રભુ ચિ. પીયૂષભાઈ પાસે વારંવાર આવા પુષ્ટિપાથેય આપતા જ રહે એવી મંગલ કામના સાથે વિરમું.

દા.દા. વૈકુઠલાલ શંકરલાલ ભગતના સદૈન્ય
ભગવત્સમરણ

વૈષ્ણવ પરિવારોનું આત્મીય સ્વજન
વૈષ્ણવ પરિવાર
A Gujarati Monthly RNI No. 38428/83

બાળકોનું પ્રિય માસિક
બાલપુષ્ટિ
A Gujarati Monthly For Children RNI No. 54910/92

વસંતબેન ર. પરીખ
તંત્રી : 'વૈષ્ણવ પરિવાર' અને 'બાલપુષ્ટિ'

૩૧, શિવ સોસાયટી વિભાગ-૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા - ૩૮૪ ૦૦૨ ફોન : (૦૨૭૬૨) ૨૫૧૨૯૮ Email : shpct@hotmail.com

શુભકામના

શ્રીવલ્લભના કૃપાપાત્ર શ્રી પીયૂષભાઈ,

શ્રીમદ્ ભાગવતજીના પરમ અભ્યાસુ એવા આપના દ્વારા શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ અંતર્ગત પ્રસિદ્ધ પંચગીત - વેણુગીત, પ્રણયગીત, ગોપીગીત, યુગલગીત અને ભ્રમરગીત તેના શ્લોકાર્થ તેમજ સરળ વિવેચન સહિત પ્રકાશિત થઈ રહ્યાં છે, તે જાણી આનંદ થયો.

આ બધાં સંસ્કૃત ભાષાનાં ગીતો વૈષ્ણવો સત્સંગના સમયે ગાતાં હોય છે. તે સમજાતાં ન હોવા છતાં તેની દિવ્યતા અને મધુરતા માણતાં હોય છે. જો તેનો ગુજરાતી અર્થ સમજીને ગવાય તો સોનામાં સુગંધ ! આ સ્તુત્ય કાર્ય આપના દ્વારા થઈ રહ્યું છે, તે માટે અભિનંદન !

ડૉક્ટરના વ્યવસાય દ્વારા માનવ સેવા અને ઘરમાં શ્રીપ્રભુની સ્વરૂપ સેવા, કીર્તન સેવા, બંનેમાંથી સમય મેળવીને થતી આ નામ સેવા તમારા ઉપરની શ્રીવલ્લભની કૃપાનું પરિણામ છે.

આપના દ્વારા વધુ ને વધુ સંપ્રદાયની નામ સેવા થાય, આપના દ્વારા લખાયેલ અને અગાઉ પ્રકાશિત થયેલ પુસ્તકોની જેમ જ આ પુસ્તક પણ વૈષ્ણવોને ઉપયોગી બને, પંચગીતનો સુંદર રસાસ્વાદ કરાવે. વૈષ્ણવસૃષ્ટિ સતત આવાં પ્રકાશનોથી લાભાન્વિત થતી રહે, એ જ શુભકામના આ શુભ પ્રસંગે પાઠવું છું.

ભવદીયા

વસંતબેન ર. પરીખ

વસંતબેન પરીખ

પ્રાક્કથન

શ્રી વલ્લભઃ

શ્રીમહાપ્રભુજીએ પ્રેમલક્ષણા રૂપી પરાભક્તિનો માર્ગ પ્રકટ કર્યો. પુષ્ટિમાર્ગ તરીકે પ્રસિદ્ધ થયો.

શ્રીમદ્ ભાગવત આ માર્ગનું પ્રાકટ્ય સ્થાન. આ સંબંધે આ શ્રી ભાગવત માર્ગ પણ ખરો.

શ્રી ભાગવત પુરુષની પ્રેરણાથી શ્રી વ્યાસજીએ જેને સમાધિમાં જોયું અને ગાયું તે ગીત એટલે શ્રીભાગવત. દ્વાદશ સ્કંધ વાળા પ્રભુના આ નામાત્મક સ્વરૂપનું હૃદય દશમ સ્કંધ (નિરોધ લીલા) છે. અહીં શ્રી શુક સભગવાન થયા છે. પ્રભુએ જ અહીં હૃદગત્ લીલારસનું ગીત ગાયું છે.

શ્રી ભાગવત રૂપી ગીતામાં વિવિધ ગીતો છે. દશમ સ્કંધમાં ગાવયેલ ગીતોનો પણ આમાં અંગીકાર છે. દશમ સ્કંધના પંચગીત તરીકે પ્રસિદ્ધ થયેલ ગીતો પુષ્ટિ સંપ્રદાયમાં જ નહીં પણ વૈદિક સંસ્કૃતિ સાથે સંબંધિત દરેક સંપ્રદાયોમાં વિશિષ્ટ આદર અને સન્માનીય સ્થાન પામ્યા છે.

આ પંચગીતો ઉપર સાંપ્રદાયિક આચાર્યો, વિદ્વાનો અને અન્ય સંપ્રદાયોના ગુણીજનોએ પણ ખૂબ જ વાંચન, શ્રવણ, મનન, અધ્યયન અને લેખન કર્યું છે. પંચગીતોના પ્રભાવનું જ આ પ્રમાણ છે.

અત્યાર સુધીમાં પુષ્ટિસ્થ પ્રભુએ માર્ગીય ચૌદ વિષયો પર પુસ્તક સ્વરૂપે લેખન કરાવ્યું છે. આ નામ સેવામાં શ્રીવલ્લભકુળનો અનુગ્રહ અને વૈષ્ણવોની આડી કૃતાર્થ કરતાં રહ્યા છે.

'પંચગીત' રૂપ નામ સેવાની પ્રેરણા અને આડી ગો.વા. શ્રી ભાઈલાલ ફુઆ અને શશી ફોઈના પુત્ર પ.ભ. ગિરિશની રહી છે. ભાઈ ગિરિશને સ્વમાર્ગીય અને શ્રીભાગવત આદિ ગ્રંથોનું સારું વાંચન છે. હાલમાં કેનેડા રહે છે. ત્યાં

રહીને પણ સાંપ્રદાયિક સંસ્કૃતિને સાચવી રાખી છે. ત્યાં જન્મેલા તેના બાળકોને પણ માર્ગીય સંસ્કૃતિથી પ્લાવિત કર્યા છે.

તેના જીવનમાં આવેલી કસોટીઓ પ્રભુકૃપા અને માતા-પિતાના આશિષથી પાર કરી ગયો છે. આ સ્વરૂપો તરફનો અહોભાવ પ્રકટ કરવાનો મનોરથ કર્યો. તેના હૃદયસ્થ પ્રભુએ મને આજ્ઞા કરી કે, ''દશમ સ્કંધના પંચગીત પર નામ સેવા કર''. પુસ્તક દેહ આપ.

શ્રી ભાગવત પ્રતિપદ મણિવર ભાવાંશુ ભૂષિતા મૂર્તિઃ શ્રીવલ્લના અનુગ્રહથી પ.ભ. ભાગવત વક્તા શ્રી નવનીત પ્રિય શાસ્ત્રીજીના આશિર્વાદ તેમના લખેલ ''પુષ્ટિ પુલિન'' અને ''શ્રી ભાગવત રસાસ્વાદ'' દ્વારા સાકાર થયા.

શ્રુતિરૂપા વ્રજભક્તોના રાસ સંસ્કાર સર્જતું શ્રી વેણુગીત, રાસ માટે વેણુનાદ કરી વ્રજભક્તોને બોલાવવા, પછી ધર્મોપદેશથી પાછા જવાનું કહેવું અને તે સામે ભક્તોની વાણીના વિજય રૂપ પ્રણયગીત, રાસમાં સૌભાગ્ય મદના લીધે અંતર્ધાન થયેલ પ્રભુને શોધવા, થાક્યા, હાર્યા અને પ્રભુ ન મળતાં શ્રીયમુના તટે ગવાયેલ ગોપીગીત, રાસના સંયોગદલને માણ્યા પછી રસને પૂર્ણ માણવા ઉત્તર દલના અનુભવથી ગવાયેલ યુગલ ગીત અને ભ્રમર તથા કૃષ્ણદુત ઉદ્ધવજીને જોઈને ઉપાલંભ આપતું ભ્રમરગીત.

પંચગીતોના આ અલંકારો છે.

મારા બ્રહ્મસંધ દાતા નિ.લી. પ.પૂ.ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (પૂ. દાદાજી)ના આત્મજ વર્તમાન તૃતીય ગૃહાધીશ પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજીએ મારા લેખનને વાંચ્યું, નાણ્યું અને તે પછી અદ્‌ભૂત આશીર્વચન દ્વારા કૃપા વરસાવી. મારા લેખનની અધુરપ આ દ્વારા મધુરપમાં પરિવર્તિત થઈ. આપશ્રીનો ઋણી છું.

વૈષ્ણવ રત્ન પ.ભ. શ્રી વૈકુંઠભાઈ, પ.ભ. વસંતબેન પરીખે પણ આશિષ આપી વાત્સલ્ય દર્શાવ્યું. આ બંનેનો પણ આભારી છું. સૌ. વર્ષાએ પ્રુફ રીડીંગની સેવા આપી તેનો પણ આભારી છું.

ભાઈ રાકેશ મસાણીની ગ્રાફિક, પ્રીન્ટીંગ વગેરે સેવા સુંદર, શીઘ્ર અને સરાહનીય છે. તેને પણ ધન્યવાદ.

ભરૂચના વૈષ્ણવો સદા મારી સાથે રહ્યા છે. દેશ-વિદેશના પુષ્ટિજીવો એ સદા શુભેચ્છાઓ અને આશિષ પાઠવ્યા છે. તે બધાનો ઋણી છું.

આ પુસ્તકનું વિમોચન બાલપુષ્ટિની વર્ષગાંઠ સમયે શ્રીવલ્લભકુલ દ્વારા, ગામે ગામથી પધારેલ વૈષ્ણવ ગુણીજનોની ઉપસ્થિતિમાં થઈ રહ્યું છે તે મારા માટે રોમાંચકારી છે.

શ્રીવલ્લભકુલ, વૈષ્ણવ પરિવાર, પ.ભ. વસંતબેન અને વૈષ્ણવ સૃષ્ટિનો આભારી છું.

ભવે ભવે યથા ભક્તિ પાદયોસ્તવ જાયતે ।
તથા કરુષ્વ દેવેશ નાથસ્ત્વં નો યતઃ પ્રભો ।।

નામ સંકીર્તનં યસ્ય સર્વ પાપ પ્રણાશનમ્ ।
પ્રણામો દુઃખ શમન સ્તં નમામિ હરિં પરમ્ ।।

પીયૂષના સમસ્ત શ્રીવલ્લભકુલને દંડવત્ પ્રણામ
અને સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિને ભગવદ્ સ્મરણ

|| શ્રી વલ્લભ ||

ડૉ. પીયૂષ નંદલાલ પરીખ

જન્મભૂમિ : પાટણ (ઉ.ગુ.)
કર્મભૂમિ : ભરૂચ (દ.ગુ.)
માતાશ્રી : અ.સૌ. જસવિદ્યાબેન
પિતાશ્રી : શ્રી નંદલાલ પરીખ
અભ્યાસ : બી.એસ.સી., એમ.બી.બી.એસ.
શાસ્ત્રીય સંગીત (વોકલ) વિશારદ
બ્રહ્મસંબંધ : નિ.લિ. પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (કાંકરોલી નરેશ)
સંગીત શિક્ષા : સ્વ. શ્રી નગીનભાઈ જાદવ, શ્રી ચંપકભાઈ ગોઠી

વ્યવસાય :

- દોઢ વર્ષ જિલ્લા ક્ષયરોગ કેન્દ્ર, ભરૂચમાં મેડીકલ ઓફિસર
- છેલ્લા ૩૩ વર્ષથી પ્રાઈવેટ જનરલ મેડીકલ પ્રેક્ટીસ

સંસ્થાઓમાં સેવા :

- મેડીકલ એસોસીએશન ભરૂચ, જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ ભરૂચ અને રોટરી ક્લબ ઓફ ભરૂચના પાસ્ટ પ્રેસીડન્ટ
- આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરીષદ, ગુજરાત શાખાના કારોબારી સભ્ય
- રોટરી ડાયગ્નોસ્ટીક સેન્ટરના ઓન. મેડીકલ એડવાઈઝર
- LRPC કમિટિ જુનિયર ચેમ્બર ભરૂચના ચેરમેન
- નગર શિક્ષણ સમિતિ ભરૂચના એક્સ મેમ્બર
- રેડક્રોસ સોસાયટીના સભ્ય

સાંપ્રદાયિક સેવા :

- ભરૂચમાં નિયમિત સત્સંગ કાર્યક્રમો
- દેશ-પરદેશમાં સત્સંગ અને કીર્તનના કાર્યક્રમો

- અમેરિકા, કેનેડા અને લંડનમાં ધર્મયાત્રાઓ
- શ્રીનાથદ્વારા તથા શ્રી કાંકરોલી મંદિરોમાં શ્રી આચાર્યોની કૃપાથી પ્રભુ સન્મુખ કીર્તન સેવા
- વૈષ્ણવ પરિવારમાં ઘણા સમયથી લેખન સેવા
- ચરણામૃત રસપાનનાં તંત્રી
- ભરૂચ ડીસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એસોસીએશન (BDMA)માં ''કૃષ્ણ એઝ એ રોલ મોડલ ઈન મેનેજમેન્ટ'' વિષય પર અગિયાર મહિના સુધી દર મહિને પ્રવચનની શૃંખલા
- પ.પૂ.ગો. શ્રી ૧૦૮ શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રીના શિબિરમાં શિક્ષક તરીકે સેવા

અન્ય પ્રવૃત્તિ :

- બુક લવર્સ ભરૂચ મીટના સભ્ય, ક.મા. મુન્શીના 'ભગવાન કૌટિલ્ય' પુસ્તક પર પ્રેઝન્ટેશન
- બી.ડી.એમ.એ.માં શ્રી મહાપ્રભુજીના ''વિવેક, ધૈર્ય, આશ્રય'' પુસ્તક પર પ્રેઝન્ટેશન
- ઓમકારનાથ સંગીત મંડળ (ભરૂચ)ના સભ્ય. અહીં પ.પૂ. ૧૦૮ શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીના સંગીત ગાનના કાર્યક્રમનું આયોજન કરાવ્યું

ઉપલબ્ધિ :

- વૈષ્ણવ પરિવાર દ્વારા ત્રણવાર સારસ્વત એવોર્ડ્સ
- અમેરિકાના 'વ્રજ' મંદિર દ્વારા 'પુષ્ટિ પથ પ્રદર્શક એવોર્ડ'
- અમેરિકા 'વલ્લભધામ' કનેક્ટીકટ દ્વારા એવોર્ડ
- આં.રા.પુ.વૈ. પરિષદ અધિવેશનમાં પ.પૂ.ગો. શ્રી વાગીશકુમારજી મહોદય દ્વારા એવોર્ડ. ભરૂચ, રાજપીપળા તથા હાલોલ શાખા દ્વારા સન્માન
- રોટરીના આઉટસ્ટેન્ડીંગ પાસ્ટ પ્રેસીડેન્ટ ૨૦૧૨-૧૩નો એવોર્ડ
  (દેડીયાપાડના આદિવાસી વીસ્તારમાં મેડીકલ કેમ્પ દરમ્યાન ડૉક્ટર્સના તથા દવા ડીસ્પેન્સ કરવાના નેટવર્કની વ્યવસ્થા માટે)

- પૂ.પા.ગો. ૧૦૮ શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત-પૂના-જેતપુર) દ્વારા આયોજીત નેશનલ કક્ષાની નિબંધ સ્પર્ધામાં દ્વિતીયક્રમના પુરસ્કારની પ્રાપ્તિ
- બાલ્યવસ્થામાં પાટણમાં સંગીત ગાન સ્પર્ધામાં પ્રથમ ક્રમથી મેડલની પ્રાપ્તિ
- શ્રી હરસાનીજી સાહિત્યકાર સન્માન એવોર્ડ પ્રાપ્ત કર્તા

ધન્યક્ષણો :

- નિ.લી.પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત) ષષ્ઠપીઠાધીશ્વરના અધ્યક્ષ સ્થાને સુરતમાં 'શ્રીપુરુષોત્તમજી લેખવાલા' પર મારું પ્રવચન. આ પ્રથમ સત્સંગ.
- પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી (તૃતિય ગદાધીશ)ના જન્મદિને આપશ્રીની અધ્યક્ષતામાં 'ગુરુભક્તિ' પર પ્રવચન.
- નિ.લી.પ.પૂ. ગો. શ્રી દાઉજી મહારાજ (તિલકાયશ્રી), નિ.લી. પ.પૂ. ગો. શ્રી વ્રજજીવનલાલજી મહારાજશ્રી (મુંબઈ), નિ.લી. પ.પૂ. ગો. શ્રી નૃત્યગોપાલજી મહારાજશ્રી, પ.પૂ.ગો. ૧૦૮ શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત) તથા પ.પૂ.ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી તથા ગો. શ્રી વાગીશકુમારજી સન્મુખ કીર્તન ગાન.

  તિલકાયતશ્રી પ.પૂ. ગો. ૧૦૮ શ્રી રાકેશકુમારજીના સન્મુખ કિર્તનગાનની સેવા.

  પષ્ઠપીઠાધિશ ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં યમુનાષ્ટકમ્ અને ભક્તિયોગ ઉપર શિબિર.

  પંચમ પીઠાધિશ ગો. ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની અધક્ષતામાં પુસ્તક વિમોચન પ્રસંગે પ્રવચન.

  અમેરીકા વ્રજમંદિરમાં અનંતશ્રીવિભૂષીત પ.પૂ. ગો. ૧૦૮ શ્રી મથુરેશ્વરજી મહારાજશ્રી, પ.પૂ. જીજી અને પ.પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજ (કાંદીવલી-ચંપારણ)ની અધક્ષતામાં વૈષ્ણવી ચળવળ વિશે પ્રવચન.

  પ.પૂ. ગો. શ્રી રાજેશકુમારજી મહારાજશ્રી (કડી-અમદાવાદ)ના સાનિધ્યમાં શ્રીસુબોધીનીજીની કારીકાઓનું અવગાહન.

ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહોદય (કડી-અમદાવાદ)ની ઉપસ્થિતિમાં શ્રીભાગવતનો સત્સંગ.

પ.પૂ. ગો. ૧૦૮ શ્રી કુંજેશબાવાશ્રીની અધક્ષતામાં વૈષ્ણવ પરિષદ વિશે પ્રવચન.

લખાયેલા પુસ્તકો :

(૧) શ્રી ગોપીનાથજી (૨) શ્રી પુરુષોત્તમજી લેખવાલા

(૩) વિવેક ધૈર્યાશ્રય - ૪૦૦૦૦થી વધુ દેશ વિદેશના વૈષ્ણવોના ઘરમાં આ પુસ્તક છે.

(૪) કૃષ્ણાશ્રય (૫) સંપ્રદાય અને અધિકાર

(૬) રસોવૈસઃ (૭) ભક્તિવર્ધિની

(૮) અય મન કરલે સહન (સૂરદાસજી).

(૯) શ્રી ભાગવતાર્થ પ્રકરણ સ્કન્ધ-૧ (હરસાનીજી ટ્રસ્ટ દ્વારા પ્રકાશન)

(૧૦) આર્તિ માટે આરતી - આં.રા.પુ.વૈ. પરિષદ દ્વારા પ્રકાશિત.

(પ.ભ. શ્રી વસંતબેનનો અભિપ્રાય - ‘‘આ પ્રકારનું કદાચ આ પ્રથમ પુસ્તક સંપ્રદાયમાં છે.’’

(૧૧) ધન્ય ભાગ્ય જેને વ્રજમંડલ જોયું - દયારામભાઈના પદનું વિવેચન

(૧૨) શ્રીગુસાંઈજી પ્રકટયા ન હોત તો ? - શ્રીગુસાંઈજીની વધાઈ પર વિવેચન

(૧૩) શોભા સલુણા શ્યામની પુસ્તકમાં લીલાના ચિત્રોનું વિવરણ અને લેખન

(૧૪) શ્રીગિરિરાજધાર્યષ્ટકમ્

(૧૫) પંચગીત

(૧૬) સિદ્ધાંત મુક્તાવલી

વેણુ ગીત

શ્રીમદ્ ભાગવતમાં દસમ સ્કંધ નિરોધલીલા છે. તે ભગવાનનું હૃદય છે. તેમાં પાંચ પ્રકરણો છે. તે પૈકી બીજું પ્રકરણ તામસ પ્રકરણ છે. પ્રભુ તામસ ભક્તોનો નિરોધ કરે છે. દસમ સ્કંધમાં ૨૧મો અધ્યાય (ત્રણ પ્રક્ષિપ્ત અધ્યાય ગણતાં) વેણુગીતથી ઓળખાય છે. આ અધ્યાયમાં તામસ પ્રમેય લીલાનું ધર્મિ સ્વરૂપ બતાવ્યું છે. તે ભગવાન કૃષ્ણ જ છે. ભગવાન રસાત્મા છે.

શ્રુતિરૂપા ગોપીજનો અન્યપૂર્વા કહેવાય છે. ઋષિરૂપા ગોપીજનો અનન્યપૂર્વા કહેવાય છે. અન્યપૂર્વા ગોપીજનોનાં લગ્ન ગોપો સાથે થયાં છે. અનન્યપૂર્વા ગોપીજનોનાં લગ્ન થયાં નથી.

પ્રભુએ આ બંને પ્રકારનાં ગોપીજનોને રાસનું દાન કરવાનું છે. આ માટે સંસ્કાર કરવાં પડે. ચીરહરણ લીલાથી ઋષિરૂપાનાં સંસ્કાર થયાં છે. અન્યપૂર્વા શ્રુતિરૂપાનાં સંસ્કાર વેણુગીત દ્વારા છે. વેણુ એટલે વ + ઈ + અણું. વ એટલે વિષયાનંદ. ઈ એટલે મુક્તિથી મળતો આનંદ. આ બંનેને અણુ જેટલા તુચ્છ બનાવે તે વેણું. ભગવાન પરમાનંદરૂપ છે, ઉત્કટ લીલા રસરૂપ છે તેનો અનુભવ વેણુ કરાવે છે.

વેણુ દ્વારા પ્રભુએ ગીત ગાયું. તે ગીતમાં પોતાનું રસાત્મક સ્વરૂપ પધરાવ્યું છે. શ્રી ગોપીજનોએ તે સાંભળ્યું. તે દ્વારા તેમના હૃદયમાં રસાત્મા પ્રભુએ પ્રવેશ કર્યો અને તેનું વર્ણન તેર શ્લોકમાં કર્યું. વેણુના માધ્યમથી આ અધ્યાય વેણુગીત છે.

કાલના પ્રતિનિધિ બાર માસ છે અને એક અધિક મળી તેર શ્લોક થાય. ભગવાન પુરુષોત્તમ કાલાધિક છે. પુરુષ બાર અંગવાળા છે. તેથી અધિક શ્લોક કહી પુરુષથી શ્રેષ્ઠ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે તે સ્પષ્ટ કરે છે.

શ્રી ગોપીજનોએ તેર શ્લોક ગાયા. તે રીતે તેર પ્રકારની લીલા કહી. આ તેર શ્લોક જ વેણુગીત નથી પણ આખો અધ્યાય વેણુગીત રૂપ છે. ગીત ગોવિંદનું છે ગોપીજને ગાયું છે. વેણુ દ્વારા પ્રાપ્ત થયું છે તેથી વેણુગીત કહેવાય - શ્રી હરિની અધર સુધા છે. સ્વામિનીજીઓને સંવેદના છે. સુધાલાભ વેણુનાદથી થયો માટે વેણુગીત છે.

વેણુગીતના પહેલાં પાંચ શ્લોકોમાં વિદ્યાનું નિરૂપણ છે. વિદ્યાનાં પાંચ પર્વ છે. સાંખ્ય, યોગ, તપ, વૈરાગ્ય અને કેશવમાં ભક્તિ, રસાત્મક પુરુષોત્તમનું જ્ઞાન સાંખ્ય છે. ચિત્ત પ્રભુચરણ થાય તે યોગ છે. ભગવદ્ વિરહમાં ક્લેશનો અનુભવ તપ છે. ભગવાન સિવાય અન્યત્ર રાગનો અભાવ વૈરાગ્ય છે. કામના વગરની ભગવદાસક્તિ તે ભક્તિ છે. આ ભગવદાસક્તિ પુષ્ટિમાર્ગીય પંચપર્વા વિદ્યા છે.

શ્રી શુકજી કહે છે - (અનુષ્ટુપ્ છંદ)

ઈત્થગ-શરત્સવચ્છ-જલં પદ્માકર-સુગન્ધિના ।
ન્યવિશદ્ વાયુના વાતં સ-ગો-ગોપાલકોડચ્યુતઃ ।।૧।।

સાન્વય-વિવેચન : ઈત્થગ-શરત્સ્વચ્છ-જલં = આ પ્રકારની શરદ-ઋતુ વડે સ્વચ્છ થયેલાં જલ જેમાં છે તેવા, **પદ્માકર-સુગન્ધિના** = કમલવાળાં જલાશયોના સુંદર ગંધવાળા, **વાયુના** = પવન વડે, **વાતં** = સુગંધીવાળા (વૃન્દાવનમાં), **સગો-ગોપાલકઃ** = ગાયો અને ગોવાળીઆઓ (ના સાથવાળા) સાથે, **અચ્યુતઃ** = અચ્યુતે (ભગવાન્ શ્રીકૃષ્ણે), **ન્યવિશત્** = (આધિદૈવિક-નિકુંજ-પર્યંત) પ્રેવશ કર્યો.

શરદઋતુ આવી હતી. તેનાથી જલાશયોનાં જલ સ્વચ્છ થયાં તેમાં કમલો છે. સુંદર ગંધવાળા પવન વાય છે. આવા વૃંદાવનમાં ગાયો અને ગોવાળીયાઓ સાથે અચ્યુતે પ્રવેશ કર્યો.

આ શ્લોકમાં વૃંદાવન શબ્દ નથી પણ વૃંદાવન સમજવાનું છે. આગલા

(વીસમા) અધ્યાયમાં પચ્ચીસમાં શ્લોકમાં વન શબ્દ છે. આ અધ્યાયના બીજા શ્લોકમાં વન શબ્દ છે. પાંચમા શ્લોકમાં વૃન્દારણ્યં શબ્દ છે. આથી આ વૃંદાવન સમજવાનું છે.

વ્રજમાં શરદઋતુ આવી છે. ભગવાનની લીલા માટે આવી છે. વૃંદાવનમાં સરોવર છે. શરદના સ્વભાવથી સરોવરનાં જલ મલિન નથી અને શીતલ પણ નથી. તેમાં સુંદર સુગંધી કમલ થયાં છે. મંદ, શીતલ અને સુગંધી વાયુ છે. ન્યવિશત્ શબ્દમાં ''નિ'' ઉપસર્ગ છે. તે નિત્યતાનું સૂચક છે. ભગવાનની લીલા નિત્ય છે. પ્રભુ વૃંદાવનમાં પધારે અને જલમાં પણ વિહાર કરે. પ્રભુની લીલા નિર્દોષ છે. ગાયો તે સુખનો અનુભવ માણે છે. ગોવાળો સાક્ષીરૂપ છે તે સ્નેહપૂર્વક સેવા કરી રહ્યા છે. કૃષ્ણમાં વિહાર દરમ્યાન વિકાર આવતો નથી. નિર્દોષ જ રહે છે. કારણ અચ્યુત છે.

(પુષ્ટિતાગ્રા છંદઃ)

કુસુમિત-વન-રાજિ-શુષ્મિ-ભૃંઙ્ગ, દ્વિજ-કુલ-જુષ્ટ - સરઃ - સરિન્મહીધ્રમ્ ।
મધુપતિરવગાહ્ય ચારયન્ ગાઃ, સહ-પશુ-પાલ-બલશ્ચુકૂજ વેણુમ્ ।।૨।।

સાન્વય-વિવેચન : કુસુમિત-વન-રાજિ-શિષ્મિ-ભૃઙ્ગ-દ્વિજ-કુલ-જુષ્ટ-સરઃ-સરિન્મહીધ્રં = ખીલેલાં પુષ્પોવાળા વનમાં વૃક્ષોની પંક્તિયો વડે મત્ત થયેલા ભમરા અને પક્ષીઓના અને જાતના સમૂહો વડે સેવાએલાં સરોવરો, નદીઓ અને પર્વતો (વાળા વૃંદાવન)માં, **અવગાહ્ય** = પ્રવેશીને, **સહ-પશુપાલ-બલઃ** = ગોવાળો અને બલરામના સાથવાળા, **ગાઃ** = ગાયોને, **ચારયન્** = ચરાવતા, **મધુપતિઃ** = સરસ શૃંગારાત્મા વસન્તાધિપતિએ (શ્રીકૃષ્ણે), **વેણું** = વેણુ, **ચુકૂજ** = કૂજન કર્યું.

વનમાં વૃક્ષો છે. તેની શાખાઓ પર પુષ્પો ખીલ્યાં છે. આનાથી ભમરાઓ મત્ત બને છે. પક્ષીઓનાં સમૂહો સરોવરો, નદીઓ અને પર્વતોનું સેવન કરે છે. આવા વૃંદાવનમાં મધુપતિ પ્રવેશે છે. સાથે ગોવાળો અને બલરામજી છે. ગાયોને ચરાવતાં ચરાવતાં વેણુકૂંજન કરે છે.



વૃંદાવનમાં પ્રફુલ્લ પુષ્પો થયાં છે. તેની સુગંધથી ભમરાઓ મત્ત બની ગૂંજન કરે છે. અનેક પ્રકારનાં સમૂહ છે તે મધુર કૂંજન કરે છે. વનમાં નદી, સરોવર અને પર્વત છે. પક્ષીઓ તેનું સ્નેહથી સેવન કરે છે. અહીં પ્રભુને મધુપતિ કહ્યા છે. તે વસંતના અધિપતિ છે. શૃંગારરૂપ છે. હમણાં તેમનો ધર્મ ગોચારણનો છે તેથી દિવસ દરમ્યાન વનમાં રહે છે.

ગોપો ક્રિયાશક્તિરૂપ છે. બળદેવજી જ્ઞાનશક્તિ રૂપ છે. આ બંને પ્રભુની સાથે છે. સુંદર વૃંદાવનમાં પ્રભુ હવે વેણુકૂજન કરી રહ્યા છે.

(અનુષ્ટુપ છંદઃ)

તદ્-વ્રજ-સ્ત્રિય આશ્રુત્ય વેણુગીતં સ્મરોદયમ્ ।
કાશ્ચિત્ પરોક્ષં કૃષ્ણસ્ય સ્વસખીભ્યોઽન્વવર્ણયન્ ।।૩।।

સાન્વય-વિવેચન : તત્ = તે, **સ્મરોદયં =** કામોદ્દીપક, **વેણુગીતં** = વેણુ-કૂજન અને ગીતને, **આશ્રુત્ય** = ચારે તરફથી સાંભળીને, **કાશ્ચિત્** = (મૂર્છિત થયા પછી જાગેલાં) કોઈ, **વ્રજ-સ્ત્રિયઃ** = વ્રજનાં સ્ત્રીજનોએ, **કૃષ્ણસ્ય** = કૃષ્ણના, **પરોક્ષં** = પરોક્ષમાં, **સ્વસખીભ્યઃ** = પોતાનાં સખિજનોને, **અન્વવર્ણયન્** = અનુવર્ણન કર્યું.

વેણુ કૂજન એ ગીત કામોદ્દીપક છે. વ્રજનાં કોઈ સ્ત્રીજનોએ તે ચારે તરફથી સાંભળ્યું અને કૃષ્ણનાં પરોક્ષમાં પોતાના સખીજનોને એનુવર્ણન કર્યું.

પ્રભુ વેણુનાદ કરે છે. વનમાં નદી, સરોવર અને પર્વત પાસે રહેતાં વ્રજભક્તોને આસક્તિ દઈ રહ્યા છે.

વ્રજમાં વસેલા શ્રીગોપીજનોએ આ વેણુકૂજન સાંભળ્યું. તે ભાવ વધારનારું હતું. આનાથી શ્રીગોપીજનોને દૂર શ્રવણ અને દૂરદર્શનનું સમાર્થ્ય પ્રભુ આપે છે. વેણુનાદમાં સુધા છે. તે ગોપીજનોના હૃદયમાં ઉતરે છે. તેમને ભગદીય બનાવે છે. તેમનામાં આધિદૈવિક સ્મર ઉત્પન્ન થયોં તે લીલાં અનુકૂલ છે.

નાદ શ્રવણ કરતાં કેટલાંક ગોપીજનો મૂર્ચ્છિત થયાં. કેટલાંક મૂર્ચ્છિત નથી થયાં. તે સમાન શીલ વ્યસનવાળાં સખાઓ પાસે અનુવર્ણન કરવા લાગ્યાં. ભગવાને ગાયેલું છે તે જ ગાય છે તેથી અનુવર્ણન છે. આ વખતે કૃષ્ણ પરોક્ષમાં બિરાજે છે.

તદ્-વર્ણયિતુમારબ્ધાઃ સ્મરન્ત્યઃ કૃષ્ણ-ચેષ્ટિતમ્ ।
નાશકન્ સ્મર-વેગેન વિક્ષિપ્ત - મનસો નૃપ ।।૪।।

સાન્વય-વિવેચન : નૃપ = હે નૃપ!, **તત્** = તે (પોતે અનુભવેલા ભગવદ્રૂપ કે વેણુગીત)નું, **વર્ણયિતું** = (કાર્ય-કારણ-સ્વરૂપ-ફલ-પૂર્વક) વર્ણન કરવાને, **આરબ્ધાઃ** = જેમણે આરંભ કર્યો છે તે (વ્રજસ્ત્રી-જન), **કૃષ્ણ-ચેષ્ટિત** = કૃષ્ણની લીલાને, **સ્મરન્ત્યઃ** = સ્મરતાં, **સ્મર-વેગેન** = કામથી ઉત્પન્ન થયેલી ચિત્તની ચંચલતા વડે, **વિશ્વપ્ત-મનસઃ** = વિક્ષેપયુકત મનવાળાં (વ્રજસ્ત્રી-જન), **નાશકન્** = (વર્ણન) કરી ન શક્યાં.

પરીક્ષિતને નૃપ કહી સંબોધે છે. ગોપીજનોએ આ વર્ણન કરવાનો આરંભ કર્યો પણ વર્ણન કરી શક્યા નહીં. કારણ તે કૃષ્ણલીલાનું સ્મરણ કરતાં હતાં આથી કામ ઉત્પન્ન થયો. ચિત્ત ચંચલ બન્યુ અને મન વિક્ષેપવાળું થયું.

વેણુગીતનો અનુભવ વ્રજસ્ત્રીઓને હૃદયમાં થયો છે. તેના વર્ણનની શરૂઆત કરે છે. તેમનામાં ભગવાન માટે જાગ્રત થયેલ ભાવ કારણરૂપ છે. શૃંગાર જાગ્રત થયો છે. તે કાર્યરૂપ છે. લીલા ફલ રૂપ છે. આનો સંકેત જ્ઞાન સ્વરૂપ છે.

વર્ણન કરતાં કૃષ્ણલીલાનું સ્મરણ થયું. સ્મરણથી સ્મર, સ્મરના વેગથી ચિત્ત ચંચલ થયું. મનમાં વિક્ષેપ થયો. ગોપીજનો વર્ણન કરી શક્યા નહીં.

(મન્દાક્રાન્તા છંદઃ)

બર્હાપીડં નટવર-વપુઃ કર્ણયોઃ કર્ણિકારં
બિભ્રદ્વાસઃ કનક-કપિશં વૈજયન્તીં ચ માલામ્ ।
રન્ધ્રાન્ વેણોરધર–સુધયા પૂરયન્ ગોપ-વૃન્દૈ-
ર્વૃન્દારણ્યં સ્વપદ-રમણં પ્રાવિશદ્ ગીત કીર્તિઃ ।।૫।।

સાન્વય-વિવેચન : બર્હાપીડં = મયૂરપિચ્છના શિરોભૂષને, **નટવરં-વપુ** = (કેવલ રસવાળા) નટ જેવા અને (ધર્મ-સહિત રસવાળા) વર જેવા સ્વરૂપને **કર્ણયોઃ** = બે કાનમાં, **કર્ણિકારં** = (શૃંગારનુ જાગૃત કરનાર, વધારનાર) કર્ણિકારના પુષ્પને, **કનક-કપિશં** = સોના જેવા પીળા, **વાસઃ** = (માયા-રૂપ-આચ્છાદક પીતાંબર) વસ્ત્રને, **ચ** = અને, **વૈજયન્તીં** = (નિશ્ચય-પૂર્વક સર્વત્ર જયનો પ્રકાશ કરનારી) વૈજયન્તી (નામની), **માલાં** = (ઢાંકનારી) માલાને, **બિભ્રત્** = ધારણ કરતા, **વેણોઃ** = વેણુનાં, **રન્ધ્રાન્** = (સાત) છિદ્રોને, **અધર-સુધયા** = (કાનથી પાન કરી શકાય તેવી, બ્રહ્માનન્દથી) અધિક, ભગવદીયપણું દેનારી, આનન્દ-સારભૂત, દેવભોગ્ય-ભગવદ્‌ભોગ્યા તથા સર્વાભોગ્ય એ ત્રણ પ્રકારની અધર-સુધા છે. તેમાંથી સર્વાભોગ્ય) અધર-સુધા વડે, **પૂરયન્** = પૂરતા, **ગોપ-વૃન્દૈઃ** = ગોવાળોનાં વૃન્દો વડે, **ગીત-કીર્તિઃ** = જેની કીર્તિ ગવાઈ છે તેવા એ (રસાત્મક શ્રીકૃષ્ણે), **સ્વપદ-રમણં** = પોતાનાં ચરણોનું જેમાં (સ્વચ્છન્દ) રમણ છે તેવાં, **વૃન્દારણ્યં** = વૃન્દા (સ્ત્રી)ના વનમાં, **પ્રાવિશત્** = (સર્વ- કાર્ય કરી, સ્વચ્છન્દતાનું સંપાદન કરી) પ્રવેશ કર્યો.

શ્રીકૃષ્ણે મયૂરપિચ્છનું ભૂષણ (શિરોભૂષણ) ધર્યું છે. આપનું વપુ નટ અને વર જેવું છે. બંને કાનમાં કર્ણિકારના પુષ્પ ધર્યા છે. સોના જેવા પીળાં વસ્ત્રો છે. વૈજયન્તી માલા શોભી રહી છે. વેણુંના છિદ્રોને અધરસુધાથી પૂરે છે. ગોવાળોના વૃન્દ પ્રભુની કીર્તિ ગાઈ રહ્યા છે. પ્રભુ પોતાના ચરણોથી વૃન્દાવનમાં પ્રવેશે છે.

શ્રીગોપીજનો આ વર્ણન નથી કરી શક્યા. શુકદેવજી આ લીલામાં નથી તેથી વર્ણન કરી શક્યા છે. પ્રભુના રૂપને ‘બિભ્રત’ શબ્દથી, ગુણને રન્ધ્રાન્ વેણોઃ પૂરયન શબ્દોથી તથા લીલાને વૃન્દારણ્યં પ્રાવિશત શબ્દોથી કહી.

શ્રીકૃષ્ણે મયૂરપિચ્છનો મુકુટ મસ્તકે ધર્યો છે. મોરમાં વિષય વિકાર નથી. ભગવાનને નિર્વિકાર અને નિર્વિષયી ભક્તો ગમે છે. તેનું સૂચન મયૂર પિચ્છ કરે છે. શ્રીકૃષ્ણ રસરૂપ છે. તે રસમત્ત વડે છે. રસનું દાન કરવા ઈચ્છે છે. આ સમયે મોર મુકુટ ધરે છે. પાણીનો પ્યાલો વાંકો કરીએ તો જ પાણી પીવાનું સરળ બને આથી પ્રભુ ભક્તોને રસપળની સરળતા રહે તે માટે ત્રાંસો મુકુટ ધરે છે.

ભક્તોને સર્વથી અધિક સુખ પ્રભુના સ્વરૂપથી મળે છે. પ્રભુનું સ્વરૂપ નટ જેવું અને વર જેવું છે. ભગવાન સંયોગ અને વિયોગ સ્વરૂપવાળા છે. નટ કેવળ રસનો અનુભવ કરાવે તે વિપ્રયોગ છે. વર ધર્મસહિત રસનો અનુભવ કરાવે તે સંયોગરસ છે.

પ્રભુએ કર્ણમાં કર્ણિકારનું પુષ્પ ધર્યું છે. આ પુષ્પ ઉદ્દીપક છે. શૃંગાર રસને વધારે છે. શૃંગારરસના બે દળ છે. સંયોગ અને વિયોગ-સંયોગમાં પ્રિયજનના વચન સાંભળવા મળે. વિયોગમાં પ્રિયજનના ગુણ સાંભળવા મળે. આ બંને અનુભવ કાનથી થાય છે. કર્ણિકારના સ્પર્શથી આ રસ ઉત્કટ બની ઉછળવા માંડે છે.

પ્રભુએ પીતાંબર ઓઢયું છે તે સોના જેવું પીળું છે. ઉત્કટ અને ઉછળતો રસ ગુપ્ત રહે તે પણ જરૂરી છે. ‘‘પ્રકટ કિયે રસ જાય’’. પીતાંબર આ રસને ઢાંકવાનું કામ કરે છે. પીતાંબર સોના જેવું પીળું છે. લૌકિકમાં તે મદ કરાવે છે. પીતાંબર ભગવદ્ ઈચ્છાથી રસમદ કરાવે છે. આથી સ્પષ્ટ દર્શન થતું નથી.

પ્રભુએ વૈજયન્તી માલા ધારણ કરી છે. આ માલા ભગવાનની કીર્તિનું સૂચન કરે છે. આ માલા ચરણ સુધી લાંબી છે. પુષ્પોવાળી છે. તે પણ પીતાંબરની જેમ આચ્છાદન (ઢાંકવું)નું કાર્ય કરે છે.

પ્રભુ વેણુનાદ કરે છે. વેણુમાં સાત છિદ્ર છે તે સૂચન કરે છે કે છ ગુણ સહિત સ્વરૂપ (પ્રભુનું) નાદમાં બિરાજે છે. ઈન્દ્રિયો વિષયરસનો અનુભવ કરે છે. મુક્તિમાં બ્રહ્માનંદનો અનુભવ છે. વેણુનાદ સાંભળે તેને આ બંને આનંદ તુચ્છ લાગે છે.

પ્રભુ વેણુને અધરસુધાથી પૂરે છે. વેણુનાં છિદ્રો પર અંગુલિકાઓ પધરાવી, તેનું નર્તન કરાવતાં હોય તેમ આરોહ-અવરોહ રૂપ નાદ પ્રકટ કરે છે. આ સુધા ત્રણ પ્રકારની છે - (૧) દેવ ભોગ્યા - ક્રીડા પરાયણ દેવો (વ્રજ ભક્તો)ને ભોગ્ય છે. (૨) ભગવદ્ ભોગ્યા - ભગવાનના ભોગ્ય છે. ભગવાન અને વ્રજભક્તોના અધરમાં તે બિરાજે છે. સંયોગમાં તેનો અનુભવ છે. (૩) સર્વાભોગ્યા - સર્વથી સાક્ષાત્ માણી શકાતી નથી. વિપ્રયોગમાં અનુભવ થાય.

પ્રભુ વેણુના છિદ્રોમાં અધરસુધા પૂરે છે પણ વેણુને સુધાનો સાક્ષાત્ સ્પર્શ નથી. આ સુધા નાદ દ્વારા ભક્તોના કર્ણમાં થઈ હૃદયમાં પ્રવેશે છે. વર્ણન વખતે શબ્દરૂપે બહાર પ્રકટ થાય છે. રસનો પ્રવેશ વ્રજભક્તોના હૃદયમાં થયો. પ્રપંચ વિસ્મૃતિ થઈ. ભગવદ્ આસક્તિ થઈ, નિરોધ સિદ્ધ થયો.

પ્રભુ પહેલાં ગોપોની સાથે છે. પછી વૃન્દારણ્યમાં પ્રવેશે છે. પ્રભુનો આ સ્વૈરવિહાર (સ્વચ્છન્દતા) છે. વૃન્દા સ્ત્રી છે. ભગવાને ભક્તોના અરણ્યમાં રહેતાં યૂથમાં પ્રવેશ કર્યો છે. પ્રભુચરણ વિહાર કરે છે તેથી વ્રજભક્તોની ભક્તિ સ્થિર કરે છે. વૃંદાવનમાં અને વ્રજમાં વસતાં ગોપીજનોના મનમાં પ્રભુ પ્રવેશે છે.

પ્રભુના ચરણસ્પર્શે ભૂમિ આર્દ્ર (ભીની) થાય છે. ચરણના ચિહનો તેમાં અંકિત થાય છે. વનમાં રહેતાં ભક્તોના હૃદયે પ્રભુચરણ પધરાવે છે. વ્રજમાં વસતા ભક્તોના મનમાં પણ ચરણ સહિત બિરાજે છે.

શ્રીકૃષ્ણ સાથે ગોવાળો છે, ગોચારણ માટે આવ્યા છે. આ રીતે દાસ્યધર્મ બતાવ્યો. અંતરંગ ગોવાળો સાથે હોવાથી વનમાં વસતાં શ્રી ગોપીજનોમાં લજ્જા - સંકોચ વગેરે ધર્મ આવે છે. આ ધર્મ પુરુષાર્થ થયો.

ભક્તો ભગવાનની દિવસલીલાની કીર્તિનું ગાન કરે છે. આ અર્થ પુરુષાર્થ છે. આ કીર્તિનું ગાન પરીક્ષિત વગેરે શ્રોતાઓ સાંભળે છે. તેમનો મોક્ષ પુરુષાર્થ સિદ્ધ થાય છે.

વૃંદાવનમાં ગોપબાલકો પ્રભુમાં આસક્ત થઈ ભગવાનની કીર્તિનું ગાન કરે છે.

ગોપીજનો ઘરમાં રહી દિવસે પ્રભુનું ગુણગાન કરે છે. વનલીલા ઘરમાં રહી અનુભવે છે અને ગાય છે.

ગોવાળો રાત્રે પ્રભુનાં ગુણગાન કરે છે. રાત્રીલીલાનો અનુભવ કરી ગાય છે. આ કીર્તિગીત કામ પુરુષાર્થ રૂપ છે.

આ પ્રથમ પાંચ શ્લોકોમાં પુષ્ટિમાર્ગીય પંચપર્વા વિદ્યાનું નિરૂપણ છે.

(અનુષ્ટુપ છંદ)

ઈતિ વેણુ-રવં રાજન્ સર્વભૂત-મનોહરમ્ ।
શ્રુત્વા વ્રજ-સ્ત્રિયઃ સર્વા વર્ણયન્ત્યોઙભિરેભિરે ।।૬ ।।

સાન્વય-વિવેચન : રાજન્ = હે રાજન્ !, **ઈતિ** = આ પ્રકારે (ના હેતુ)થી, **સર્વભૂત-મનોહરં** = (જેનું પોતે વરણ કર્યું છે તે) સર્વ પ્રાણીઓનાં મનને હરનાર (વશ કરવા સમર્થ), **વેણુ-રવં** = વુણુરવને, **શ્રુત્વા** = સાંભળીને **વર્ણયન્ત્યઃ** = (તેનું) વર્ણન કરતાં, **સર્વાઃ** = બધાં, **વ્રજ-સ્ત્રિયઃ** = વ્રજનાં સ્ત્રીજનોએ, **અભિરેભિર** = (દુઃખાત્મક પ્રપગ્-ચને ભૂલીને) - પરમાનન્દ- વિલાઓ કર્યા.

પ્રભુએ વેણુરવ કર્યો તે સર્વપ્રાણીયોના મનને હરે છે. વ્રજનાં સ્ત્રીજનો તેનું વર્ણન કરે છે. પરમાનંદ માણે છે.

શુકદેવજી અહીં પરીક્ષિત માટે ‘રાજન્’ સંબોધન કરે છે. રાજા પ્રજાનું પાલન કરે છે તે તેનો ધર્મ છે. રાજા ધર્મનિષ્ઠ છે તેને પણ આ રસ સમજી શકાતો નથી. વેણુનો ‘રવ’ સૌને સ્પષ્ટ ન સમજાય. ‘ર’ અગ્નિબીજ છે, વિપ્રયોગનું સૂચન છે. ‘વ’ અમૃતબીજ છે, સંયોગનું સૂચન છે.

નાદવર્ણન કરતાં ગોપીજનો વ્રજમાં છે. આથી શરીરથી વિયોગ છે. ભગવદ્ સ્વરૂપ હૃદયમાં પધાર્યું છે તેથી સંયોગ છે. વેણુનાદ મન હરે છે. જે સાંભળે તે સૌનાં મન હરાઈ જાય છે. ગોપીજનનાં મન હરાઈ ગયાં.

કૃષ્ણમાં સમાન ભાવવાળાં આ વ્રજસ્ત્રીઓ છે. ગોવાળો ગાયો ચરાવવા સવારે ગયા છે. ગોપીજનો ઘરકામ સવારમાં આટોપી લે. ગોવાળો સાંજ સુધી પાછા આવવાના નથી. તેથી અનવસરમાં કૃષ્ણના ગુણગાન કરે છે.

શ્રીગોપીજનો હવે અણુવર્ણન કરે છે તે ૧૩ શ્લોકમાં છે.

ગોપીજનો બોલ્યા (વસંતતિલક - છંદઃ)

અક્ષણ્વતાં ફલમિદં ન પરં વિદામઃ સખ્યઃ પશૂનનુનિવેશયતોર્વયસ્યૈઃ ।
વક્ત્રં વ્રજેશ-સુતયોરનુવેણુ–જુષ્ટં, યૈર્વા નિપીતમનુરક્ત કટાક્ષ મોક્ષમ્ ।।૭।।

સાન્વય-વિવેચન : સખ્યઃ = (સમાનશીલ અને વ્યસનવાળાં) હે સખિયો ! **પશૂનનુ** = (રસને ન જાણનારાં) પશુઓની પાછળ, **વયસ્યૈઃ** = (લીલામાં નિમિત્ત-રૂપ) સમાનવયના ગોવાળિયાઓ સાથે, **નિવેશયતઃ** = (પશુઓને વનમાં) પ્રવેશ કરાવતાં, **વ્રજેશ-સુતયોઃ** = (બલરામજીમાં કૃષ્ણો આવેશ હોવાથી તેમને વ્રજસુતા-ગણાતાં) વ્રજના સ્વામી (શ્રીનન્દરાયજી)ના બે પુત્રોનું, **અનુવેણુ** = વેણુવાદન-પરાયણ, **અનુરક્ત-કટાક્ષ-મોક્ષં** = અનુરાગ (કામભાવ) વાળાં (વ્રજભક્તો)ના (નેત્ર) કટાક્ષો જ્યાં થઈ રહ્યા છે તેવું, **વક્ત્રં** = (મુખ-નિરૂપણ કરતાં

શ્રીગોપીજનના હૃદયમાં અન્યમુખ આવતું જ નથી, તેથી આવેશી ભગવાન્ શ્રીકૃષ્ણનું) એક મુખ, **યૈઃ** = જેમના વડે, **જુષ્ટં** = (પ્રીતિ-પૂર્વક) સેવન કરાએલું છે, **વા** = અથવા, **નિપંતિ** = પાન કરાએલું છે, (તે), **અક્ષણવતાં** = નેત્રવાળાનું (ઈન્દ્રિયોવાળાનું), **ઈદં** = આ (‘‘**બહાર્ડપીડં**’’- શ્લોકમાં કહેલું સ્વરૂપ), **ફલં** = ફલ (છે.), **પરં** = મોક્ષ, **ન** = નહિ. (તે), **વિદામઃ** = (ઉપનિષમદ્રૂપાઓ) આપણે (શ્રીગોપીજન) જાણીએ છીએ.

વ્રજના સ્વામી (નંદબાવા)ના બે પુત્રો છે. બંનેનું મુખ એક છે. તેનાથી વેણુનાદ કરે છે. અનુરાગવાળાંઓના કટાક્ષો થઈ રહ્યા છે. બંને પુત્રો પશુઓની પાછળ સમાન વયના ગોવાળીયાઓ સાથે વનમાં પ્રવેશ કરાવે છે. આવા મુખનું સેવન અથવા માન નેત્ર (ઈન્દ્રિય) કરે છે. ઈન્દ્રિયવાળાનું આ જ ફલ છે. તેમને મોક્ષ ફલ નથી.

ગોપીજનો શ્રુતિરૂપા છે. સઘળાં વેદવાક્યોનો સાર તે જાણે છે. કહે છે કે ઈન્દ્રિયોવાળા માટે મોક્ષ ફલ નથી. ગોપીજનો તે જાણે છે. ઈન્દ્રિયોવાળા માટે તો પ્રભુ જ ફળ છે. તેમાં સર્વ ગોપીજનોની સંમતિ છે. ભગવાનનાં દર્શન થતાં રહે તે જ આંખનું ફલ છે. નંદબાવાને વ્રજરાજ કહ્યા છે. તેમના બે પુત્રો છે પણ મુખ તો એક જ છે. બલરામજીમાં કૃષ્ણનો આવેશ છે તેથી નંદબાવાના પુત્ર ગણ્યા છે. મુખનું નિરૂપણ કરતાં તેમના હૃદયમાં અન્ય મુખ આવતું નથી તેથી નંદજીના બંને પુત્રોમાં આવેશી શ્રીકૃષ્ણનું મુખ જ દેખાય છે.

શ્રીકૃષ્ણનું મુખ કેટલાંક લોકો રાજાના પુત્રરૂપે તો કેટલાંક ઈશ્વર તરીકે નિહાળે છે. ગીતનો રસ જાણનારા કેટલાંક વેણુનાદ સાંભળવા મુખદર્શન કરે છે. મુખનું સેવન દર્શનરૂપ છે અને પાન હૃદયમાં ઉતારવા રૂપ છે. કેટલાંક વેણુનાદ શીખવા દર્શન કરે છે. અભિલાષાવાળા ભક્તો પણ મુખદર્શન કરે છે. ભક્તોને પ્રભુ માટે અનુરાગ છે. તેઓના નેત્ર કટાક્ષ પ્રભુના શ્રીમુખ પર સ્વતઃ થયા કરે છે. પ્રભુનું આવું શ્રીમુખ નેત્રવાળાઓનું ફળ છે.

નિર્ગુણ ભક્તો સર્વ ઈન્દ્રિયોથી ભગવત્સ્વરૂપને જ ફળ માને છે. સગુણ ભક્તો આંખથી શ્રીમુખ દર્શન કરે છે. પાન કરે છે અને કટાક્ષ કરે છે. મર્યાદા ભક્તિમાં ચરણની મુખ્યતા છે. પુષ્ટિ ભક્તિમાં મુખની મુખ્યતા છે. નટવર શબ્દમાંથી ‘વર’ શબ્દનો અર્થ આ રીતે બતાવ્યો છે.

ચૂત-પ્રવાલ–બર્હસ્તબકોત્પલાબ્જ - માલાનુપૃક્ત–પરિધાન-વિચિત્ર–વેષૌ ।
મધ્યે વિરેજતુરલં પશુપાલ-ગોષ્ઠ્યાં રઙ્ગે યથા નટ–વરૌ ક્વ ચ ગાયમાનૌ ।।૮।।

સાન્વય-વિવેચન : ચૂત-પ્રવાલ-બર્હસ્તબકોત્પલાબ્જ-માલાપૃક્ત-પરિધાન-વિચિત્ર-પરિધાન-વિચિત્ર-વેષૌ = (કાનમાં) મીઠા આંબાનાં પાન, (મસ્તક પર) મયૂરપિચ્છનાં ગુચ્છ, (કંઠમાં)-ઉત્પલાબ્જ-માલાથી મિલિત (મિશ્રિત) પીતાંબર વગેરે વસ્ત્રો વડે (સર્વરસ પ્રકટ કરતા) વિચિત્ર-વેશવાળા, **ચ** = અને, **ક્વ** = કયાંક, **મધ્યે** = (ગીત અને વાદ્યની) વચમાં, **ગાયમાનૌ** = ગાન કરતાં, **નટ-વરૌ** = ગોષ્ઠીમાં, **અલં** = નિત્ય (સંપૂર્ણ), **વિજેતુ:** = વિશેષ પ્રકારે શોભ્યા, **યથા** = જેમ, **રઙ્ગે** = રંગમંડપમાં (શાસ્ત્રી-ગાનાદિ કરનાર શોભે તેમ).

શ્રીકૃષ્ણે બલરામજી રંગમંડપમાં શોભતા હોય તેવું લાગે છે. મીઠા આંબાના પાન, મયૂરપિચ્છના ગુચ્છ, ઉત્પલાબ્જ માલા તથા પીતાંબર ધારણ કર્યા છે. આથી વિચિત્ર વેશવાળા દેખાય છે. વચમાં બંને ગાન કરે છે બંને નટ જેવાં લાગે છે. ગોવાળીયાઓની મંડળીમાં નિત્ય વિશેષ પ્રકારથી શોભે છે.

ભગવાને કાનમાં મધુર આંબાની કોમળ કૂંપળ કાનમાં ધરી છે. તે રજોગુણરૂપ છે. વિવિધ ભાવ ઉત્પન્ન કરે છે. શ્રી મસ્તકે મયૂરપિચ્છના ગુચ્છ ધર્યા છે. તે તમોગુણ રૂપ છે. તેથી પ્રભુના અંગમાં પ્રગાઢ પ્રીતિ થાય છે. મન મગ્ન થઈ જાય છે. શ્રી કંઠે કમલમાલા ધરી છે તે સત્વગુણરૂપ છે. તેનાથી ભગવત્સંબંધી સઘળા પદાર્થોનું જ્ઞાન થાય છે. કમલમાં સુગંધ છે. તે ભગવાનના સ્વરૂપમાં રહેલી સ્વાભાવિક સુગંધ સૂચવે છે. પીતાંબર ધારણ કર્યું છે તે માયામય છે પ્રભુના રસાત્મક શ્રીઅંગને ઢાંકે છે.

આ રીતે વસ્તુઓનો નિર્દેશ છે. તે સાંભળવાથી કાવ્યની જેમ રસનો અનુભવ થાય છે. નટવરમાંથી ‘નટ’નો અર્થ સ્પષ્ટ થાય છે.

હવે વેણુપૂરણ દર્શાવતો શ્લોક કહે છે -

ગોપ્યઃ કિમાચરદયં કુશલં સ્મ વેણુ- ર્દામોદરાધર સુદામપિ ગોપિકાનામ્ ।
ભુંકતે સ્વયં યદવશિષ્ટ-રસં હ્રદિન્યો હૃષ્યત્ત્વચોડશ્રુ મુમુચુસ્તરવો યથાર્યાઃ ।।૯।।

સાન્વય-વિવેચન : ગોપ્યઃ = હે ગોપીજન !, **અયં** = આ (પુરુષોત્તમ-રૂપ), **વેણુઃ** = (બ્રહ્માનન્દ અને વિષયાન્દને અણુ જેવા અલ્પ બનાવી દેનારા) વેણુએ, **કિં** = શું, **કુશલં** = ધર્માચરણ (કુશલ), **આચારત્** = આચાર્યું ?, (કે તે), **ગોપિકાનાં** = ગોપિકાઓની સંબંધી, **દામોદરાધર-સુધાં** = (ગોપિકાને વશ) દામોદરના અધરની સુધાને, **અપિ** = પણ, **સ્મ** = પ્રસિદ્ધ રીતે, **સ્વયં** = (ગોપીજનની જેમ) પોતાની મેળે, **ભુંકતે** = ભોગવે છે; **યદવશિષ્ટ-રસં** = જેમાં ભોગ કરતાં વધેલા રસને, **હ્રદિન્યઃ** = (વચમાં ધરાવાળી) નદીઓ, **તરવઃ** = તરુઓ (રૂપ તેનાં માબાપ ભોગ કરે છે, અને,) **હૃષ્યત્ત્વચઃ** = (અંદર પૂર્ણાનન્દવાળાં, તે આનન્દની આધિકતાથી કમલરૂપ તથા ફલરૂપ) રોમાગ-ચયુક્ત (થાય છે; અને,) **આર્યા** = (હૃદયમાં ભગવદ્ધર્મવાળા) સન્તો (ની), **યથા** = જેમ **અશ્રું:** = (મકરન્દ-બિન્દુ-રૂપ) આંસુ, **મુમુચુઃ** મોચન કરે છે.

હે ગોપીજન ! આ વેણુએ કયું ધર્માચરણ કર્યું હશે ? દામોદરની અધરસુધા ગોપિકાઓ સંબંધી છે પણ વેણુ પોતાની મેળે ભોગવે છે. જે રસ વધ્યો તે નદીઓ અને વૃક્ષો ભોગવે છે. રોમાંચિત થાય છે, અશ્રુ વહેવડાવે છે.

ગોપીજનો રસને જાણે છે. રસજ્ઞ છે તેથી ગોપ્યઃ એવું સંબોધન કર્યું છે. ભગવાને અધર પર વેણુ ધર્યો છે. ગોપીજનો વિચારે છે કે વેણુ અધરસુધા રસને જાણતો હશે ? માણતો હશે? માત્ર ગોપીજનોને જ સર્વાભોગ્યા અધરસુધા માણવાનો હક્ક છે. પ્રભુ દામોદર થયાં, માને વશ થયા, દોરડાથી બંધાયા, પ્રભુ ગોપીજન વલ્લભ છે. ગોપીજનને જ વશ છે. વેણુ પુર્લિંગ (પુરુષ) છે.

આ રસ પુરુષને ન મળે તો વેણુને પણ ન જ મળે છતાં વેણુને મળે છે. વેણુએ કયો ધર્મ બજાવ્યો હશે ? ગોપીજનો શ્રુતિરૂપા છે. આથી વિચારે છે કે આપણાથી પણ અજાણ્યો એ ધર્મ કયો હશે ? વેણુને ફલ તો મળ્યું છે પણ તે માટે કયું સાધન કર્યુ તે સમજાતું નથી.

વેણુ વાંસનો છે. આથી વૃક્ષો તેના પિતારૂપ છે. નદી માતા રૂપ છે. આથી વેણું પીતાં પીતાં વધેલો રસ વૃક્ષો અને નદીઓ માણે છે. બંને ને રોમાંચ થાય છે. નદીઓમાં તે કમલ રૂપે દેખાય છે. વૃક્ષોમાં ફલરૂપ રોમાંચ અને મધુધારારૂપ અશ્રુપાત દેખાય છે. વેણુ દ્વારા આ રીતે નદી, લતા તથા વૃક્ષો વગેરેને દેવભોગ્યા સુધાનો સંબંધ છે.

હવે પ્રભુના સ્વચ્છન્દ પાદ વિહારનું વર્ણન ગાય છે.

વૃન્દા-વનં સખિ ભુવા વિતનોતિ કીર્તિં, યદ્-દેવકી સુત–પદામ્બુજ-લબ્ધ–લક્ષ્મિ ।
ગોવિંદ-વેણુમનુમત્ત–મયૂર-નૃત્યં, પ્રેક્ષ્યાદ્રિ-સાન્વવરતાન્યસમસ્ત–સત્ત્વમ્ ।।૧૦।।

સાન્વય-વિવેચન : સખિ = હે સખિ !, **યદ્-દેવકી-સુત-પદામ્બુજ-લબ્ધલક્ષ્મિ** = જેણે દેવકીજીના (જન્મ માત્ર આપેલા) સુતના ચરણકમલથી (ધ્વજ-વ્રજ-વગેરે ચિહ્નોની છાપ જમીન પર પડવાથી, તે ચિહ્નોથી શોભા - રૂપ) લક્ષ્મી પ્રાપ્ત કરી છે, (અને), **ગોવિન્દ-વેણું** = ગોવિન્દ (ભગવાન્)ના (શ્યામ-મેઘ ગર્જતા હોય તેવા) વેણુનાદને, **અનુ** = અનુસરીને, **મત્ત-મયૂર-નૃત્યં** = (દેહ-વિસ્મરણથી ભકત્યુદ્રેકને સૂચવતા) ઉન્મત્ત થયેલા મોરના નૃત્યને, **પ્રક્ષ્ય** = જોઈને, **અદ્રિ-સાનુષુ** = (શ્રીગિરીરાજ) પર્વતના શિખર ઉપર, **અવરતાનિ** = (ભગવાનમાં ભક્તિસહિતના જ્ઞાનથી) મૌન રહેલાં, **અન્ય-સમસ્ત-સત્ત્વં** = અન્ય બધાં પ્રાણીઓ (જેમાં છે તેવું), **વૃન્દા-વનં** = (અસુર-સ્ત્રી-સંબંધી) વૃન્દાવન, **ભુવઃ** = પૃથ્વીની, કીર્તિ = કીર્તિને, **વિતનોતિ** = વિશેષ રીતે વિસ્તારે છે.

સખિને સંબોધે છે ને કહે છે કે વૃન્દાવન પૃથ્વીની કીર્તિને વિશેષ રીતે વિસ્તારે છે કારણ તેને દેવકીજીના સુતના ચરણકમલથી લક્ષ્મી (શોભા) પ્રાપ્ત કરી છે. ગોવિંદના વેણુનાદથી મોર ઉન્મત બની નૃત્ય કરે છે આ જોઈને પર્વતના શિખરે રહેલાં બધા પ્રાણીઓ મૌન થઈ જાય છે.

વૃંદાવનની ભૂમિને દેવકીજીના પુત્રના ચરણ કમલનો સ્પર્શ છે. ચરણકમલમાં ધ્વજ, વજ વગેરે ચિહ્નો છે. આનાથી ભૂમિની શોભા વધી છે. આ સૌભાગ્યરૂપ છે. પૃથ્વીદેવીના શરીરમાં જાણે કે વૃંદાવનરૂપી લલાટ છે અને તે પર કૃષ્ણ ચરણ ચિહ્ન સૌભાગ્ય તિલક છે. પ્રભુ ચરણની સેવા કરવા લક્ષ્મીજી પણ પધારે છે તેથી વૃંદાવનને લક્ષ્મીલાભ પણ છે. આનાથી કીર્તિ વધે છે.

અહીં લીલા કરતાં પ્રભુ લોક વેદાતીત (લોકવેદથી પર) છે. તે પુષ્ટિ પુરુષોત્તમ છે. આથી જ આપના ચરણનો સ્પર્શ ભૂમિને થાય છે. દેવો અને લોકવેદ પ્રથિત પુરુષોત્તમનાં ચરણ ભૂમિને સ્પર્શતાં નથી. પુષ્ટિ પુરુષોત્તમના ચરણ સ્પર્શે વૃંદાવનની શ્રેષ્ઠતા છે.

શ્યામ મેઘ મધુર ગર્જના કરે તે પ્રકારે ગોવિંદ વેણુનાદ કરે છે. મોર તે સાંભળે છે. ઉન્મત્ત બની નાચી ઉઠે છે. તે દેહદશા ભૂલી ગયાં છે, ભક્તિનો ઉદ્રેક થયો છે. મયૂરનૃત ગિરિરાજ પર રહેતાં સૌ પ્રાણીઓ જુએ છે. તે બધાં મૌન થઈ જાય છે. આ પ્રભુના ચરણ વિહારનો મહિમા છે જે વૃન્દાવનની કીર્તિનો વિસ્તાર કરે છે.

હવે છ શ્લોકોમાં ભગવાનનાં છ ગુણનું ક્રમશઃ નિરૂપણ કરે છે.

ધન્યાસ્તુ મૂઢ-મતયોડપિ હરિણ્ય એતા, યા નન્દ-નન્દન-મુપાત્ત–વિચિત્ર-વેષમ્ ।
આકર્ણ્ય વેણુ-રણિતં સહ કૃષ્ણસારાઃ, પૂજાં દધુર્વિરચિતાં પ્રણયાવલોકૈઃ ।।૧૧।।

સાન્વય-વિવેચન : મૂઢ-મતયઃ = મૂઢ બુદ્ધિવાળી, **અપિ** = (હોવા છતાં) પણ, **એતાઃ** = આ, (પોતાના અકૃતાર્થપણાની ભાવનાથી શ્રીગોપીજનોમાં દૈન્ય-પ્રકટ થતાં,) વર્ણન કરાતી સર્વ-લીલા સામાગ્રી સહિત, ભગવાન્ પ્રકટ થયા છે. તેથી પ્રત્યક્ષ દેખાય છે.), **હરિણ્યઃ** = હરિણીઓ, **ધન્યાઃ** = ધન્ય (છે), **સહ-કૃષ્ણ-સારાઃ** = (કૃષ્ણ જેમનો સાર છે તેવા નિરુદ્ધ) કાળામૃગો સાથે, **યાઃ** = જેમણે, **ઉપાત્ત-વિચિત્ર-વેષં** = સ્વીકારેલા (સર્વરસ-યુક્ત) વિચિત્ર-વેષવાળા, **નન્દ-નન્દનં** (ભક્તોના ઉદ્ધાર માટે પ્રવૃત્ત થયેલા) નન્દનન્દનને (જોઈને), **વેણુ-રણિતં** =

વેણુના (રસ બહારથી ન જાય તેવા વિશેષ પ્રકારના શબ્દ-રૂપ) રણકારને, **આકર્ણ્ય** = (દેહધર્મ નિવૃત્ત થતાં, નિકટમાં જઈને સાંભળીને, **પ્રણયાવલોકૈઃ** = (ભગવાનમ્ અને ભક્તના પરસ્પર કર્તવ્ય-રૂપ) સ્નેહ-પૂર્વકનાં અવલોકન વડે, **વિરચિતાં** = વિરચિત, **પૂજાં** = પૂજાને, **તુ** = (પૂજામાં અંગરૂપ ભગવજ્જ્ઞાન અને સ્વજ્ઞાનના અભાવ-સહિત) પણ, દધુઃ ધારણ કરી.

આ હરિણીઓ મૂઢબુદ્ધિવાળી છે છતાં ધન્ય છે. સાથે પોતાના સ્વામી કાળા મૃગો છે. વિચિત્ર વેષવાળા નન્દનન્દને જુએ છે. વેણુના રણકાએ સાંભળે છે અને સ્નેહપૂર્વકના અવલોકનો વડે વિરચિત પૂજાને પણ ધારણ કરે છે.

વૃન્દાવનમાં પ્રભુ વેણુનાદ કરે છે. હરિણીઓ તેમના પતિ કાળીયાર મૃગો સાથે ત્યાં છે. ભગવાને વેણુ રણિત કર્યો છે. રણિત એટલે વિશિષ્ટ અવાજ જેમાં રસ બહારથી ચાલ્યો જતો નથી. હરિણીઓએ તે સાભળ્યો. દેહધર્મ દૂર થયો. પ્રભુની પાસે જઈ સાંભળવા લાગ્યા. પ્રભુ પ્રેમભર્યા પ્રકારે અવલોકન કરે છે. તે થકી પ્રભુનું પૂજન કરે છે. અવલોકન નેત્રથી થાય. નેત્ર જ્ઞાનાંગ છે. હરિણીઓની આ જ્ઞાનપૂર્વક પૂજા છે. દેશ કાળ પ્રમાણે પ્રભુને પ્રિય વસ્તુઓ સમર્પિત કરવામાં આવે તે જ્ઞાનપૂર્વકની પૂજા કહેવાય.

મૃગલી જેવા નેત્રોવાળા ગોપીજનો છે. પ્રભુને પ્રિય છે. આવી સમજ સાથે નેત્રમાં પ્રેમ દર્શાવીને પ્રભુનું પૂજન કર્યું તેથી આ મૃગલીઓ ધન્ય છે.

ભગવાને પણ પ્રેમથી હરિણીઓ સામે જોયું. મૃગનયની શ્રીગોપીજનો યાદ આવ્યાં. પ્રભુએ પણ પ્રણય અવલોકનથી પૂજન કર્યું. હરિણીઓ હેતથી તે હૈયામાં ધારણ કર્યું. પ્રભુ હરિણી સમીપ રસ અભિનય કરે છે તે માટે વેષ સ્વીકારે છે. (ધારણ કરેલ વેષ બદલે છે). વિચિત્ર વેષ બને છે. આ રીતે હીન હરિણીમાં બ્રહ્માનંદનો પ્રવેશ કરાવે છે.

આમ ભક્ત (હરિણી) અને ભગવાન પરસ્પર પ્રેમપૂર્વક એકબીજાને અવલોકે છે. બુદ્ધિવાળા પોતાના સ્વાર્થને લીધે સમર્થ વ્યક્તિ કે પ્રભુને

સેવે છે, તેમને સાનુકૂળ બને છે. હરિણી મૂઢમતિ છે. પોતાનો સ્વાર્થ જાણતાં નથી છતાં પ્રભુને વશ થયાં, સ્નેહ કર્યો, આદર કર્યો. અહીં પ્રભુનો આ ઐશ્વર્ય ધર્મ પ્રકટ થયો છે. જ્ઞાની તો પ્રભુને પૂજે તે પ્રભુનું ઐશ્વર્ય છે પણ મૂઢ પૂજે તે પ્રભુનું પરમ ઐશ્વર્ય છે.

કૃષ્ણં નિરીક્ષ્ય વનિતોત્સવ ચારુવેષં, શ્રુત્વા ચ તત્કવણિતવેણુ વિચિત્ર ગીતમ્ ।
દેવ્યો વિમાન ગતયઃ સ્મર નુન્નઆરા ભ્રશ્યત્ પ્રસૂન કબરા મુમુહુર્વનિવ્યઃ ।।૧૨।।

સાન્વય-વિવેચન : વનિતોતસવ-ચારુ-વેષં = (વનમાં આવેલાં, યૌવન-પ્રાપ્ત) વનસ્પતિઓના ઉત્સવ માટે મનોહર વેષ (ઉપાય)વા, **કૃષ્ણં** = સદાનન્દને, **નિરીક્ષ્ય** = (દિવ્યદૃષ્ટિએ) જોઈને, **ચ** = અને (નિકટમાં આવીને), **તત્-કવણિત-વેણુ-વિચિત્ર-ગીતં** = ભગવાનના (વેણુ સિવાયના કુજિત ગીતથી મૂર્છિત થયાં,-તેથી એકવચન છે,) **શ્રુત્વા** = સાંભળીને, **ભ્રશ્યત્પ્રસૂન-કબરાઃ** = જેમના કેશબંધમાંથી પુષ્પો નીચે પડી રહ્યાં છે તેવાં, **વિનીવ્યઃ** = જેમનાં વસ્ત્રનાં કટિબંધ છૂટી ગયા છે તેવાં, **વિમાન-ગતયઃ** = વિમાન વડે ગતિ કરનારાં, **સ્મર-નુન્સારાઃ** = કામથી હરાએલા વિવેકવાળાં, તેવાં **સ્મર-નુન્સારાઃ** = કામથી હરાએલા વિવેકવાળાં, **દેવ્યઃ** = (અવતરો દેવોને શોધવા આવેલાં તેમનાં પતનીઓ) દેવીઓ, **મુમુહુઃ** = મૂર્છિત થયાં.

સદાનંદ શ્રીકૃષ્ણે મનોહર વેષ ધર્યો છે. વેણુથી વિચિત્ર ગીતને પ્રકટ કરે છે. દેવ સ્ત્રીઓ વિમાનમાં આવ્યા છે. તે શ્રીકૃષ્ણને જુએ છે. વેણુગીત સાંભળે છે. આનાથી તેમના કેશબંધનમાંથી પુષ્પો નીચે પડી રહ્યા છે. વસ્ત્ર કટિબંધન છૂટી ગયા છે. કામથી તે હરાઈ ગયાં છે અને મૂર્છિત થઈ જાય છે.

દેવસ્ત્રીઓ-અપ્સરાઓ કૃષ્ણને દિવ્ય દષ્ટિથી નિરખે છે. આ વનિતાઓને વિવિધ ઉત્સવ કરાવે તેવો સુંદર વેષ શ્યામજીએ ધર્યો છે. અપ્સરાઓ પણ શણગાર સજીને આવ્યા છે. કૃષ્ણનો વેણુ રણકી રહ્યો છે. તે દ્વારા એક જ ગીત સાંભળ્યું છે. તે ગીતમાં સર્વરસનો અનુભવ કર્યો.



શૃંગારમાં સર્વરસો સમાય છે. આ સ્ત્રીઓ લૌકિક નથી. વિમાનમાં વિહાર કરે છે. વિવેક વિસરી ગયાં. સર્વ અંગમા મોહ વ્યાપી ગયો.મુગ્ધ થઈ ગયાં. કેશપાશ છૂટયો, પુષ્પ વિખરાયાં અને કટિબંધ છૂટયા તેનું પણ ભાન રહ્યું નથી. દેવસ્ત્રીઓ છે તેથી અમર રહ્યાં મર્યા નથી.

આ દેવસ્ત્રીઓ સાથે તેમના દેવપતિઓ છે. પ્રભુને જોયા અને જાતિને ભૂલ્યાં. પ્રભુ પ્રાપ્તિની ઈચ્છા થઈ. પ્રભુના આ પરાક્રમનું વર્ણન છે. આ ભગવાનનો વીર્ય ધર્મ સ્પષ્ટ કરે છે.

ગાવશ્ચ કૃષ્ણ-મુખ-નિર્ગત-વેણુ-ગીત- પીયૂષમુત્તભિત-કર્ણ-પુટૈઃ પિબન્ત્યઃ ।
શાવાઃ સ્નુત-સ્તન-પયઃ કવલાઃ સ્મ તસ્થુ- ર્ગોવિન્દમાત્મનિ દશાશ્રુ-કલાઃ સ્પૃશન્ત્યઃ ।।૧૩।।

ગાયો છે તેમનાં આંચળમાંથી દૂધ રૂપ ભોજન ના કોળીયા ટપકી રહ્યાં છે. ગાયો અને હરણ વગેરેનાં બચ્ચાઓના મોંમા તેમના ભોજન રૂપ કોળીયા છે. આ બધાં કાન રૂપ પડીઆઓ ઉંચા કરી સદાનંદ શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળતા વેણુગીત રૂપી અમૃતને પી રહ્યાં છે. આંખમાં આંસુના બિંદુઓ આવ્યાં છે નેત્ર વડે ગોવિંદનો સ્પર્શ અંતઃકરણમાં કરી રહ્યા છે.

વનમાં ગાયો વેણુનાદ સાંભળે છે. વેણુગીત અમૃતરૂપ છે. તે રસપાનને ગાયો માણે છે. આ પીયૂષપાન છોડવા તે તૈયાર નથી. કાન ઊંચા કરીને સ્થિર થઈ ગયાં, કૃષ્ણગાન સાંભળવા લાગ્યા.

ગાય, હરણ વેગેરનાં બચ્ચાં પણ હતાં. તેમને પણ પયઃપાનથી પીયૂષપાન મધુરું લાગ્યું. પયઃપાન અધૂરું રહ્યું. દૂધના ઘુંટડા ગળામાં અટકી

ગયા. મોંમાંથી બહાર રેલાયા. આંખમાં આંસુ ઉભરાયા. ગોવિંદ સ્વયં નેત્ર દ્વારા હૃદયમાં પધાર્યા.

ગાય હરણ વગેરે પ્રાણી છે. પેટ ભરવામાં તેમની આસક્તિ હોય. વળી તે મૂઢ પણ છે. મુખમાં દૂધના ઘુંટ છે છતાં તે ગળે ઉતારતાં નથી. કૃષ્ણભક્તિ થઈ ગઈ. સમજદાર માનવી કલ્યાણ માટે ઉપવાસ કરે છે. ભોજન છોડે છે. આ મૂઢ પશુઓને આવું કંઈ નથી છતાં ભોજન છોડયું છે. ભગવાને આ રીતે યશ ધર્મ બતાવ્યો છે.

પ્રાયો બતામ્બ વિહગા મુનયો વનેડસ્મિન્, કૃષ્ણેક્ષણાસ્તદુદિતં કલ-વેણુ-ગીતમ્ ।
આરુહ્ય યે દ્રુમ-ભુજાન્ રુચિ-પ્રવાલાન્ શ્રુણ્વન્તિ મીલિત-દશો વિગતાન્ય-વાચઃ ।।૧૪।।

સાન્વય-વિવેચન : અમ્બ = હે મા (યશોદાજી) !, **બત** = ખેદ વા હર્ષ (ની વાત છે કે,) **અસ્મિન્** = આ, **વને** = વનમાં, **રુચિર-પ્રવલાન્** = સુંદર (કોમલ) પાનવાળી, **દ્રુમ-ભુજાન્** = વૃક્ષોની ડાળ પર (વેદની શાખાની જેમ,) **આરુહ્ય** = (પતન કે મારણ વગેરેની શંકા વગર) ઓરાહણ કરીને (બેસીને), **કૃષ્ણે-ક્ષણાઃ** = (કૃષ્ણ માટે ઉત્સવવાળાં) કૃષ્ણમાં જ દષ્ટિવાળાં, **મીલિત-દશઃ** = (ભાગવાન્ દૂર પધારતાં, મનની ગતિ બીજે ન થાય તે માટે, મનની ટેવ હોવાથી) બંધ કરેલાં નેત્રવાળાં, **વિગતાન્ય-વાચઃ** = વિશેષ-રીતે (ભગવદુપયોગી ન હોય તેવી) અન્ય વાણી જેમાંથી ચાલી ગઈ છે તેવાં, **વિહગાઃ** = પક્ષીઓ, **તદુદિતં** = તે (કૃષ્ણ)ના ગયેલા (નાદ-બ્રહ્માત્મક), **કલ-વેણુ-ગીતં** = અવ્યક-મધુર-વેણુગીતને, **શૃણ્વન્તિ** = સાંભળશે છે, (તે), **પ્રાયઃ** = મોટે ભાગે, **મુનયઃ** = (મનનશીલ) મુનિયો (છે.)

શ્રી ગોપીજનો યશોદાજીને કહે છે કે આ વનમાં પક્ષીઓ છે. તે સુદંર પાનવાળા વૃક્ષોની ડાળો પર બેઠા છે. નેત્રો બંધ કર્યા છે. કૃષ્ણમાં જ દષ્ટિવાળાં છે અને જરા પણ અવાજ કરતાં નથી. શ્રીકૃષ્ણના મધુર વેણુગીતને સાંભળે છે. મોટે ભાગે તે મુનિઓ છે.

પક્ષીઓ પર વેણુગીતની અસર થાય છે. ગોપીજન મા યશોદાજીને

અમ્બ કહી સંબોધે છે અને કહે છે કે આ પક્ષીઓ મુનિ છે. તેમણે પ્રભુ પ્રાકટ્ય જાણ્યું એટલે પક્ષી થઈ વૃંદાવનમાં આવ્યા છે. વૃક્ષની મનોહર અને કુંપળવાળી ડાળી પર બેઠા છે છતાં ખાવામાં તેમનું ધ્યાન નથી. કૃષ્ણનાં દર્શન કરે છે. વેણુગીત સાંભળે છે.

શ્રુતિમાં ભગવાનને ભોગ વગર પ્રકાશતા કહ્યા છે અહીં પક્ષીરૂપી મુનિઓ ફલ ખાવા રૂપી ભોગ નથી કરતા. વેણુનાદ છે, શોભે છે. ભગવદીય પક્ષીઓને વેણુનાદ શ્રવણથી પરમશ્રીની પ્રાપ્તિ થઈ. અહીં પ્રભુનો શ્રી ગુણ શોભે છે.

નદ્યસ્તદા તદુપધાર્ય મુકુન્દ-ગીત– માવર્ત-લક્ષિત - મનોભવ ભગ્ન-વેગાઃ ।
આલિંગન- સ્થગિતમૂર્મિ ભુજૈર્મુરારૈ- ર્ગુહ્ણન્તિ પાદ–યુગલં કમલોપહારાઃ ।।૧૫।।

સાન્વય-વિવેચન : તદા = જ્યારે ભગવાને અનુગૃહીત કરેલા મુનિયોએ વેણુ દ્વારા સર્વતત્ત્વને જાણ્યું.) ત્યારે, **તત્** = તે (પ્રસિદ્ધ), **મુકુન્દ-ગીતં** = (મોક્ષ આપનાર ભગવાન્) મુકુન્દના ગીતને, **ઉપધાર્ય** = (મુનિયોના જ્ઞાનપદેશનો નિર્ણય કરીને) સાંભળીને, **આવર્ત-લક્ષિત-મનોભાવ-ભગ્ન-વેગા** = ભ્રમણ (રૂપ મૂર્છા) વડે દેખાતા (સ્તબ્ધ કરતા) કામથી ભગ્ન થયેલા વેગ (સ્વાભાવિક-પ્રવાહ) વાળી, **કમલોપહારાઃ** = (પોતાના હૃદય) કમલના ઉપહાર (ભેટ) વાળી, **નદ્યઃ** = નદીઓ, **આલિંગન- સ્થગિતં** = આલિંગન માટે સ્થિર થયેલાં, **મુરારૈઃ** = (જલના દોષ-રૂપ-અવિદ્યા રૂપ-મુરના શત્રુ શ્રીકૃષ્ણ) મુરારિનાં, **પાદયુગલં** = બે ચરણોને, **ઊર્મિ-ભુજૈઃ** = તરંગો (રૂપ) બાહુઓ વડે, **ગૃહ્ણાતિ** = ગ્રહણ કરે છે.

મુકુંદના ગીતને નદીઓ સાંભળે છે. આથી તે કામથી વેગને ભગ્ન કરી વમળ પેદા કરે છે. કમલનો ઉપહાર તેમની પાસે છે. તરંગો રૂપી બાહુઓને સ્થિર કરે છે. મુરારિનાં બે ચરણોને આલિંગન માટે ગ્રહણ કરે છે.

નદી પર વેણુનાદ અસર કરી રહ્યો છે. નદીઓને કૃતાર્થ થવાનો મનોરથ થયો. મોક્ષ દેનાર મુકુંદનું ગીત સાંભળી પાણીમાં ઘુમરીઓ વળવા

માંડી. વેગથી વહેતાં હતાં. હવે અટકી ગયાં. આલિંગન દેવા સ્થિર થયાં. તરંગ હાથરૂપ છે. હૃદયમાં કમળ ઉગયા છે.

તરંગરૂપી ભૂજાઓથી હૃદયરૂપી કમલ પ્રભુનાં ચરણે ધરી દીધાં. તરંગ સાથે કમલ પાછા આવ્યાં. પ્રસાદરૂપે પોતે લીધાં. મુરારિના ચરણ સ્પર્શથી સરિતાનો સરવાનો સ્વભાવ અટકી ગયો. ભગવદ્ ઉપયોગી બનાચું. નદીનો આ સ્વભાવ વિજય છે. ભગવાનનો જ્ઞાનગુણ અહીં સમજાય છે.

દૃષ્ટ્વાતપે વ્રજ-પશૂન્ સહ રામ-ગોપૈઃ સંચારયન્તમનુવેણુમુદીરયન્તમ્ ।
પ્રેમ-પ્રવૃદ્ધ ઉદિતઃ કુસુમાવલીભિઃ સખ્યુર્વ્યધાત્ સ્વવપુષામ્બુદ આતપત્રમ્ ।।૧૬।।

સાન્વય-વિવેચન : આતપે = (શરદઋતુના) તાપમાં, **સહ-રામ-ગોપૈઃ** = (રતિવર્ધક) રામ અને (રક્ષક) ગોવાળો સાથે, **વ્રજ-પશૂન્** = (સર્વદા છાયાથી ટેવાઈ ગયેલાં) વ્રજનાં પશુઓને, **સંચાયન્તં** = (સર્વ સામગ્રી, દેવતા, વેદ, ધર્મ-સહિત) ચરાવતા, **વેણું** = વેણુને, **અનુ-ઉદીરયન્તં** = તેમની પાછળ (સર્વના આધિદૈવિક-સ્વરૂપોનું ઉદ્દીપન કરતાં) વગાડતા (શ્રીકૃષ્ણને), **દૃષ્ટ્વા** = જોઈને, **પ્રેમ-પ્રવદ્ધ** = (પ્રભુ) પ્રેમથી (શ્રવણથી સખ્ય પર્યંત) પ્રવૃદ્ધ થયેલા, **ઉદિતઃ** = ઉદય પામેલા, **અમ્બુદઃ** = મેઘે, **સ્વવપુષા** = પોતાના શરીર વડે, (અને), **કુસુમાવલીભિઃ** = (પોતાનાં જલબિંદુઓ-રૂપ) પુષ્પાવલીઓ સહિત, **સખ્યુઃ** = (પોતાના) સખાને, **આતપંત્ર** = (સર્વને છાયા દેતું, આત્મનિવેદન-રૂપ) છત્ર, **વ્યધાત્** = કર્યું

શ્રીકૃષ્ણ તાપમાં રામ અને ગોવાળો સાથે વ્રજનાં પશુઓને ચરાવે છે. વેણુને વગાડે છે. આ જોઈ મેઘ પ્રેમથી પ્રવૃદ્ધ થાય છે. પોતાના શરીર વડે પુષ્પાવલીઓ સહિત પ્રભુ પર છત્ર કરે છે.

વેણુનાદની અસર મેઘ પર થઈ છે. પ્રભુ મેઘ શ્યામ છે. શરદ ઋતુ છે. તેથી તાપ પણ છે. ગોવાળીયાઓ અને બલરામ સાથે છે. વ્રજ પ્રશુઓને ચરાવતાં વેણુનાદ કરે છે. વ્રજપશુઓ શીતળતામાં રહેવા ટેવાયેલા છે. મેઘને વેણુનાદ શ્રવણથી સેવાનો અભિલાષ થયો. સ્નેહ સમૃદ્ધ થયો. સખ્ય સુધી પહોંચ્યો. સ્થૂલ થઈને વધ્યો પ્રભુના મસ્તકે આવ્યો. છત્રરૂપ

બન્યો. છાયા કરી. વર્ષારૂપ પુષ્પવૃષ્ટિ પ્રભુ પર કરવા લાગ્યો. આ રીતે સર્વસ્વ સમર્પણ અને આત્મનિવેદન કર્યું.

હરિનો શ્રમ અહીં હરિના સેવક હરે છે. ભક્તિથી જ આ થઈ શકે. આમાં વૈરાગ્યની ઉત્કટતા છે. સર્વત્ર અનાસક્તિ સામાન્ય વૈરાગ્ય છે. ત્યાગ સાથે આસક્તિ ઉત્તમ છે. પ્રભુમાં રતિથી થતી અનાસક્તિ ભક્તિ માર્ગીય વૈરાગ્ય છે. સર્વસ્વ સમર્પણ યુક્ત પ્રભુમાં પ્રીતિ અને સેવા પુષ્ટિમાર્ગીય વૈરાગ્ય છે. અહીં આવા વૈરાગ્ય ધર્મનું વિવરણ છે.

પૂર્ણાઃ પૂલિન્દ્ય ઉરુગાય-પદાબ્જ–રાગ- શ્રી–કુંકુમેન દયિતા-સ્તન–મણ્ડિતેન ।
તદ્દર્શન-સ્મર–રુજસ્તૃણ -રુષિતેન લિમ્પન્ત્ય આનન–કુચેષુ જહુસ્તદાધિમ્ ।।૧૭।।

સાન્વય-વિવેચન : તૃણ-રુષિતેન = (ચરણારવિંદ પરથી) ઘાસ પર સંલગ્ન થયેલા, **દયિત-સ્તન-માણ્ડિતેન** = (રસપ્રદાન કરનાર) પ્રિયાજી (લક્ષ્મીજી)ના વક્ષ:સ્થલે સુશોભિત, **ઉરુગાય-પદાબ્જ-રાગ- શ્રીકુંકમેન** = ઘણા (લોકો) વડે ગવાતા (સર્વ-પ્રમાણસિદ્ધ, સર્વ-ગુણપૂર્ણ) - ભગવાનના ચરણારવિન્દમાં (અનુ)-રાગવાળાં લક્ષ્મીજીના (સંબંધવાળા દિવ્ય) કુંકુમ વડે, **આનન-કુચેષુ** = મુખ અને વક્ષ:સ્થલ પર, **લિમ્પન્ત્યઃ** = લેપન કરતાં, **તદ્દર્શન-સ્મર-રુજઃ** = તે (લક્ષ્મીજી સાથેના વિહાર ભિલ્લ) પુલિંદની સ્ત્રીઓને, **તદાધિં** = તે (કામરૂપ) રોગને, **જહુઃ** = ત્યજ્યો, **પૂર્ણાઃ** = (તે પુલિન્દજીઓ ભકિત) પૂર્ણ છે.

પ્રભુના ચરણારવિંદમાં કુંકુમ છે. પ્રિયાના વક્ષ:સ્થળેથી પ્રભુના ચરણારવિંદમાં આવ્યું. ચાલવાથી ઘાસ પર લાગ્યું. ભીલ સ્ત્રીઓએ તે જોયું. કામરૂપ રોગ થયો. તે કુંકુમ મુખ પર અને વક્ષ:સ્થળે લગાડયું અને તેમનો રોગ દૂર થયો. તે સ્ત્રીઓ ભક્તિથી પૂર્ણ છે.

પ્રભુ સ્વચ્છન્દ પાદવિહાર કરે છે પ્રભુના ચરણકમલે દિવ્ય કુંકુમ લાગ્યું છે. લક્ષ્મીજીના સંબંધવાળું છે. પ્રભુચરણનું કુંકુમ ઘાસ પર ચોંટે છે. ભીલ જાતિની સ્ત્રી પુલિન્દી કહેવાય છે. તેમણે આ ઘાસ જોયું પ્રભુના વિહારો જોયા. પુલ્નિદીઓને પ્રભુ માટે પ્રબળ ઈચ્છા થઈ. ચોંટેલું કુંકુમ મુખે અને હૃદયે લગાવ્યું. તે દ્વારા તેમનામાં લક્ષ્મીનો પ્રવેશ થયો. અભિલાષ પૂર્ણ થયો. લક્ષ્મી જેવું સૌભાગ્ય મળ્યું. પુલિન્દી પૂર્ણ થઈ ગયાં.

હન્તાયમદ્રિરબલા હરિદાસ વર્યો, યદ્ રામકૃષ્ણ ચરણ સ્પર્શપ્રમોદઃ ।
માનં તનોતિ સહ ગો ગણયોસ્તયોર્યત્, પાનીય સૂયવસકન્દર કન્દ મૂલૈઃ ।।૧૮।।

સાન્વય-વિવેચન : હન્ત = (ખેદ છે) હન્ત ! **અબલાઃ** = (શ્રીગોવર્ધનજીની પાસે જઈ શકવા અસમર્થ) હે અબલાઓ !, **અયં** = આ, **અદ્રિઃ** = (શ્રીગોવર્ધન)પર્વત, **હરિદાસ-વર્યઃ** = હરિના દાસોમાં શ્રેષ્ઠ (હરિદાસવર્ય છે), **યદ્-રામ-કૃષ્ણ-સ્પર્શ-પ્રમોદઃ** = કારણકે, રામ અને કૃષ્ણના ચરણ (રૂપ ભકિતમાર્ગ)ના સ્પર્શથી પ્રકૃષ્ટ હર્ષવાળા (છે.) **યત્-પાનીય-સૂયવસ-કન્દર-કન્દ-મૂલૈઃ** = જે પાણી, સુંદર વાસ, ગુફા, કન્દ-મૂલો વડે, **સહ-ગો-ગણયોઃ** = ગાયો અને (દિવ-રૂપ ગોવાળના બાલકોના ગણની સાથે, **તયોઃ** = તે (રામ તથા કૃષ્ણ) બેનાં, **માનં** = (આતિથ્ય-રૂપ) માનને, **તનોતિ** = વિસ્તારે છે.

ગોપીજનો ખેદ કરતાં કહે છે હે અબલાઓ આ પર્વત હરિના દાસોમાં શ્રેષ્ઠ છે. રામ અને કૃષ્ણના ચરણના સ્પર્શથી શ્રેષ્ઠ હર્ષ પામ્યો છે. આ પર્વત પાણી, સુંદર ઘાસ, ગુફા, કંદમૂલો વડે ગાયો અને ગોવાળોની સાથે કૃષ્ણ બલરામના માનનો વિસ્તાર કરે છે.

શ્રી ગિરિરાજજીને હરિદાસવર્ય કહ્યા છે. હરિદાસોમાં શ્રેષ્ઠ છે. તે શ્રીગિરિરાજજીના સંગથી પુલિન્દીઓની સેવા પૂર્ણ થઈ ગઈ. ઉત્થાપન સમયે કંદરામાં પોઢેલાં ભગવાનને પુલિન્દીઓ દ્વારા મેવાનો ભોગ શ્રીગિરિરાજજી આરોગાવે છે. હરિદાસ પોતે સેવા કરીને સુખ માણે છે. હરિદાસ વર્ય પોતે સેવા કરી સુખનો અનુભવ સામાન્યને કરાવે છે. શ્રીગોવર્ધન પર્વત ગુણાતીત છે. ગોપીજનો તેમનો સંગ કરવા ત્યાં જઈ શકતાં નથી. લાભ લઈ શકતા નથી તેનો ખેદ ‘હન્ત’ કહીને પ્રકટ કર્યો. પોતે જવા માટે અશક્ત છે તેથી ‘અબલા’ કહ્યું.

શ્રી ગોવર્ધન નિર્ધન છે છતાં પ્રભુ, બળદેવજી, ગોવાળીયાઓ અને ગાયનો સત્કાર સ્નેહથી કરે છે તેમનું આતિથ્ય સદ્ગૃહસ્થની જેમ કરે છે.

આવ નહી, આદર નહી, નહી નયનમાં નેહ,
એ ઘરે જાવું નહી ભલે કંચન વર્ષે મેહ.

ગાયોને તે ઘાસ અને પાણી ધરે છે. બેસવા અને પાથરવા કંદરા આપે છે. તેથી વરસાદમાં પણ શ્રમ ન થાય. ભોજન માટે કંદમૂલ આપે છે.

આ શ્લોકમાં પહેલાં ગાય-ગોપ, પછી બલરામ અને કૃષ્ણ કહ્યા છે. ભગવદીયને પ્રથમ અધિક માન આપ્યું. ભગવાન પોતાની ભક્તિ કરતાં પણ પોતના ભક્તોની ભક્તિ કરનાર પર ખૂબ પ્રસન્ન થાય છે.

ગા ગોપ કૈરનુવનં નયતોરુદાર, વેણુ-સ્વનૈઃ કલ-પદૈસ્તનુભૃત્સુ સખ્યઃ ।
અસ્પન્દનં ગતિમતાં પુલકસ્તરુણાં, નિર્યોગ-પાશ-કૃત-લક્ષણયોર્વિચિત્રમ્ ।।૧૯।।

સાન્વય-વિવેચન : સખ્યઃ = (વનમાં ગયેલાં શ્રીગોપીજનનીસમ્મતિ માટે સંબોધન છે) હે સખિયો !, **કલ-પદૈઃ** = અવ્યકત-મધુર-પદો (અથવા ચરણ) સહિત, **ઉદાર-વેણુ-સ્વનૈઃ** = (પોતાનું પાન કરતાં વધેલુ અમૃત વૃક્ષો તથા નદીઓને દેતા) ઉદાર વેણુના નાદ વડે, **નિર્યોગ-પાશ-કૃત-લક્ષણયોઃ** = (દોહતી વખતે) પશુને બાંધવાનાં દોરડાં (નોજણાં) વડે કરાએલાં લક્ષણવાળા, **ગોપકૈઃ** = ગોવાળો સહિત, **અનુવનં** = (દરેક વનની શુદ્ધિ માટે) એક વનમાંથી બીજા વનમાં, **ગાઃ** = ગાયોને, **નયતોઃ** = (ચરાવવા) લઈ જતા, (રામ તથા કૃષ્ણ) બેનાં (સંબંધે સાક્ષિ-માત્રપણાથી), **ગતિમતાં** = ગતિવાળાંઓને, **અસ્પન્દંન** = (બંધનના ભયથી) હલન-ચલન- રહિતપણું, **તરુણાં** = (ગતિ વગરના) વૃક્ષોને, **પુલકઃ** = (ભયથી મધુધારા-રૂપ રોમાગ્-ચ થાય છે-તે,) **તનુ-ભૃત્સુ** = (સ્થાવર-જંગમ) દેહધારીઓમાં, **વિચિત્રં** = વિચિત્ર (છે.)

રામ અને કૃષ્ણ ગોવાળો સાથે હતા. પશુઓને બાંધવાનાં બે દોરડાં સાથે છે. મધુર અવ્યક્ત ઉદાર વેણુનાદ કરે છે. ગાયોને આ રીતે એક વનમાંથી બીજા વનમાં લઈ જાય છે. આનાથી ગતિવાળાં હલન ચલન વગરનાં બને છે. વૃક્ષોને રોમાંચ થાય છે. દેહધારી માટે તે વિચિત્ર છે.

વેણુનાદના શબ્દો અવ્યક્ત અને મધુર છે. ગાયો અને પોતાના ચરણથી સર્વત્ર શુદ્ધિ કરે છે.

વનરાજિ વેણુનાદ માણે છે. તેથી તે પુલકિત થાય છે. વનરાજી તો સ્થાવર છે. પુલકિત બનતાં તેમાંથી મધુધારા થવા લાગી.

પ્રભુ ગાય દોહવા પધારે છે. ગાયો મૌન થઈ ગઈ. આથી પ્રિય પ્રભુને શ્રમ થતો નથી. પ્રભુએ દોહનનાં દોરડાં (નોઝણાં) ખભે રાખ્યાં છે. રાત્રિયોગ્ય વેશ ધર્યો છે.

આ બધું જોતા જંગમને બાંધવાનો ડર લાગ્યો. બધા સ્થિર થયાં. શ્રીગોપીજનોને પણ રોમાંચ થાય છે. સ્તબ્ધ બને છે. કંપ પણ થાય છે. ગોપીજનો વિચારે છે કે ગાયના દૂધ માટે પ્રભુ ગાયને બાંધે છે. આપણી પાસેથી ગોરસ લેવા આપણને તો નહી બાંધેને ?

ભગવાનનો આ વિરૂદ્ધધર્માશ્રય કહ્યો. તે રીતે નિર્દોષતા બતાવી.

(અનુષ્ટુપ છંદ)

એવંવિધા ભગવતો યા વૃંદાવન ચારિણઃ ।
વર્ણયન્ત્યો મિથો ગોપ્યઃ ક્રીડાસ્તનમયતાં યયુઃ ।।૨૦।।

સાન્વય-વિવેચન : વૃન્દાવન-ચારિણઃ = વૃન્દાવનમાં (સ્વચ્છન્દ-વિહાર-રૂપ) ગતિવાળા, **ભગવતઃ** (છ ગુણવાળા) ભગવાનની, **એવં વિધાઃ** = આવ (કરોડો) પ્રકારની, **યાઃ** = જે, **ક્રીડાઃ** = લીલાઓ (છે તેનું), **મિથઃ** = પરસ્પર, **વર્ણયન્ત્યઃ** = વર્ણન કરતાં, **ગોપ્યઃ** = શ્રીગોપીજન, **તન્મયતાં** = (જાગતાં, સૂતાં, લીલાનાં જ દર્શન કરતાં) લીલાપણાને, **યયુઃ** = પ્રાપ્ત થયાં; (પુનઃ સંસારમાં તેમનું સમાગમન નથી.)

ભગવાન વૃંદાવનમાં ગતિ કરે છે. આવી લીલાઓનું વર્ણન શ્રીગોપીજનો કરે છે. લીલાપણાને પ્રાપ્ત થાય છે.

અહીં એક પ્રકારની લીલા ગાઈ. કૃષ્ણલીલા કરોડો પ્રકારની છે. વૃંદાવનવિહારી ભગવાન પાસે પુષ્ટિ હોય આથી અસંખ્ય પ્રકાર લીલાના છે. મર્યાદામાં ગણત્રી હોય. શ્રીગોપીજનો લીલાઓનું વર્ણન કરે છે. જાગતાં, સૂતાં અને સ્વપ્નમાં પણ લીલાનું જ દર્શન કરે છે. લીલામય થઈ જાય છે. આથી તેમને માયા જનિત સંસાર પ્રાપ્ત થતો નથી. પણ ભગવાન અને લીલા પ્રાપ્ત થયા. અનંત ભગવાનની અનંત લીલાઓ છે. હરિ અનંત હરિલીલા અનંતા.

❖ ❖ ❖

|| શ્રી વલ્લભ ||

પુષ્ટિ પ્રણયગીત

વ્રજમાં શરદઋતુ આવી. મલ્લિકા વગેરે સુગંધિત પુષ્પો ખીલ્યા. ખીલીને મહેકવા લાગ્યાં.

ચીરહરણ લીલા વખતે ભગવાને કુમારિકા ગોપીજનોને રાસની રાત્રીઓનો સંકેત કર્યો હતો. આ સર્વ રાત્રીઓ આજે એકત્રિત થઈ ગઈ હતી. એક રાત્રી બનીને શોભી રહી હતી. ભગવાને તેને જોઈ. જોઈને તેને દિવ્ય બનાવી.

ગોપીજનોને તો રાસલીલાની ઈચ્છા હતી જ. ભગવાને યોગમાયાના સહારે રાસક્રીડા માટે સંકલ્પ કર્યો. તે માટે અમના ભગવાને મન નો સ્વીકાર કર્યો. શ્રી ગોપીજનનાં મન નક્ષત્ર રૂપ છે. ભગવાનનું મન તેમના રાજા રૂપ છે.



દેવતાઓની દિશા પૂર્વ ગણી છે. અહીં ચંદ્ર ઉદિત થયો. આ દિવ્ય - ચંદ્રદર્શન છે. આ ચંદ્ર પ્રભુના મનમાંથી પ્રકટ્યો છે. આથી તે નિષ્કલંક છે. ચંદ્ર લક્ષ્મીજીના ભાઈ પણ છે. આવા ચંદ્રથી વન રંગાઈ ગયું ભગવાને તે જોયું. શ્રીગોપીજન માટે વેણુનાદ કર્યો. આ શ્રીગોપીજનો મધુર ભાવવાળાં છે. શ્રી કૃષ્ણે તેમનાં મન હરી લીધાં છે. તે બધાં ઉત્સુક છે. સર્વાત્મ ભાવવાળા છે.

વેણુનાદ સાંભળી શ્રીગોપીજનોએ સઘળાં કામ છોડી દીધા. વનમાં કૃષ્ણ પાસે પહોંચી ગયા.



કેટલાંક ગોપીજનો કામભાવવાળાં હતાં અંતર્ગૃહગતા હતાં. પ્રભુને જાર ભાવે ભજેલાં આવાં ગોપીજનો માટે કાલ પ્રતિબંધ રૂપ બન્યો. પ્રભુ પાસે પહોંચી શક્યા નહીં. તેમના પ્રાણ છૂટી ગયા. ભગવાનની પ્રાપ્તિ થઈ. પ્રભુનો ભજનાનંદ ન મળ્યો. પ્રભુમાં સાયુજ્ય મળ્યું.

કેટલાંક શ્રીગોપીજનો પ્રભુ પાસે પધાર્યા. તે મહાભાગાઓ છે. પ્રભુએ લૌકિક રીતે તેમનું સ્વાગત કર્યું. ભગવાન મર્યાદા ધર્મના વક્તા બને છે. આવેલ સ્ત્રીઓને તેમનાં સ્વધર્મો સમજાવે છે અને ઘરે પાછા ફરવા આજ્ઞા કરે છે. આ માટે ભગવાન દશ શ્લોક બોલે છે.



શ્રીગોપીજનો અગિયાર શ્લોકમાં પ્રતિવાદ કરે છે. ભગવાન કરતાં એક શ્લોક વધુ બોલ્યા છે. ભક્તોની વાણીનો વિજય થયો છે. વ્રજવધૂનો વિજય છે. શ્રીગોપીજનો ભક્ત છે. ભગવાન તેમને પુષ્ટિધર્મના વક્તા બનાવે છે. પુષ્ટિધર્મ તેમના દ્વારા બોલાવે છે.

શ્રેષ્ઠ વક્તા ભગવાન જ છે. તેમની સામે ભક્તની વાણીનો વિજય થયો છે. આ અગિયાર શ્લોકનું ગાન તે જ પુષ્ટિ પ્રણયગીત. આ દ્વારા પુષ્ટિધર્મ રૂપ ભક્તવાણીની વિજય પતાકા ફરકે છે. શ્રી ભાગવતના દસમ સ્કંધના ઓગણત્રીસમાં અધ્યાયમાં શ્લોક ૩૧ થી ૪૧માં પ્રેમ-પુષ્ટિ દર્શન છે. વસંતતિલક છંદમાં આ પ્રણયગીત છે.

મૈવં વિભોડર્હતિ ભવાન્ ગદિતું નૃશંસં, સન્ત્યજ્ય સર્વ-વિષયાંસ્તવ પાદમૂલમ્ ।
પ્રાપ્તા ભજસ્વ દુરવગ્રહ મા ત્યજાસ્માન, દેવો યથાડડદિપુરુષો ભજતે મુમુક્ષૂન્ ।।૧ ।।

સાન્વય-વિવેચન : વિભો = હે સર્વ કરવા સમર્થ !, **ભવાન્** = આપ, **એવં** = આ પ્રકારે (આપે બોલાવેલાં, આપની પાસે આવેલાં, પુષ્ટિભક્તોને લોક-વેદ-મર્યાદા-ધર્મો બતાવીને ઘેર પાછાં જવાનું કહેવું તે), **નૃશંસં** = કઠોર (અતિક્રૂર), **ગદિતું** = બોલવાને, **મા અર્હતિ** = યોગ્ય નથી (સમર્થ જો અન્યથા બોલે તો તે ક્રૂર જ ગણાય; દયા હોય, તો તેમ ન બોલે), **સર્વ-વિષયાન્** = (અગિયારે ઈન્દ્રિયોના) સઘળા (વાસના-સહિત) વિષયોને, **સત્યજ્ય** = સારી રીતે છોડીને, **તવ** = તમારા (શ્રીકૃષ્ણના), **પાદ-મૂલં** = ચરણના મૂલ (વૃન્દાવન)ને, **પ્રાપ્તાઃ** = (અમે) પ્રાપ્ત થયાં છીએ; (નહિ તો પાદમૂલની પ્રાપ્તિ જ ન થાય), **અસ્માન્** = અમને, **ભજસ્વ** = સેવો ! (ભજો !), **ત્યજ** = (અમને) ત્યજો, **મા** = નહિ, **દુરવગ્રહ** = હે દુરાગ્રહવાળા ! (પ્રભુ-ભજન ન કરવું, અન્ય સ્વજન-સેવન-કરવું, તેવો જેનો દુષ્ટ આગ્રહ છે તેવા), (જીવો બધું જ કરવ ઈચ્છે છે, ભગવદ્-ભજન કરવા ઈચ્છતા નથી, તે તો તેમની સ્વભાવ-દુષ્ટતાથી બને છે, તેમ આ આપનો અન્ય-સ્વજન-ભજન કરવાનો દુરાગ્રહ છે ! ''યે યથા માં પ્રપદ્યન્તે'' - ગીતાજી પ્રમાણે તો, અમે આપનો ત્યાગ કરતાં નથી, તેથી આપ અમોરો ત્યાગ ન કરો !), (આ ભજન વિષયપણાથી ભોગરૂપ નથી, પણ સર્વાત્મભાવ - પ્રકારે છે.) (તેમાં દૃષ્ટાંત કહે છે), **યથા** = જેમ, **દેવઃ** = દેવ (લીલા-પરાયણ), (દેવ સર્વને ભજે છે, નહિ તો શાસ્ત્ર વ્યર્થ થાય), **આદિપુરુષ** = આદિપુરુષ (પુરુષોત્તમ) (આદિ-પુરુષની સેવા થાય, વિષયાભિલાષ નહિ, દેવ પણ સેવ્ય છે), (તે અન્ય ભજન-છોડાવીને સ્વભજન કરાવે), **મુમુક્ષૂન્** = મુક્તિ ઈચ્છનારાઓને, **ભજતે** = ભજે છે, (સેવે છે), (આત્મીયપણાથી અંગીકાર કરે છે), (આત્મા - રૂપે સ્ફૂરે છે, તે આ ભજન છે.

હે પ્યારા શ્રીકૃષ્ણ! આપ વિભુ છો. સર્વ કરવાને સમર્થ છો. આપ ઘટ ઘટમાં વ્યાપેલા છો. અમારા હૃદયની વાતને જાણો છો.

આપે અમને વેણુનાદ કરી બોલાવ્યા. અમે આપની પાસે આવ્યાં. અમે પુષ્ટિભક્તો છીએ. આપે અમને લોક-વેદ રૂપી મર્યાદા ધર્મો બતાવ્યાં. ઘેર પાછા જવાં કહ્યું. આ બધાં કઠોર અને અતિક્રૂર વચનો છે. આપે આવું બોલવું જોઈએ નહીં. તમે સમર્થ છો. સમર્થ અન્યથા ન બોલે. જો બોલે તો તે ક્રૂર જ ગણાય. દયાળુ આવું બોલતાં નથી.

અમારી અગિયાર ઈન્દ્રિયો છે. તે દરેકનો એક વિષય છે. અમે વાસના સહિત આ વિષયોને ત્યજી દીધા છે. આપના ચરણમૂલરૂપ વૃંદાવનમાં આવ્યાં છે આથી અમને ત્યજો નહી, પણ અમને ભજો.

પ્રભુનું ભજન ન કરવું, અન્ય સ્વજનનું સેવન કરવું તે દુષ્ટ આગ્રહ છે. જીવો સ્વભાવ દુષ્ટ છે તેથી દુરાગ્રહ કરે છે. પ્રભુ આપ દુરાગ્રહી ન બનો. અમે આપનો ત્યાગ નથી કરતાં આપ પણ અમારો ત્યાગ ન કરો.

અહીં શ્રી ગોપીજનો જે ભજનની વાત કરે છે તે વિષયના ભોગ રૂપ નથી. આ ભજન સર્વાત્મભાવ પ્રકારનું છે.

દેવો ભગવાનની વિભૂતિરૂપ છે. દેવોને ભજનારાઓને દેવો ભજે છે. અર્થાત્ ફલ દે છે. આદિપુરુષને મોક્ષ ઈચ્છનારા ભજે છે. ભજનારને મોક્ષ દઈ સાનુકૂલ બને છે. આ આદિપુરુષે કરેલું ભજન છે.

વ્રજમાં લીલા માટે ભગવાન પ્રકટ થયા છે તે જ દેવ - આદિપુરુષ અને મુખ્યપતિ છે. વ્રજભક્તો પ્રભુને આનંદનું દાન કરવા રૂપી ભજન કરવાનું કહે છે.

શ્રીગોપીજનો પ્રભુને વિનવે છે કે આપના સ્વરૂપાનંદનું દાન કરો. અને ઘરે પાછા ન મોકલો.

યત્પત્યપત્યસુહૃદામનુવૃત્તિરઙ્ગ, સ્ત્રીણાં સ્વધર્મ ઈતિ ધર્મવિદા ત્વયોક્તમ્ ।
અસ્ત્વેવમેતદુપદેશ-પદે ત્વયીશે, પ્રેષ્ઠો ભવાંસ્તનુ-ભૃતાં કિલ બન્ધુરાત્મા ।।૨ ।।

સાન્વય-વિવેચન : અંગ = હે અંગ ! (પોતાનાથી જુદા નહિ તેવા,- સ્વકીય)

પત્યપત્ય-સુહૃદાં = પતિ પુત્રો (સંતાન), મિત્રોની **અનુવૃત્તિઃ** = (તેમના મનને અનુકૂલ થતી વૃત્તિ-પ્રવૃત્તિ) સેવા, (કરવી તે), **સ્ત્રીણાં** = સ્ત્રીઓનો, **સ્વધર્મ** = સ્વધર્મ (છે), **ઈતિ** = એ પ્રકારે, **યત્** = જે, **ધર્મવિદા** = ધર્મજ્ઞ, **ત્વયા** = તમારા વડે (તમે), **ઉક્તં** = કહેવાયું , (કહ્યું), **એતત્** = આ (તે), **ઉપદેશ-પદે** = ઉપદેશના આધાર (આશ્રય-સ્થાન)-રૂપ, **ઈશે** = ઈશ્વર (સમર્થ), **ત્વયિ** = તમારામાં, **અસ્તુ** = હો, (થાવ) (તેમ પ્રાર્થના છે), (ધર્મ-શાસ્ત્રો નિશ્ચતપણે બહિર્મુખ છે. તેઓ દૈહધર્મને જ સ્વધર્મ કહે છે, આત્મધર્મ કે ભગદ્ધર્મને નહિ! કારણ કે તેઓ આત્મજ્ઞો નથી. તેમ તેમ પણ ધર્મજ્ઞે અમને કહ્યું ! અમને કે આત્માને વિચારીને તો નહિ ! છતાં અમે દોષ દેતાં નથી, વિષય-નિર્ણય કરીએ છીએ. સ્ત્રીઓએ પતિ-પરિવારની સેવા એ સ્વધર્મ સ્ત્રીઓએ કરવો જોઈએ,-તેમ તમે કહ્યું ભલે ! પતિ-વગેરે ધર્મ-સ્વરૂપ કે ધર્મના આધાર નથી, નિમિત્તમાત્ર છે. ધર્મ બે પ્રકારનો,-૧. આચરવાનો, ૨. જાણવાનો આચરવાનો ધર્મમાં પુત્રાદિ નિમિત્ત છે, જાણવામાં ગુરુ ! આથી આ સેવાનો ઉપદેશ દેનાર ગુરુની સેવા પહેલા થાય ! નહિ તો સ્વધર્મ સમજાય જ નહિ ! અમને પહેલાં આ ધર્મજ્ઞાન ન હતું, આપે દીધું, તેથી આપ અમારા ગુરુ ! ગુરુસેવા વિના ધર્મ સ્ફુરે નહિ ! નહિ તો ઉપદેશમાત્રથી સમજાઈ જાય; તેથી ઉપદેશની સફલતા માટે આપ સેવા કરાવો ! આમાં કાંઈ પ્રતિકૂલ નથી. સ્વધર્મ તો અનેકવિધ છે,- પોતાના કરતાં ઉત્તમ પ્રત્યે, સમાન પ્રત્યે, ઉતરતા પ્રત્યે ! તેમાં પૂર્વપૂર્વ પ્રબલ છે. સ્ત્રીઓના સ્વસમાન પતિ-પુત્રાદિ સેવા સ્વધર્મ છે; તેના કરતાં સ્વનિયામક ઈશ્વરની સેવા મુખ્ય-સ્વધર્મ છે; નહિ તો ઈશ્વર-પ્રેરણા વગર પતિસેવાદિમાં પ્રવૃત્તિ ન થાય. આપ તો ઈશ્વર છો,- અન્યર્તામી છો ! છતાં તેવા અમને તો પતિ સેવામાં નહિ, આપની સેવામાં જ પ્રેરો છો ! તેથી આપ જ પહેલાં સેવ્ય છો ! ધર્મશાસ્ત્રમાં તો શરીરની પ્રિયતાથી શારીરધર્મો કહ્યા છે. આમાં તો કોઈને દેહ પ્રિય છે. કોઈકને આત્મા, કોઈને આત્મા, કોઈને પરમાત્મા, કોઈકને નિર્વાહક ! આપતો સર્વરૂપ છો !), **ભવાન્** = આપ, **તનુ-ભૃતાં** = (સૌ) દેહધારીઓના, **પ્રેષ્ઠઃ** = પરમ પ્રેમાસ્પદ-આનન્દ (છો), **બંધુઃ** = દેહનિર્વાહક (સ્વજન) (છો), (તમે દીધેલું

શરીર, તમારા વિચારેલા પ્રયોજન માટે જ, જીવ સ્વીકારીને રહે છે, તેથી દેહ ભગવાનનો છે, ભગવાને જ ટકાવેલો છે, તેમને જ તે (સેવામાં) નિવેદન કરીને, તેનો ઉપયોગ ન રહેતાં અન્યને દેવાય. (અન્ય કાર્ય થાય.) ચેતનને પ્રેરણા હોય; તેથી ભગદુપયોગ સમજાય ત્યાં સુધી દેહ અન્યને કહેવા- સમજાવવા- છતાં ન દેવાય. તમે સૌના પ્રેષ્ઠને જ શ્રેષ્ઠ-પ્રિય-વસ્તુ દેવાય.), **કિલ** = (પ્રમાણ) પ્રસિદ્ધ છે, (આપ કેવલ દેહદાતા નથી, બંધુ - (પ્રયત્નથી શરીર ધારણ કરાવનાર) પણ છો ! અને, **આત્મા** = (શરીર, ભગવાનની સેવા જ મુખ્ય છે. ધર્મથી ધર્મી મુખ્ય છે. આપ આ સ્વીકારો તેવી પ્રાર્થના છે. કાલાદિ- બાધિત, અશક્ય હોય તે ધર્મ પણ નથી. આથી પતિ વગેરેની સેવા કરવાનું કહેતાં શાસ્ત્રો પણ મુખ્યરીતે ભગવત્સેવા જ કરવાનું કહે છે, તે જ ઉચિત છે.)

પ્રભુ સ્ત્રીનો સ્વર્ધમ બતાવે છે. પતિ, સંતાન તથા મિત્રોની સેવા કરવી તે સ્ત્રીઓનો સ્વધર્મ.

શ્રીગોપીજનો આનો ઉત્તમ ઉત્તર આપે છે. પ્રભુએ ધર્મનો ઉપદેશ કર્યો છે. તેથી ગોપીજનો તેમને ધર્મવિદા - ધર્મજ્ઞ કહે છે. શ્રીગોપીજનો પ્રભુને સ્વકીય ગણે છે. પોતાનાથી જુદા ગણતા નથી આથી 'અંગ' કહી સંબોધે છે.

ધર્મ બે પ્રકારના છે. (૧) દેહધર્મ અને (૨) આત્મધર્મ. દેહધર્મને ધર્મશાસ્ત્રો સ્વર્ધમ કહે છે. આથી ધર્મશાસ્ત્રો બહિર્મુખ છે. ખરેખર તો આત્મધર્મ એ ભગવદ્‌ધર્મ છે.

ધર્મજ્ઞ, દેહધર્મને સ્વધર્મ કહે છે. આત્મજ્ઞો ભગવદ્‌ધર્મના આચરણનું કહે છે.

હે પ્રભુ! આપે ધર્મજ્ઞ થઈને અને સ્વધર્મ બતાવ્યો. આત્મજ્ઞ થઈને અમને કે અમારા આનંદરૂપ છો. સ્વજન છો.

પતિ, સંતાન અને મિત્રો વગેરેની સેવારૂપ ધર્મ તો નિમિત્ત માત્ર છે. તે ધર્મનો આધાર નથી.

ધર્મ બે પ્રકારનો છે. (૧) આચરવાનો અને (૨) જાણવાનો. આચરવાના ધર્મમાં પતિ-પુત્ર વગેરે નિમિત્તે છે. જાણવાના ધર્મમાં ગુરુ નિમિત્ત રૂપ છે. ગુરુ વગર સ્વધર્મ સમજાય નહી. ગુરુ સેવા વગર ધર્મ ફ્લે નહી. આથી સેવાનો ઉપદેશ દેનાર ગુરુની સેવા પહેલાં કરવી આપનો ઉપદેશ અમને સમજાશે. માટે આપની સેવા કરવા દો.

સ્વધર્મ પણ અનેક પ્રકારનો છે. (૧) પોતાના કરતાં ઉત્તમ પ્રત્યે (૨) સમાન પ્રત્યે (૩) ઉતરતા પ્રત્યે. પતિ-પુત્રો સ્વ સમાન છે. ઈશ્વર ઉત્તમ છે. આથી ઈશ્વર સેવા મુખ્ય સ્વધર્મ છે.

કોઈકને દેહ પ્રિય છે. કોઈકને આત્મા પ્રિય છે તો કોઈને પરમાત્મા. પ્રભુ! આપ તો સર્વરૂપ છો. આ બધા સ્વરૂપે આપ જ છો. અંતર્યામી થઈ આપ જ અમને પ્રેરો છો તેથી પહેલાં આપની જ સેવા કરવી જોઈએ.

આપે જ શરીર દીધું છે. તેનું પ્રયોજન આપ જ છો. જીવ આ તથ્ય સ્વીકારી લે છે. તેથી દેહ ભગવાનનો છે. ભગવાને જ ટકાવ્યો છે. ભગવાનની સેવામાં જ તેનું નિવેદન થવું જોઈએ. જીવમાં ચિદ્ અંશ છે. તેથી ચેતના છે. ચેતનને પ્રેરણા હોય છે. આથી પ્રેરણા સમજાવે છે કે દેહનો વિનિયોગ ભગવદ્ ઉપયોગ માટે થાય. અન્ય માટે ન થાય. કોઈના કહેવાં કે સમજાવવાં છતાં પણ ન જ થાય.

આપ પ્રેષ્ઠ છો. પ્રેમાસ્પદ છો. પ્રેષ્ઠને જ શ્રેષ્ઠ વસ્તુ ધરાય. આપ દેહદાતા છો. શરીર ધારણ કરાવનારા પણ આપ જ છો અને આત્મા પણ છો. તેથી પ્રભુ સેવા જ મુખ્ય છે.

જે સ્વયં અભય હોય અને ભયાતુરની રક્ષા કરે તે પતિ કહેવાય. મૂઢ સ્ત્રીને પ્રભુ દુર્લભ હોય છે તેથી તે જીવતાં શબને પતિ સમજી ભજે છે. પ્રભુ જ અભયપ્રદ પતિ છે. શ્રી ગોપીજનો વિનવે છે કે હે પ્રભુ તમારી સેવા કરવા દો.

કુર્વન્તિ હિ ત્વયિ રતિં કુશલા: સ્વ આત્મન્, નિત્ય-પ્રિયે પતિ-સુતાદિભિરાર્તિદૈ: કિમ્ ।
તન્ન: પ્રસીદ વરદેશ્વર મા સ્મ છિન્દ્યા, આશાં ધૃતાં ત્વયિ ચિરાદરવિન્દ-નેત્ર ।।૩।।

સાન્વય-વિવેચન : સ્વ = પોતાના, **આત્મન્-(આત્માનિ)** = આત્મા (વિષય)માં, **કુશલા:** = નિપુણો, (જેઓ) આત્મહિત કરનારા છે, દેહેન્દ્રિય નહિ;) (તેઓ), **હિ** = નિશ્ચિતપણે, **નિત્ય-પ્રિયે** = નિત્યપ્રિય, **ત્વયિ** = તમારામાં (જ), **રતિં** = પ્રીતિ, **કુર્વન્તિ** = કરે છે; (સ્નેહથી જ ક્રિયા થાય છે. ભગવાને પ્રત્યે કરેલો આદર જીવને મળે છે,- ફળે છે; અરીસા જેવા ભગવાનમાં જીવની ક્રિયાઓ જ પ્રતિબિંબિંત થાય છે. પ્રેમ કરનારને પ્રેમ મળે, દ્વેષ કરનારને ક્લેશ મળે. સેવા પ્રીતિથી થાય છે. પતિ-પુત્રાદિ-સેવા ધર્મ હોય તો પુરુષાર્થરૂપે પોતાને ફળે ! કુશલતા આ છે ! પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિ ઉત્તમ છે. નિરુદ્ધ ઈનદ્રિયો જ આત્મગામી થાય છે. તે પણ આપની સેવામાં ઉપયોગી થાય તો જ ! આથી, કેવલ ઈન્દ્રિયસંયમ કરનાર કરતાં તો આપનામાં પ્રીતિ કરનારા કુશલ છે. તે નિશ્ચિત છે. આપ આત્મ-સ્વરૂપ છો, અધ્યાસમાત્ર નથી. પ્રિયની સેવા કરવી જ જોઈએ. કાલથી પરિમિત (કોળીઓ) ન થઈ જતા નિત્ય પ્રિય તો આપ જ છો ! નહિ તો જાર(ઉપપતિ)સેવા પણ ધર્મ થાય ! પતિસુતાદિ પણ નિત્ય નથી. **આર્તિદૈ:** = દુઃખ (સંસાર-સંતાપ) દેનારા, **પતિ-સુતાદિભિ:** = પતિ-પુત્રાદિ વડે, **કિં** = શું (પ્રયોજન) ? (કાંઈ જ પ્રયોજન નથી.) (પતિ-પુત્રાદિ તો ધર્મ હેતુ નથી, દુઃખદ છે. ધર્મહેતુ હોય તે તો દુઃખદ ન ન બને; નહિ તો સંસાર જ સંભવે ! પતિ-પુત્રાદિ વડે, કિં ઇં શું (પ્રયોજન) ? (કાંઈ જ પ્રયોજન નથી.), (પતિ-પુત્રાદિ તો, સર્વશાસ્ત્ર અને યુક્તિ વ્યર્થ થાય.) **તત્** = તેથી, **ન** = અમારા (પર), **પ્રસીદ** = (આપ) પ્રસન્ન થાવ ! (આપની પ્રસન્નતા વગર જ લોકો ભ્રાન્ત છે; દુઃખદ-કારણોમાં આથડે છે !), **વરદેશ્વર** = હે વરદાન દેનારાઓના ઈશ્વર (શ્રેષ્ઠ), (વરાદાન દેનારાઓના ઈશ્વર (શ્રેષ્ઠ), (વરદાન દેનારા દયાળુ હોવાથી લોકોનાં દુઃખ જાણીને વરદાન દે છે. આપ તો તેમના પણ ઈશ્વર છો !- અતિ દયાલુ છો ! તે દ્વારા સૌના દુઃખ શમાવો છો. અમે કિલષ્ટ છીએ; તે ક્લેશ જ સાધન છે, તપની જેમ આમાં નિષિદ્ધ-પ્રકાર કાંઈ હોય તો કરવો જોઈએ !); **અરવિન્દ-નેત્ર** = કમલ-લોચન ! (કૃષ્ણ !), (નજર

માત્રથી પોષનારા, દુઃખ દૂર કરનાર! અત્યાર સુધી જીવતાં પણ રહ્યાં આ નેત્રકમલના કોમલ કૃપાકટાક્ષોથી !), **ત્વયિ** = તમારામાં, **ચિરાત્** = લાંબા સમયથી, **ધૃતાં** = ધારણ (પોષણ) કરેલી, **આશાં** = આશાને, **છિન્દ્યાઃ** = છેદે, **મા** = નહિ, **સ્મ** = (આ) (આશા-ભંગથી પતન) પ્રસિદ્ધ છે. (અમે પતિસેવા કરી નથી, તે માટે જીવતાં પણ નથી, આપની આશાએ જીવીએ છીએ. વચ્ચે સ્થિતિ-નિર્વાહ માટે જ પતિસેવા સ્વીકારેલી. હવે જો આવેલાં અમારો મનોરથ સિદ્ધ ન થાય તો આશા ભાંગે! આશા જતાં તો પ્રાણ જાય! અમારી તો આપનામાં જ આશા છે. તે તો છેદાતાં આધાર વગર પડી ભાંગે, તે પ્રસિદ્ધ છે.)

પ્રભુ આજ્ઞા કરે છે કે સ્વજનને ભય કરાવવો નહીં. શ્રી ગોપીજનો વિચારે છે. મહાજનો જે માર્ગે ચાલ્યા છે તે વિચારીને પ્રભુને કહે છે. બે પ્રકારના લોકો છે. એક આત્માનું હિત કરનારા છે. બીજા દેહ-ઈન્દ્રિયોનું હિત કરનારા છે. પ્રભુ નિત્ય પ્રિય છે. આથી જે પ્રભુમાં પ્રીતિ કરે છે તે જ નિશ્ચિતપણે કુશલ-નિપુણ છે. તે આત્મહિત કરે છે.

ઘણાં ઈન્દ્રિયોનો સંયમ કરે છે. આના કરતાં પણ પ્રભુમાં પ્રીતિ કરનારાં જ કુશલ છે. ભગવાન આત્મ સ્વરૂપ છે. આથી પ્રિયની જ સેવા કરવી જોઈએ.

ક્રિયા સ્નેહથી જ થાય. સ્નેહ વગરની ક્રિયા કર્મકાંડ બની જાય છે. ભગવાન પ્રત્યે કરેલો આદર જીવને મળે છે. ફળે પણ છે. ભગવાન આરસી જેવા છે. તેમાં જીવની ક્રિયાઓનું પ્રતિબિંબ પડે છે. આથી પ્રેમ કરનારને પ્રેમ મળે છે. જે દ્વેષ કરે તેને દ્વેષ મળે છે. ''પ્રીતમ પ્રીત હિ તે પૈયે.'' ''પ્રીતમ પ્રીત હિ તે બસ કીનો.''

કાળ સર્વનો કોળીયો કરે છે. પ્રભુને તે કાંઈ કરી શકતો નથી. પતિ-પુત્ર વગેરે નિત્ય નથી. તેથી તે ધર્મ હેતુ નથી બનતા. તે બધા દુઃખ દેનારા બને છે. ''માતા-પિતા ભગિની સુતદારા રતિ ન નિભત એકતાર. સદા એક રસ તુમહી નિભવો 'રસિક' વચન પ્રતિપાર, સાચો સ્નેહી શ્રીનંદકુમાર.''

પતિ-પુત્રથી તો સંસાર સર્જાય છે. તેમનું અમારે કાંઈ જ પ્રયોજન નથી. પ્રભુ આપ જ પ્રાર્થના કરવા યોગ્ય છો. આપ અમારા પર પ્રસન્ન થાવ.

વરદાન આપનારં દયાળુ હોય છે. લોકોનાં દુઃખ જોઈ તે વરદાન આપે છે. તમે તો વરદાન દેનારનાં પણ ઈશ્વર છો, શ્રેષ્ઠ છો, અતિ દયાળુ છો, સૌનાં દુઃખ દૂર કરો છો. અમે તો કલેશવાળાં છીએ. અમારા માટે તે જ સાધન છે. આપના નેત્ર કમલ જેવાં છે. આથી નજરમાત્રથી પોષો છો. દુઃખ દૂર કરો છો. આ નેત્રકમલોના કૃપા કટાક્ષથી જ અમે અત્યાર સુધી જીવી રહ્યા છીએ.

લાંબા સમયથી તમારી આશા કરીને રહ્યા છે. આ આશાને છેદતાં નહી. આશા ભંગ અમારું પતન જ કરશે. અમારો મનોરથ સિદ્ધ નહી થાય. આશા જશે તો અમારાં પ્રાણ પણ જશે.

હે પ્રભુ આપ અમારા પર પ્રસન્ન થાવ.

ભગવાન અરવિંદનેત્ર છે. વરદેશ્વર છે. અરવિંદનેત્ર હોવાથી દુઃખ દૂર કરે છે. વરદેશ્વર હોવાથી સુખની પ્રાપ્તિને જ કલ્યાણ કહ્યું છે.

ચિત્તં સુખેન ભવતાપહૃતં ગૃહેષુ, યન્નિર્વિશત્યુત કરાવપિ ગૃહ્ય-કૃતયે ।
પાદૌ પદં ન ચલતસ્તવ પાદ-મૂલાદ્, યામઃ કથં વ્રજમથો કરવામ કિં વા ।।૪।।

સાન્વય-વિવેચન : (અમારું તો ચિત્ત જ અમારી પાસે નથી, તે હોય તો કોઈ બીજી ઈચ્છા થાય ! તે તો આનંદરૂપ આપે જ હરી લીધું છે !), **સુખેન** = સુખ-રૂપ (આનંદ-રૂપ), **ભવતા** = આપે, **યત્** = જે, **ચિત્તં** = ચિત્ત, **ગૃહેષુ** = ઘરમાં, **નિર્વિશતિ** = પ્રવેશે છે, (લાગે છે), (તે), **અપહૃતં** = (વગર યત્ને) અપહર્યું છે, (હરી લીધું છે.), (આમાં આપને પ્રયાસ કરવો પડયો નથી; આનંદરૂપે સુખથી-સરલતાથી-હર્યું છે. સાક્ષાત્ પરમાનંદ સુલભ હોય તો સાધન-શ્રમ કોણ કરે ? વનદર્શન માટે આવ્યાની વાત તો દૂર રહી, ઘરમાં પણ ચિત્ત લાગતું નથી),

(આનાથી જ્ઞાનશક્તિ ભગવાને હરી લીધી છે,- તેમ કહ્યું છે.), વનમાં કોઈ કામ માટે પણ આવયાં નથી, તે ક્રિયાશીલ પણ ભગવાને હરી લીધી છે, તે કહે છે), **ઉત** = અરે !, **કરૌ** = બે હાથ, (જે ઘરકામમાં લાગે છે), **અપિ** = પણ, **ગૃહ્ય-કૃત્યે** = ઘરનાં કામમાં, **ન** = (લાગતા) નથી, (ઘરકામમાં લાગે છે), અપિ ઇં પણ, ગૃહ્ય-કૃત્યે ઇં ઘરનાં કામમાં, ન ઇં (લાગતા) નથી, (ઘરકામમાં ન લાગે, તો વનમાં કામ શું કરે ? આપના કામથી બલ હરાઈ ગયું છે. આપના સ્પર્શથી બે હાથ જીવંત બને, નહિ તો મૃત છે; આથી હસ્ત વગર તો સેવાવિધિ પણ અટકી પડે છે ! હાથ વગરનાને કામમાં કોણ રાખે ? વન જોઈને ઘેર પાછાં જવાનું આપ કહો, તો તે પણ સંભવ નથી !,) **પાદૌ** = (અમારા) બે પગ, **તવ** = તમારા, **પાદ-મૂલાત્** = ચરણ-મૂલ (સ્થાન) (વૃન્દાવન)થી, **પદં** = (એક) ડગલું (પણ), **ચલતઃ** = (દૂર) ચાલતા, **ન** = નથી, **વ્રજં** = વ્રજમાં (ઘરે), **કથં** = કઈ રીતે, **યામઃ** = અમે જઈએ, **અથો** = પછી, **વા** = અથવા, (વ્રજમાં-જઈને), **કરવામ** = કરીએ, **કિં** = શું ? (ગતિયુક્ત ચરણોના મૂલભૂત આપનાં ચરણ છે. તેના પણ મૂલને પ્રાપ્ત થયેલાં અન્ય કેમ જાય ? નહિ તો વૃક્ષોને પણ ગતિ હોય, તે મૂલને પ્રાપ્ત (મૂલવાળાં) છે. (મૂલવાળાં હોય, તે સ્થિર હોય, અન્યત્ર આથડે નહિ.) અહીંથી-આસ્થાનથી બીજે ન જવાનું નથી કહ્યું ; આપના ચરણમૂલથી બીજે ન જવાનું કહ્યું છે. આપના તે ચરણ બીજે જાય તો અમારાં ચરણ પણ બીજે તેની સાથે જાય, તમારા સિવાય નહિ! ગાડામાં બેસાડીને મોકલો, તો પણ ત્યાં જઈને કરીએ શું ?! જવાનું તો પગને બદલે ગાડાથી બને, પણ હાથને બદલે કામ શેનાથી થાય ? તેવું કોઈ સાધન લોક-પ્રસિદ્ધ નથી. માત્ર જવાનું નથી, પતિ-વગેરેની સેવા કરવાની છે ! તે વિના તો જવું વ્યર્થ છે ! હસ્તનિરપેક્ષ કાર્ય તો જુદી રીતે ભગવદ્‌ભાવથી થાય છે. આથી બાલકોને સ્તનપાન કરાવવું પણ શક્ય નથી, આશા વગર તો સર્વત્ર શોષ છે; તેથી આ કાંઈ બને નહિ !)

હે પ્રભુ! આપ જ સુખરૂપ છો, આનંદ સ્વરૂપ છો. આપે અમારું ચિત્ત જ અમારી પાસેથી હરી લીધું છે. અમારું ચિત્ત અમારી પાસે નથી. સરલતાથી આપે ચિત્ત હર્યું છે. અમને તો પરમાનંદ સુલભ થઈ ગયો છે. આથી બીજા સાધનો માટે શ્રમ શા માટે કરીએ ?

પરમાનંદ ઉત્કૃષ્ટ છે. તે પ્રાપ્ત થયાં પછી નિકૃષ્ટની સ્પૃહા જ રહી નથી.

પ્રભુ! આપ કહો છો કે અમે વનદર્શન માટે આવ્યાં છીએ. પરમાનંદની પ્રાપ્તિ થતાં વનદર્શનની વાત તો દૂર રહી પણ ઘરમાંય અમારું ચિત્ત લાગતું નથી. ગોપીજનોની આ રીતે જ્ઞાન શક્તિ હરાઈ ગઈ. વનમાં કોઈ કામ માટે નથી આવ્યાં તેથી ક્રિયાશક્તિ પણ હરાઈ છે.

બે હાથથી ઘરકામ થાય. તે પણ હવે ગૃહકાજમાં લાગતાં નથી. પ્રભુના અલૌકિક કામે વ્રજભક્તોનું બલ હરી લીધું છે. પ્રભુ સ્પર્શ કરે તો જ બંન હાથ જીવંત બને નહી તો મૃત છે. હાથ વગર સેવાક્રમ થાય નહીં. હાથ વગરનાને ઘરમાં કોઈ રાખતું નથી. કાર્ય વહાલું છે. માણસ વ્હાલો નથી.

બે પગ પણ વૃંદાવનથી એક ડગલું ચાલતા નથી. પગની ગતિનું મૂલ ભગવાનના આધિદૈવિક ચરણો છે. આવું ચરણરૂપી મૂલ છોડી અન્ય સ્થળે જઈ ન શકાય. વૃક્ષને મૂળ છે તેથી જ તે સ્થિર છે તેથી જ તે ગતિ વગરના છે. તેથી હે પ્રભુ આપનાં ચરણ બીજે જાય તો જ અમારા ચરણ પણ બીજે જાય.

પગ નથી ચાલતાં તો આપ અમને ગાડામાં બેસાડીને વ્રજમાં મોકલો પણ ત્યાં જઈને શું કરીએ ? ચિત્ત વગર કશું સૂઝતું નથી. તેથી હાથ હાલે નહીં. આથી કહેલી સેવા થઈ શકે નહીં. તેનાથી શોક થાય. શોક શોષ કરે. પુત્રને પય:પાન થઈ શકે નહીં.

હે આનંદ રૂપ! વ્રજમાં જઈને શું કરીએ ?

સિંચાઙ્ગ નસ્ત્વદધરામૃત-પૂરકેણ, હાસાવલોક-કલ-ગીતજ-હૃચ્છયાગ્નિમ્ ।
નો ચેદ્ વયં વિરહજાગ્ન્યુપભુક્ત-દેહા, ધ્યાનેન યામ પદયો: પદવીં સખે તે ।।૫।।

સાન્વય-વિવેચન : અંગ = હે અંગ ! (અભિન્ન-રૂપ-સ્વકીય), **ત્વદધરામૃત-પૂરકેણ**

= (હૃદયમાં પહોંચતા) તમારા અધરામૃતના પ્રવાહજલથી (પૂરથી), **નઃ** = અમારા, **હાસાવલોક-કલ-ગીતજ-હૃચ્છયાગ્નિં** = (કામજનક) હાસ્યપૂર્વકનાં (ઉદ્દીપક) અવલોકન અને (પવન જેવા) મધુર-અવ્યક્ત-ગીતથી ઉત્પન્ન થયેલા હૃદયમાં રહેલાં (કામ-રૂપ) અગ્નિને, **સિંચ** = સિંચો ! (શાન્ત કરો !), (પૂર જ વસ્તુને વહેવડાવીને દૂર લઈ જાય છે. આ ભારે ભારેલા-અલૌકિક-અગ્નિ જેવો કામ અલૌકિક અધરામૃતના પૂરથી જ દૂર તેમ છે. કામ મરેલો બળે છે; તે જ જીવતો બળવાનું છોડે છે. અમૃતથી જ તે જીવે છે. તે પણ દેવભોગ્ય અમૃતથી નથી જીવતો ! નહિ તો દેવોથી જ જીવતો થાય ! (સંતાન-પરંપરા)માં આ કામ કારણ-રૂપ હોવાથી તેનો મોક્ષ નથી ! આથી તો અતિગુપ્ત અધરામૃતથી જ તેનું જીવન સંભવે છે. તેથી તો સિંચનમા જ કહ્યું છે, નહિ તો નાશ જ પ્રાર્થે !), (‘‘અધરામૃતં’’માં ‘‘ધરતીતિ ધરા, ન ધરતીતિ અધરા તસ્યાઃ અમૃતં અધરામૃતમ્ ।’’) - (સૌને) ધારણ કરે તે,- ધરા ! (આ ધરા) જેને ધારણ કરતી નથી તે, - અધરા ! તેનું અમૃત તે,- અધરામૃત ! પૃથ્વી પર ક્યારેક કયાંય કોઈનીય પાસેથી પ્રાપ્ત ન થાય, કેવલ શ્રીકૃષ્ણ પાસેથી જ પ્રાપ્ત થંતુ અમૃત તે,- અધરામૃત !) (આ કામ જીવે તો જ અમે જીવી શકીશું, નહિ તો તે પોતે બળતો મળશે મરતો-કામ અમને પણ બાળશે– મારશે ! આપ આમ અધરામૃત આપો !, **નો ચેત્** = નહિ તો, (જો આપ આમ અધરામૃત નહિ આપે તો), (નહિ જીવાડો તો), સખા ઇં હે મિત્ર !, વિરહજાગ્ન્યુપભુક્ત-દેહાઃ વિરહથી ઉત્પન્ન થયેલા અગ્નિથી ઉપભુક્ત (બળેલા) (વાસનાત્મક) દેહવાળાં, **વયં** = અમે, **ધ્યાનેન** = (તમારા) ધ્યાન વડે, **તે** = તમારા, **પદયોઃ** = બે ચરણોના, પદવીં - માર્ગને, **યામઃ** = પ્રાપ્ત (થઈએ છીએ, થશું (તમારા ચરણોમાં પ્રવેશ કરશું). (સ્વયં સ્વતંત્રમાર્ગના જ્ઞાનથી તમે મિત્ર જે માર્ગે જશો, તે માર્ગે અમે પણ જશું.),(જેમ અત્યારે આપ અમને આર્તિપ્રદ (દુઃખદ) છો ! - તેમ અમે પણ તેવાં થયેલાં તમને પશ્ચાત્તાપના કારણ-રૂપ બનીશું !), (દેહ જતાં અન્તર્યામીએપણ ક્યાંક (ભગવન્માર્ગે) જવું પડે; બીજા (વાસનાદેહ) તો દગ્ધ હોવાથી અન્યદેહ તો ઉત્પન્ન થવાનો નથી. મહાદેવજીએ બાળેલો કામ વધતો નથી; તે તો ‘‘વિપરીત રહ’’ - ‘‘વિરહ’’ -

રૂપ બને છે ! તેમાં પણ, અથવા, ''વિશિષ્ટ રહ'' ''એકાન્તભાવ-રૂપ'' બને છે; આથી આપની સાથે એકાન્તનો અભાવ હોવાથી વિરહ છે ! જો કે પૂર્વોક્ત હાસ્ય-ગીતથી થયેલા અગ્નિથી દાહ સંભવે છે, છતાં પણ ભસ્મસાત્ કરવાનું તેનું સામર્થ્ય નથી. જ્યાં સુધી સર્વાંગમાં સૂક્ષ્માવયોવોમાં અગ્નિ પ્રવેશીને જાગૃત ન થાય, ત્યાં સુધી ન બાળી શકે ! જેમ અગ્નિ-સંબંધથી સૂકું લાકડું સળગે છે. ઉપાધિ સંપૂર્ણ દૂર થઈ હોવાથી આપના ચરણોમાં ગમન છે. ગમન તો દૂર રહ્યું ! - આ તો મરણ આવી પડયું છે ! તેથી શીઘ્ર અધરમૃતના-પૂર-સિંચનથી) જીવાડો !

શ્રી ગોપીજનો પ્રભુને સ્વકીય માને છે. અભિન્ન રૂપ ગણે છે. આથી અહીં અંગ કહી સંબોધે છે.

પ્રભુએ વ્રજમાં જવાની આજ્ઞા કરી છે. વ્રજભક્તો કહે છે કે વ્રજમાં જઈએ, વિલંબ વગર જઈએ. ત્યાં સૌની સેવા કરીએ પણ પ્રશ્ન એ છે કે જીવતાં રહેવાય તો જઈએને ? કેમ જીવતાં રહેવાય નહીં ? કારણ પ્રભુએ આગ લગાડી છે. પ્રભુએ આગ કઈ રીતે લગાડી ? પ્રભુનું હાસ્ય અલૌકિક કામ જનક છે. પ્રભુનું જોવું કૃપા કટાક્ષ કરવાં તે આગના તણખાં જેવાં છે. પ્રભુ મધુર અને અવ્યક્ત ગીત ગાય છે. આ બધાં અલૌકિક કામ ને વધારનારા ઉદ્દીપકો છે. આનાથી વ્રજભક્તોના હ્રદયમાં આતુરતાની આગ લાગી છે. આ રીતે વ્રજભક્તોનાં હ્રદયમાં કામ રૂપ અગ્નિ બળી રહ્યો છે.

વ્રજભક્તો આ અલૌકિક કામને દૂર કરવાં વિનવે છે. તે અધરામૃત પૂરના પ્રવાહરૂપી સિંચન કરવાથી દૂર થાય. તો જ શાંતિ પ્રાપ્ત થાય. તો જ શાંતિ પ્રાપ્ત થાય. મરવામાંથી અને બળવામાંથી અમૃત જ બચાવી શકે. અમૃત જ જીવાડી શકે. દેવોનું અમૃત તેને જીવાડી શકતો નથી. તેનો મોક્ષ પણ થતો નથી. માત્ર પ્રભુનું અતિગુપ્ત અધરામૃત જ હવે જીવાડી શકે છે.

અધરામૃત શબ્દ પણ માણવા જેવો છે. ''ધરતીતિ ધરા, ન ધરતીતિ અધરા, તસ્યાઃ અમૃતં અધરામૃતમ્'' ધરા એટલે સૌને ધારણ કરે તે.

અધરા એટલે આ ધરા જેને ધારણ કરતી નથી તે. ધરા (પૃથ્વી) પર ક્યારેય, ક્યાંય અને કોઈનીય પાસેથી પ્રાપ્ત ન થાય પરંતુ શ્રીકૃષ્ણ પાસેથી જ કેવલ પ્રાપ્ત થતું અમૃત તે અધરામૃત.

હૃદયમાં ઉત્પન્ન થયેલ કામ જીવે તો જ વ્રજભક્તો જીવી શકે. બળતો અને મરતો કામ વ્રજભક્તોને બાળે અને મારે. આથી પ્રભુને અધરામૃતના સિંચનથી જીવાડવા વિનંતી કરે છે.

શ્રી ગોપીજનો પ્રભુને હવે મિત્ર કહે છે. દુ:ખમાં જે સાથ આપે, ઢાલની જેમ આગળ રહે તે જ મિત્ર. જો જીવન નહી મળે તો વિરહ અગ્નિથી અમારા દેહ બળશે. અમે તમારું ધ્યાન ધરીશું. તમારા ચરણોમાં પ્રવેશ કરીશું. આથી તમારા ચરણ જ્યાં જશે ત્યાં સાથે અમે પણ જઈશું.

દેહમાં અંતર્યામી છે. દેહ વાસનારૂપ છે. અંતર્યામી સ્વરૂપે ભગવાન છે. દેહ તો બળેલો છે. તે બીજો ઉત્પન્ન થતો નથી. અંતર્યામીનો નાશ નથી કારણ તે ભગવદ્‌રૂપ છે. અંતગૃહગતા (સ્વજનો એ રોકેલા તે) ગોપીજનોએ પ્રભુનું ધ્યાન ધરી દેહ બાળી દીધેલો. અંતર્યામી પક્ષીની જેમ ઉડી શકે છે. તે પ્રભુના ચરણે આવેલો. શ્રી ગોપીજનો કહે છે કે અમે પણ આ રીતે આપનાં ચરણે આવીશું.

શ્રી ગોપીજનોમાં પ્રેમની ખુમારી અદ્‌ભૂત છે. પ્રભુને આથી કહે છે કે અમે અત્યારે પીડાઈએ છીએ. આપના ચરણમાં અમે આવી જઈશું તો અમારી હાજરી વગર આપ પણ પીડાશો.

કામને હર (મહાદેવજી) એ બાળેલો. આથી તે કામ અગ્નિરૂપ છે. અગ્નિરૂપ કામથી બળે તે ભસ્મસાત્ થઈ જાય. મહાદેવજી એ બાળેલો કામ વધતો નથી. વિરહરૂપ બને છે. બળનાર (કામ) ‘‘હર’’ (મહાદેવ) થી ઉલટો થતાં ‘‘રહ’’ રૂપ બને. તેમાંય વિશિષ્ટ રૂપે કાન્ત (પતિ) સાથે એકાન્તનો તેથી લાભ ન મળે. તેથી વિરહ બને.

હરથી બળેલો કામ ન જીવે તો વિરહે બળેલાં અમે કઈ રીતે જીવી શકીએ ? હર (મહાદેવ) દાહક છે. તેથી ઉલટું રહ શામક છે. દાહકતા દૂર કરે છે. કોટિકંદર્પના લાવણ્યથી આ રહ વિશિષ્ટ વિરહ બને છે. પણ તે પ્રભુના શીઘ્ર અધરામૃતના પૂરના સિંચનથી જ શક્ય છે. તેથી અધરામૃતના સિંચન માટે વીનવે છે.

યર્હ્યમ્બુજાક્ષ તવ પાદ-તલં રમાયા, દત્ત-ક્ષણં ક્વચિદરણ્ય-જન-પ્રિયસ્ય ।
અસ્પ્રાક્ષ્મ તત્પ્રભૃતિ નાન્યસમક્ષમઞ્-જઃ, સ્થાતું ત્વયાભિરમિતા બત પારાયામઃ ।।૬।।

સાન્વય-વિવેચન : અમ્બુજાક્ષ = એ કમલ-લોચન ! (દૃષ્ટિથી જ તાપ-નાશક), **યર્હિ** = જ્યારે, (જે ક્ષણે), **રમાયાઃ** = લક્ષ્મીજીને, **ક્વચિત્** = કયારેક, **દત્ત-ક્ષણં** = દીધું છે સુખ જેણે તેવા, (કયારેક હૃદયે આવેલા), **અરણ્ય-જન-પ્રિયસ્ય** = અરણ્ય-જનો (વનવાસીઓ) પ્રિય છે જેને તેવું, **તવ** = તમારા, **પાદતલં** = ચરણ-તલને, (ચરણના તલની છાપને), **અસ્પ્રાયક્ષ્મ** = (અમે) સ્પર્શ્યાં, **તત્-પ્રભૃતિ** = ત્યારથી, **અન્ય-સમક્ષં** = અન્યની સામે, અંજઃ સરલતાથી (સપૂંર્ણરીતે), **સ્થાતું** = ઊભાં રહેવાને, **બત** = અરે ! (પણ), **ત્વયા** = તમારા વડે, **અભિ-રમિતાઃ** = રમણ (આનંદ) કરાએલાં (અમે), **ન પારયામઃ** = સમર્થ થતાં નથી ! (સાક્ષાત્ ચરણસ્પર્શ દુર્લભ છે જ્યાં ચરણની છાપ પડે છે, તે પાદતલ કહેવાય છે. લક્ષ્મીજી પણ તે હૃદયે ફલિત ચરણથી જ જીવે છે. લક્ષ્મીજી પણ ચરણરજની ઈચ્છાથી તો તપ કરે છે ! આથી ચરણતલ પણ ફલ-રૂપ છે ! ભૂમિ પર રહેનારને તો તેનો સ્પર્શ જ મળે છે, લક્ષ્મીજીની જેમ પાદતલ હૃદયે પધારતું નથી ! લક્ષ્મીજીએ જો તે ચંચલતા છોડીને તપઃથી પ્રાપ્ત કર્યું હોય, તો અમારે પણ ચચંલતા છોડીને તન્નિષ્ઠ થઈને રહેવું જોઈએ. તેમને તો અરણ્યજનો પ્રિય છે, તેથી પણ સર્વસંગ છોડીને રહેવું જોઈએ. ‘‘સંગાભાવ જ ભગવાનના સંતોષનું કારણ છે ! અરણ્ય સાત્ત્વિક અને વૈષ્ણવ છે. પુલિન્દીજીઓ પણ પાદતલના કુંકુમ-સંબંધથી પૂર્ણ-પ્રિયાઓ-થયાં, તેથી સહજરીતે પાદતલ ફલરૂપ અને પ્રભુપ્રીતિ-સાધક છે. અમે પણ પોતાને પ્રભુપ્રિયાઓ જાણીએ છીએ, સ્પષ્ટ છે આ તો !

આથી તમારી પ્રાપ્તિ માટે કોઈની સામે ઊભાં રહી શકતાં નથી. જેમ દેહાભિમાની વાઘની સામે ઊભો ન રહે; તેમ ભાવનાશક સંસારીઓ સામે ભગવદીયો ભાવનો નાશ થવાના ભયે ઉભા રહી શકતા નથી; તો પછી અન્યના સ્થાને જવાનું કે દેવતા-રૂપે ભાવના કરવાનું (પ્રલોભન કે ભય કે ઈચ્છા) તો સંભવે જ ક્યાંથી ? ! લક્ષ્મીજીની જેમ અમે પણ અનન્યભાવવાળાં છીએ. જેમ સઘળું છોડીને જો લક્ષ્મીજી તમારા શરણે આવ્યાં તો તમે સંપૂર્ણ રમણ-સુખ દીધું; તેમ અમે પણ છીએ ! સર્વદા સ્વપ્નમાં તમારો સંબંધ પ્રાપ્ત કરીએ છીએ;''

(ભગવદ્‌વિષયક સ્વપ્નો સત્ય હોય; બીજાં માયાજન્ય હોય, મિથ્યા હોય.) નહિ તો જીવન જ ન ટકે ! આમ, અમે તો આપનાં અંગીકૃત છીએ; અમને અન્યત્ર મોકલવાં ઉચિત નથી.)

શ્રી ગોપીજનો પ્રભુને અહી કમલ લોચન કહે છે. દષ્ટિથી જ તે તાપનો નાશ કરે છે. અમીદષ્ટિથી પોતાના ઉકળાટને શાંત કરવા વિનવે છે.

પ્રભુના ચરણસ્પર્શ સુલભ નથી. ચરણતલની છાપ ભૂમિ પર પડે છે. તેનો સ્પર્શ મળી શકે છે. લક્ષ્મીજી માટે ચરણતલ જીવનનું ધન છે. લક્ષ્મીજીના હૃદય પર ચરણ વિલસે છે. પ્રભુ પધરાવે છે.

ગોપીજનો કહે છે કે અમને આવાં સાક્ષાત ચરણ નથી મળતાં. પૃથ્વી પરની તેની છાપ મળે છે.

લક્ષ્મીજી ચંચળ છે. ભગવાન નિર્દોષ છે. ગુણપૂર્ણ છે. ભગવાનમાં પ્રીતિ કરવી તેવું વેદ કહે છે. લક્ષ્મીજી નિર્દોષ બને તો જ પ્રભુ પ્રીતિ કરી શકે. લક્ષ્મીજીનો સ્ત્રી સહજ સ્વભાવ અને કામના રૂપી ચંચલતા કઈ રીતે દૂર થયાં ? કયા તપથી દૂર થયાં ? અમે પણ તેવું તપ કરવા તૈયાર છીએ.

પ્રભુના ચરણ તલને વનમાં વસતા જનો પ્રિય છે. પુલિન્દીજી (ભિલ્લ સ્ત્રી)ઓ વનમાં વશે છે. ચરણતલની છાપ ના સ્પર્શે તેઓ પૂર્ણ થયાં. લક્ષ્મીજી સમાન સૌભાગ્ય મળ્યું. આ માટે સંસારીઓનો સંગ છોડવો પડે. ભગવદીય હરિદાસવર્યનો સંગ કરવો જોઈએ.

સંસારીને સંસાર સાર રૂપ છે. ભક્તોને સંસાર નિ:સાર લાગે છે. કાસાર (કાદવ) જેવો લાગે છે. ભક્તોને ભગવાન જ સકલસાર જેવા છે. ગોપીજનો કહે છે કે આપને મેળવવા માટે સંસારીઓના સંગમાં અમે ક્ષણ પણ રહી શકતાં નથી.

શ્રી ગોપીજનોને પ્રભુ માટે સ્નેહ છે. લક્ષ્મીજી જેવાં અનન્ય પણ છે. લક્ષ્મીજી સર્વ સુખ પામ્યા છે. કૃતાર્થ થાય છે. તે રીતે વ્રજભક્તોને પ્રભુએ સ્વપ્નમાં સુખ દીધું છે. એથી જ તે જીવી શકે છે. માયાથી થતું સ્વપ્ન માયા જેવું મિથ્યા હોય. ભગવાન દ્વારા અપાયેલું સ્વપ્ન પ્રભુ જેવું સત્ય હોય.

શ્રી ગોપીજનોને પાદતલનો સ્પર્શ મળ્યો છે. પ્રભુ દ્વારા આનંદ પ્રાપ્ત થયો છે. આથી અન્ય સ્થાને જવું કે અન્ય દેવતાનું ભાવન કરવું તેમના માટે સંભવ નથી.

શ્રીર્યત્પદામ્બુજ-રજશ્ચકમે તુલસ્યા, લબ્ધ્વાપિ વક્ષસિ પદં કિલ ભૃત્ય-જુષ્ટમ્ ।
યસ્યા: સ્વવીક્ષણ-કૃતેઽન્યસુર-પ્રયાસ,-સ્તદ્વદ્ વયં ચ તવ પાદ-રજ: પ્રપન્ના: ।।૭।।

સાન્વય-વિવેચન : (લક્ષ્મીજીએ પણ દૈવગતિથી આપને પ્રાપ્ત કર્યા નથી; પરંતુ આપના ચરણારવિંદ માટે તેમણે મોટું તપ: કર્યું છે ! તે તમારાં માત્ર સ્ત્રી નથી, તમારાં ભક્ત છે ! નહિ તો, વક્ષ:સ્થલમાં સ્વતંત્ર સ્થાન પ્રાપ્ત કરીને, તુલસીજી સાથે સપત્નીપણું પણ સ્વીકારીને, ચરણરજની કામના ન કરે !) **યસ્યા:** = જેનો, **સ્વ-વીક્ષણ-કૃતે** = પોતાના ઉપર દૃષ્ટિપાત-માટે, **અન્ય-સુર-પ્રયાસ:** = બીજા (બધા જ બ્રહ્માદિ) દેવોના પ્રયાસ (તપ:) (છે), (લક્ષ્મીજી અમારા તરફ એક નજર કરે, લક્ષ્મીજી અમને જુઓ ! - એ એમનો આશય છે; નહિ તો લક્ષ્મીજીના કૃપા-કટાક્ષ વિના, તેમનો કોઈ પણ પુરુષાર્થ સિદ્ધ ન થાય !) (તે), શ્રી: લક્ષ્મીજી, **વક્ષસિ** = (ભગવાનના) વક્ષ:સ્થલમાં, **પદં** = સ્થાનને, **લબ્ધ્વા** = પ્રાપ્ત કરીને, **અપિ** = પણ, **તુલસ્યા:** = તુલસીજીની વક્ષ:સ્થલમાં, **કિલ** = પ્રસિદ્ધ રીતે, **ભૃત્ય-જુષ્ટં** = સેવકોથી પ્રીતિપૂર્વક સેવિત, **યત્પદામ્બુજ-રજ:** = જે (ના) ચરણકમલની રજને, **ચકમે** = ઝંખે છે, (ભગવાનના ચરણરજ તો ભક્ત

તુલસીજીની છે. તે ચરણરજથી જ સેવકોનાં શરીર ઉપ્તન્ન થાય છે. બધા જ ભક્તોનાં શરીર તમારા ચરણરજથી જ સંપાદિત દેહવાળા છે; આથી ભક્તિરૂપા તુલસીજી ત્યાં પ્રતિષ્ઠિત છે. તે રજઃ પ્રાપ્તિ જેમને થાય છે તે તમારા સેવકો જ બને છે. આથી લક્ષ્મીજી પણ પ્રભુના અંતઃકરણમાં સ્થાન મેળવીને પણ અન્ય કોઈ-(ભગવાનને ભેટતા) -પોતાને સ્પર્શશે ! તેવી ચિન્તાથી ચરણરજને વાંછે છે ! તે રજઃ પ્રાપ્ત થતાં તો કોઈ આવી શંકા પણ રહેતી નથી. અનેક દેવો લક્ષ્મીજીના કૃપાકટાક્ષને ઝંખતા હોવાથી લક્ષ્મીજીને ભય લાગે છે ! કોઈ અત્યંત તપઃ કરે તો કોણ જાણે શું થાય ?! ચરણરજ-કામનામાં તો આવી શંકા જ નથી. રજ પ્રાપ્ત થતાં તો સંદેહ જ થતો નથી, આમ, ચરણરજઃ પ્રાપ્તિ અનન્યતાવાળાને જ થાય.), **તદ્-વત્** = તેમ, (લક્ષ્મીજીની જેમ), **વયં** = અમે (સૌ ગોપીજન), **ચ** = અને (અત્યારે ન આવેલાં પણ) કે રાજ મહિષીજીઓ) **તવ** = તમારી, **પાદ-રજઃ** = ચરણ-રજને, **પ્રપન્નાઃ** = (શરણે આવેલાં પ્રાપ્ત થયેલાં છીએ.) (અમને પણ બહુ લોકો પ્રાર્થે છે, તે ભયથી જ પહેલાં તમારી ચરણરજનો સ્પર્શ કર્યો છે, તેથી દેહ પણ તો ચરણરજથી ઉત્પન્ન થયેલો હોવાથી અમે સર્વથા તમારાં ચરણરજને શરણ છીએ. અત્યારે ન આવેલાં શ્રી ગોપીજન કે દ્વારકાલીલાનાં રાજરાણીજીઓ પણ આવાં શરીરવાળાં છે, આથી, આપ અમારા માટે જ પધાર્યા છો, પોતાને છૂપાવશો નહિ, ગુપ્ત રહેશો પણ નહિ ! તેથી આગ્રહ કરવો જોઈએ નહિ.).

લક્ષ્મીજી પ્રભુનાં પત્ની છે. દૈવગતિ-ભાગ્યથી જ પ્રભુ નથી મળ્યાં પણ પ્રભુ માટે તપ કર્યું છે. તેમને પ્રભુના વક્ષઃસ્થલે સ્થાન મળ્યું છે. સ્વતંત્ર વાસ હોવા છતાં લક્ષ્મીજી પ્રભુના ચરણરજની કામના કરે છે. ચરણમાં તુલસીજી વસે છે. આથી તુલસીજી સાથે સપત્નીપણું સ્વીકારે છે. પણ ઝંખના તો પ્રભુના ચરણકમલની રજની જ છે.

બ્રહ્મા વગેરે દેવતાઓ ઈચ્છે છે કે લક્ષ્મીજી અમને જુએ. તે માટે તેઓ તપરૂપી પ્રયાસો કરે છે. લક્ષ્મીજીને ડર લાગ્યો કે કોઈ અતિશય તપ કરશે તો ?

લક્ષ્મીજીને બીજો ડર પણ છે કે ભગવાન અને ભક્તો પરસ્પર ભેટે ત્યારે પ્રભુ ક્યાંક બીજે લક્ષ્મીજીને પધરાવે તો ? અન્યના સ્પર્શનો ભય છે. આથી વક્ષઃસ્થળે સ્વતંત્ર વાસ નથી કરવો પણ અભય મેળવવા ચરણરજ પ્રાપ્ત કરવી છે.

ચરણમાં તુલસીજી છે તે ભક્ત છે. આથી પ્રભુચરણ રજ ભક્ત સેવિત છે. તે પ્રભુના શરણે લઈ જાય છે. પ્રભુ ચરણે ધરેલાં તુલસીજી સુંઘવાથી દાસધર્મ જાગૃત થાય છે. લક્ષ્મીજીને તુલસીજી સાથે સાપત્ન્ય નથી પણ ભક્ત તુલસીજીના તે દાસ બને છે. દાસાનુદાસ બને છે. ભગવાનને તેથી અતિપ્રિય બને છે. લક્ષ્મીજી આ રીતે વક્ષઃસ્થળે બિરાજવાની સ્વતંત્રતા પણ છોડી દે છે.

ભક્તોના દેહ ભગવાનનાં ચરણ રજમાંથી ઉત્પન્ન થાય છે. આવા રજના લાભથી સેવક થવાય. અભય મળે. ચરણરજ પ્રાપ્તિ અનન્યતાથી જ થાય છે.

શ્રીગોપીજનો કહે છે કે અમે પણ આપની ચરણરજનો સ્પર્શ કર્યો છે. અમારા દેહ પણ ભગવદીય થયાં છે. અમે હંમેશા આપની ચરણરજના શરણે છીએ. શ્રી ગોપીજનો તેમની સાથે દ્વારકાલીલાનાં રાજરાણીઓનો પણ અહી સમાવેશ કરી લે છે. (તે રાજામહિષીઓ માટે પણ ચરણ રજનો આશ્રય પ્રાર્થે છે.)

શ્રી ગોપીજનો માટે જ શ્રી ગોપીજનવલ્લભ પ્રકટ થયા છે. તેથી અનુગ્રહ કરવા વિનવે છે. વ્રજભક્તોને પહેલેથી જ પ્રભુ સંબંધ છે. અન્યનો સંબંધ નથી.

તન્નઃ પ્રસીદ વૃજિનાર્દન તેડઙ્ઘ્રિમૂલં, પ્રાપ્તા વિસૃજ્ય વસતીસ્ત્વદુપાસનાશાઃ ।
ત્વત્સુન્દર-સ્મિત-નિરીક્ષણ-તીવ્ર-કામ-તપ્તાત્મનાં પુરુષ-ભૂષણ દેહિ દાસ્યમ્ ।।૮।।

સાન્વય-વિવેચન : તત્-(તસ્માત્) = તે કારણથી, (અમે ચરણરજને પ્રાપ્ત થયેલાં

હોવાથી), **વૃજિનાર્દન** = હે દુઃખ-જનક પાપને પીડનારા (દૂર કરનારા) !, (સ્વભાવથી જ સૌના કોઈપણ સંબંધથી તમે દુઃખનો નાશ કરો છો!), (ભગવાનની કૃપા ન હોય તો લૌકિક-લોકોનો સંબંધ થાય. કૃપા જ સર્વથી અધિક છે; તેથી) **પ્રસીદ** = (તમે) પ્રસન્ન થાવ! (તમારા પ્રસન્ન થતાં સઘળું સિદ્ધ થશે.), **ત્વદુપસનાશાઃ** = તમારા ઉપાસના (સેવા)ની આશાવાળાં, (અમે), **વસતીઃ** = ગૃહસ્થાશ્રમને, **વિસૃજ્ય** = ત્યજીને, **તે** = તમારા, **અંઘ્રિ-મૂલં** = ચરણમૂલને, **પ્રાપ્તાઃ** = પ્રાપ્ત થયેલાં (છીએ), (જે ચરણતલને પ્રાપ્ત કરે છે, તે પ્રસન્નતાને પણ પ્રાપ્ત કરે છે. તે પ્રસાદ પશુ-પુત્રાદિ-રૂપ નહિ,સ્વાધિકારાનુસાર જોઈએ છીએ તે માટે માત્ર ઘર જ નહિ, ગૃહસ્થાશ્રમ છોડ્યો છે! આ પરિત્યાગનું કારણ,- ‘‘અમે તમારી સેવા કરીશું’’- એ આશામાત્ર છે. ચરણકમલને પ્રાપ્ત થયેલાઓનો પુનઃ ગૃહસંબંધ તો સંભવે જ નહિ, તેથી), **પુરુષ-ભૂષણ** = હે પુરુષોના ભૂષણ-રૂપ! (અનન્તકોટિકન્દર્પ-લાવણ્ય-રૂપ), **ત્વસુન્દર-સ્મિત-નિરીક્ષણ-તીવ્ર-કામ-તપ્તાત્મનાં** = તમારાં સુંદર (મોહક છતાં આનંદ-જનક) (તમારાં સંબંધથી પરમાનંદ રૂપ) સ્મિત (મંદહાસ્ય)- પૂર્વક નિરીક્ષણથી ઉત્પન્ન થયેલ તીવ્રકામથી સંતાયુક્ત અંતઃકરણવાળાંને (અમને), **દાસ્યં** = (સ્વતઃ પુરુષાર્થ-રૂપ) દાસ્ય, **દેહિ** = દો ! (અધિકારિભેદે દાસ્ય અનેક પ્રકારનું છે. અહીં પોતાના તાપને શમાવે તેવું દાસ્ય માગે છે પ્રભુને અપેક્ષિત વસ્તુ દેવાથી દાસ્ય થાય છે. બીજી રીતે નહિ. આમ અમને અમારા તાપમાં તમારી પ્રચુર અપેક્ષા છે; તેમ તમને અમારી અપેક્ષામાં સ્વયં ઉદ્યમ કરીને અમારો અંગીકાર કરવો જોઈએ; આ આશય છે. નહિ તો, દાસ્ય તો કૃતિસાધ્ય છે, તેનું દાન માગવાનું સંગત ન થાય! તેથી પુરુષ-ભૂષણ-રૂપ) એવું સંબોધન કર્યું છે. ભૂષણ તો કંઠાદિ સર્વાંગમાં હોય; તમે પણ થઈને દાસ્ય દો! ‘‘ભૂષણ’’-કહેવાથી સ્વતંત્ર પુરુષાર્થતા પણ કહી છે. રત્નાદિ જટિત આભૂષણોમાં રત્ન અને સોનાની વચમાં બંનેને જોડનારી લાખ હોય છે; તેથી મહાપુરુષ પણ આભુષણ ધારણ કરતાં તુચ્છ લાખને પણ ધારણ કરે છે; તેમ વચ્ચે કામનો ઉપયોગ છે, તેથી તેની ઉપાધિવાળું દાસ્ય નથી; પણ તેથી વિપરીત-દાસ્યની ઉપાધિવાળો કામ છે!), (અમે તો દાસ્યના

પ્રયોજનવાળાં જ છીએ, વિવાહના પ્રયોજનવાળાં તો નથી! આથી લોક-વ્યવહારથી ઉપનયનાદિ સંસ્કારની પણ અપેક્ષા ન કરવી જોઈએ.)

શ્રીગોપીજનો પ્રભુને પ્રસન્ન થવા વીનવે છે. શ્રીગોપીજનોને પ્રભુની ચરણરજની પ્રાપ્તિ થઈ છે. પ્રભુ દુઃખ દૂર કરનારા છે. પાપને પણ પીડા આપે એવા છે. પ્રભુનો સ્વભાવ જ દુઃખ નાશ કરવાનો છે. પ્રભુ સાથે કોઈપણ સંબંધ રાખવો. પ્રભુ તો સૌના દુઃખો દૂર કરે છે.

લૌકિક લોકોના સંબંધ દુઃખ કરાવે છે. પ્રભુ પ્રસન્ન થાય તો કૃપા કરે. પ્રભુ કૃપા થાય તો લૌકિક સંબંધો જ ન થાય. પ્રભુ પ્રસન્ન થાય તો જીવનું સઘળું સિદ્ધ થાય છે.

ગોપીજનો પતિ-પુત્ર અને સર્વ સ્વજનોને છોડીને આવ્યા છે. પ્રભુની સેવા કરવાનો અભિલાષ છે. તેથી શરણે આવ્યા છે. પ્રભુ પુરુષોના પણ ભૂષણ રૂપ છે. અનંતકોટિ કંદર્પ લાવણ્ય રૂપવાળા છે. શ્રી ગોપીજનો આવા પ્રભુના સુંદર સ્મિતયુક્ત કટાક્ષો જુવે છે. તીવ્ર કામ અંતઃકરણમાં થાય છે.

શ્રીગોપીજનો પ્રભુ પાસે દાસ્ય માંગે છે. દાસ્ય સ્વતઃ પુરુષાર્થરૂપ છે. અધિકાર ભેદથી દાસ્ય પણ અનેક પ્રકારનું છે. પ્રભુ આપે ત્યારે દાસ્ય મળે. આ દાસ્ય પ્રસાદરૂપ છે. પ્રભુની સેવા કરીએ. પ્રભુ તે અંગીકાર કરે ત્યારે દાસ્ય મળે.

પુરુષ મુકુટ વગેરે આભૂષણો ધરે છે. તેમાં સોનામાં જડેલા રત્નો હોય છે. સોનું અને રત્નનો સંબંધ લાખથી થાય છે. લાખ સામાન્ય વસ્તુ છે. લાખ કોઈ પહેરે નહી. આભૂષણ સાથે તો પહેરે છે જ.

ગોપીજનો અને પ્રભુના સંબંધમાં આ રીતે કામ છે. આ કામ દાસ્ય માટે છે. શ્રી ગોપીજનો સેવક છે. તેમને તો સ્વામીની સેવા જ જોઈએ છે. સ્વામી કૃષ્ણ છે તે પુરુષ ભૂષણ છે. તેમને પ્રાપ્ત કરવા સેવકોએ કામ ધારણ કર્યો છે.

શ્રીગોપીજનો સ્વામી સાથે વિવાહ નથી માંગતા. ઉપનયન સંસ્કાર પછી જ વિવાહ થાય. દાસ્ય તો પહેલાં પણ આપી શકાય. કૃષ્ણ કૃપા કરે છે. કૃતાર્થ કરે છે. તેથી અહીં દાસ્ય માંગે છે.

વીક્ષ્યાલકાવૃત-મુખં તવ કુણ્ડલશ્રિ-ગણ્ડ-સ્થલાધર-સુધં હસિતાવલોકમ્ ।
દત્તાભયં ચ ભુજ-દણ્ડ-યુગં વિલોક્ય, વક્ષઃ શ્રિયૈક-રમણં ચ ભવામ દાસ્યઃ ।।૯।।

સાન્વય-વિવેચન : (લોકમાં ત્રણ પુરુષાર્થ છે, ૧. ચતુર્વિધ મોક્ષ, ૨. ઈન્દ્રાદિ-ઐશ્વર્યભાવે સ્વર્ગ પ્રાપ્તિ, ૩. આ લોકમાં ઉત્તમ લક્ષ્મી. દાસ્યમાં આ ત્રણે સર્વોત્કૃષ્ટ છે; તે યુક્તિપૂર્વક કહે છે. સારૂપ્ય, સાલોક્ય, સામીપ્ય, સાયુજ્ય- આ ચાર મોક્ષ ભેદ છે. તે દાસ્ય પાસે નકામા છે; કારણ કે, ભગવન્મુખારવિન્દના દર્શનથી તે મોક્ષની ઈચ્છાઓ દૂર થઈ જાય છે. ભક્તિ-રૂપ મુખારવિન્દ મોક્ષથી પણ ઉત્તમ ધર્મવાળું છે; તે કહે છે,-), **તવ** = તમારા, **અલકાવૃત-મુખં** = વાંકડિઆવાળથી વીંટળાએલા મુખને, (અલક સારૂપ્ય–પ્રાપ્ત જેવા ભ્રમરો છે તે અહીં ઘણા એકઠા થઈને ભક્તિ-રૂપ મુખ પર ઊડે છે !, આથી સારૂપ્યને પ્રાપ્ત થયેલા (અન તેમનો આનંદ) પણ જો ભક્તિના શેષ (અંગરૂપ) હોય તો સારૂપ્યથી શું પ્રયોજન ?, (મુખં) **કુણ્ડલશ્રિ** = (બે કુંડલોથી શ્રી (શોભા) છે તેવું (મુખ), (અથવા), બે કુંડલોની શોભા જેનાથી છે તેવું (મુખ), સામીપ્ય-મોક્ષમાં નિકટતા હોય છે. તેવી અત્યન્ત-સમીપતા પણ કુંડલ કરતાં અધિક હોતી નથી. તે જો સાંખ્ય-યોગ-રૂપ કુંડલ ભગવત્-(કર્ણ) પ્રમાણ (શબ્દ) પર આધાર રાખે છે. (ધરાય છે), ભગવાનને વશ ગતિ-મતિ-વાળાં ભગવત્-(કર્ણ) પ્રમાણ (શબ્દ) પર આધાર રાખે છે, (ધરાય છે), છતાં ભગવાનના મુખનાં દર્શન કરનારાં છે, તો પછી સામીપ્ય શો અર્થ ?), **ગંડ-સ્થલાધર-સુધં (મુખં)** = ગંડ (ગાલ) સ્થલે અધરસુધાવાળું (મુખ), (બે ગાલ સ્થલરૂપ છે,-) વિશાલ છે, જેમાં અધરમાં સુધા છે. સ્થલમાં રસ પીવો શક્ય છે. ગંડ-સ્થલમાં રહીને અધરસુધા-પાન શક્ય છે. સાલોક્યમાં જ આનંદ માત્ર-સ્થલે અક્ષર-સ્થલે અક્ષર-(બ્રહ્મ)ની માત્રા (અંશ)તઃ અમૃતનું પાન છે આ અક્ષર કરતાં પણ ગંડસ્થલે- ચુંબનાદિ માટે સ્થિતિ ઉત્તમ છે. અધર-રસ અક્ષરથી ઉત્તમ છે. દાસ્યમાં તો ગાલ-રૂપ સ્થલ પૂર્ણાનન્દ-રૂપ છે,

આથી ચુંબનાદિ માટે અહીં સ્થિતિ ઉત્તમ છે, સાલોક્ય-મોક્ષમાં અક્ષરામૃત-પાન મળે છે. દાસ્યમાં ગંડ પાસે રહીને અધરરસ-પાન મળે છે. અથવા, ''કુંડલ-શ્રી-યુક્ત-ગંડસ્થલ'' - આ રીતે પદ લેતા પણ, કુંડલ ગંડના અંગરૂપ થતાં સામીપ્ય ભક્તિનું અંગ છે, સામીપ્યથી ભક્તિમાં શાસ્ત્રીયરસ અધિક કહ્યો છે. તે પરસ્પર તમારા ગુણવાદ-રૂપ છે. અક્ષરથી અધિકતા-અધરસમાં સ્પષ્ટ છે.) **હસિતાવલોકં (મુખં)** = હાસ્યપૂર્વકનું અવલોકન જેમાં છે તેવું (મુખ), (બ્રહ્માનંદમાં પ્રવેશેલોઓને ભક્તિવિલાસ નથી. હાસ્ય સર્વરસોદ્ બોધ-રૂપ છે, અને જ્ઞાન આવિર્ભૂત છે. બ્રહ્માનંદમાં તો આનંદ અને જ્ઞાન બંનેય, આત્મપણાથી-ભેદના અભાવથી અવ્યક્ત છે. જલમાં ડૂબેલાને જલપાનની જેમ! અનુભવ-રસ તો જુદા રહેતા થાય, ડૂબવાથી નહિ; આથી ભક્તિ-રૂપ, મુખના દર્શનથી દાસ્ય જ ફલ છે, મોક્ષ નહિ,), **ચ** = અને, **વીક્ષ્ય** = વિશેષ-રીતે જોઈને, **દત્તાભયં** = દીધું છે અભય જેણે તેવા, **ભુજ-દંડ- યુગં** = ભુજ-દંડ-દ્વયને, **વિલોક્ય** = વિશેષરીતે નિહાળીને, (ભુજ દંડને જોતાં ઈન્દ્રાદિ ભાવે પણ સ્વર્ગનો અર્થ નથી, સ્વર્ગમાં ઈન્દ્ર તો ઉત્તમ સ્થાન-પ્રાપ્ત છે. તે ઈન્દ્રાદિ-દેવો પણ નિરંતર દૈત્યોથી ડરે છે. તેમને પણ અભય દેનાર તો ભગવાનનાં બે ભુજદંડ છે. તે જો અહીં જ છે, તો તે છોડીને ઈન્દ્ર પણાથી શું પ્રયોજન? ''ચ''-કારથી ભગવાનનાં બે ભુજદંડ માત્ર અભય દેતાં નથી, પણ ક્રિયા-શક્તિથી યજ્ઞાદિ વડે હવિ (યજ્ઞભાગ) પણ દે છે. ઈન્દ્ર પોતાનો અધિકાર પૂરો થતાં મુક્ત થાય છે. ''દંડ'' શબ્દથી ઊલ્લંઘી ન શકાય તેવું શાસન સૂચવે છે. ભુજદંડયુગથી સર્વથા દૈત્યનાશ થાય છે.), **શ્રિયૈક-રમણં** = લક્ષ્મીજી વડે જ રમજ્ઞ (સ્થલ)-રૂપ, **વક્ષઃ** = વક્ષઃસ્થલને, (જોઈને), વક્ષઃસ્થલ ધર્મનું રમણ (આનંદ) છે), (આથી), **દાસ્યઃ** = (અમે) દાસીઓ (જ), **ભવામઃ** = થઈને છીએ. (અહીં ''વીક્ષ્ય''થી વીક્ષણ દાસીઓ થવામાં કારણ-રૂપ છે, તેથી જ્યાં આ (દાસ્ય) ભાવ નથી, ત્યાં આ વીક્ષણ નથી. પરમ પુરુષાર્થ-રૂપ આ દાસ્ય દોષ નથી.)

સામાન્યતઃ જીવોને આ લોક અને પરલોકમાં ફલ જોઈએ છે. સામાન્ય જનો માટે સદ્ગતિ, સત્તા અને સમ્પત્તિ ફલ છે. ભક્તો માટે દાસ્ય ફલ છે.

દાસ્ય રસાત્મક છે. પાપરૂપ નથી. પરમફલ છે. આથી સામાન્ય જનો ના ફલથી ઉત્તમ છે.

(૧) સદ્ગતિ એટલે ચતુર્વિધ મોક્ષ (૨) સત્તા એટલે ઈન્દ્ર જેવા એશ્વર્યભાવથી સ્વર્ગ પ્રાપ્તિ (૩) સમ્પત્તિ એટલે આ લોકમાં ઉત્તમ લક્ષ્મી. દાસ્યમાં આ ત્રણે છે પણ સર્વોત્કૃષ્ટ છે. શ્રી ગોપીજનો આ રજુઆત યુક્તિપૂર્વક કરે છે.

ચતુર્વિધ મોક્ષ એટલે ચાર પ્રકારની મુક્તિ. પ્રભુનું મુખારવિંદ ભક્તિરૂપ છે. તેના મધુર દર્શન કરવાથી આ ચાર પ્રકારના મોક્ષની ઈચ્છા રહેતી નથી. અષ્ટ છાપ ગાય છે કે ''મુક્તિ લોન સી ખારી લાગે'' ભક્તો માટે તો મુક્તિ એ રાબડી છે. જેમને લોક અને વેદના ફલ જોઈએ તે તો બાપડા જેવા ગરીબ છે. તેવા લોકો જ તેથી રીઝે છે. ભક્તો તેથી રીઝતા નથી. ભક્તો માટે પ્રભુનું ભક્તિરૂપ મુખારવિંદ મોક્ષથી પણ ઉત્તમધર્મવાળું છે.

ચાર પ્રકારના મોક્ષ (૧) સારૂપ્ય (૨) સામીપ્ય (૩) સાલોક્ય (૪) સાયુજ્ય.

સારૂપ્ય : પ્રભુનું મુખારવિંદ અલકાવૃત (વાંકડીયાવાળ)થી વીંટળાયેલું છે. સારૂપ્ય એટલે પ્રભુના રૂપ જેવું. પ્રભુ શ્યામ છે. વાંકડીયા વાળ તે રૂપ છે. પ્રભુ ત્રિભંગ (વાંકા) છે. ''સબહી અંગ કો બાકો ગિરિધર''. વાળ પણ કાળા છે. વાંકા છે. આમ, આ વાળ જાણે કે ભ્રમરો છે. તે એકઠા થઈ ભક્તિરૂપ મુખ પર ઉડે છે. આમ સારૂપ્ય મોક્ષ ભક્તિના શેષ અંગરૂપ છે. આથી સારૂપ્ય મોક્ષનું પ્રયોજન રહેતું નથી.

સામીપ્ય : સામીપ્ય મોક્ષમાં નિકટતા હોય છે. પ્રભુના કર્ણ પર બે કુંડલો છે. પ્રભુના મુખથી આ કુંડલોની શોભા છે. આ કુંડલો પ્રભુના મુખથી અત્યંત સમીપ છે. બંને કુંડળો સાંખ્ય અને યોગરૂપ છે. તે ભગવાનના કર્ણ પર ધરાય છે. કર્ણ તેનો આધાર બને છે. પ્રભુ મુખારવિંદના હલન-ચલનથી તે કુંડલો પણ ગતિવાળાં થાય છે. મુખ ભક્તિ છે આથી તે વગરનું સામીપ્ય પ્રયોજન વગરનું છે.

સાલોક્ય : પ્રભુ જે લોકમાં બિરાજે છે તે અક્ષર લોક છે. અક્ષરની પ્રાપ્તિ એટલે સાલોક્ય મોક્ષ. સાલોક્યમાં માત્ર અક્ષરબ્રહ્મના આનંદના અંશતઃ અમૃતનું જ પાન થાય.

પ્રભુના મુખમાં ગંડસ્થલ છે. ગાલ તેને કહેવાય. આ ગાલ સ્થલરૂપ છે. તેમાં પ્રભુની અધરસુધા લાગેલી છે. અધરરસ અક્ષરના અમૃતથી ઉત્તમ છે.

દાસ્યમાં ગાલરૂપ સ્થલ પૂર્ણાનંદ રૂપ છે. સાલોક્ય મોક્ષમાં અક્ષરામૃત મળે. દાસ્યમાં ગંડ પાસે રહી અધર રસામૃત મળે છે. આમ સાલોક્ય - અક્ષરનું પ્રયોજન નથી.

સાયુજ્ય : બ્રહ્મમાં ભળી જવું તે સાયુજ્ય. બ્રહ્મમાં જીવ સમાઈ જાય. ત્યાં પછી જુદાપણું રહેતું નથી આથી બ્રહ્મને માણી શકાતું નછી.

તરસ્યો માનવ સરોવર કિનારે આવે છે. સરોવરમાં મધુર, સ્વચ્છ, શીતલ, સુગંધી અને નિર્મલ જલ છે. આવા સરોવરમાં ડૂબી જઈએ તો ? આનંદ કેટલો મળે ? સરોવરના કિનારે અલગથી રહીએ તો જળને માણી શકાય. ડૂબવારૂપ સાયુજ્યથી શો લાભ ?

પ્રભુનું મુખ હસતું છે. તેવા મુખથી પ્રભુ જુએ છે. હાસ્યથી સર્વરસોનો બોધ થાય છે. જ્ઞાન ઉત્પન્ન થાય છે. ભક્ત અહીં હસતા મુખવાળા પ્રભુથી જુદો છે તેથી આનંદ અને જ્ઞાનનો અનુભવ કરે છે.

આથી ભક્તિરૂપ મુખના દર્શનથી દાસ્ય જ ફલરૂપ છે. મોક્ષ (મુક્તિ) ફલ નથી. મુખ દર્શન વિશેષ રીતે કરીએ તો જ દાસ્ય મળે. સામાન્ય દર્શનથી આવું સમજાતું નથી.

સામાન્ય જનો માટે સત્તા પણ ફલ છે. સત્તા એટલે ઐશ્વર્ય ભોગ. તેની ચરમ સીમા એટલે સ્વર્ગપ્રાપ્તિ અને તેમાંય ઈન્દ્ર જેવો ઐશ્વર્યભાવ.

પ્રભુની બે ભુજાઓનું દર્શન ભક્તો કરે છે. ભુજાઓ ઈન્દ્ર સ્વરૂપ છે.

ઈન્દ્રને સ્વર્ગમાં ઉત્તમ સ્થાન મળ્યું છે. ઈન્દ્ર વગેરે દેવો અહીં પણ નિત્ય દૈત્યોથી ડરતા રહે છે. ભગવાનની બે ભુજાઓ તેમને અભય આપે છે.

આ બે ભુજાઓ વાળા પ્રભુ અહીં બિરાજે છે પછી ઈન્દ્ર થવાનું પ્રયોજન નથી રેહતું. પોતાનો અધિકાર પૂરો થતાં ઈન્દ્ર મુક્ત થઈ જાય છે.

સામાન્ય જનોનું ત્રીજું ફ્લ સમ્પત્તિ છે. લોકોને આધિભૌતિક લક્ષ્મીથી આનંદ લાગે છે. આધિદૈવિક લક્ષ્મી પ્રભુના વક્ષઃસ્થલે રહે છે. તેને તો અહીં જ આનંદ છે. લક્ષ્મી સાથે ધર્મ પણ બિરાજે છે.

આવા પરમશ્રેષ્ઠ અને પ્રકટ પરમાનંદ રૂપ પ્રભુનું દાસ્ય મળે પછી સદ્ગતિ, સત્તા કે સમ્પત્તિની સ્પૃહા રહેતી નથી. શ્રી ગોપીજનો પ્રભુને વિશેષ રીતે નિહાળે છે અને પરમ પુરુષાર્થરૂપ દાસ્ય ભાવ માંગે છે.

કા સ્ત્ર્યઙ્ગ તે કલપદામૃત-મૂર્ચ્છિતેન, સમ્મોહિતાડડર્યચરિતાન્ન ચલેત્રિલોકયામ્ ।
ત્રૈલોક્ય-સૌભગમિદં ચ નિરીક્ષ્ય રૂપં, યદ્ ગો-દ્વિજ-દ્રુમ-મૃગાઃ પુલકાન્યબિભ્રન્ર ।।૧૦।।

સાન્વય-વિવેચન : (સન્માર્ગ રક્ષણ-ધર્મ અસંભાવિત હોવાથી તો પુરષોને કહેવો જોઈએ, સ્ત્રીઓને નહિ. અસંભાવિત હોય તે ધર્મ ન હોય, આમ ધર્મનાશમાં ધર્મસ્થાપક સ્વરૂપ જ કારણ છે! અદ્ભુત-કર્મા છે! વાસ્તવામાં તો સ્વરૂપ-સંબંધી ભક્તોના ધર્મને સ્વરૂપથી જ રક્ષે છે. તે અન્ય ભાવોમાંથી રક્ષણ અને આ ભાવનું પોષણ છે. જે સ્વરૂપ ધર્મ-સંબંધી છે, તેમને માટે આ જ યોગ્ય છે. આથી આમ સ્વરક્ષણથી પોતાનું અંતરંગપણું બતાવે છે.-) **અંગ** = હે અંગ! (તે છેતરવા માટે સંબોધન છે), **તે** = તમારા, **કલ-પદામૃત-વેણુ-ગીત-સંમોહિત** = અવ્યક્ત-મધુર-પદોમાં (પ્રકટ થયેલું) (અર્થરૂપ) અમૃત, (તેજ) વેણુ (દ્વારા) ગીત (ગવાયું) છે, તેના (શ્રવણ)થી સંમોહિત થયેલ, (સંમોહ પંચપર્વાવિદ્યા-સ્થાનીયથી છે. ભગવત્સંબંધી અવિદ્યા તો પીડતી નથી, પરંતુ પીડનાર બીજા છે. તેનુ બલ તો તમારા સંબંધથી તમારું છે! તે બાધક તમારાં છે. ૧. ગીત (સ્ત્રી) દેહને મોહ કરાવે છે, ૨. વેણુ-રસાત્મક હોવાથી ઈન્દ્રિયોને મોહ કરાવે છે, ૩. અમૃત-પ્રાણોને મોહ કરાવે છે, ૪. પદો-અંત-કરણને મોહ કરાવે છે, ૫. અવ્યકતતા-

આત્માને મોહ કરાવે છે. આમ, સારી-સંપૂર્ણ-રીતે માહિત થયેલા છે,) **કા** = કઈ, સ્ત્રી, સ્ત્રી, **ત્રિલોક્યાં** = (સત્ત્વ, રજઃ, તમઃ, કાર્ય-રૂપ લીલા સૃષ્ટિયોનો જ શ્રવણાધિકાર છે.), ત્રિલોકીમાં, (તામસી સ્ત્રીની મૂઢતાથી આર્યચરિતમાં સ્થિતિ માનીને તેનું નિરાકાર છે; રાજસીનો સ્વભાવ છે, સાત્ત્વકિને સત્ત્વથી ધર્મબુદ્ધિની આશંકા કરીને તેનું નિરાકરણ કરે છે), **આર્ય-ચરિતાત્** = પ્રમાણ-માર્ગથી, **ન ચલેત્** = ચલિત ન થાય ! (અર્થાત્ત્, થાય જ.) (પ્રમાણબલના વિવેકવાળા ‘‘આર્ય’’ છે. પ્રમાણમાં ઈન્દ્ર-મહેન્દ્રમાં પણ ભેદ છે. જુદા ઉપસ્થિત બધા ભિન્ન છે; આથી, દેહ સિવાયનો સ્વરૂપથી ઉપસ્થિત હોવા છતાં પણ પ્રમાણબલમાં વિરુદ્ધ થાય છે. વસ્તુવિચાર તો પ્રમેય બલનો આશ્રય કરીને થાય છે. નહિ તો વિધિ-નિષેધ પ્રકારો વ્યર્થ થાય, આથી માર્ગનો વિરોધ બીજા માર્ગમાં ઉપયોગી થતો નથી. આ પ્રકારે માર્યાદાભંગ અહીં દૂષણ નથી. શ્રીશુક પણ રાસલીલા પછી,- ‘‘ધર્મવ્યતિકરો દૃષ્ટઃ’’-(૧૦-૩૩-૩૦), ‘‘ધર્મ ઉલ્લંઘન જોયું’’ - તેમ કહે છે, તેથી અહીં ફલ સિદ્ધ હોવાથી, સાધનદૃષ્ટિએ જે અપકીર્તિ છે, તે અમને પ્રતિબંધ કરતી નથી, આમ, કેવલ નામથી જ મર્યાદાભંગ નથી. પરંતુ સ્વરૂપથી પણ છે,- તે કહે છે), **ચ = અને, ત્રૈલોક્ય-સૌભગં =** ત્રિલોક પણ સુભગપણું (સુંદરતા) જેનાથી છે તેવાં, (જેમ સૂર્યથી દિવસ, ચન્દ્રથી રાત્રિ સુંદર થાય છે. તેમ ત્રિલોક ભગવદ્રૂપથી જ સુંખરતાને પ્રાપ્ત થાય છે.), **ઈદં =** આ (પ્રત્યક્ષ-સિદ્ધ), **રૂપં =** રૂપને, **નિરીક્ષ્ય =** જોઈને, (‘‘ચ’’-કારથી તેના અનુભવોને), (વેણુનાદના) શ્રવણથી અને સ્વરૂપનાં દર્શનથી, ત્રિલોકમાં કઈ સ્ત્રી પ્રમાણ-માર્ગથી ચલિત ન થાય ? આ પ્રમાણ વાર્તા દુર્બલ ભલે હોય, અન્ય-પ્રકારે પણ ચલિત થાય છે. ભગવાનના રૂપથી પ્રમેય-મર્યાદા પણ વાર્તા દુર્બલ ભલે હોય, અન્ય પ્રકારેક પણ ચલિત થાય છે. ભગવાનના રૂપથી પ્રમેય-મર્યાદા પણ ચાલી જાય છે, જે કોઈરીતે પણ અન્યથા થતી નથી. તે કહે છે,-), **યદ્-ગો-દ્વિજ-દ્રુમ-મૃગાઃ =** જે ગાયો-પક્ષીઓ-મૃગો-વૃક્ષો-મૃગોએ, (ગાયો પ્રમાણવાર્તા જાણતી નથી, માતામાં પણ ગમન કરે છે. પક્ષીઓ સર્વભક્ષી છે. વૃક્ષો સ્થાવર છે,- ક્યારેક પણ બાહ્યસંવેદન-રહિત છે. મૃગ બધે ભયવાળા છે.), **પુલકાનિ =**

પુલકોને (રોમાંચને) અબિભ્રમન્ ઇં ધારણ કર્યાં (છે), (આ બધાં પણ ભગવદ્રૂપથી કે ગીતથી રસમગ્ન થયેલાં રોમાંચિત થાય છે,- રસિક-મનુષ્યના ધર્મોને પ્રકટ કરે છે! જેમને ભગવાને જુદાં જ સર્જ્યાં છે! સ્ત્રીઓ તો સ્વભાવથી પણ અન્યથા થાય છે, તેમાં કાંઈ અહીં આશ્રર્ય નથી.),

શ્રી ગોપીજનો વેણુગીતનું શ્રવણ કરે છે. પ્રભુ વેણુમાં ગીત ગાય છે. આ ગીતોમાં પદો છે. આ પદો અવ્યક્ત છે. અમૃત જેવા મધુર છે.

(૧) ગીત સ્ત્રી દેહને મોહ કરાવે છે. (૨) વેણુ રસાત્મક છે. તે ઈન્દ્રિયોને મોહ કરાવે છે. (૩) અમૃત પ્રાણોને મોહ કરાવે છે. (૪) પદો-અંતઃકરણને મોહ કરાવે છે. (૫) અવ્યક્ત પણું આત્માને મોહ કરાવે છે. આ પંચપર્વવાળી અવિદ્યા છે. આથી શ્રી ગોપીજનો સંમોહિત થાય છે. મોહિત વ્રજભક્તો આર્ય માર્ગથી ચલિત થાય છે. તેમાં આશ્ચર્ય કરવા જેવું નથી. આર્ય માર્ગ પ્રમાણ માર્ગ છે. શ્રી ગોપીજનો તો પ્રમેય માર્ગમાં છે. પ્રમેય એટલે પ્રભુનું કૃપાબળ. પ્રભુનું સ્વરૂપ બળ. પ્રમેય બળવાળું હોય. તેથી પ્રમાણ (આર્ય, મર્યાદા) માર્ગનો નાશ છે. પ્રભુના ગીતનું શ્રવણ શ્રી ગોપીજનોમાં આ પ્રકારની મુગ્ધતા કરે છે.

પ્રભુનું દર્શન કરી શ્રી ગોપીજનો આર્યધર્મનું ઉલ્લંઘન કરી દે છે. પ્રભુનું સ્વરૂપ ત્રિલોકને મોહિત કરનારું છે. પ્રભુના સૌંદર્યની એક બુંદ ત્રિલોકને સૌંદર્યનું દાન કરે છે. આવા મોહિની સ્વરૂપને જોઈને ગાય, પક્ષી અને હરણ રોમાંચિત થાય છે. પુલકિત થઈ જાય છે.

શ્રી ગોપીજનો કહે છે આવા રૂપથી અમે આર્યમાર્ગથી વિચલિત થઈએ છીએ. કુલ કાન અને લોકલજ્જાનો ત્યાગ કરીએ છીએ. આપમાં અનુરક્ત થઈ જઈએ છીએ.

વ્યકતં ભવાન્ વ્રજ-ભયાર્તિ-હરોડભિજાતો, દેવો યથાડડદિપુરુષઃ સુર-લોક-ગોપ્તા ।
તન્નો નિધેહિ કર-પઙ્‌કજમાર્તબન્ધો, તપ્ત-સ્તનેષુ ચ શિરસ્સુ ચ કિંઙ્‌કરીણામ્ ।।૧૧।।

સાન્વય-વિવેચન : (આ પ્રકારે, શ્રીગોપીજને ભગવાને કહેલાં શાસ્ત્ર-મર્યાદા-

વાક્યોના નિવારણ માટે પુષ્ટિ સિદ્ધાન્તનું નિરૂપણ કરીને, આ તો ભગવત્કૃપૈક-સાધ્ય છે, તેથી ભગવાનની કૃપાને પ્રાર્થે છે.) (તમારું કહેલું કે અમારું કહેલું કાંઈ સાધક કે બાધક નથી; છતાં પણ પોતાના અવતારનું પ્રયોજન વિચારીને અમારા પર કૃપા કરવી જરૂરી છે), **ભવાન્** = આપ, **વ્રજ-ભયાર્તિ-હર:** = વ્રજનાં ભય અને દુ:ખને હરનારા, **અભિજાત:** = (ઉત્તમ કુલમાં) પ્રકટ થાય છો, (તે), **વ્યકતં** = પ્રકટ (સ્પષ્ટ), (છે), (વ્રજનાં પીડા અને ભયને તમારે દૂર કરવા જોઈએ; નહિ તો સાક્ષાદ્ ભગવાનના અવતારમાં કાંઈ પ્રયોજન અમે જોતાં નથી! ભૂભાર-હરણ તો સંકર્ષણથી થાય છે. વસુદેવ-વગેરેનું પ્રિય (વંશવર્ધન) તો પ્રદ્યુમ્નથી થાય છે. ધર્મરક્ષા અનિરુદ્ધથી થાય છે. જો વ્રજનાં પીડા અને ભયને દૂર ન કરવામાં આવે, તો અવતારનું બીજાું શુ કાર્ય હોય ? આથી, વ્યકત રીતે આપ વ્રજના ભયને હરનારા છો ! આજે જેવી પીડા અમારી છે, તેવી ક્યારેય જ હતી! અમાર ચાલ્યા જતાં તો બધા વ્રજની મોટી પીડા દૂર કરવી ન જોઈએ; તે કહે છે-), **યથા** = જેમ, **આદિપુરુષ:** = આદિપુરુષ, **દેવ:** = દેવ, **સુર-લોક-ગોપ્તા** = દેવલોકના રક્ષક (બને છે), (ભગવાન્ બ્રહ્મ-રૂપ સર્વસમાન છે, છતાં પણ ઈન્દ્રાદિ ઉપર કૃપા કરતાં, દૈત્યોને મારતાં, વિષમતાને સ્વીકારે છે, દેવોને જ્ઞાન દેતા નથી ! જ્યાં સ્વરૂપને જ અન્યથા કરે છે. ત્યાં વાણીને અન્યથા કરે, તેમાં કહેવું શું ? આથી, જેમ આદિપુરુષ પણ દેવ થઈને દેવલોક-રક્ષક થયા; તેમ આપ પણ ધર્મ મર્યાદારક્ષક (હોવા છતાં) અમારો સંબંધ કરો ! તે આશય છે.), (તે જ વાત રસપોષણ માટે બહાનાથી કહે છે,-) **તત્ (તસ્માત્)** = તે (કારણ) થી, **આર્ત-બન્ધો** = દુ:ખીઓના બંધો !, **કિંકરીણાં** = દાસીઓના, **ન:** = અમારાં, **તપ્ત-સ્તનેષુ** = સંતાપયુક્ત સ્તનો પર, **ચ** = અને, **શિરસ્સુ** = (અભયદેવ) મસ્તકો પર, **કર-પંકંજ** = (અમૃતસ્રાવિ) કર-કમલને, **નિધેહિ** = પધરાવો ! (પહેલાં અમારાં મસ્તકે હસ્ત પધરાવો ! જેથી અમને અભય થાય ! પછી અમારા હૃદય-સંતાપને દૂર કરવા માટે અમૃત સ્રવતા-તાપનાશક-કરકમલને સ્તનો પર પધરાવો ! અનુચિતતા તો આમાં નથી, કારણ કે અમે દાસીઓ છીએ. અથવા, પરીક્ષા માટે આ વિચારવું જોઈએ,-એમ રસોક્તિ છે.).

ભગવાને શ્રી ગોપીજનોને શાસ્ત્ર-મર્યાદાના વાક્યો કહ્યા હતાં શ્રી ગોપીજનો ઉપર કહ્યા પ્રમાણે તેનું નિવારણ કરે છે. તે માટે પુષ્ટિ સિદ્ધાંત નિરૂપે છે. ભગવાનની કૃપા હોય તો જ આ શક્ય છે. તેથી હવે પ્રભુની કૃપા માટે વિનવે છે.

પ્રભુએ શ્રીગોપીજનોને સ્વીકાર્યા નહીં. શ્રીગોપીજનો માટે આ સમય પરાજય કે મરણ કરતાં પણ અધિક ત્રાસ દેનારો છે. આવા કપરા દુઃખના સમયે પણ ભક્તોની સ્વાભાવિક અને સુદ્રઢ ભક્તિ જ બધી જ રીતે પ્રકટ થાય છે. ભક્તો ભગવાન સિવાય કોને પ્રાર્થે? પ્રભુ કૃપાથી જ સર્વફલ મળે. આથી પ્રભુકૃપા સિવાય બીજું શું માંગવું?

પૃથ્વી ભારને દૂર કરે છે. પ્રદ્યુમન વ્યુહથી પુત્ર પરંપરા છે. અનિરુદ્ધ વ્યુહ ધર્મરક્ષા કરે છે. વાસુદેવ વ્યુહ મોક્ષ માટે છે. અમારે તો લોકવેદાતીત પુરુષોત્તમની જરૂરી છે. વ્રજજનોના ભય અને પીડા દૂર કરવા માટે આ સ્વરૂપથી આપે અવતાર લીધો છે. હમણાં અમને જે પીડા છે તેવી ક્યારેય પણ ન હતી. તેને આપ દૂર કરો.

પ્રભુ! આપ આદિપુરુષ છો. બ્રહ્મ તો સમ હોય. દરેક જીવો પર સમાન દષ્ટિ કરે. છતાં દેવો પર કૃપા કરો છો. દૈત્યોને મારો છો. દેવોને જ્ઞાન આપીને શાંતિ નથી આપતાં પણ સુખ-સ્વર્ગ આપો છો. આમ આપ આપના સમ સ્વરૂપને પણ અન્યથા કરો છો.

સ્વરૂપ અન્યથા કરો છો તો વાણીને પણ અન્યથા કરો. આથી આપ ધર્મમર્યાદા રક્ષક હોવા છતાં અમારો સંબંધ કરો. અમે સેવા સુખ આપો.

આપ દુ:ખીઓના બંધુ છો. અમે આપની દાસીઓ છીએ. પહેલાં અમારા મસ્તકે હસ્ત પધરાવો. આથી અમને અભય મળશે. આપના કરકમલથી અમૃત વરસે છે. અમારા હૃદય સંતાપથી તપેલા છે. માટે આપ કરકમલને અમારા હૃદયે પધરાવો.

ઈતિ શ્રીમત્ પુષ્ટિ પ્રણયગીતં સંપૂર્ણમ્

❖ ❖ ❖

|| શ્રી વલ્લભ ||

શ્રી ગોપીગીતમ્



શ્રી ભાગવતના દશમ સ્કંધને નિરોધલીલા કહે છે. વિશ્વનું વિસ્મરણ થાય અને કૃષ્ણમાં આસકિત થાય ત્યારે જીવનો નિરોધ થયો તેમ કહેવાય છે. આ સ્થિતિમાં ભકતોની ઈન્દ્રિયો અને અતંઃકરણ પ્રભુમાં રોકાઈ રહે છે. તે માટે પ્રભુ વિશ્વમાં પ્રગટ થઈ જુદી જુદી લીલાઓ કરે છે.

ભકતો મુખ્યતઃ ત્રણ પ્રકારના (૧) સાત્વિક (૨) રાજસ અને (૩) તામસ. આ ત્રણે પ્રકારનાં ભકતોના નિરોધ માટે શ્રી કૃષ્ણે અલગ અલગ લીલાઓ કરી છે.

વ્રજમાં સૌ પ્રથમ તામસ ભકતોનો નિરોધ કર્યો છે. તે માટે શ્રીકૃષ્ણે કરેલી લીલાઓ પ્રમાણ (પ્રેમ), પ્રમેય (આસકિત), સાધન (વ્યસન) અને ફલ પ્રકરણમાં વણાઈ ગઈ છે. આ પૈકી ફલ પ્રકરણમાં ગોપીગીત ગવાયું છે. દરેક પ્રકરણના સાત અધ્યાયો છે.

શ્રીકૃષ્ણે રાસરૂપી ફલનું દાન શ્રી ગોપીજનોને કર્યું છે. શ્રી કૃષ્ણે અહીં વ્રજભકતો સાથે રમણ કર્યું છે. રમણ બે પ્રકારે કર્યું છે. (૧) રૂપથી (૨) નામથી.

રૂપથી જે રમણ થયું તે પાંચ અધ્યાયમાં કહ્યું છે. (અધ્યાય ૨૯ થી ૩૩) તેને રાસ પંચાધ્યાયી કહે છે. તે પૈકી શ્રી ગોપીગીત ૩૧ મા અધ્યાયમાં છે.

૨૯માં અધ્યાયમાં પ્રભુની આત્મલીલા છે. તેમાં પ્રભુના ઐશ્વર્ય ગુણની મુખ્યતા છે. પ્રભુમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એવા છ ગુણો(ધર્મો) છે. આ ગુણોને ધારણ કરતાં સાતમા પ્રભુધર્મી તરીકે છે.

આ અધ્યાયમાં પ્રભુ વેણુગાન કરે છે. તે સાંભળી ગોપીજનો રાસ માટે વનમાં પધારે છે. ભગવાન તેમને મર્યાદા-ધર્મ ઉપદેશ આપે છે. ઘરે પાછાં ફરવા કહે છે. શ્રી ગોપીજનો શ્રી પ્રણયગીત થી પુષ્ટિધર્મરૂપે ઉત્તર આપે છે. પ્રભુ લઘુરાસ લીલા કરે છે. શ્રી ગોપીજનો ને મદ થાય છે. તે દૂર કરવા પ્રભુ અંતર્ધાન થાય છે.

૩૦મા અધ્યાયમાં શ્રીકૃષ્ણની મનોલીલા છે. તેમાં વીર્યગુણ મુખ્યતા છે.

શ્રી ગોપીજનો વિરહથી વિકલ બન્યાં છે ભગવાનને શોધવા નીકળે છે. ભગવાનની લીલાનું અનુકરણ કરે છે. રસ્તામાં સખીનું મિલન થાય છે. સ્વદોષ જ્ઞાન થાય છે. તેના નિવારણ માટે યમુના પુલિનમાં પ્રયતી કરે છે. પ્રતીક્ષા કરે છે. પ્રભુ મળતાં નથી.

૩૧મા અધ્યાયમાં શ્રીકૃષ્ણની વાક્-પ્રાણ લીલા છે. તેમાં યશગુણની મુખ્યતા છે. શ્રી ગોપીજનો ભગવત્સુતિ કરે છે. આ સ્તુતિને ગોપીગીત કહે છે.

શ્રી ગોપીગીતમાં ૧૯ શ્લોક છે. શ્રીગોપીજનોનાં ૧૯ યુથો છે. તેથી ૧૯ શ્લોકમાં સૌના હૃદયભાવ વ્યકત થાય છે. શ્રી ભાગવતનાં પ્રથમ સ્કંધ

અધિકારલીલા છે તેમાં ૧૯ અધ્યાયો છે છઠ્ઠો સ્કંધ પોષણલીલા છે. પ્રભુને મળવા કોઈ એક ડગલું દે તો પ્રભુ તેની સામે ૧૯ ડગલાં પધારે છે માટે ૧૯ શ્લોક છે. ૧૯ શ્લોકના આ ગાનથી અધિકારી, અનુગ્રહ અને પ્રભુ મળે છે.

શ્રી ગોપીજનો બે પ્રકારનાં છે. (૧) અન્યપૂર્વા - તેમનાં લગ્ન ગોપો સાથે થયાં છે. (૨) અનન્યપૂર્વા - તેમનાં લગ્ન થયાં નથી. આ બંને યુથમાં સાત્વિક, રાજસ અને તામસ ભાવવાળા ભકતો છે. તેમનાં મિશ્રભાવે એક થુથમાં ૯ પ્રકાર. બીજા યુથમાં પણ ૯ પ્રકાર. કુલ ૧૮ પ્રકાર થયાં બંનેમાં થઈને ૧ સમાન નિર્ગુણભાવ આમ ૧૯ શ્લોકો થયાં

શ્રી ગોપીગીત ઈન્દિરા છંદમાં ગવાય છે. અહીં ભગવાનનો યશધર્મ પ્રકટ થયો છે. ઈન્દિરા ઐશ્વર્ય સંબંધિત છે. ઐશ્વર્ય વગર યશ પ્રકટ ન થાય તેથી ઈન્દિરા છંદ છે. ઈન્દિરા (લક્ષ્મીજી) વ્રજમાં આશ્રય કરીને વસ્યા છે. તેથી ઈન્દિરા છંદ છે.

જયતિ તેડધિકં જન્મના વ્રજઃ શ્રયત ઈન્દિરા શશ્વદત્ર હિ ।
દયતિ દશ્યતાં દિક્ષુ તાવકા- સ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે ।।૧।।

સાન્વય-વિવેચન : તે = આપના, **જન્મના** = જન્મ વડે, **વ્રજઃ** = વ્રજ, **અધિકં** = (વૈકુંઠથી) અધિક, **જયતિ** = (ભગવલ્લીલા વડે) ઉત્કર્ષ પામે છે. (કારણકે), **અત્ર** = અહીં (વ્રજમાં), **ઈન્દિરા** = (પરમ ઐશ્વર્ય દેનારાં-સર્વનો ઉત્કર્ષ કરનારાં) લક્ષ્મીજી, **શશ્વત્** = સર્વદા, **હિ** = ચોક્કસપણે, **શ્રયતે** = (સ્વયં પતિ - ભગવાન્-પોતાની કૃપા જણાવવા ભક્તાધીપણે બિરાજતા હોવાથી) (હીનભાવે) આશ્રય કરે છે, **દયિત** = હે અતિપ્રિય !, **તાવકાઃ** = તમારાં, **ત્વયિ** = તમારામાં (તમારા નિમિત્તે), **ધૃતાસવઃ** = પ્રાણને ધારણ કરનારાં, **દિક્ષુ** = દિશાઓમાં, **ત્વાં** = તમને, **વિચિન્વતે** = શોધે છે. (તે), **દશ્યતાં** = જુઓ.

આ શ્લોક અન્યપૂર્વા શ્રી ગોપીજનો પૈકી રાજસ સાત્વિક ભાવવાળા ભકતો ગાય છે.

વ્રજ એટલે વ્યાપવું. ભગવાનના અવતારથી તે કૃતાર્થ થઈ ગયું. શ્રીકૃષ્ણ વૈકુંઠમાં બિરાજે છે પણ લીલાઓ વ્રજમાં કરે છે. વિહારો વ્રજમાં કરે છે. વૈકુંઠમાં ભકતો ભગવાનને વશ બને છે. વ્રજમાં ભગવાન ભકતને વશ બને છે. વૈકુઠમાં વેદો ગાન કરે છે. વ્રજમાં સ્વયં ભગવાન વેણુગાન કરે છે. વૈકુંઠમાં સેવકો ભગવાનની પાછળ ફરે. વ્રજમાં ભગવાન ગાયો-ગોપો અને ગોપીઓની પાછળ ફરે. વૈકુઠમાં લક્ષ્મીજી સામ્રાજ્ઞી બની બિરાજે છે. વ્રજમાં દાસી બનીને બુહારીની સેવા કરે છે.

વૈકુંઠમાં બ્રહ્મા વગેરે દેવો લક્ષ્મીજીના કૃપા કટાક્ષની કામના કરે છે. વ્રજમાં લક્ષ્મીજી કૃષ્ણના કૃપા કટાક્ષની કામના કરે છે. અને તે કૃષ્ણ વ્રજલક્ષ્મીઓના રાસ કટાક્ષની કામના કરે છે.

ભલે ભગવાનનો જન્મ મથુરામાં થયો પણ આ રીતે વ્રજનો તે ઉત્કર્ષ જ છે.

પ્રભુના જન્મથી વ્રજ અધિક ઉત્કર્ષ પામે છે. લક્ષ્મીજી સર્વદા અહી આશ્રય કરે છે. આ હકીકત ચોક્કસ છે. પ્રભુ વ્રજભકતોને અતિપ્રિય છે. પ્રભુ માટે શ્રી ગોપીજનો એ પ્રાણ ધારણ કર્યા છે. તેઓ પ્રભુને શોધે છે.

ભકતોને તો જીવન દરમ્યાન ભગવાન મળી જાય તે જ જય છે. ભગવાન ન મળે તો પરાજય કહેવાય. શ્રી ગોપીજનો 'જયતિ' શબ્દથી શરૂઆત કરે છે. આથી જય મળે.

પ્રભુ આંખે દેખાતાં નથી. કંઈ કરતાં હોય તેવું લાગતું નથી. છતાં ભગવાન ભકતો માટે સર્વ કાંઈ કરે છે. પ્રભુ હોય ત્યાં પરાજય ન હોય. પ્રભુ મંગલરૂપ નિધાન છે તેથી પ્રભુ હોય ત્યાં બધું જ મંગલ રૂપ હોય. સફલતા હોય. વિઘ્ન ન હોય. જય મંગલ રૂપ છે તેથી 'જયતિ' થી પ્રારંભ થયો.

'જ' અક્ષર દગ્ધ છે. કવિઓ આ કહે છે. તેથી કાવ્ય રચના 'જ' અક્ષરથી શરૂ નથી કરતાં અહીં તો શ્રીગોપીજનો છે. પ્રભુના શરણાગત

ભકતો છે. પ્રભુ અંતર્ધાન થતાં ‘દગ્ધ’ (બળેલાં) બન્યાં છે. દગ્ધને, બળેલાંને ઠરેલા કરવાં ‘જ’ અક્ષરનો આદર પોતાના ગાનમાં પ્રથમ કરે છે.

જયતિ શબ્દ ક્રિયાપદ છે. શ્રી ગોપીજનો ગીતની શરૂઆત ક્રિયાપદથી કરે છે. ભકિત માર્ગમાં આરંભથી જ આચાર છે. જ્ઞાનમાર્ગમાં વિચારથી આરંભ છે.

ભકતોના જીવનનો મુખ્ય ધ્યેય પ્રભુ-પ્રસન્નતાપ્રાપ્તિ છે. શ્રી ગોપીજનો પ્રભુને પ્રસન્ન કરવા સતત ક્રિયાશીલ છે. તે માટે સાવધ પણ છે. તેમાં સ્નેહની સ્વાભાવિક ક્રિયા છે.

વ્રજનો ઉત્કર્ષ પ્રભુના જન્મથી છે. લક્ષ્મીજી અહી વસે છે. આ પ્રભુનાં મહાત્મયજ્ઞાનનું સૂચન છે.

શ્રી ગોપીજનોને પ્રભુમાં સુદ્રઢ અને સર્વથી અધિક સ્નેહ છે. તેમના માટે પ્રભુ દયતિ (અતિપ્રિય) છે.

શ્રી ગોપીજનોને કેવલ કૃષ્ણ સંબંધ છે. પ્રિય પ્રભુની પ્રસન્નતા માટે જીવન જીવે છે. તેથી જ પ્રાણ ધારણ કર્યા છે.

આવાં શ્રી ગોપીજનોને પ્રભુને બધી દિશાઓમાં શોધે છે. જીવનની સઘળી પ્રવૃત્તિઓ કરતાં કરતાં પણ પ્રકટ પ્રભુની શોધ અગત્યની છે. શ્રી ગોપીજનોનું આવું માર્ગદર્શન આપણને શીખવે છે. પ્રભુને તેમની તરફ જોવાં વિનવે છે.

કબ દેખો મેરી ઓર નાગર નંદ કિશોર બીનતી કરત ભયો ભોર.

તામસ સાત્વિક અન્યપૂર્વા ગોપીજનો ગાય છે.

શરદુદાશયે સાધુ-જાત-યત્ સરસિજોદર- શ્રી-મુષા-દશા ।
સુરત-નાથ તે શુલ્ક-દાસિકા વરદ નિધ્નતો નેહ કિં વધ: ।।૨।।

સાન્વય-વિવેચન : સુરથ-નાથ = હે સંભોગનાથ !, **વરદ** = હે વરદાન આપનાર !,

શરદુદાશયે = શરદઋતુ સમયના જલાશયમાં, **સાધુ-જાત-યત્સરસિજોદર-શ્રી-મુષા** = (શીતાદિ-રહિત, પ્રકાશવાળા સમયે) સારી રીતે પ્રકટલાં જે કમલ (છે તે)ના કોશમાં અંદર રહેલી શોભાને ચોરત, **દૃશા** = (અતિઘાતક) દૃષ્ટિ વડે, (અ) **શુલ્ક-દાસિકાઃ** = (મૂલ્ય વગરની ધર્મદાસીઓ), (પ્રતિબંધ દૂર કરનાર-માર્ગ નિર્વાહક દ્રવ્ય-સુરત) શુલ્ક-રૂપ હીનદાસીઓને, **નિઘ્નતઃ** = (વધ કરતા) મારતા, **તે** = આપને, **ઈહ** = અહીં, **વધઃ** = વધફલ (વધદોષ), **ન** = નથી, **કિં** = શું ?

પ્રભુ સુરતનાથ છે. વરદાન આપનાર છે. શરદ ઋતુમાં જલાશયમાં કમલ ખીલે છે. આ કમલના કોશમાં સુંદર શોભા હોય છે. પ્રભુ દ્રષ્ટિ વડે આ શોભા ચોરી લે છે. શ્રીગોપીજનો મૂલ્ય વરગની હીન દાસીયો છે. પ્રભુ દ્રષ્ટિથી આ હીનદાસીઓના વધ કરે છે. શ્રી ગોપીજનો કહે છે. પ્રભુ ! આપને આ વધનો દોષ નથી લાગતો ?

પ્રભુ વરદાન દેનારા છે. દયાળુ હોય તે જ વરદાન આપે. થોડું તપ કરે તો પણ ખૂબ ફલ આપે તે દયાળુ કહેવાય. શ્રી ગોપીજનોને લાગે છે કે પ્રભુ દયા નથી કરતાં. પ્રભુ તો પ્રહાર કરે છે. આ પ્રહાર દ્રષ્ટિથી કરે છે. આ દ્રષ્ટિ ઘાતક છે. પ્રભુની દ્રષ્ટિમાં તો કમલની શોભા છે.

શરદઋતુ છે. તેથી નિર્મળ થયેલું જળાશય છે. તેમાં સુંદર કમલ ઉગ્યું છે. તે કમલની અંદરની શોભા લક્ષ્મી છે. તે પ્રભુના નયનમાં બિરાજે છે. આવા નેત્રના કટાક્ષથી પ્રભુ પ્રહાર કરે છે. શ્રી ગોપીજનો પૂછે છે હે પ્રભુ! તે વધ દોષ નથી ? પ્રભુના નેત્રની ઘાતકતા પ્રસિદ્ધ જ છે. મહાભારત વેળા અર્જુનના સારથી બન્યા. નિઃશસ્ત્ર રહ્યા છતાં પ્રભુના નેત્ર સર્વઘાતક શસ્ત્ર બની શત્રુના સૈન્યમાં ઘૂમતાં હતાં.

શ્રી ગોપીજનો કહે છે હે સૂરતનાથ ! અમે તો આપની અમૂલ્ય દાસીઓ છીએ. અમૂલ્ય એટલે મૂલ્ય વગરની, નિઃશુલ્ક. અમૂલ્ય એટલે જેનું મૂલ્ય થઈ ન શકે તે. શ્રી ગોપીજનોમાં ભગવદીય ભાવ છે. તે સુરત ભગવાનમાં રત રાખે છે.

પ્રભુ દર્શનથી શ્રી ગોપીજનોનું જીવન છે. તેથી પ્રભુ વગર તેઓ રહી શકતા નથી. શ્રી ગોપીજનો કહે છે કે સૌને વરદાન આપો. અમને તો જીવતદાન આપો. પાસે પધારો. પ્રકટ થાવ. પ્રસન્ન થાવ.

અન્યપૂર્વા સાત્વિક સાત્વિક ગોપીજનો ગાય છે.

વિષ-જલાપ્યયાદ્ વ્યાલ–રાક્ષસાત્, વર્ષ-મારુતાદ્વૈદ્યુતાનલાત્ ।
વૃષ-મયાત્મજાદ્વિશ્વતો ભયા– દષભ તે વયં રક્ષિત મુહુઃ ।।૩।।

સાન્વય-વિવેચન : ૠષભ = હે (અંદરઅને બહાર રક્ષણ કરનાર) શ્રેષ્ઠ, **વિષ-જલાપ્યયાત્** = (કાલીયનાગના ધરાના) ઝેરવાળાં પાણી (પીવા)થી થયેલા (બાલકા તથા ગાયોનાં મરણ રૂપ) નાશમાંથી, **વ્યાલ-રાક્ષસાત્** = (સુદર્શન વગેરે) સર્પ (અને) (તૃણાવર્ત વગેરે) રાક્ષસથી, **વર્ષ-મારુતાત્** = (ઈન્દ્રે કરેલી)-વૃષ્ટિ (તથા) પવનથી, **વૈદ્યુતાનલાત્** = (વરસાદ વખતે થતી) વીજળીઓ (તથા) દવાગ્નિથી, **વૃષ-મયાત્મજાત્** = વૃષ -(જે) મય (દાનવ)ના પુત્ર (વ્યોમાસુર)થી, (શ્રીગોપીજનના સર્વજ્ઞપણાથી ભૂત-ભવિષ્યનું પણ નિરૂપણ છે.), **વિશ્વતઃ** = સર્વ તરફના, **ભયાત્** = ભયથી, **વયં** = અમે **તે** = આપના (થી), **મુહુઃ** = વારંવાર, **રક્ષિતાઃ** = રક્ષાયાં છીએ.

પ્રભુ ભકતનું અંદર અને બહાર રક્ષણ કરે છે. ઝેરવાળા પ્રાણીથી નાશ થયો ત્યારે બચાવ્યા. આ રીતે સર્પ-રાક્ષસ, વૃષ્ટિ-પવન, વીજળી-દાવાગ્નિ, વ્યોમાસુર અને સર્વ તરફના ભયથી વારંવાર પ્રભુએ રક્ષા કરી છે.

શ્રી ગોપીજનો ભગવાનના ઉપકારનું સ્મર કરે છે. પ્રભુ ૠષભ છે. ભકતોને બહારથી અને અંદરથી રક્ષે છે. બહારથી રક્ષા કયારે કરી ? કાલિય નાગના વિષથી યમુનાજીના જલ ઝેર બનેલાં તે પીતાં બધા મૃત્યુ પામેલા તે બધાને જીવાડયા. સુદર્શન રૂપ સર્પથી છોડાવ્યા. તૃણાવર્ત જેવા રાક્ષસોથી બચાવ્યા. ગોવર્ધનયાગ પછી ઇંદ્રે વર્ષા-વાયુ અને વીજળી

મોકલ્યાં. વ્રજનો નાશ કરવાં. તેમાંથી ઉગાર્યા. વ્યોમાસુર જેવા ઘણા ભયમાંથી વારંવાર પ્રભુ રક્ષા કરે છે.

ભવિષ્યમાં થનારી વ્યોમાસુર વધલીલા ગોપીજનો હાલમાં દેખી રહ્યા છે. આમ ગોપીજનો સર્વજ્ઞ છે.

અંદરની રક્ષા કઈ રીતે ? જીવની ઈન્દ્રિયોમાં વિષય રૂપી વિષ છે. હૃદયમાં વાસના છે. વિષમતા રૂપી વિષ છે. તે ઈર્ષ્યારૂપ છે. પ્રભુ ભકતોને આ બધા અંદરના ભયોથી પણ બચાવે છે. આ અંદરના શત્રુથી બચવું અઘરૂં છે.

શ્રી ગોપીજનો પ્રભુનાં આ ઉપકારોનું સ્મરણ કરે છે. તીવ્રતાથી થતું પ્રભુસ્મરણ મરણમાંથી ઉગારે છે. ઉપકાર સ્મરણ કરતાં પ્રભુમાં પ્રેમ વધે છે. દ્રઢતા આવે છે. ડરવાનું ડગવાનું કે રડવાનું રહેતું નથી.

અન્યપૂર્વા નિર્ગુણ ગોપીજન ગાય છે.

ન ખલુ ગોપિકા-નન્દનો ભવા- નખિલ-દેહિનામન્તરાત્મ-દક્ ।
વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ ઉદેયિવાન્ સાત્વતાં કુલે ।।૪।।

સાન્વય-વિવેચન : ખલુ = ખરેખર, **ભવાન્** = આપ, **ગોપિકાનન્દનઃ** = ગોપી (શ્રીયશોદાજી)ના પુત્ર, **ન** = નથી, **અખિલ-દેહિનાં** = સર્વદેહવાળાંઓનાં, **અન્તરાત્મ-દક્** = અંતઃકરણને જોનાર (છો), **સખે** = હે મિત્ર ! (વ્રજમાં પધારતા પહેલાં યથેચ્છા પ્રેરનારા અને પધાર્યા પછી, આત્માનિવેદનનો અંગીકાર કરનારા), **વિશ્વ-ગુપ્તયે** = વિશ્વની રક્ષા માટે (પૂજન-સ્વીકાર માટે), **વિખનસા** = (વિશેષપ્રકારે વેદના અર્થનો વિચાર કરનાર) બ્રહ્માજી વડે, **અર્થિતઃ** = પ્રાર્થના કરાએલા (આપ), **સાત્વતાં** = યાદવોના (વૈષ્ણવોના), **કુલે** = કુલમાં, **ઉદેયિવાન્** = પ્રકટ થયા છો.

પ્રભુ ખરેખર તો ગોપીના પુત્ર નથી. તે તો દેહવાળાઓનાં અંતઃકરણને જુએ છે. પ્રભુ મિત્ર છે. બ્રહ્માજીએ પ્રાર્થના કરી છે. આથી વિશ્વની રક્ષા માટે યાદવકુલમાં પ્રકટયા છે.

પ્રભુમાં લૌકિકભાવવાળો પુત્રભાવ નથી. આથી લૌકિક રીતે નન્દના પુત્રપણું કે યશોદાના પુત્રપણું ન કહેવાય. પ્રભુ આપણાં જેવા મનુષ્ય નથી. તેથી પ્રભુને ઠપકો ન અપાય. પ્રભુ વૈકુંઠમાં બિરાજનાર પુરુષોત્તમ તો છે જ સાથે સૌના અંતઃકરણના દ્રષ્ટા પણ છે. ''અંતર્યામી સમસ્તાનાં ભાવં જાનાતિ માનસઃ'' અંતર્યામી સ્વરૂપે દરેક જીવના અંતઃકરણ ભાવને જુએ છે. આથી જ પ્રભુ ભકતનાં હૃદયમાં તીવ્રતાપ જુએ, સાચો સદ્‌ભાવ જુએ તો જ પ્રકટ થાય છે. પ્રસન્ન થાય છે અને પ્રાપ્ત થાય છે.

પ્રભુના પ્રાકટય માટે બ્રહ્માજી એ પ્રાર્થના કરી છે. બ્રહ્માજીએ વેદનું અધ્યયન કર્યુ છે. આનાથી ભગવાનનાં સામર્થ્યને સમજયાં છે. ભગવાનની પ્રીતિને સમજયાં છે. તેથી તે ભગવાનની શરણાગતિ કરે છે. ભગવાનને સ્નેહ કરે છે. બ્રહ્માજીએ વૈખાનસ નામનો ગ્રંથ પણ લખ્યો છે. આ બ્રહ્માજીએ વિશ્વની રચના કરી અને વિશ્વ રક્ષા માટે પ્રભુની પ્રાર્થના કરી. તેથી પ્રભુએ અવતાર લીધો છે.

શ્રી ગોપીજનોને થાય છે કે બ્રહ્માજીની પ્રાર્થના પ્રભુએ સ્વીકારી છે. અમારી પણ સ્વીકારશે.

પ્રભુ જીવમાત્રના સખા પણ છે. અંતરાત્મારૂપ છે. સદા સાથે જ રહે છે. સ્નેહથી હિત કરે છે.

સાચો સ્નેહી નંદકુમાર ।
ઓર નહી કોઈ દુઃખકો બેલી સબ મતલબકે યાર ।।

મનુષ્ય જાતિકો નહીં ભરોસો છિનુ વિહાર છિનુ પાર ।
ચિત્ત વચનકો નાહી કિકાનો છિન છિન પૃથક વિચાર ।।

માત પિતા ભાગિની સુત દારા રતિ ન નિભત એકતાર ।
સદા એક રસ તુમહી નિભાવો રસિક વચન પ્રતિપાર ।।

પતિ, પત્ની અને પુત્ર વગેરે અમુક ઉંમરે જ મળે છે. અમુક સુધી જ

રહે કે અમુક પ્રસંગે જ સાથે હોય. સમય પૂરો થતાં વિદાય થઈ જાય. શ્રીહરિનો સથવારો જ સાચો છે. વ્યાપક રૂપે અને આપણાં હૃદયમાં સદા બિરાજે છે. જન્મથી મરણ સુધી એક ક્ષણ પણ આપણાંથી અળગાં થતાં નથી.

આવા પ્રભુને સખા તરીક સમજીએ, સ્નેહ કરીએ, શરણાગતિ કરીએ તો સંતાપ સતાવતો નથી.

શ્રી ગોપીજનો કહે છે કે પ્રભુ સર્વહી છે. હૃદયયજ્ઞ છે. તો આપણા હૃદયની આર્તિને જાણશે. જ વિશ્વરક્ષા કરે છે તો અમારા જેવા સ્વજનોની રક્ષા કરશે. સાત્વત (યાદવ) કુલમાં પ્રકટયા તો ગોપીયુથમાં પણ પ્રકટશે.

હવે અનન્યપૂર્વા સાત્વિક ભાવવાળાં શ્રી ગોપીજનો ગાય છે.

વિરચિતાભયં વૃષ્ણિ-ધુર્ય તે શરણમીયુષાં સંસૃતેર્ભયાત્ ।
કર-સરોરુહં કાન્ત કામદં શિરસિ ધેહિ નઃ શ્રી-કર-ગૃહમ્ ।।૫।।

સાન્વય-વિવેચન : વૃષ્ણિ-ધુર્ય = હે વૃષ્ણિ (યદુવશંમાં જન્મેલા-અનેક સ્ત્રીના સ્વામી-બહુવંશ કરનાર)ના વંશમાં શ્રેષ્ઠ !, **કાન્ત** = હે કાન્ત !, **સંસૃતે:** = સંસારના, **ભયાત્** = (સંસારમાત્ર સ્વભાવથી જ દોષવાળો નથી, પણ અસહ્ય દુ:ખના કારણરૂપ પણ હોવાથી) ભયથી, **શરણં** = શરણે, **ઈયુષાં** = આવેલાંઓ (પ્રાણીઓ)ને, **વિરચિતાભયં** = જેનાથી અભય પ્રાપ્ત થાય છે તેવો, **કામદં** અ (ઈચ્છેલ) કામનાઓને (પરિપૂર્ણ કરનાર) આપનાર, **કર-ગ્રહં** = શ્રી(લક્ષ્મીજી)ના કરનું (લગ્નમાં) ગ્રહણ કરનાર, **તે** = આપનો, **કર-સરોરુહં** = (સરોવર અને કમલ રૂપ) કરકમલ, **નઃ** = અમારા, **શિરસિ** = શિર પર, **ધેહિ** = ધરો.

હે વૃષ્ટિવંશમાં શ્રેષ્ઠ! હે કાન્ત ! સંસારના ભયથી પ્રાણીઓ આપના શરણે આવે છે. પ્રભુનો કરકમલ કામનાઓ આપનાર છે. કરકમલથી લક્ષ્મીજીના કરનું ગ્રહણ કર્યુ છે. કરકમલ અભયને આપે છે. આવો કરકમલ શિર પર ધરવા શ્રી ગોપીજનો કહે છે.

શ્રી કૃષ્ણ વૃષ્ણિધુર્ય છે. વૃષ્ણિ કુલ એટલે યદુવંશ. યદુવંશમા પ્રભુ જન્મયા છે. આ કુલમાં શ્રેષ્ઠ છે. શ્રી ગોપીજનો પ્રભુને કાન્ત પણ કહે છે. શ્રીગોપીજનો સંતાપ ના લીધે તપી રહ્યાં છે. તેમને શીતલતા જોઈએ છે. પ્રભુનો કરકમલ સંતાપ નસાડે છે. કામનાઓ પૂર્ણ કરે છે. આથી આવો કરકમલ મસ્તકે પધરાવવા ભકતો વીનવે છે.

શ્રી કૃષ્ણ ગૃહસ્થ છે. લક્ષ્મીજી સાથે લગ્ન કર્યા છે. લક્ષ્મીજી વિવાહિત છે. શ્રી ગોપીજનો શરણાગત છે. સ્વજન કરતાં પણ શરણાગતની રક્ષા પ્રભુ વિશેષ રીતે કરે છે. શરણાગત રક્ષા એ કાન્ત(સ્વામિ) ધર્મ છે.

ગોપીજનો સ્ત્રીઓ છે. મનથી પ્રભુમાં આકર્ષાયા છે. તેમના માટે અભયપ્રદ પતિ બનવા વીનવે છે.

અનન્યપૂર્વ યુથના તામસ સાત્વિક ગોપીજનો ગાય છે.

વ્રજ-જનાર્તિહન્ વીર યોષિતાં, નિજ–જન-સ્મય–ધ્વંસન-સ્મિત ।
ભજ સખે ભવત્કિંકરી: સ્મ નો જલ–રુહાનનં ચારુ દર્શય ।।૬।।

સાન્વય-વિવેચન : વ્રજ-જનાર્તિહન્ = હે વ્રજ્જનોની વેદનાનો નાશ કરનાર !, **યોષિતાં વીર** = હે સ્ત્રીઓના વીર ! (અનેક પ્રકારના કામને પોતાની અંદર રહેલા આનન્દથી દૂર કરી, અતિદરિદ્રોની ઈચ્છાને પરિપૂર્ણ કરનાર શ્રીકૃષ્ણ !), **નિજ-જન- સ્મય-ધ્વંસન-સ્મિત** = હે પોતાના સેવકોના (અટ્હાસ્ય રૂપ માયાથી થયેલા) ગર્વનો નાશ કરનાર મન્દ હાસ્ય (દ્વારા માયાનો સંકોચ કરવા) વાળા !, **સખે** = હે મિત્ર !, **ન:** = અમને, **સ્મ** = પ્રસિદ્ધ, **ભવત્કિંકરી:** = આપની દાસીઓને, **ભજ** = ભજો (સેવો), (અને), **ચારુ** = મનોહર, **જલ-રુહાનનં** = કમલ-મુખને, **દર્શય** = દર્શાવો.

ભગવાન વ્રજજનોની વેદનાનો નાશ કરનારા છે. સ્ત્રીઓના વીર છે. મંદ હાસ્યથી સેવકોના ગર્વ નાશ કરનારા છે અને મિત્ર પણ છે. શ્રી ગોપીજનો આવા પ્રભુને કહે છે કે અમે આપની દાસીઓ છે. અમને ભજો. આપના મોનહર કમલ મુખનું દર્શન કરાવો.

શ્રી ગોપીજન પ્રભુને સ્પષ્ટ કહે છે કે હે મિત્ર ! અમને સાનુકૂલ બનો. સર્વથા સાનુકૂલ બને તેને જ સખા કહેવાય. શ્રી ગોપીજનો તે કિંકરી-દાસી છે જ. તેથી તે ભગવાનને સાનુકૂલ જ છે. શ્રીકૃષ્ણ આજ્ઞા છે ‘‘મને જે જે રીતે ભજે. તેને હું તે રીતે ભજું છું ’’ અમે સાનુકૂલ છીએ. આપ પણ આ પ્રતિજ્ઞા મુજબ સાનુકૂલ બનો. વ્રજજનોના દુઃખ કરવાની આપે પ્રતિજ્ઞા લીધી છે. તે માટે તો આપ પ્રકટ થયા છો.

અમે અબલાઓ છીએ. આપ અબલાઓને આપત્તિમાંથી ઉગારનારા છો. વીર હોય તે જ દુશ્મનને દૂર કરે. અમારા કામનું નિવારણ કરનારા આપ વીર છો. કૃષ્ણ પૂર્ણાનંદ છે. સદાનંદ છે. આથી ગોપીજનોની કામના પૂર્તિ કરી તેમને આનંદથી પૂર્ણ કરે છે.

શ્રી ગોપીજનોમાં અભિમાન આવ્યું હતું. તે દોષરૂપ છે. તેને શ્રીઠાકોરજી પોતાના સ્મિત દ્વારા દૂર કરી સકે છે. પ્રભુનુ હાસ્ય માયારૂપ છે. મંદ હાસ્ય ભકતોને માયાના મોહથી દૂર કરે છે. પ્રભુના મધુર હાસ્ય યુકત મુખ જોતાં દેવ, દાનવ અને માનવના ગર્વ દૂર થઈ જાય છે.

પ્રભુનું મુખકમલ મનોહર છે. મન હરાય મનનો દોષ રહેતો નથી. ખીલેલું કમલ મનોહર હોય. તદ્ન બીડાયેલું કમલ સુંદર ન લાગે. પ્રભુનું મુખકમલ સ્મિતથી પ્રફુલ્લિત છે. તેથી પ્રભુની પ્રસણ્નતાનું સૂચન કરે છે. આથી નકકી થાય છે કે પોતાના ભકતોને દોષમાંથી ક્ષમા આપી છે. પ્રભુનું મુખકમલ, જલ કમલની જેમ જ શીતલતા આપે છે. સંતાપ દૂર કરે છે.

અન્નયપૂર્વા રાજસ સાત્વિક ગોપીજન ગાય છે.

પ્રણત-દેહિનાં પાપ કર્ષણં તૃણ-ચરાનુગં શ્રી-નિકેતનમ્ ।
ફણિ-ફણાર્પિતં તે પદામ્બુજં, કૃણુ કુચેષુ નઃ કૃન્ધિ હૃચ્છયમ્ ।।૭।।

સાન્વય-વિવેચન : પ્રણત-દેહિનાં = ધર્મમાર્ગાદિનો પરિત્યાગ કરીને પણ)

પ્રકર્ષથી નમન કરનાર પ્રાણીઓનાં, **પાપ-કર્ષણં** = પાપોને દૂર કરનાર દૂર કરનારું, **તૃણ-ચરાનુગં** = ઘાસ ચરનારાં (ગાય વગેરે) પશુઓ પાછળ (તેમના હિત માટે) ચાલનારું, **શ્રીનિકેતનં** = લક્ષ્મીજીના નિવાસસ્થાન રૂપ, **ફણિ-ફણાર્પિતં** = (ક્રૂર-ઝેરી કાલિય) નાગની ફણાઓ ઉપર (તેની અંદર દોષો દૂર કરવા) પધરાવલું, **તે** = આપનું, **પદામ્બુજં** = ચરણકમલ, **નઃ** = અમારાં, **કુચેષુ** = (સમુદાયભિપ્રાયે વા વિરહમાં ભિન્નતવ-ભાને બહુવચન છે), સ્તનો (હૃદયો) ઉપર, **કૃણુ (ષ્વ)** = પધરાવો, (અને તેનાથી) **હૃચ્વયં** = હૃદયમાં (ચોરની જેમ) રહેલા (કામ) ને, **કૃન્ધિ** = નષ્ટ કરો.

પ્રભુના ચરણકમલોને નમન કરનાર પ્રાણીઓનાં પાપો દૂર થાય છે. ઘાસ ચરનારાં પશુઓ પાછળ આ ચરણકમલો ચાલે છે. લક્ષ્મીજીનું નિવાસ સ્થાન ચરણકમલો છે. નાગની ફણાઓ ઉપર પ્રભુ આ ચરણકમલો પધરાવે છે. શ્રી ગોપીજનો વિનંતિ કરે છે કે આવાં ચરણકમલો અમારા હૃદયો ઉપર પધરાવી તેમાં રહેલા કામને નષ્ટ કરો.

પ્રભુના ચરણકમલોને પ્રકર્ષથી નમન કરવું જોઈએ. સર્વધર્મ છોડી ધર્મી કૃષ્ણની દીનતાપૂર્વક શરણાગતિ કરી નમન કરીએ તે પ્રકર્ષતાથી કરેલું નમન કહેવાય. આનાથી જીવના સર્વદોષ દૂર થાય છે. નિર્દોષ બને છે. પ્રભુનાં ચરણ જીવને અભય આપે છે.

વાછરડાં મૂઢ છે. ઘાસ તેમને અમૃત જેવું લાગે છે. પ્રભુનાં ચરણ તેને ચરાવવા વનમાં જાય છે.

કાલિય ક્રૂર છે. તેની ફણાઓ તો અતિક્રૂર હોય. પ્રભુના ચરણ સ્પર્શથી તેનો પણ દોષ ગયો. શ્રી ગોપીજનો પ્રભુને આવાં ચરણકમલ પોતાનાં હૃદયો પર પધરાવવા વિનંતિ કરે છે. આથી તેમનાં દોષો દૂર થાય. તેમની અધોગતિ ન થાય. સર્વ પાપ નાશ થાય. સંતાપ સમી જાય. હૃદય કામ જાય.

અનન્યપૂર્વા નિર્ગુણ ગોપીજન ગાય છે.

મધુરયા-ગિરા વલ્ગુ-વાક્યયા, બુધ મનોજ્ઞયા પુષ્કરેક્ષણ ।
વિધિકરીરિમા વીર મુહ્યતી- રધર-સીધુના પ્યાયયસ્વ નઃ ।।૮।।

સાન્વય-વિવેચન : પુષ્કરેક્ષણ = હે કમલ (જેવાં તાપ-હારક) નયન (વાળા) !, **વીર** = હે (અર્તોની વેદનાને દૂર કરનાર), વીર !, **વલ્ગુવાક્યયા** = (સત્ય અને પ્રિયનું પ્રતિપાદન કરતી-સદ્રૂપ) મનોહર વાક્યોનીવાળી, **બુધ-મનોજ્ઞયા** = જ્ઞાનીઓને આહ્લાદ કરનારી (જ્ઞાનરૂપ), **મધુરયા** = (મધુરૂપ, અસાધારણ રસવાળી,-આનંદરૂપ) મધુર, **ગિરા** = વાણી વડે, **મુહ્યતીઃ** = (મરણની પૂર્વાવસ્થારૂપ) મૂર્છા પામતી, **ઈમાઃ** = (ક્ષણમાત્ર ના વિલંબે મરનારી) આ, **વિધિકારીઃ** = (આપની) આજ્ઞાપાલક (અથવા સેવા કરનારી), **નઃ** = અમને (ગોપીકાઓને), **અધર-સીધુના** = અધરામૃત વડ, **પ્યાયસ્વ** = પાન કરાવી સજીવન કરો.

પ્રભુ કમલનયન છે. વીર છે. આપની વાણી મનોહર વાકયોવાળી છે. જ્ઞાનીઓને આહ્લાદ દે છે. આ વાણી મધુર છે. શ્રી ગોપીજનો પ્રભુને વિનવે છે કે અમે મુર્છા પામી રહ્યા છે. આપનાં આજ્ઞા પાલક છીએ. આપના અધરામૃત વડે અમને સજીવન કરો.

ગોપીજનો આજ્ઞાપાલક છે. પ્રભુસેવા રત છે. પ્રભુની વાણી આનંદરૂપ છે. પ્રીતિ પૂર્ણ છે. અસાધારણ રસ ભરેલી મધુર છે. આ વાણીમાં સત્ય અને પ્રિય નો સમન્વય છે. સત્ય પણ હોય અને પ્રિય પણ હોય તેવું પ્રાયઃ બનતું નથી. સત્ય અને પ્રિયના સુમેળ વાળી વાણી વલ્ગુ-મનોહર છે તેથી સદ્રુપ છે. સુજ્ઞજનોને સુખ આપે છે તેથી ચિદ્રૂપ છે. આમ પ્રભુની વાણી પણ સચ્ચિદાનંદરૂપ છે. આ વાણીથી ગોપીજનો મૂર્છિત થયાં છે.

પ્રભુ વીર છે. દુઃખીના દુઃખ દૂર કરે તે વીર કહેવાય. પ્રભુ વીર હોવાથી ગોપીજનોના મૂર્છા રૂપ દુઃખને શાન્ત કરવાનું કહે છે.

પ્રભુનાં લોચન કમલ જેવાં છે. ''કમલ સી અખિયાં લાલ તિહારી'' આથી સંતાપ ને શમાવે છે. શ્રી ગોપીજનો પ્રભુને વાર્તાલાપ, દર્શન તથા પાનરૂપી સુખ માટે વિનવે છે. અમૃત પાનથી જ અસાધ્ય મૂર્છા શમે છે. અલૌકિક અધરામૃતની આશા કરે છે.

અનન્યપૂર્વા સાત્વિક રાજસ ગોપીજનો ગાય છે.

તવ કથામૃતં તપ્ત-જીવનં, કવિભિરીડિતં કલ્મષાપહં ।
શ્રવણ મંગલં શ્રીમદાતતં ભૂવિ ગૃણન્તિ તે ભૂરિદા જના: ।।૯।।

સાન્વય-વિવેચન : તપ્ત-જીવન = (સંસારમાં) તપેલાઓ (સંસ્કાર-યોગ્ય અને સંસ્કાર-અયોગ્ય) ના (તાપને જ્ઞાન વા પરિત્યાગથી દૂર કરતા જ્ઞાન, કે વૈરાગ્ય રૂપ) જીવન-રૂપ, **કવિભિરીડિતં** = (શબ્દાર્થ-રસિક) (કવિ) જ્ઞાનીઓએ સ્તુતિ કરેલા (જ્ઞાન કે વૈરાગ્ય રૂપ), **કલ્મષાપહં** = પાપોને દૂર કરનારાં (ધર્મ અથવા અલૌકિક સાધક વીર્ય-રૂપ), **શ્રવણ-મંગલં** = સાંભળતાં જ મંગલ કરનારાં (યશોરૂપ), **શ્રીમત્** = (શ્રોતા-વક્તાને) શ્રીસિદ્ધિ દેનાર તથા લક્ષ્મીજીને પણ અપેક્ષિત હોવાથી શ્રીરૂપ) શ્રીયુક્ત, **આતતં** = સર્વ વ્યાપક (એશ્વર્ય-રૂપ), **તવ** = આપ (તિરોહિત થતા, સ્વતન્ત્ર ભગવાન્) ના, **કથામૃતં** = (તિરોહિત ન થતી પરતન્ત્ર છતાં આપના સમાન) કથા (રૂપ) અમૃતને (મરણને દૂર કરનાર, ભગવદ્રસાત્મક, મોક્ષ દેનાર, પરમાનન્દ-રૂપ), **તે** = તે (પ્રસિદ્ધ - વ્યાસજી વગેરે), **ભૂરિદાજના:** = અત્યંત દેનારા, જન્માદિ- દોષ-રહિત-ભગવદ્રૂપ-જેનો, **ભુવિ** = પૃથ્વી ઉપર, **ગુણન્તિ** = રટે છે.

ભગવાનનું કથામૃત સંસારમાં તપેલાઓ માટે જીવનરૂપ છે. જ્ઞાનીઓ તેની સ્તુતિ કરે છે. પાપો દૂર કરે છે. કથામૃત શ્રીયુકત છે. સર્વવ્યાપક છે. સાંભળતાં જ મંગલ કરે છે.

ભગવદ્રુપ જનો જન્મા દોષો વગરના છે. તે જનો પૃથ્વી પર રહી કથામૃત કહે છે.

ભગવાનનું સ્વરૂપ અને નામ સરખા સામ્ર્થ્યવાળાં છે. શ્રી ભાગવત નામ સ્વરૂપ છે. તેની કથા અમૃતરૂપા છે. અમૃત એટલે ભગવદ્‌રસ. તે મોક્ષ પણ આપે અને પરમાનંદ પણ આપે. ભગવાન છ ગુણવાળા છે. કથા પણ છ ગુણવાળી છે.

કથામૃત પ્રાપ્ત કરવા માટે 'તપ્ત' હોવું જરૂરી છે. વ્યાસજી તપ્ત હતા. શ્રી શુકદેવજી પાસે ભાગવત સાંભળ્યું ત્યારે તેમેને તે ભકિતયુકત - અમૃત સંવલિત લાગ્યું

પરીક્ષિતજી 'તપ્ત' હતાં. અન્નજલ ત્યજયાં હતાં પછી કૃષ્ણ કથામૃત માણ્યું તો સાચા જીવનનો અનુભવ થયો.

દેવો તપ્ત ન હતાં ભોગરત હતાં. શ્રી શુકદેવજી તેમને કથા સાંભળાવતા નથી.

અમૃતથી સંતાપ શમે છે. કૃષ્ણ કથા સંસારના સકલ સંતાપને શમાવે છે. જીવન ટકાવે છે.

શબ્દ અને અર્થના રસને જાણે તે કવિ કહેવાય. તેઓ જ્ઞાન અને વૈરાગ્યનું સન્માન કરે છે. શ્રી ભાગવતમાં આ બંને છે.

કથા અલૌકિક છે. ધર્મરૂપા છે. પાપનો નાશ કરે છે. કથાનું શ્રવણ માત્ર કરવાથી મંગલ થાય છે. શ્રવણ પછી અનન્ય ભકિત થાય છે.

કથા શ્રી-શોભારૂપ છે તે અંતઃકરણ, વાણી અને કર્ણના દોષો દૂર કરે છે.

કથા સંકુચિત નથી. વ્યાપક છે. ભગવાનનું ઐશ્વર્ય સર્વ સ્થળે વ્યાપેલું છે. કથામૃત પણ વ્યાપક છે. સર્વત્ર સુલભ છે. સર્વને સામર્થ્ય આપે છે.

બ્રહ્માજીની વિનંતી થી પ્રભુ પધારે. પછી તિરોહિત થાય. કથામાં પ્રગટેલા પ્રભુ અંતર્ધાન થતાં નથી.

અનન્યપૂર્વા તામસ રાજસ ગોપીજનો ગાય છે.

પ્રહસિતં પ્રિય પ્રેમ-વીક્ષિતં વિહરણં ચ તે ધ્યાન–મંગલમ્ ।
રહસિ સંવિદો યા હૃદિ-સ્પૃશઃ, કુહક નો મનઃ ક્ષોભયન્તિ હિ ।।૧૦।।

સાન્વય-વિવેચન : પ્રિય = હે પ્રિય ! (આપના સંબંધી યાદ ક્ષોભે કરે છે), **તે** = આપનું, **પ્રહસિતં** = સુંદર (પ્રકર્ષ-યુક્ત) હાસ્ય, **પ્રેમ-વીક્ષિતં** = પ્રેમ-પૂર્વકનાં અવલોકન(ની યાદ), **વિહરણં** = (વેણુનાદ કરતાં ચાલવું, ભગવત્સંબંધી રસ પ્રકટ કરતી ત્રિભંગ-લલિત-આકૃતિ, વગેરે જેનાથી વિશેષ પ્રકારે મનનું હરણ થાય તેવા આપના) વિહાર, **ચ** = અને, **ધ્યાન-મંગલં** = (ભગવત્સ્વરૂપ રૂપ શુભ-ફલ દેતું આપનું) મંગલ-ધ્યાન, **રહસિ** = એકાંતમાં (ઉચ્ચારેલ), **સંવિદઃ** = (શાસ્ત્ર કે રસ સંબંધી આપની) જ્ઞાન-યુક્ત વાણી, **યા** = જે, **હૃદિ-સ્પૃશઃ** = (શ્રીગોપીજનનુ સાનુકૂલ) હૃદયમાં ઉતરી જાય છે. (તે), **કુહક** = હે કપટ (લીલા કરનાર) !, **નઃ** = અમારાં, **મનઃ** = મનને, **હિ** = (સર્વાનુભવથી) ખરેખર, **ક્ષોભયન્તિ** = (સ્વરૂપના ચાર અને નામના બે ક્ષોભ કરાવનાર ગુણોથી) ક્ષોભ કરે છે.

ગોપીજનો ના પ્રભુ પ્રિય છે. પ્રિયનું સુંદર હાસ્ય છે. પ્રેમપૂર્વક અવલોકન અને તેની યાદ છે. મંગલધ્યાન છે. એકાંતમાં પ્રભુએ ઉચ્ચારેલી વાણી હૃદયમાં ઉતરી જાય છે. શ્રી ગોપીજનો પ્રભુને કપટલીલા કરનારા કહે છે અને મનમાં ક્ષોભ પામે છે.

ભગવાનમાં છ મોહક ગુણો છે. ગોપીજનોમાં તે ક્ષોભ વધારે છે. (૧) પ્રભુનું હાસ્ય (૨) પ્રિય તરીકે સંબંધ (૩) સંયોગ વખતે પ્રાપ્ત થયેલું પ્રેમથી અવલોકન (૪) લીલા વિહાર વગેરે માં પ્રભુનુ ચાલવું (૫) એકાંતમા ઉચ્ચારેલી વાણી (૬) જે હૃદયમાં ઉતરી જાય છે. આ બધું સંયોગમાં સુખરૂપ બને. વિયોગમાં તો અકળામણ થાય છે. ક્ષોભ થાય છે.

અનન્યપૂર્વા રાજસ રાજસ ગોપીજનો ગાય છે.

ચલસિ યદ્-વ્રજાચ્ચારયન્પશૂન્ નલિન-સુંદર નાથ તે પદમ્ ।
શિલ–તૃણાઙ્કુરૈઃ સીદતીતિ નઃ કલિલતાં મનઃ કાન્ત ગચ્છતિ ।।૧૧।।

સાન્વય-વિવેચન : નાથ = (ગોચારણ માટે અનેક સેવકો છતાં સ્વયં ગોચારણમાં પધારતા) હે નાથ !, યત્ = જ્યારે, **વ્રજાત્** = વ્રજામાંથી, **પશૂન્** = પશુઓને, **ચારયન્** = ચરાવતા, **ચલસિ** = આપ ચાલો છો, (ત્યારે), **નીલન-સુન્દરં** = (જલમાં, શ્રીગોપીજનમાં, કે લક્ષ્મીજીમાં સ્થિતિ-યોગ્ય) કમઈ કરતાં પણ સુન્દર (કોમલ), **તે** = આપનું, **પદં** = (ચામડાની મોજડી વગરનું એન ક્યારેક જ લાકડાની પાદુકાઓવાળું) ચરણ, **શિલ-તૃપાઙ્કુરૈ** = પથ્થર, ઘાસ દર્ભમાં અંકુર (વગેરે) વડે, (અથવા અતિકઠિન ઘાસન અણીદાર અંકુરો વડે), **સીદતિ** = ક્લેશ પામે છે, (પીડાય છે,) **ઈતિ** = (સ્નેહવશપણાથી) આ પ્રકારે, (મનઃ) **કાન્ત** = હે (મનને આકર્ષપનાર અથવા મનના સ્વામી) પ્રિય !, **નઃ** = અમારું, **મનઃ** = મન, **કલિલતાં** = ખેદ, **ગચ્છતિ** = પામે છે.

પ્રભુનાં ચરણ કમલથી પણ સુંદર છે. આવા ચરણથી આપ વ્રજમાં પશુઓને ચરાવવા ચાલે છે. રસ્તામાં પથ્થર, ઘાસ અને દર્ભના અંકુર હોય છે. આનાથી ચરણને કલેશ થાય. આ જોઈન શ્રીગોપીજનોના મનને ખેદ થાય છે.

કમલ સરોવરમાં સ્થિર રહે છે. પ્રભુના ચરણ કમલે પણ વ્રજમાં સ્થિર રહેવું જોઈએ અથવા રસપૂર્ણ હૃદયમાં બિરાજવું જોઈએ. પણ પ્રભુતો ચરણને સવારથી સાંજ સુધી ચલાવે છે. પશુઓને ચરાવવાં પડે છે. પૃથ્વી તો ભકત છે. પ્રભુના ચરણને શ્રમ ન કરાવે. પણ રસ્તામાં કંટક વગેરે હોય તેથી પ્રભુના ચરણને શ્રમ થાય છે.

ભકત ભૂમિને સૌભાગ્ય સુખ આપવાં પ્રભુ ઉઘાડા ચરણે પધારે છે. પગરખાં પશુના ચર્મથી બને. પશુપાલક તે ન પહેરે. આમ પ્રભુ ખુલ્લા પગે પધારે છે.

કોમલ ચરણ કમલ કઠિન જમીન પર વિહરે છે. તેથી શ્રમ થાય છે. તે જોઈ ગોપીજનો કલેશ પામે છે. ગોચારણ માટે સેવકો રાખી શકાય છતાં પ્રભુ જાતે જ પધારે છે.

હવે અન્યપૂર્વા તામસ રાજસ ગોપીજન ગાય છે.

દિન-પરિક્ષયે નીલ-કુંતલૈ- ર્વન-રુસહાનનં બિભ્રદાવૃતમ્ ।
ધન–રજસ્વલં દર્શયન્ મુહુ- ર્મનસિ નઃ સ્મરં વીર યચ્છસિ ।।૧૨।।

સાન્વય-વિવેચન : વીર = (વારંવાર મુખ-દર્શન કરાવી ઉત્પન્ન કરેલા કામને શાન્ત કરવા માટે યુદ્ધ જરૂરી હોવાથી) હે વીર !, **દિન-પરિક્ષયે** = (વિયોગ કરાવનાર દ્વેષી દિવસનો નાશ થતાં) સાયંકાલે, **નીલકુન્તલૈ** = (ભ્રમર જેવા, રસ ઉત્પન્ન કરનાર) કાળા કોમલ કેશ વડે, **આવૃતં** = વીંટળાએલા, **ધન-રજસ્વલં** = ગોધનની રજઃ થી ધુસર બનેલા, **વન-રુહાનનં** = (વનમાં સર્વ-રસ-ધર્મ પ્રકટ કરતા અને સ્થિતિ કરતા) વનમાં ઉગેલા-કમલ જેવા મુખને, **બિભ્રત્** = (કામરૂપ રસને શ્રીગોપીજનનાં મનમાં સ્થપાતાં, પ્રયત્નપૂર્વક વનની અવસ્થાને સ્થાપતાં, રસોપભોગ માટે) ધારણ કરતાં, (અને,) **મુહુઃ** = (માર્ગમાં પધારતાં-આગળ ચાલતાં, પાછળ ફરીને જોતાં) વારંવાર, **દર્શયન્** = (સ્વાગત માટે માર્ગમાં ઊભેલા શ્રીગોપીજનને પોતાની અપેક્ષા પણ) દર્શાવતાં, **નઃ** = અમારા, **મનસિ** = મનમાં, **સ્મરં** = (આશ્વાસન વગેરેથી શમે નહિ તેવો આગન્તુક, ઉત્કટભાવ રૂપ) કામ, **યચ્છસિ** = (આપ) આપો છો.

પ્રભુ વીર છે. સાયંકાળે ગોધન ચરાવી પાછા ફરે છે. આ વખતે કાળા કોમલ કેશ મુખને વીટળાયેલા હોય છે. ગોધનની રજ તે પર પથરાયેલી હોય છે. પ્રભુનું મુખ વનમાં ઉગેલ કમલ જેવું લાગે છે. પ્રભુ વારંવાર આવાં દર્શન આપી શ્રી ગોપીજનોને કામનું દાન કરે છે.

અનન્યપૂર્વા ગોપીજનો દિવસે વનમાં પ્રભુ પાસે જઈ શકે છે. રાત્રે પણ પ્રભુ પાસે જઈ શકે છે. અન્યપૂર્વા ગોપીજનોનાં લગ્ન થયાં છે. તેથી તે ઘર બહાર નીકળી શકતાં નથી. આ ગોપીજનો સવારે કૃષ્ણદર્શન કરે છે પછી સંધ્યા કાળે જ આ લાભ મળે આથી તેમના મનમાં કામના જાગે છે. અન્ય પૂર્વાને દિવસ દુ:ખથી ભરેલો લાગે છે. દુશ્મન જેવો જણાય છે. કારણ કે પ્રભુનો વિયોગ છે. આ વિયોગ સંધ્યાકાળે (દિનપરિક્ષયે) મટે.

પ્રભુ સંધ્યાકાળે ગોકુળમાં પ્રવેશે છે. વન કમલ જેવું મુલકમલ છે. પ્રભુના વાળ ભ્રમર જેવા છે. વાંકડીયા છે. તે મુખને વીટાય છે. તે પર ગોધન નીરજ ફેલાઈ છે. ‘‘ગાયનકી ખુર રજ અંગ લપટાવે.’’ પ્રભુ આવાં મુખના દર્શન વારંવાર કરાવે છે.

પાછા પધારતાં પ્રભુ આવાં મુખના દર્શન કરવાં શ્રી ગોપીજનો માર્ગની બંને બાજુ ઉભાં છે. વચ્ચેથી પ્રભુ પધારે. બંને તરફ દ્રષ્ટિપાત કરે છે. ભકતોનાં સુખ માટે વારંવાર મુખદર્શન કરાવે છે. આનાથી ભકતોની કામના વધે છે. પ્રભુનાં પ્રસન્ન મુખ દર્શનથી ખરેખર તો જ્ઞાન આવે. અહીં (ગો)રજ નો સંબંધ છે તેથી કામનું દાન છે.

હવે અન્યપૂર્વા રાજસ રાજસ ગોપીજન ગાય છે.

પ્રણત - કામદં પદ્મજાર્ચિતં ધરણિ - મણ્ડનં ધ્યેયમાપદિ ।
ચરણ–પંઙ્કજં શન્તમં ચ તે રમણ નઃ સ્તનેષ્વર્પયાધિહ્ન ।।૧૩।।

સાન્વય-વિવેચન : રમણ = હે (રતિ કરનાર, ઈષ્ટ પ્રાપ્ત કરાવનાર) રમણ !, **આધિહન્ = (આતિહન્)** = હે હૃદયનો તાપ અને ચિન્તાનીદૂર કરનાર (અનિષ્ટ દૂર કરનાર), **પ્રણત-કામદં** = પ્રકર્ષથી નમન કરનાર (અનન્ય શરણવાળાઓ)ને ઈચ્છેલ પદાર્થ દેનાર (ઐશ્વર્ય-યુક્ત), **પદ્મજાર્ચિતં** = બ્રહ્માજી (લક્ષ્મીજી અથવા નખો) દ્વારા પૂજાએલા (ધર્મરૂપ), **ધરણિ-મણ્ડનં** = પૃથ્વીના અલંકાર (શોભા) રૂપ, (યશઃ કે શ્રીરૂપ), **આપદિ** = આપત્તિમાં, **ધ્યેયં** = ધ્યાન કરવા યોગ્ય, (શ્રી-રૂપ વા કીર્તિ-રૂપ), **ચ** = અને, **શન્તમં** = શ્રેષ્ઠ કલ્યાણરૂપ (જ્ઞાન રૂપ), **તે** = આપનાં, **ચરણ-પઙ્કંજ** = ચરણકમલને (વેરાગ્ય રૂપ), **નઃ** = અમારા, **સ્તનેષુ** = વક્ષઃસ્થલ (હૃદય), ઉપર, **અર્પય** = (શ્રી-ગોપીજને હૃદયમાં પધરાવેલું છતાં બહાર ન આવતું ચરણ) અર્પણ કરો.

શ્રી કૃષ્ણને રમણ કહી સંબોધે છે. તે હૃદયનો તાપ તથા ચિંતાઓ દૂર કરે છે. સદૈન્ય નમન કરનારને ઈચ્છેલ વસ્તુ આપે છે. પ્રભુના ચરણકમલની પૂજા બ્રહ્માજીએ કરી છે. આ ચરણ પૃથ્વીના અલંકાર રૂપ

છે. આપત્તિ સમયે ધ્યાન કરવાં યોગ્ય છે. કલ્યાણરૂપ છે. શ્રી ગોપીજનો આવા ચરણકમલ પોતાના વક્ષઃસ્થલ પર પધારવવા વિનવે છે.

પ્રભુનાં ચરણપંકજ પાંચ ઉપકાર કરે છે. (૧) લૌકિકામનું ખંડન (૨) ઐશ્વર્યદાન (૩) સ્વકામદાન (૪) અલંકરણ (૫) આપત્તિ નિવારણ. અહીં શ્રી ગોપીજનનો માત્ર તાપ નિવારણ માંગે છે. ચરણપંકજમાં છ ગુણો છે. તે અહીં દર્શાવ્યા છે.

(૧) અનન્ય શરણાગત થઈ નમસ્કાર કરનારને ઈચ્છેલું આપે છે. (પ્રણત કામદં) આ ઐશ્વર્ય છે. (૨) બ્રહ્માજીએ આ ચરણપૂજ્યું છે. લક્ષ્મીજીએ પણ પૂજ્યું છે. આ ધર્મરૂપ છે.(પદ્મજાર્ચિતં). (૩) પૃથ્વીની શોભા રૂપ છે. (ધરણિ મંડન) આ શ્રી ગુણ છે. (૪) આપત્તિ વેળા ધ્યાન કરવા લાયક છે. (ધ્યેયમાપદિ) આ યશ છે. કલ્યાણ (શન્તમં) રૂપ છે. આ જ્ઞાન થયું (૬) આર્તિહન કહેતાં અહીં વૈરાગ્ય છે. આર્તિહન એટલે અનિષ્ટ અટકાવનારા.

શ્રી ગોપીજન પ્રભુને આવું ચરણકમલ પોતાના હૃદય પર પધરાવવા વિનવે છે. આથી હૃદયના દોષ અને દુઃખ દૂર થાય છે.

હવે અન્યપૂર્વા સાત્વિક રાજસ ગોપીજન ગાય છે.

સુરત-વર્ધનં શોક-નાશનં સ્વરિત–વેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્ ।
ઈતર-રાગ–વિસ્મારણં નૃણાં વિતર વીર નસ્તેડધરામૃતમ્ ।।૧૪।।

સાન્વય-વિવેચન : વીર = હે (અધરામૃત-દાન રૂપ શોર્યવાળ) વીર !, **સુરત-વર્ધનં** = (કામ) ક્રીડારસને વધારનારું (ઐશ્વર્ય અને સાધન-બલ તથા કામ-પુરુષાર્થરૂપ), **શોકનાશનં** = શોક (અતંઃકરણના સર્વદોષો)નો નાશ કરનારું (જ્ઞાન-વૈરાગ્ય રૂપ કે ઐશ્વર્ય-ધર્મ રૂપ અને મોક્ષ-પુરુષાર્થ તથા ફલ-બલ રૂપ), **સ્વરિત-વેણુના** = નાદ-યુક્ત (પરમ ભક્ત) વેણુ વડે, **સુષ્ઠુ** = સારી રીતે, **ચુમ્બિતં** = આસ્વાદિત, (પ્રમાણ-બલરૂપ અને ધર્મ-પુરુષાર્થ તથા યશો-રૂપ), **નૃણાં** =

(અધિકારી વા દુર્લભ પુરુષાર્થવાળા) જનોને, **ઈતર-રાગ-વિસ્મારણં** = અન્ય (સર્વ)માંના રાગ (આસક્તિ)ને ભૂલાવી દેનારું, (સ્વતઃ પુરુષાર્થ-પણાથી પ્રમેય-બલ રૂપ તથા અર્થ-પુરુષાર્થ રૂપ અને શ્રી રૂપ), **તે** = આપનું, **અધરામૃતં** = (ચાર ગુણવાળું) અધરામૃત, **નઃ** = અમને, **વિતર** = (વહેંચો) દાન કરો.

શ્રી કૃષ્ણને વીર કહી સંબોધ છે. પ્રભુનું અધરામૃત ક્રીડા રસને વધારનારું છે. શોકનો નાશ કરે છે. વેણું તેનું આસ્વાદન કરે છે. જનોના અન્ય રાગ ભૂલાવી દે છે. આવા અધરામૃતનું દાન ગોપીજનો માંગે છે.

પ્રભુનું અધરામૃત સ્વતઃ પુરુષાર્થરૂપ છે તેના ચાર ગુણો ગણાવ્યા છે. (૧) કોઈ ઔષધ ભૂખ વધારે તેમ તે કામવર્ધક છે. (સુરતવર્ધન). (૨) અંતઃકરણના દોષો નાશ પામે છે. શોક નષ્ટ થાય છે. (શોકનાશનં). (૩) પ્રભુનો વેણુ પરમભકત છે. વેણુનાદ વેદાત્મક છે. વેણુથી અધરસુધા ચુંબિત છે. વેણુએ પાન નથી કર્યું (સ્વરિત વેણુના સુષ્ઠુ ચુમ્બિતં). (૪) અધરામૃત બીજું સર્વ ભૂલાવે છે (ઈતર રાગવિસ્મારણંનૃણાં). કૃપાપાત્રોને આ લાભ મળે છે.

અન્યપૂર્વા સાત્વિક તામસ ગોપીજનો ગાય છે.

અટતિ યદભવાનહ્નિ કાનનં, ત્રુટિ-યુગાયતે ત્વામપશ્યતામ્ ।
કુટિલ કુન્તલં શ્રીમુખં ચ તે જડ ઉદીક્ષતાં પક્ષ્મ-કૃદ્ દશામ્ ।।૧૫।।

સાન્વય-વિવેચન : યદ્-ભાવન્ = જ્યારે આપ, **અહ્નિ** = દિવસે, **કાનનં** = વનમાં, **અટતિ** = પધારો છો, (ત્યારે), **ત્વાં** = આપને, **અપશ્યતાં** = ન જોતાં, **ત્રુટિ** = (પરમાણુ-કાલથી ૧૮ ગણો અને આંખના પલકારા (નિમેષ) જેટલો સમયનો ૯૦૦મો ભાગ) ત્રુટિ જેટલો સમય, **યુગાયતે** = યુગ જેવો થઈ જાય છે. **ચ** = અને, (સાંજે પાછા વ્રજમાં પધારતા), **તે** = આપના, **કુટિલ-કુન્તલં** = વાંકોડીઆ કોમલ કેશવાળા, **શ્રીમુખં** = શ્રીમુખને, **ઉદીક્ષતાં** = (દેવો કરતાં પણ અધિક અલૌકિક) નિરખતાં, **દશા** = (અમારાં) નેત્રોની, **પક્ષ્મ-કૃત્** = પાંપણ બનાવનાર (બ્રહ્માજી), **જડઃ** = (આ અનુચિત-કાર્ય કરવાથી) જડ છે.

પ્રભુ દિવસે વનમાં પધારે છે. ગોપીજનો પ્રભુને જોતાં નથી. આ વખતે ત્રુટિ જેટલો સમય તેમને યુગ જેવો લાગે છે. પ્રભુનું શ્રીમુખ વાકડીયાં, કોમળ કેશવાળું છે. ગોપીજનોને તે નિરખવું હોય પણ નેત્રની પાંપણો નડે છે તેથી બ્રહ્માજીને જડ કહે છે.

ત્રુટિ એટલે પરમાણુ કાલથી ૧૮ ગણો ભાગ. આંખના પલકારા (નિમેષ) જેટલા સમયનો ૯૦૦મો ભાગ. પ્રભુ દિવસે વનમાં વિહાર કરે છે ત્યારે શ્રી ગોપીજનને વિરહ છે. આ વિરહમાં એક ત્રુટિ જેટલો સમય યુગ જેટલો થઈ જાય છે.

પ્રભુ સાંજે પધારે છે. આ વખતે ભકતોને વાંકડીયાવાળ વાળા મુખનું દર્શન થાય છે. આ વખતે પાંપણના પલકારા વચમાં આવે આથી દર્શન થાય નહીં આથી બ્રહ્માજીને જડ કહે છે. ભકત કવિ નંદદાસજી પણ કહે છે કે ‘બડો મંદ અરવિંદસુત જિન્હ નહી પ્રેમ પહિચાન’

અન્યપૂર્વા તામસ તામસ ગોપીજન ગાય છે.

પતિ-સુતાન્વય-ભ્રાતૃ –બાન્ધવા- નતિવિલઙ્ઘ્ય તેડન્ત્યચ્યુતાગત: ।
ગતિ-વિદસ્તવોદ્‌ગીત–મોહિતા: કિતવ યોષિત: કસ્ત્યજેન્નિશિ ।।૧૬।।

સાન્વય-વિવેચન : અચ્યુત = હે (સ્વત: કામ-નિવૃત્તિ-ભય-રહિત) અચ્યુત !, **પતિ-સુતાન્વય-ભાતૃ-બાન્ધવાન્** = (ઉલ્લંઘન કરી ન શકાય તેવાં) પતિ, પુત્ર, વંશ, ભાઈ, સંબન્ધીઓને, **અતિવિલઙ્ઘય** = અતિશય ઉલ્લંઘીને, **તે** = આપની, **અન્તિ** = પાસે, **આગતા:** = (સ્વજન અને ભગવદ્-ભજનમાં ભેદરૂપ ગતિને જાણનારાં) અમે આવ્યા છીએ, **કિતવ** = હે શઠ !, **ગતિ-વિદ:** = (સર્વને ગતિ દેનાર હોવાથી સર્વની) ગતિને જાણનાર, **તવ** = આપના, **ઉદ્‌ગીત-મોહિત:** = ઉચ્ચ સ્વરે ગાયેલા ગીતથી મોહિત થયેલી, **યોષિત:** = સ્ત્રીઓને, **નિશિ** = રાત્રે, **કા:** = કોણ, **ત્યેજેત્** = ત્યજે ?

પ્રભુને અચ્યુત કહે છે. શ્રી ગોપીજનો પતિ, પુત્ર, વંશ, ભાઈ અને સંબંધીઓને અતિશય ઉલ્લંઘીને આવ્યા છે. પ્રભુને શઠ કહીને પણ સંબોધે

છે. પ્રભુ સર્વની ગતિને જાણે છે. તેમણે ઉચ્ચ સ્વરે ગીત ગાયું છે. તેનાથી ગોપીજનો મોહિત થયા છે. આવ્યા છે. આવી સ્ત્રીઓને કોણ ત્યજે ?

પ્રભુ અચ્યુત છે. આપને કામનનિવૃત્તિનો ભય નથી. પ્રભુ સર્વની ગતિ જાણે છે. સર્વને ગતિ પણ આપે છે. ''અંતરકીગત જાનો મેરે અંતર્યામી.'' ગોપીજનો પણ ફલરૂપ ગતિને જાણે છે. પ્રભુએ ઉચા સ્વરથી ગીત ગાયું છે. તેનાથી મોહિત થઈ ગોપીજનો આવ્યા છે. પ્રભુ હવે તેમને વન છોડીને જવાનું કહે છે. વ્રજભકતો સ્વજન છોડીને આવ્યાં છે. છતાં પ્રભુ પાછા જવાનું કહે છે આથી શ્રીગોપીજનો પ્રભુને કપટી કહે છે.

અન્યપૂર્વા રાજસ તામસ ભકતો ગાય છે.

રહસિ સંવિદં હૃચ્છયોદયં પ્રહસિતાનનં પ્રેમ-વીક્ષણમ્ ।
બૃહદુર: શ્રિયો વીક્ષ્ય ધામ તે મુહુરતિ-સ્પૃહં મુહ્યતે મન: ।।૧૭।।

સાન્વય-વિવેચન : તે = આપનું, **હૃચ્છયોદયં** = કામનો ઉદય કરાવતું, **રહસિ** = એકાન્તમાં, **સંવિદં** = (આપેલું) જ્ઞાન, **પ્રહસિતાનનં** = (કામ-પ્રાપ્ત કરાવતું) પ્રકૃષ્ટ હાસ્યવાળું મુખ, **પ્રેમ-વીક્ષણં** = (કામને સ્થિર કરતું) પ્રેમપૂર્વકનું વિશેષ રૂપે જોવું, **શ્રિય:** = લક્ષ્મીજીનુના, **ધામ** = વાસ-સ્થાન (રૂપ), **બૃહદુર:** = વિશાલ વક્ષ:સ્થલ:, **વીક્ષ્ય** = વિશેષ-રીતે જોઈને, **ન:** = અમારું, **અતિસ્પૃહં** = (રસ લાભની) અત્યંત આકાઙ્ક્ષાવાળું, **મન:** = મન, **મુહુ:** = વારંવાર, **મુહ્યતે** = (ઈચ્છેલા પદાર્થનો લાભ ન થવાથી કેવલ) મૂર્ચ્છા પામે છે.

પ્રભુએ વ્રભકતોને કામનો ઉદય કરનારું જ્ઞાન એકાંતમાં આપ્યું છે. પ્રભુનું મુખ સુંદર હાસ્ય યુકત છે. પ્રભુ પ્રેમપૂર્વક જુએ છે. પ્રભુનું વક્ષ:સ્થાન વિશાળ છે. તેમાં લક્ષ્મીજી વસે છે. ગોપીજનોનું મન અતિ આકાંક્ષવાળું છે. પ્રભુમાં આ બધું જોઈ તે મૂર્ચ્છા પામે છે.

(૧) પ્રભુએ એકાંતમાં વિહારજ્ઞાન આપ્યું છે. (૨) પ્રભુનં શ્રીમુખ હસતું છે. પ્રેમ અવલોકન કરે છે. (૩) પ્રભુનું વક્ષ:સ્થળ લક્ષ્મીજીના નિવાસરૂપ છે. તે વિશાળ છે.

ગોપીજનો નું મન અપેક્ષવાળું છે. આ ત્રણ કારણોથી તે મોહ પામે છે. મૂર્ચ્છા પામે છે.

એકાંત જ્ઞાન વિહારની ચતુરતા આપે છે. હસતું શ્રીમુખ સઘળા કલેશ ને લેશ રહેવા દેતો નથી. પ્રેમાવલોકન સ્થિરતા આપે છે. આવા દર્શન થતાં મન લોલુપ બને છે. મનોરથ સંપન્ન થશે તેમ લાગે છે. તેથી મોહ વધે છે, પણ મનોરથ નથી ફળતો તેથી મૂર્ચ્છિતા થાય છે.

હવે અનન્યપૂર્વા યુથના સાત્વિક તામસ ભકતો ગાય છે.

વ્રજ-વનૌકસાં વ્યકિતરંગ તે વૃજિન-હન્ત્ર્યલં વિશ્વ-મઙ્ગલમ્ ।
ત્યજ મનાક્ ચ નસ્ત્વત્સ્પૃહાત્મનાં સ્વજન હૃદ્રુજાં યન્નિષૂદનમ્ ।।૧૮।।

સાન્વય-વિવેચન : અંગ = હે અંગ !, **તે** = આપનું, **વ્યકિત:** = પ્રાક્ટય, **વ્રજ-વનૌકસાં** = વ્રજમાં-વનમાં-વસનારાંઓના, **અલં** = સંપૂર્ણ, **વૃજિન-હન્ત્રી** = દોષોને દૂર કરનાર (છે), **ચ** = અને, **વિશ્વમઙ્ગલં** = (સંપૂર્ણ) વિશ્વનું મંગલ કરનારું, (તે આપનું પ્રાકટ્ય), **યત્** = જે, **સ્વજનહૃદ્રુવજાં** = સ્વજન (શ્રીગોપીજન)ના (કામરૂપ) હૃદયરોગોને, **નિષૂદનં** = નિત્ય નાશ કરનારું (છે તે), **ત્વત્સ્પૃહાત્મનાં** = જેમનું અંતઃકરણ આપનામાં જ સ્પૃહા કરી રહ્યું છે. (તેવાં), **ન:** = અમારા માટે, **મનાક્** = થોડું, **ત્યજ** = સ્થાપો.

વ્રજભકતો અંગથી પ્રભુને સંબોધે છે. પ્રભુના પ્રાકટયથી વ્રજ-વનમાં વસનારાંઓનાં સંપૂર્ણ દોષ દૂર થાય છે. વિશ્વનું મંગલ થાય છે. સ્વજનના હૃદયરોગો નિત્ય નાશ પામે છે. શ્રી ગોપીજનોનું અંતઃકરણ પ્રભુની જ સ્પૃહા કરે છે. આથી પોતાના માટે પ્રગટ થવા વિનવે છે.

અનન્ય પૂર્વા શ્રીગોપીજનો કુમારિકાઓ છે. પ્રભુને વિનવે છે કે હે અંગ આપનું પ્રાકટય શા માટે ? કહે છે કે વનવાસીઓ અને વ્રજવાસીઓના સઘળાં પાપના નાશ માટે. વિશ્વના સંપૂર્ણ મંગલ માટે. વ્રજભકતો કહે છે કે અમારા સર્વોદોષો ખાસ કરીને દૂર કરવા માટે છે.

પ્રભુ આપ ગુણ પ્રદાન કરો છો. અમારામાં તે ગુણો પધરાવો. અમને સ્વલ્પ દાન કરો. ગોપીજનના હૃદયમાં કામરૂપ રોગ છે. તેમનું મન પ્રભુની ઈચ્છા કરે છે. જેથી કામરોગનું નિવારણ થાય.

અનન્યપૂર્વા રાજસ તામસ ભકતો ગાય છે.

યત્તે સુજાતચણામ્બુરુહંસ્તનેષું, ભીતાઃ શનૈઃ પ્રિયદધીમહિ કર્કશેષુ ।
તેનાટવીમટસિ તદ્ વ્યથતે ન કિંસ્વિત્, કૂર્પાદિભિર્ભ્રમતિ ધીર્ભવદાયુષાં નઃ ।।૧૯।।

સાન્વય-વિવેચન : પ્રિય = હે પ્રિય !, તે ઇં આપના, **યત્** = જે, **સુજાતચરણામ્બુરુહં** = સુંદર (પ્રકારે ઉત્પન્ન થયેલા, શીતલ, સુગન્ધિ, તાપનાશક, કોમલ) ચરણકમલને, **ભીતાઃ** = (ચરણ-કમલને શ્રમ થવાના વિચારે) ડરેલાં (અમે), (અમે), **કર્કશેષુ** = (અમારાં) કઠોર, **સ્તનેષુ** = વક્ષઃસ્થલ ઉપર, **શનૈઃ** = ધીમેથી, **દધીમહિ** = ધીરએ છીએ, (પધરાવીએ છીએ), **તેન** = તે (ચરણકમલ) વડે, **અટવીં** = વનમાં, **અટસિ** = આપ વિચરો છો, **તદ્** = તે, **કૂર્પાદિભિઃ** = કાંકરા વગેરે વડે, **વ્યથતે** = વ્યથા પામે છે, ન **કિંસ્વિત્** = અથવા (વ્યથા) નથી (પામતું) શું ? (એમ), **ભવદાયુષાં** = આપની લીલા માટે જ આયુઃ વાળાં, **નઃ** = અમારી, **ધીઃ** = બુદ્ધિ, **ભ્રમતિ** = ભમે છે.

ભકતો પ્રભુને પ્રિયથી સંબોધે છે. ગોપીજનોનાં વક્ષઃસ્થલ કઠોર છે. પ્રભુના ચરણકમલ સુંદર છે. આવા ચરણોને ગોપીજનો વક્ષઃસ્થલે પધરાવતાં ડરે છે. આ જ ચરણોથી પ્રભુ વનમાં વિચરે છે. તે દરમ્યાન કાંકરા વગેરે વાગે છે તેથી શ્રમ થાય છે. ગોપીજનોની બુદ્ધિ આ જોઈ ભ્રમિત થાય છે કારણ કે પ્રભુની લીલા માટે જ તેમનું જીવન છે.

ભકતો વિચારો છે કે સામાન્ય રીતે હૃદય કોમળ હોય છે. ચરણ તેનાથી કઠણ હોય છે. પણ પ્રભુનાં ચરણ તો અમારા હૃદયથી પણ વધુ કોમળ છે. આથી પ્રભુનાં ચરણકમલને પોતાનાં વક્ષઃસ્થળ પર કોમલતાથી ધરે છે. આમ છતાં પ્રભુને પરિશ્રમ થશે તેનો ભય રહે છે.

અતિ સુકુમાર ચરણથી પ્રભુ વિકટ વનમાં વિહરે છે. પૃથ્વી ભકત છે તેથી કદાચ પોચાં થાય કે કોમલ બને પણ તેમાં રહેલાં કાંટા, કાંકરા અને અંકુરો તો કઠોર જ રહેવાનાં તેથી પ્રભુને દુઃખ થાય આથી ભકતોની બુદ્ધિ ભ્રમિત થાય છે. આનું કારણ એ જ કે વ્રજભકતોનું જીવન પ્રભુની લીલા માટે જ છે.



ઈતિ શ્રી ગોપીગીતં સમાપ્ત

❖ ❖ ❖

|| શ્રી વલ્લભ ||

યુગલ ગીત

શ્રી ભાવગતના દશમ સ્કંધમાં જન્મ પ્રકરણ આવે. તે પછી તામસ પ્રકરણ આવે. પ્રભુ વ્રજમાં પ્રકટયાં. પ્રાકટય પછી વિવિધ લીલાઓ કરે છે. આ લીલાઓ દ્વારા ભકતોને પોતાનામાં નિરોધ કરે છે. ભકતો ત્રણ પ્રકારના છે. તામસ, રાજસ અને સાત્વિક, તામસ પ્રકરણમાં ચાર પેટા પ્રકરણો છે. પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ.

ફલ પેટા પ્રકરણમાં સાત અધ્યાયો છે. શ્રીકૃષ્ણએ વ્રજભકતો સાથે કરેલ રમણનું તેમાં વર્ણન છે. પ્રથમ પાંચ અધ્યાયોમાં રૂપથી કરેલું રમણ છે. છેલ્લા બે અધ્યાયમાં નામ રમણ છે. છેલ્લા અધ્યાયમાં (અધ્યાય-૩૫) યુગલગીત છે. આ નિવૃત્તિલીલા છે. અહીં પ્રભુના જ્ઞાન ધર્મની મુખ્યતા છે. પ્રભુ વનમાં ગોચારણ માટે પધારે છે. શ્રી ગોપીજનોની વિરહદશા છે તે વખતે તે પ્રભુનાં ગુણગાન ગાઈ દિવસ પસાર કરે છે. આ ગુણગાન તે જ યુગલગીત.

શ્રી મહાપ્રભુજીની વધાઈમાં ગાયું છે. ''વેણુગીત પુનઃયુગલગીત કી રસ બરખા બરખાઈ. પ્રગટ વ્હે મારગ રીતિ દિખાઈ.''

પ્રભુ પૂર્ણાનંદ છે. પ્રિયજનો ને આનંદપૂર્ણ બનાવવા છે. આ માટે પ્રભુ તેમની સાથે રમણ કરે છે. રમણ બે પ્રકારનું (૧) સ્વરૂપ (૨) નામ. સ્વરૂપ રમણ એટલે રાસલીલા. આ દ્વારા ભકતોએ સ્વરૂપાનંદ બહારથી અંદર અનુભવ્યો. નામ રમણમાં અંદર અનુભવાતો સ્વરૂપાનંદ બહાર પ્રકટ થાય છે. આ વ્રજ ભકતોના ગાન દ્વારા તે બહાર પ્રકટે છે. ગાનનું શ્રવણ પણ થાય છે. આમ ગાનરૂપે અંતઃકરણમાંથી બહાર પધારેલા પ્રભુ કર્ણ દ્વારા પુનઃઅંદર પધારે છે. આનાથી રસસ્વરૂપ સુસ્થિર થાય છે. ગોપીજનો આ ગાન સ્નેહવશ થઈ કરે છે. ગાન દ્વારા કશું પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ નથી.

નામ લીલામાં શબ્દ અને અર્થની મુખ્યતા છે. રાસમાં સ્વરૂપનો અનુભવ છે. પ્રભુના રૂપ અને નામ સમાન રીતે મહાનરસરૂપ છે. આ બંનેનો અનુભવ છે. તેથી અહીં બે-બે શ્લોકનું એક-એક યુગલ બન્યું છે. માટે યુગલગીત છે. અહીં રૂપ નામની એકતાનું સૂચન છે. દર માસે પ્રભુ જેટલી લીલાઓ કરે છે તે સર્વે ગોપીજનો ક્રમશઃ ગાય છે. બાર માસના લીધે બાર શ્લોકનાં યુગ્મથી ગાયાં. આદિ અને અંતના શ્લોકના યુગ્મથી અધિક માસની લીલા પણ આવી ગઈ. પહેલા અને છેલ્લા શ્લોક ઉપક્રમ અને ઉપહાસંહાર છે. તેમાં લીલાગાનનું બીજ અને ફલ છે.

દરેક માસમાં શુકલ અને કૃષ્ણ પક્ષ હોય માટે યુગલ તેથી યુગલ ગીત. લીલામાં ગૌર અને શ્યામ તેજ છે. તેનું યુગલ માટે યુગલગીત. શ્રીગોપીજનોની બહાર અને અંતઃકરણમાં પ્રભુ છે. આ યુગલ માટે યુગલગીત. શૃંગાર રૂપ પ્રભુનો અનુભવ સંયોગ અને વિયોગ છે. તે યુગલ માટે યુગલ ગીત.

રાસ લીલા બાહ્ય વિહાર છે. આમાં સ્વરૂપ મુખ્યતા હતી. યુગલગીત પ્રસંગમાં આંતર વિહાર છે. તેમાં ભાવની મુખ્યતા છે. સત્વ, રજ અને તમ પ્રકારે ભાવ દશ પ્રકારનો થશે. આ ભાવ પ્રકારથી ગોપીજનો પણ દશ પ્રકારના સત્વ, રજ અને તમ ના ભાવ ભેદથી નવ પ્રકાર થાય. નિગૃર્ણ ભાવ દશમો છે. નિર્ગુણના પણ કર્મ, જ્ઞાન અને ભકિતથી ત્રણ પ્રકાર થાય. આમ કુલ બાર (૯+૩) પ્રકાર થાય. બાર યુગલમાં તે પોતાના ભાવ પ્રમાણે ગાય છે. તેરમું યુગલ અધિકમાસ માટે છે. શરૂ અને અંતનો શ્લોક અધિક માસની લીલાનું ગાન છે.

શ્રી શુક ઉવાચ

(અનુષ્ટુપ્ છંદ)

ગોપ્યઃ કૃષ્ણે વનં યાતે તમનુદ્રુત-ચેતસઃ ।
કૃષ્ણ-લીલાઃ પ્રગાયન્ત્યો નિન્યુર્દુઃખેન વાસરાન્ ।।૧ ।।

સાન્વય-વિવેચન : કૃષ્ણે = (સદાનન્દ ભગવાન્) શ્રીકૃષ્ણ, **વનં** = વનમાં, **યાતે** = પધારતાં, **તં** = તેમની, **અનુદ્રતચેતસઃ** = પાછળ થયેલા તથા સૂક્ષ્મભાવ પ્રાપ્ત થવાથી સદાનન્દની લીલાનું ગ્રહણ કરતા) ચિત્તવાળાં, **ગોપ્યઃ** = (રામમંડલમાં અંગીકાર પામેલાં) શ્રીગોપીજને, **કૃષ્ણ-લીલાઃ** = (સદાનન્દ ભગવાન્) શ્રીકૃષ્ણની (સદાનન્દ સ્વરૂપ) લીલાઓ, **પ્રગાયન્ત્યઃ** = પ્રકર્ષપૂર્વક ગાતાં, **વાસરાન્** = (રાત્રિ માટે કોઈપણ રીતે પ્રાણોને ધારણ કરતાં, વિપ્રયોગ દેનાર) દિવસોને, **દુઃખેન** = (વિયોગના અત્યંત માનસ) દુઃખથી, **નિન્યુઃ** = વિતાવ્યાં

શ્રી કૃષ્ણ વનમાં પધારે છે. શ્રી ગોપીજનોનાં ચિત્ત દ્રવીભૂત થયેલાં છે. શ્રી કૃષ્ણની લીલાઓ સદાનન્રૂપ છે. શ્રી ગોપીજનો તેનું પ્રયત્નપૂર્વક ગાન કરે છે. આ રીતે દિવસોને દુઃખથી વિતાવે છે.

શ્રી કૃષ્ણ સદાનંદ છે. ભગવાન્ છે. તે વનમાં પધારે છે. શ્રી ગોપીજનોનાં ચિત્તનો ભગવાનમાં વિલય થયો છે. તેમનાં ચિત્ત હવે અન્ય વસ્તુનું ગ્રહણ કરી શકતાં નથી. ચિત્તમાં સૂક્ષ્મ ભાવ પ્રાપ્ત થયો છે. આથી ચિત્ત સદાનંદ ભગવાનની લીલાને ગ્રહણ કરે છે. આ ગોપીજનો રાસમંડલમાં અંગીકાર પામેલાં છે.

દિવસે પ્રભુ વનમાં પધારે ત્યારે તે સમય શ્રી ગોપીજનો માટે વિપ્રયોગ આપનારો બને છે. રાત્રિ લીલા માટે શ્રી ગોપીજનો કોઈ પણ રીતે પ્રાણ ધારણ કરવાં ઈચ્છે છે. આથી સદાનંદ સ્વરૂપની લીલાઓને પ્રયત્નપૂર્વક ગાય છે. આ રીતે વિયોગ દુઃખને વિતાવે છે.

ગોપ્ય ઉચુઃ
(સ્વગતા - છંદ)

વામ-બાહુ–કૃત–વામ–કપોલો વલ્ગિતભ્રુરધરાર્પિતવેણુમ્ ।
કોમલાઙ્ગુલિભિરાશ્રિત માર્ગં ગોપ્ય ઇરયતિ યત્ર મુકુન્દઃ ।।૨ ।।
વ્યોમયાન વનિતાઃ સહ સિદ્ધૈર્વિસ્મિતાસ્તદુપધાર્ય સલ્લજાઃ ।
કામ–માર્ગણ–સમર્પિત ચિત્તાઃ કશ્મલં યયુરપસ્મૃત–નીવ્યઃ ।।૩ ।।

સાન્વય-વિવેચન : ગોપ્ય = હે (સર્વાનુભવ સાક્ષી) ગોપીજનઃ !, **વામ-બાહુ-કૃત-વામ-કપોલ:** = ડાબા શ્રીહસ્ત ઉપર ડાબો ગાલ પધરાવનારા, **વલ્ગિત-ભ્રુ:** = (જમણી) ચંચલ (ખૂબ ગતિ-યુક્ત) ભ્રુકુટિવાળા, **મુકુન્દ:** = (વેણુનાદથી જો જગત્ શુદ્ધ થાય તો મુક્તિ દેવા, સર્વહિત માટે સપ્રયોજન વેણુનાદ કરનાર ભગવાન્) મુકુન્દ (મોક્ષ દેનાર), યત્ર ઇં જ્યાં (જે ક્ષણે), **કોમલાઙ્ગુલિભિ:** = (આરંભે મંદ-વેણુનાદ ઉચિત હોવાથી) કોમલ આંગળીઓ વડે, **આશ્રિત-માર્ગ** = દબાએલાં રન્ધ્રોવળા,**અધરાર્પિત-વેણું** = (લોભાત્મક) અધર પર પધરાવેલ વેણુન, **ઈરયતિ** = વગાડે (બજાવે) છે. (ત્યાં, તે ક્ષણે), **તત્** = તે (વેણુવાદન), **ઉપધાર્ય** = (ઉપધારણ કરીને,) સાંભળીને **સિદ્ધૈ:** = (ભગવાન્ સિવાય બીજું સઘળું આપી શકે તેવા સમર્થ) સિદ્ધ પુરુષો, **સહ** = સાથે (હોવા છતાં પણ), **સલજ્જા:** = (વેણુનાદ સાંભળ્યા પછી થોડો કામોદ્રેક થતાં, પતિ જાણશે તેવા વિચારે લજ્જાયુક્ત (થયાં), **કામ-માર્ગણ-સમર્પિત-ચિત્તા:** = (પછી અત્યન્ત કામોદ્રેક થતાં કામથી મરણની શંકાથી પોતાની રક્ષા માટે) કામનાં બાણોને (પોતાનું) ચિત્ત સમપર્ણ કરનાર (થયાં), **અપસ્મૃત-નીવ્ય:** = (અત્યંત વિસ્મરણ કરાવનારી મૂર્ચ્છાને કારણે) ભૂલાએલાં કટિવસ્ત્ર (બંધન) વાળાં, **વ્યોમ-યાન-વનિતા:** = દેવના સ્ત્રીઓ, **કશ્મલં** = અધિકારી-સ્ત્રી-ભોગ્ય હોવાથી તથા મુક્તિમાં અધિકાર ન હોવાથી) મૂર્ચ્છા, **યયુ:** = પામ્યાં.

૨-૩ શ્લોકનું પ્રથમ યુગલ છે રાજસ સાત્વિક ભાવના ગોપીજનો છે. ગોપીજનથી સંબોધન કરે છે. મુકુન્દ ભગવાન અધર પર પધારવેલા વેણુને વગાડે છે. આ વખતે ડાબા હાથ પર ડાબો ગાલ પધરાવે છે. ચંચલ ભ્રુકુટિ કરે છે. વેણુના રંન્ધ્રોને કોમળ આંગળીઓ દ્વારા દબાવે છે. આ સમયે દેવસ્ત્રીઓ આવ્યાં છે. સિદ્ધ પુરુષો સાથે છે. વેણુનાદ સાંભળે છે. લજ્જા યુકત બને છે. કામનાં બાણોને ચિત્ત સમર્પી દે છે. કટિવસ્ત્રોને ભૂલી જાય છે અને દેવસ્ત્રીઓ મૂર્ચ્છા પામે છે.

પ્રભુએ અધર પર વેણુ ધર્યો છે. તેનો નિનાદ કરે છે. આ વેણુ નિનાદ પાંચ પ્રકારનો છે. (૧) ડાબી તરફ મુખ રાખીને - આનાથી સ્ત્રીજનોને

સુખ મળે (૨) જમણી તરફ મુખ રાખીને - આનાથી સ્ત્રી અને પુરુષ બંનેને સુખ મળે. (૩) ઉંચે મુખ રાખી - દેવોને સુખ મળે (૪) નીચું મુખ કરીને - સામાન્ય કે નીચે વસનાર માટે (૫) સમાન મુખથી - સૌને તથા જડ ને સુખ મળે.

અત્યારે પ્રભુ દેવસ્ત્રીઓ માટે નાદ કરે છે. ડાબા બાહુ ઉપર ડાબો (વામ) કપોલે ધર્યો છે. જમણી ભ્રુકુટિ ઉંચી તણાઈ છે. વેણુ અધરે ધર્યો છે. અધર લોભનુ પ્રતિક છે. તે પરમાનંદ ન આપે પણ કામ જાગૃત કરે. આથી દેવાંગનાઓને ક્લેશ થયો. તે વિરહથી થયો છે.

કોમલ અંગુલિકાઓ વેણના છિદ્રો પર કોમલતાથી ફરી રહી છે. વેણુનાદનો આરંભ કોમલતાથી જ થાય છે.

વેણુનાદ કરનાર મુકુન્દ છે. વેણુનાદથી જગત શુદ્ધ કરે છે. મોક્ષ (ભજનાનંદ) આપવા તત્પર છે. આ ઉત્તમ વસ્તુ અધિકારવાળાને મળે તેસિવાયનનાની કામના વધે. મોક્ષમાં ત્રણ પ્રતિબંધો છે. (દેવસ્ત્રીઓ માટે) (૧) દેવપણાથી અધિકારી (૨) સ્ત્રીત્વથી અન્યાશ્રય (૩) દેવસ્ત્રીપણાથી ઉપભોગ.

દેવસ્ત્રીઓ સાથે સિદ્ધો છે. તે પુરુષો છે. તે બધું આપી શકે છે પણ ભગવાનને આપી શકતા નથી. પ્રભુ નિઃસાધન, ઉષ્ણભાવયુકત દીન શરણાગતને મળે છે.

દેવાંગનાઓ વિમાનમાં છે. તે વેણુનાદ સાંભળે છે. ધ્યાનથી સાંભળે છે. નજીકમાં સિદ્ધ પુરુષ છે. તેથી સ્ત્રીઓ સંકોચ પામે છે. ભાવની ભરતી આવી છે. બચવાનો ઉપાય નથી. પ્રાણ જશે તેવું લાગ્યું.

ભગવાન કામરૂપ છે. અંગુલિકાઓ કામના બાણ જેવી છે. દેવસ્ત્રીઓએ ચિત્ત તેમાં પરોવી દીધું. સર્વ ભૂલી ગયાં. કટિવસ્ત્રનું પણ ભાન નથી રહ્યું. કામનાથી મૂર્છિત થયા.

શ્રી વલ્લભ પરિક્રમા કરતાં વ્યાસાશ્રમમાં પધાર્યા છે. શ્રીવલ્લભે આ શ્લોક પર ત્રણ દિવસ ભાવર્થ સંભાળાવ્યો છે. વ્યાસજી મુગ્ધ થઈ ગયા અને આ ભાવાર્થ ધારણ કરી શકયા નથી.

૪-૫ શ્લોકનું બીજું યુગલ છે. રાજસ રાજસ ભાવવાળા ગોપીજનો ગાય છે.

હન્ત ચિત્રમબલાઃ શ્રૃણુતેદં હાર હાસ ઉરસિસ્થિર વિદ્યુત ।
નન્દસૂનુરયમાર્ત જનાનાં નર્મદો યર્હિ કજિત વેણુઃ ।।૪।।
વૃન્દશો વ્રજવૃષા મૃગ ગાવો વેણુ વાદ્ય હૃતચેત આરાત્ ।
દન્ત દ્રષ્ટકવલા ધૃત કર્ણા નિદ્રિતા લિખિત ચિત્રમિવાસન્ ।।૫।।

સાન્વય-વિવેચન : હન્ત = હંત ! (ખેદ છે,) **અબલાઃ** = હે (વનમાં જઈ પ્રભુનાં દર્શન કરવા અસમર્થ) અબલાઓ !, **ઈદં** = આ (કહેલું), **ચિત્રં** = (જેનાથી ગોયોની પણ સર્વ ક્રિયા નિવૃત્તિ થઈ છે છતાં આપણી ક્રિયા નિવૃત્તિ થતી નથી તેવું) વિચિત્ર (અતિ આશ્ચર્ય), **શૃણુત** = સાંભળો, **હાર-હાસઃ** = (દાંતની કાન્તિથી વિભક્ત-રત્નજટિલ મોતીના) હાર જેવા હાસ્યવાળા, **ઉરસિ** = વક્ષઃસ્થલ ઉપર, **સ્થિર-વિદ્યુત** = સ્થિર વીજળીવાળા, **આર્ત-જનાનાં** = દુઃખીજનોના, **નર્મદઃ** = સુખદાતા, **અયં** = આ (બીજા મુહૂર્તમાં પસાર થતાં, પ્રકટ થયેલા),**નન્દ-સૂનુંઃ** = (પ્રમાણબલ તથા પ્રેમયબલનું નિરાકરણ કરનાર) શ્રીનન્દરાયજી પુત્ર (એ), **યર્હિ** = જ્યારે, **કૂજિત-વેણુ** = કૂજન કરતા (વાદન-વિશેષ ધર્મયુક્ત) વેણુવાળા (થયા) (વેણુકૂજન કર્યું ત્યારે), **આરાત્** = દૂરથી જ, **વેણુ-વાદ્ય-હૃત-ચેતસઃ** = વેણુવાદ્ય (ના સ્વાભાવિક ધર્મ) વડે હરાએલા ચિત્તવાળાં, **વૃન્દશઃ** = ટોળાબંધ, **વ્રજ-વૃષાઃ** = (વ્રજની સમીપમાં રહેનાર સર્વ ગ્રામ્ય પશુઓ સહિત) વ્રજમાં રહેલા મત્ત સાંઢ, **મૃગ-ગાવઃ** = (અરણ્યમાં એકઠાં થયેલાં) મૃગ અને ગાયો, **લિખિત-ચિત્રં** = આલિખિત (ચિતરેલા) ચિત્ર, **ઈવ** = જેવાં, **દન્ત-દૃષ્ટ-કવલાઃ** દાંતથી દબાએલા (ઘાસના) કોળીઆ (છોડવા કે ખાવા અસમર્થતા) વાળાંમ, **ધૃંત-કર્ણાઃ** (અન્ય સર્વ છોડીને સાધન તરીકે) ધારણ કરેલા ઊંચા કાનવાળા, **નિદ્રિતાઃ** = (વેણુનાદથી સંપૂર્ણ વ્યાપ્ત-સ્થાવર કરતાં પણ વધારે સ્થિર) ઊંઘતાં (હોય તેવાં), **આસન્** = થયાં.

શ્રી ગોપીજનોને અબલાથી સંબોધે છે. પ્રભુ શ્રી નંદરાયજીના પુત્ર છે. હાર જેવું આપનું હાસ્ય છે. આપના વક્ષઃસ્થળે સ્થિર વીજળી છે. દુઃખીજનોને સુખ કરે છે. આવા પ્રભુ વેણૂકૂજન કરે છે. વ્રજમાં ટોળામાં



રહેતાં સાંઢ, મૃગ અને ગાયો તે સાંભળે છે. વેણુનાદ સાંભળી તેમનાં ચિત્ત હરાઈ જાય છે. ચિત્રમાં ચિતરેલા હોય તેવા થઈ જાય છે. દાંતથી કોળીયા દબાયા છે તે તેમજ રહી જાય છે. કાન ઉંચા કરી ઉઘતાં હોય તેવા લાગે છે.

શ્રી ગોપીજનો ને અબલા કહ્યા. વેણુનાદ કરતાં પ્રભુનાં દર્શન કરવા છે. જઈ શકતાં નથી. હન્ત કહીને ખેદ વ્યકત કરે છે. ભગવાનના સ્વરૂપનું વર્ણન કરે છે. સ્વરૂપ (૧) હાર જેવા હાસ્યવાળુ છે (૨) વક્ષઃસ્થળે સ્થિર વિદ્યુતવાળું છે. (૩) નન્દપુત્ર છે (૪) દુઃખીજનોને સુખ આપનારું છે. ગોપીજનોના હૃદયમાં પ્રભુ પ્રકટ થયા છે. આંખ સામે દેખાય છે. દિવસનું બીજુ મુહૂર્ત છે. તેમાં વિહરતાં પ્રભુનું આ વર્ણન છે.

વક્ષઃસ્થળે હાર હાસ્યના દર્શનથી પ્રપંચમાંથી આસકિત નિવૃત્ત થાય છે. ભગવાનમાં આસકિત થાય છે. વક્ષઃસ્થળે સ્થિર વિદ્યુત છે. આનો ભાવ અતિગૂઢ છે. માત્ર કૃપાપાત્ર જ સમજી શકે છે. આથી શ્રી મહાપ્રભુજી અને શ્રીગુંસાઈજી આનો સ્પષ્ટ નિર્દેશ કરતાં નથી.

નંદજીના પુત્ર પહેલાં કરતાં મુખ નીચું રાખી વેણુનાદ કરે છે. આનાથી સૌનાં પ્રાણધર્મનું આકાર્ષણ થાય છે. પશુઓનાં ટોળાં ભાન ભૂલ્યા છે. વ્રજમાં મત્ત સાંઢ છે બીજાં પશુઓ છે. મૃગ અને ગાયો છે. વેણુનાદથી સર્વનાં ચિત્ત હરાઈ ગયાં છે. પ્રભુ સમીપ જવાતું નથી. જયાં છે ત્યાં જ ચિત્રના જેવાં સ્થિર થયાં. પશુઓ એ ઘાસ ખાવાનું શરૂ કરેલું વેણુનાદ સાંભળ્યો. કોળીયા મોંમા જ અટકયા. કાન ઉભા થઈ ગયાં. નિંદ્રામાં સરી પડયાં. સ્થાવર પદાર્થ કરતાં પણ વધુ સ્થિર થઈ ગયા.

શ્લોક ૬-૭ નું ઉજુ યુગલ છે. રાજસ તામસ ભાવના વ્રજભકતો ગાય છે.

બર્હિણઃ સ્તબક ધાતુ પલાશૈ ર્બદ્ધ મલ્લપરિબર્હઃ વિડમ્બઃ ।
કર્હિચિત્ સબલ આલિ સ ગોપૈર્ગાઃ સમાહ્વયતિ યત્ર મુકુંદઃ ।।૬।।
તર્હિભગ્નગતયઃ સરિતો વૈતત્પદામ્બુજ રજોઽનિલ નીતમ્
સપૃહયનીવૃર્યમિવાબહુપુણ્યાઃ ભુજાઃ સ્તિમિતાપઃ ।।૭।।

સાન્વય-વિવેચન : આલિ = (વૈકુણ્ઠ-સ્થિત લીલાનું અહીં સૂચન છે. અહીં પણ લક્ષ્મીજી રાત્રે શ્રી ગોપીજન સાથે અને દિવસ ગોપો સાથે પ્રભુ પાસે વસે છે. આ અર્થ ગોપ્યપણે કહેલ છે. પ્રાયઃ આ ગોપીજન સ્નાન વગેરેના બહાને ત્યારે દર્શન માટે વનમાં ગયાં છે. ત્યાં ભગવાને વિહારની સર્વ સામગ્રી સિદ્ધ કરી છે; પછી પ્રભુ બહિરંગ ગોપો સાથે ભળી ગયા છે. તેથી જ આ રહસ્ય-સૂચક સામગ્રી સંબોધ વિશ્વાસ માટે છે. હે સખિ!-, કર્હિચિત્ = કયારે (જયારે ક્રિયાશક્તિ ઉત્સાહ હોય છે ત્યારે), સબલઃ = બલરામજી સહિત, સગોપૈઃ = ગોપો સાથે, બર્હિણઃ = મયૂરના, સ્તબક- ધાતુ-પલાશૈઃ = (પિચ્છના) ગુચ્છા, ગૈરિકા વગેરે ધાતુઓ અને પર્ણ વડે (અથવા ધાતુઓના પત્રકાર ચિત્ર વડે, અથવા આકાર માટે બાંધેલા કમલપત્રો વડે), બદ્ધ-મલ્લ-પરિબર્હ-વિડમ્બઃ = (બાંધેલા) ધારણ કરેલી મલ્લ વેશનું અનુકરણ કરતા (નટમલ્લ જેવા), મુકુન્દઃ (ગાયોને મોક્ષ દેવાનો હોવાથી સાધનાભાવે તેમને બોલાવીને મોક્ષ દેતા, અથવા સ્વરસનું સ્થાપન કરતા, મોક્ષ દેનાર ભગવાન્) મુકુન્દ યત્ર = જ્યાં, ગાઃ = ગાયોને, સમાહ્વયતિ = (પ્રકરણવશાત્ વેણુ દ્વારા) સારી રીતે બોલાવે છે, (તે ક્ષણે) ત્યાં, તર્હિ = તો, ભગ્ન-ગતયઃ = (નિત્ય જનારી ગાય અને નિત્ય સરનારી સરિતુ-બંને શબ્દોના યૌગિક-અર્થ સમાન હોવાથી, પોતાને બોલાવે છે તેમ સમજીને, ભગવદાજ્ઞા કોઈથી ઉલલ્ઘી શકાય નહિ, તેથી પ્રવાહ થોભી જતાં) અટકેલી ગતિવાળી, સરિતઃ = (નિરંતર ક્રિયાશીલ) નદીઓ, અનિલ-નીતં = (જલની અપેક્ષાવાળા) પવને (પોતાને માટે) અણેલી, તતપદામ્બુજરજઃ = (લીલાવેશ ધારણ કરતા) તે (મુકુન્દ)ની ચરણકમલની રજને, વૈ = ખરેખર,

સ્પૃહયતીઃ = વૈષ્ણવત્વની ઈચ્છાથી, ભગવાન્ પતિ બને તે માટે) ઈચ્છે છે. (કાર્યસિદ્ધ થતું નથી) પરંતુ, વયમ્-ઈવ = આપણી જેમ, અબહુ-પુણ્યાઃ = (ભગવદીયોને જ ભગવત્સંબંધ મળે છે. નહિ તો પોતાથી ગાય કે ગોપ દિવસે થવાય, તેમ નથી થતું - તેથી) બહુ પુણ્ય વગરની (નદીઓ), પ્રેમ-વેપિત-ભુજાઃ = (હૃદયના સાત્વિક ભાવને દર્શાવતાં, પવનથી નહિ, પણ) પ્રેમથી કંપતી (તરંગ-રૂપ) ભુજાઓવાળી (વિરહ-સંતાપવાળી), (અને), સ્તિમિતાપઃ = સ્તબ્ધ (સ્થિર) જલવાળી (થઈ જાય છે.)

સખિ સંબોધનથી વાત કરે છે. કોઈ વખત મુકુન્દ ભગવાન સાથે બલરામજી અને ગોપો છે. વેણુનાદ કરી ગાયોને બોલાવે છે. આ વખતે પ્રભુએ મયૂર પિચ્છ ધારણ કર્યા છે. ગૌરિકા વગેરે ધાતુઓ ધારણ કરી છે. મલ્લવેશનું અનુકરણ કર્યું છે. વેણુનાદથી નદીની ગતિ અટકી જાય છે. પવન પ્રભુના ચરણની રજ નું વહન કરતો હોય છે. નદી તે રજને ઈચ્છે છે. નદી બહુ પુણ્ય વગરની છે. તેની ભુજાઓ પ્રેમથી કંપે છે. તેનું જલ સ્થિર થઈ જાય છે.

સખિ સંબોધનથી ગુપ્તવાત કરે છે. આ ગોપી નહાવા માટે કે કોઈ કારણથી દર્શન માટે ગયા છે ત્યાં પ્રભુ બિરાજે છે. સર્વરસનો અનુભવ કરાવે છે. ભગવાને દિવ્ય નૃત્યલીલાનો વેશ ધર્યો છે. મલ્લકાછનો વેશ ધર્યો છે. મસ્તકે મયૂરપિચ્છ બિરાજે છે. ગૈરિકા વગેરેથી સુંદર ચિત્ર કર્યા છે. કમલપત્ર કર્યા છે.

વૈકુંઠસ્થિત લીલાનો પણ અહીં ઉલ્લેખ છે. લક્ષ્મીજી રાત્રે ગોપીજન સાથે અને દિવસે ગોપ સાથે રહે છે. આ રીતે પ્રભુ પાસે જ બિરાજે છે.

પ્રભુ વેણુનાદ કરે છે. તે રીતે ગાયોને બોલાવે છે. નદીઓને એમ લાગે છે કે અમને બોલાવે છે. ગાયો ગમન કરે છે. નદી સરે (વહે) છે આમ બંનેમાં ગતિ છે.

પ્રભુ વેણુનાદથી આજ્ઞા કરીને બોલાવે છે. આજ્ઞાનું ઉલ્લંઘન થાય

નહી. વહેતી નદીને વૈષ્ણવ કામના થઈ. ભગવાન સ્વામી બને તેવો મનોરથ થયો. તે માટે ચરણકમલ રજની કામના કરી. ચરણરજ લાવવી કઈ રીતે ? પવન મદદે આવે. પ્રભુની ચરણરજ સાથે લાવ્યો. નદીમાં સાત્વિક ભાવ દેખાય છે. નદીની તરંગરૂપી ભુજા પ્રેમથી કંપે છે. નદીનાં જળ પણ સ્થિર થઈ ગયાં છે.

ચોથું યુગલ સાત્વિક તામસ ભાવવાળું છે તે ગાય છે.

અનુચરૈઃ સમનુવર્ણિતવીર્ય આદિ પુરુષ ઈવાચલભૂતિઃ ।
વનચરો ગિરિતટેષુ ચરન્તીર્વેણુનાહ્વયતિ ગાઃ સ યદા હિ ।।૮।।
વનલતાસ્તરવ આત્મનિ વિષ્ણુ વ્યંજયન્ત્ય ઈવ પુષ્પ ફલાઢયાઃ ।
પ્રણત ભાર વિટપા મધુધારાઃ પ્રેમદ્રષ્ટ તનવઃસસૃજુઃ સ્મ ।।૯।।

સાન્વય-વિવેચન : અનુ-ચરૈઃ = સેવક ગોપો વડે (વેદો વડે, સર્વ દેવ-વગેરે વડે) **આદિ-પુરુષઃ** = પુરુષોત્તમ , **ઈવ** = (ની) જેમ, **સમનુ-વર્ણિત-વીર્યઃ** = સર્વોત્તમપણાથી વર્ણન કરાએલ (જગત્કર્તૃત્વ) વગેરે) પરાક્રમવાળા, **અચલ-ભૂતિઃ** = અચલ-લક્ષ્મીવાળા, **વનચરઃ** = (સાત્તવિકભાવ-પ્રાપ્ત, સત્ત્વભૂમિમાં ઊભેલા, વૃન્દાવનમાં ફરતા, **સઃ** = તે, (ભક્તિ-અનુકૂલ ભગવાન્) **ગિરી-તટેષુ** = (લૌકિકપણાના અભાવ માટે) **ચરન્તિઃ** = ચરતી, **ગાઃ** = ગાયોને, **યદા** = જ્યારે, **વેણુના** = (લૌકિકપણાના અભાવ માટે) વેણુવડે, **આહ્વતિ** = (સમતલ ભૂમિમાં પોતે ઊભા રહીને) બાલાવે છે, (ત્યારે), **હિ** = ખરેખર, (જાણે), **આત્મનિ** = પોતાનામાં, **વિષ્ણું** = (વિદ્યામાન આનન્દ) વિષ્ણુને, **વ્યગ-જયન્ત્યઃ** = (સચ્ચિદાનન્દના **ક્રમશઃ** આવિર્ભાવથી) વ્યક્ત કરતા, **ઈવ** = (હોય) તેમ, **પુષ્પ-ફલાઢયઃ** = (જ્યાં ભગવાન્ પ્રવેશે છે ત્યાં ગૌણ અને મુખ્ય ફલ થાય છે તે ક્રિયા રૂપે અવાન્તર-ફલ-રૂપ) પુષ્પ અને (પરમ ફલ-રૂપ) ફલથી સમૃદ્ધ, **પ્રણત-ભાર-વિટપાઃ** = (ભગવાન્ અને ભગવદીય નિકટમાં પધારતાં ભગવદીયો આનન્દયુક્ત થઈ સ્વકીય સર્વસ્વનું સમર્પણ તેમના સુખ માટે કરે છે. વૃક્ષ વૈષ્ણવ

છે; તેથી પ્રભુ પધારતાં, અધિકતા દર્શાવતાં) ભારથી પ્રકર્ષથી નમેલી શાખોઓ વાળાં, **પ્રેમ-હૃષ્ટ-તનવઃ** = (ભક્તો જ પ્રેમથી હર્ષયુક્ત રોમાઞ્-ચત) થાય છે. અહીં પુરુષોત્તમ-જ્ઞાન-રૂપ ચિદુત્કર્ષ દેહવાળાં, **વન-લતાઃ** = વેલીઓ (અને) **તરવઃ** = વૃક્ષો (એ), **મધુ-ધારાઃ** = (પોતાનામાં રહેલો આનન્દ ભગવાનને માટે બહાર પ્રકટ કરતાં) મધની ધારઓ, **સ્મ** = પ્રકટ રીતે, **સસૃજાુઃ** = વહાવી.



ભગવાન વૃંદાવનમાં છે. સેવક અને ગોપો માટે તે પુરુષોત્તમ છે. સર્વોત્તમ છે. પ્રભુ અચલ લક્ષ્મીવાળા છે. ગોપો પ્રભુના પરાક્રમનું વર્ણન કરે છે. પ્રભુ સાથે આવેલી ગાયો પર્વતના વિષમ ભાગોમાં ચરતી હોય છે. પ્રભુ વેણુ વગાડી તેમને બોલાવે છે. વનમાં વૃક્ષો અને વેલીઓ છે. તે પુષ્પ અને ફલથી સમૃદ્ધ બન્યાં છે. આથી શાખાઓ નમી ગઈ છે. વૃક્ષ વેલીનાં દેહ પ્રેમથી હર્ષયુકત થયાં છે. વેણુનાદ સાંભળી વૃક્ષો-વેલીઓ પોતાનામાં વિષ્ણુને વ્યકત કરે છે. પોતાનામાંથી મધની ધારાઓ પ્રકટ કરી વેહવડાવે છે.

અહીં ભગવાનનું વર્ણન ત્રણ પ્રકારે છે. (૧) ભગવાન લીલા કરે છે. તે પરાક્રમી છે. સેવક ગોપો તેનું સુંદર રીતે વર્ણન કરે છે. (૨) પ્રભુ આદિપુરુષ છે. પુરુષોત્તમ છે. જગત કર્તા છે. સેવકો આનું પણ વર્ણન કરે છે. (૩) પુરુષોત્તમ અચલ લક્ષ્મીવાળા છે. તેનું પણ વર્ણન થાય છે.

ભગવાન વનમાં વિચરે છે. ગાયો પર્વત પાસે ચરે છે. તેને પાસે બોલાવવા વેણુનાદ કરે છે. પ્રભુ પોતાના જનોનું હિત કરે છે. પછી તે ભલે પશુ હોય.

વૃંદાવનમાં વૃક્ષ અને લતા વૈષ્ણવ છે. વેણુનાદ શ્રવણે તેમનામાં

પ્રેમરસ ઉભરાયો છે. પ્રભુ મધુરાપતિ છે. તેમના માનમાં મધુર મધુધારા વહેડાવે છે. તે આનંદ રૂપ છે. આ રીતે લીલાને અનુકુળ રસ પ્રકટ કરે છે. વૃક્ષો તેમનામાં વસેલા વિષ્ણુને વ્યકત કરે છે તે પાંચ ધર્મો દ્વારા પ્રકટ થાય છે. (૧) શાખાઓ પર લાગેલાં પુષ્પ. તે લીલા ઉપોયોગી છે. આ ગૌણ ફલ છે. (૨) વૃક્ષ પર ફલ લાગ્યાં છે આ ક્રિયા શકિતના લીધે છે. (૩) વૃક્ષો પ્રભુને નમે છે. આ નમન સત્પુરુષો જેવું છે. (૪) વૃક્ષોનાં તન પ્રેમથી પુલકિત થયાં. સુકાં વૃક્ષો પણ હરિયાળા થયાં. (૫) મધુધારા વહેવા લાગી. આ જ્ઞાન શકિતના લીધે છે.

પાંચમુ યુગલ શ્લોક ૧૦-૧૧ છે.

સાત્વિક સાત્વિક ભાવવાળા ગોપીજનો છે. તે ગાન કરે છે.

દર્શનીય–તિલકો વન-માલા-દિવ્ય–ગન્ધ- તુલસી-મધુ–મત્તૈઃ ।
અલિ-કુલૈરલઘુ-ગીત-મભીષ્ટમાદ્રિયન્ યર્હિ કૂજિત-વેણુઃ ।।૧૦।।

સરસિ સારસ-હંસ-વિહઙ્ગાશ્ચારુ-ગીત હૃત-ચેતસ એત્ય ।
હરિમુપાસત તે યત-ચિત્તા હન્ત મીલિત-દશો ધૃત–મૌનાઃ ।।૧૧।।

સાન્વય-વિવેચન : વન-માલ–દિવ્યગન્ધ-તુલસી-મધુમત્તૈઃ = (કંઠથી ચરણ પર્યંત લાંબી) વનમાલાનાં દિવ્ય (શ્રીસ્વામિનીજીઓ સાથેની ક્રીડાથી ઉત્પન્ન થયેલા) ગંધવાળા તુલસીજીના મકરન્દથી મત્ત થયેલાં, અલિ-કુલૈઃ = (રસપૂર્ણ) ભમરાઓના અનેક પ્રકારના સમુદાય વડે, અલઘુ-ગીતં = દીર્ઘપણે (ગવાએલા) ગાનને, અભીષ્ટં = (ભમરાઓને) અભીષ્ટ રીતે, અદ્રિયન્ = (જે પ્રકારે ભમરા ઝાઙ્કાર કરતા હોય તે રીતે તેમના ગુંજનનું અનુકરણ વેણુથી કરી), આદર કરતા; દર્શનીય-તિલકઃ = દર્શન કરવા યોગ્ય સર્વમાં અતિ-સુંદર (શ્રેષ્ઠ, ભગવાન્ મુકુન્દ), યર્હિ = જ્યારે, કૂજિત-વેણુઃ = વેણુનું કૂજન કરનાર (થયા, ત્યારે), હન્ત ! અહો ! (હર્ષ છે કે આવું ભાગ્ય છે, કે) સરસિ = સરોવરમાં, એત્ય = આવીને, ચારુ-ગીત-હૃત-ચેતસઃ = (નિષ્કામ માટે ભગવાન કરેલા) સુંદર-ગાનથી જ વશ થયેલા ચિત્તવાળાં, સારસ-હંસ-વિહઙ્ગાઃ (જલમાં વસનાર,

રસયુક્ત ભક્તોના સંબંધી) સારસ, (ક્ષીર-નીર-વિવેક) હંસ (અને ભગવદ્-ભજનમાં પુરુષ કરતાં વધારે અધિકારવાળાં, ઉત્કૃષ્ગાતિ યુક્ત) વગેરે પક્ષીઓએ, હરિં ઇં હરિને, ઉપાસત = (સમીપમાં)

સેવ્યા, તે = તે (મુનિ-રૂપ પક્ષીઓ), યત-ચિત્તાઃ (ચિત્તની નિયતતાથી થતું ભગવદ્-ભજન મુખ્ય છે. વિક્ષિપ્તચિત્તનું ભજન મુખ્ય નથી. તેથી) નિયત ચિત્તવાળાં, મીલિત-દૃશઃ = (ભગવદ્-ભજનમાં બાહ્ય પ્રવૃત્તિમાં છે, નેત્ર. અને વાણી નિયમમાં રાખવા જરૂરી છે. તેથી અન્યત્ર ચિત્ત ન જાય માટે) બીડાએલાં નેત્રવાળાં, ધૃત-મૌનાઃ = (નાદ-પરાયણતાથી) મૌન વ્રત ધારણ કરનારાં (થઈ ગયાં).

ભગવાન સર્વમાં અતિસુંદર છે. દર્શન કરવા યોગ્ય છે. આપે વનમાળા ધારણ કરી છે. તેમાં દિવ્યગંધવાળાં તુલસીજી છે. તેના મકરંદથી ભમરાઓ મત્ત બને છે. ભમરાઓના સમુહ પ્રભુનું ગાન કરે છે. પ્રભુ તેને પણ આદર આપે છે. આવા પ્રભુ વેણુંનું કૂજન કરી રહ્યા છે. નજીકમાં સરોવર છે. તેમાં સારસ, હંસ વગેરે પક્ષીઓ આવ્યા છે. તે હરિનું સેવન કરે છે. આ સમયે તે સ્થિર ચિત્તવાળાં થયા. તેમનાં નેત્રો બંધ છે. મૌન વ્રત ધારણ કરે છે.

દર્શનીય એટલે દર્શન કરવા યોગ્ય. આવા દર્શનીયોમાં શ્રીકૃષ્ણ શ્રેષ્ઠ છે. શ્રીકૃષ્ણે ધરેલું તિલક દર્શનીય છે. તિલક સ્વામિનીજીના ભાવથી છે. આમ તે પ્રિયપરવશતાનું સૂચક છે. પ્રભુ સર્વને વશ કરે છે. પણ સ્નેહને વશ થાય છે. પ્રભુ વનમાળી છે. વનમાળા ધારણ કરી છે. તેમાં દિવ્યગંધવાળા તુલસીજી છે. તેમાં મકરંદ છે. તેનાથી ભ્રમર મત્ત બને છે. તુલસીના મકરન્દની ગંધ ત્રણ કારણથી માદક બની છે. (૧) પ્રભુ લીલા વિહાર કરે છે. તેમાં પ્રિયનો સંગ છે. તેનો સુગંધ તેમાં છે. (૨) ભગવાનની વનમાલા કીર્તિરૂપ છે. તેના ઉપર ભ્રમર ગુંજન કરે છે. આ ભગવાનના યશનું ગાન છે. માધુર્યરસ છે. (૩) તુલસીજી ગુણાતીત ભકિતરૂપ છે. તેનો મધુ અલૌકિક છે. ભકિતરસવાળો છે. લૌકિક સઘળું ભૂલાવી દે છે.

ભ્રમર અતિમત્ત બને છે. ઈશ્વર પાસે પહોંચે છે. રસમત્ત બને છે. ગાન કરે છે. આ ગાનમાં ભાવોદ્રેક છે. મુકત મનથી અને મુકત કંઠથી ગાન છે. આથી પ્રભુને ગમે છે. પ્રભુ પ્રસન્ન થાય છે. પ્રસન્ન પ્રભુ આ ગાનને આદર આપે છે.

વેણુકૂજનથી સરોવરમાં રહેલા સારસ અને હંસ વગેરેનાં ચિત્ત હરાઈ ગયા. ભગવાન પણ ભ્રમરના ગુંજનને સાંભળી રસમગ્ન થયાં છે. રસમત્ત થયાં છે. મૌન પણ છે. સારસ રસાલ ભકતો સંબંધી છે. હંસમાં ક્ષીરનીર વિવેક છે. તે આવેલા ભકતોના ભાવનું નિવેદન કરે છે. તે બધાનાં ચિત્ત વશ થઈ ગયાં છે. પ્રભુની નજીક જઈ સેવારત બન્યાં છે.

પક્ષીઓ તો મુનિ છે. તેથી તેમનાં નેત્ર બંધ છે. મુખથી મૌન છે. વેણુનાદમાં મગ્ન થયાં. નાદરત થયા. મત્ત નથી થયાં.

પુષ્ટિસેવામાં રાજભોગ દર્શન ખંડપાટ પર પક્ષીઓનાં રમકડાં પધરાવાય છે. તે આ ભાવથી છે. ભગવાનનું રૂપ નેત્રનો નિરોધ કરે છે. વેણુકૂજન વાણીનો નિરોધ કરે છે. નેત્રના નિરોધથી દર્શન અને સેવાનું સૂચન છે. વાણીના નિરોધથી શ્રવણ અથવા કીર્તનનું સૂચન છે. સેવા અને કથામાં રત રહેનારનો નિરોધ સિદ્ધ થાય છે. વાણી કર્મેન્દ્રિય છે. નેત્ર જ્ઞાનેન્દ્રિય છે. આ બંનેના નિરોધથી સર્વઈન્દ્રિયોની વૃત્તિઓનો પણ નિરોધ થઈ જાય છે.

વ્રજભકતોને અહીં સ્વરૂપ સેવાનો લાભ નથી મળ્યો. તેથી તેમને સંતાપ પણ છે.

૬ઠ્ઠું યુગલ ૧૨-૧૩ શ્લોકથી છે. સાત્વિક રાજસ ભાવવાળા ભકતો ગાય છે.

સહબલ: સ્ત્રગવતંસ વિલાસ: સાનુષુ ક્ષિતિ ભૃતો વ્રજ દેવ્ય: ।
હર્ષયન્ યર્હિ વેણુ રવેણ જાત હર્ષ ઉપરમ્ભતિ વિશ્વમ્ ।।૧૨।।

મહદતિક્રમણ શઙ્કિત ચેતા મન્દમન્દમનુગર્જતિ મેઘ: ।
સુહૃદમભ્યવર્ષત્ સુમોનોભિચ્છાયયા ય વિધ્ધત્ પ્રત્પત્રમ્ ।।૧૩।।

સાન્વય-વિવેચન : વ્રજ-દેવ્ય = (વ્રજની લીલાનુભવયુક્ત , દેવતા-રૂપ) હે ગોપીજન ! **ક્ષિતિ-ભૃતઃ** ઇં (સર્વના આધાર રૂપ પૃથ્વીને ધારણ કરનાર) પર્વતોના, **સાનુષુ** = શિખરો પર, **હર્ષયન્** = (સર્વને) હર્ષ દેતા, **જાત-હર્ષઃ** = પ્રકટ હર્ષવાળાં, **સ્રગવતી-વિલાસઃ** = (કીર્તિમયી) માલારૂપ કર્ણાભરણ (અવતંસ)માં વિલાસવાળા (દિશાઓ રૂપ કાનમાં કીર્તિ-રૂપ માલા સર્વવેદમાં) ભાગવતાદિ શાસ્ત્રરૂપ-આભરણમાં વિલાસ કરનાર, ભગવાન્ **યર્હિ** = જ્યારે, **સહ-બલઃ** = બલભદ્ર-સહિત (સંપૂર્ણ ક્રિયાશક્તિ યુક્ત, સૃષ્ટિ કરવા કરતાં પણ વધારે મહત્ત્વની વેણુનાદ-રૂપ આ ક્રિયા કરનાર ભગવાન્) **વેણુ-રવેણ** = વેણુના (મેઘથી પણ અતિગંભીર મહાબલયુક્ત) અનુકરણથી, **વિશ્વં** = વિશ્વને, **ઉપરમ્ભતિ** = (વિશ્વગત) સર્વધર્મોને દૂર કરતાં) ભરી દે છે. (ત્યારે), **મહદતિક્રમણ-શઙ્કિત-ચેતાઃ** = મોટા (ભગવાન્ વાસુદેવ)ના અતિક્રમણની શંકાયુક્ત ચિત્તવાળો, **મેઘઃ** = (ભગવાનનસ ઉપરથી પસાર થતો, આગળ જવા ઈચ્છતો, વેણુનાદનો આભાસ રૂપ, ધૂમ વગેરેના સમુદાયનો સ્વરૂપ-ભૂત) મેઘ, **મન્દ-મન્દં** = ધીમે ધીમે, **અનુ-ગર્જતિ** = વેણુનાદને અનુકૂલ ગર્જન કરે છે, **ચ** = અને, **છાયયા** = (આત્મા-નિવેદન રૂપ પોતાની) છાયા વડે, **પ્રતપત્રં** = (રાજય) દેવા રૂપ) છત્ર, **વિદધત્** = ધરતાં, **સુહૃદં** = (નીલેશમેઘશ્યામ, વિશ્વજીવન) સ્વમિત્ર (ભગવાન)ને, **સુમનોભિઃ** = (જલબિંદુ રૂપ) પુષ્પ વડે **અભ્યવર્ષત્** = (વિશ્વ ભગવાનથી જ કૃતાર્થ થયું છે, તેથી પોતાના જન્મની સફલતા માટે પૂજન કર્યું) વર્ષ્યાં

ગોપીજનને સંબોધે છે. પ્રભુ પર્વતોના શિખર પર બિરાજયા છે. સાથે બલભદ્રજી છે. પ્રભુ પ્રકટ હર્ષવાળાં છે. માલા ધારણ કરી છે. કર્ણનું આભરણ છે. સર્વને હર્ષ દેતો વેણુનાદ કરી વિશ્વને ભરી દે છે. ઉપર મેઘ છે. તેને શંકા છે કે મોટાઓનું અતિક્રમણ ન થઈ જાય ? આથી તે વેણુનાદને અનુકૂલ ધીમે ધીમે ગર્જન કરે છે. છાયારૂપી છત્ર ભગવાન પર ધર્યું જલબિંદુઓ રૂપી પુષ્પની વર્ષા કરી.

પ્રભુએ માલા ધારણ કરી છે. તે કીર્તિમયી છે. કર્ણમાં અવતંસ (આભૂષણ) ધર્યું છે. કર્ણ દિશાઓ રૂપ છે. દશે દિશાઓમાં કૃષ્ણની કીર્તિ ભરે છે. પ્રભુ બલરામજી સાથે પર્વતોના શિખર પર ઠાડા છે. બલરામજી ક્રિયારૂપ છે. પ્રભુને હર્ષ થયો છે. સૌને હર્ષ દેવા વેણુરવ કરે છે. પર્વતના શિખર પરથી કરેલ વેણુનો તાર નાદ વિશ્વને ભરી દે છે.

કૃષ્ણ મેઘશ્યામ છે. વિશ્વજીવનરૂપ છે. પ્રભુના મસ્તક પરથી મેઘ પસાર થતો હતો. શ્રી મસ્તક પરથી પસાર થઈ જાય તો તે દોષ કહેવાય. મોટાનું ઉલ્લંઘન (અતિક્રમણ) ન થાય. મેઘ છાયા કરી. પ્રભુને છત્ર ધર્યું. બિંદુરૂપી પુષ્પો વરસાવી પૂજન કર્યું. આત્મનિવેદન કર્યું.

સાતમું યુગલ શ્લોક૧૪-૧૫ થી છે.

ઘણું કરીને તે તામસસાત્વિક ભાવવાળા ગોપીજનોનું ગાન છે.

વિવિધ-ગોપ-ચરણેષુ વિદગ્ધો વેણુ-વાદ્ય ઉરુધા નિજ-શિક્ષાઃ ।
તવ સુતઃ સતિ યદાધર-બિમ્બે દત્ત-વેણુરનયત્ સ્વર-જાતીઃ ।।૧૪।।
સવનશસ્તદુપધાર્ય સુરેશાઃ શક્ર-શર્વ-પરમેષ્ઠિ-પુરોગાઃ ।
કવય-આનત-કન્ધરચિત્તાઃ કશ્મલં યયુરનિશ્ચત-તત્ત્વાઃ ।।૧૫।।

સાન્વય-વિવેચન : સતિ = હે સતિ ! (સ્ત્રમંડલમાં પધારેલા યશોદાજીને કહે છે.વિશ્વાસ રાખજો, **વિવિધ-ગોપ-ચરણેષુ** = (વેદમાં ન કહેલા, પણ લૌકિક, છતાં બીજા બ્રહ્માંડમાંના, બીજા લોકમાં અપ્રસિદ્ધા) વિવિધ-પ્રકારના ગોપલોકોના સંચાર ભેદોમાં, **વિદગ્ધાઃ** = (સર્વત્ર) નિપુણ, **અધર-બિમ્બે** = (લોભાત્મક નીચેલા પણ હોઠ જેનો રસ ભગવાને આપ્યો નથી તે) અધરબિમ્બ (જે સૂર્યવ પ્રકાશક છે તે) ઉપર, **દત્ત-વેણુઃ** = પધરાવેલા વેણુવાળા, **તવ-સુતાઃ** = તમારા પુત્રે (હોવા છતાં તમારા મનથી વિચાર પણ ન શકાય તેવું અશક્ય કાર્ય પણ કરે છે, તેમ બ્રહ્માના બ્રહ્માંડમાં પ્રકટ થયા છતાં બ્રહ્માં પણ ન જાણી શકે તેવી લીલા કરે છે), **યદા** = જ્યારે, **વેણુ-વાદ્યૈ** = (છિદ્રવાળા-સુશિર પ્રકારના -અનેક પ્રકારના ભેદ વાળા) વેણુવાદ્યમાં, **ઉરુધાઃ** = અનેક પ્રકારે, **નિજ-શિક્ષાઃ** =

પોતાના દ્વારા જેમાં અનેક પ્રકારના અભિવ્યકિત પ્રકારો છે. તેવા, **સ્વર-જાતી:** = (નિત્યપનાદબ્રહ્મ રૂપ, અલૌકિક, ષડ્જાદિ) સ્વર જાતિના ભેદોનો, **અનયન્** = (નૂતનપણાથી) ઉતપન્ન કર્યા, (ત્યારે), **સવનશ:** = (આધિદૈવિક) ત્રિકાલમાં, **તદુપધાર્ય** = તે (વેણુનાદને) સાંભળીને, **શક્રશર્વ-પરમેષ્ઠિ-પુરાગો:** = (ત્રૈલોક્યાધિપતિ), સર્વદા નાદ પરાયણ, સાત્ત્વિક) ઈન્દ્ર,(નાદશાસ્ત્રકર્તા,તામસ) શંકર, (તે બંનેના ગુરુ, રાજસ) બ્રહ્મા-જેમના પુરોગામી છે (ત્રિગુણાત્મક), **આનત-કનધર-ચિત્તા:** = (બાહ્યભિનય માટે) ચારે તરફથી નમેલ કાંધ અને ચિત્તવાળા, **અનિશ્ચિત-તત્ત્વા:** = (વેણુનાદના) તત્ત્વના નિશ્ચય ન કરી શકેલા, = (નાદમાં પણ) નિપુણ, સુરેશા: દેવો, **કશ્મલં** = ચિન્તાથી આવતી મૂર્ચ્છા, **યયુ:** = પ્રાપ્ત થયા.



યશોદાજી સતિથી સંબોધે છે. શ્રીકૃષ્ણ જશોદાજીના પુત્ર છે. વિવિધ પ્રકારના ગોપલોકોના સંચાર ભેદોમાં નિપુણ છે. અધરબિમ્બ પર વેણુ પધરાવ્યો છે. વેણુનાદ કરે છે. વેણુ વાધમાં અનેક પ્રકારો છે. શ્રી ઠાકોરજી તે પ્રકારોની અભિવ્યકિત કરે છે. સ્વર જાતિના ભેદો ઉત્પણ્ણ કરે છે. ઈંદ્ર શંકર અને બ્રહ્મા તે વેણુનાદ ત્રણે કાલમાં સાંભળે છે. તેઓ આ તત્વનો નિશ્ચય ન કરી શકયા. દેવો મૂર્ચ્છા પામ્યા. વેણુનાદ કરતાં પ્રભુએ કાંધ નમેલી રાખી છે. એક ચિત્ત થઈ ગયા છે.

ગોપીજનો ગાઈ રહ્યા છે. આ દરમ્યાન યશોદા મા પધાર્યા છે. તેમને સતિ કહે છે. કૃષ્ણને યશોદાના પુત્ર કહે છે. કૃષ્ણ છે તો ભગવાન જ. આથી અચિન્ત્ય સઘળી લીલા પણ કરે છે. બ્રહ્માજીએ બ્રહ્માંડની રચના કરી છે. તપમાં પ્રભુ પધારે છે. બ્રહ્માને પણ ન સમજાય તેવી લીલા કરે છે.

પ્રભુનો અધર બિમ્બ(ફલ) જેવો છે. સૂર્યની જેમ સર્વનો પ્રકાશ કરે છે. અધરે પ્રભુ વેણુ ધર્યો છે. વાદ્યો જુદા જુદા પ્રકારનાં હોય છે તે પૈકી છિદ્રોવાળાં વાદ્યને વેણુ કહે છે. તેના પણ અનેક પ્રકારો શાસ્ત્રમાં કહ્યા છે. તે બધા દ્વારા નાદની અનેક પ્રકારથી અભિવ્યકિત થાય છે.

કૃષ્ણ ગોપ રાજકુમાર પણ છે. તેથી વિવિધ પ્રકારના ગોપોના સંચારના નિપુણ છે. સ્વર અને જાતિના નૂતન પ્રકારથી વેણુનાદ કરે છે. તે જાણવા માટે ત્રિગુણ પ્રધાન દેવો ત્રિકાલમાં આવે છે. આ યુગલના ગાન સમયે મધ્યાહન છે. સાત્વિક ઇંદ્ર, તામસ શંકર અને રાજસ બ્રહ્મા આવ્યા છે. સાથે દેવો પણ છે તે બધા નાદમાં નિપૂણ છે. ઇંદ્ર, નાદ પરાયણ છે. શંકર નાદશાસ્ત્રના કર્તા છે. સર્વવિદ્યાના અધિપતિ છે. બ્રહ્માજી આ બંનેના ગુરુ છે. પરમેષ્ઠી છે.

પ્રભુ આ નાદનિપુણો પાસે પોતાની નિપુણતા બતાવે છે. પ્રભુના વેણુનાદમાં ધ્વનિ અને વર્ણ બંને છે. દેવો આ તત્ત્વ નિર્ણય ન કરી શકયા. વિકલતાથી મુર્ચ્છિત થઈ ગયાં.

આઠમું યુગલ શ્લોક ૧૬ અને ૧૭ નું છે.
તામસ રાજસવાળા ગેપીજનો ગાય છે.

નિજ-પદાબ્જ–દલૈર્ધ્વજ-વજ્ર–નીરજાકૃતિ - વિચિત્ર–લલામૈઃ ।
વ્રજ-ભુવઃ શમયન્ ખુર–તોદં વર્ષ્મ-ધુર્ય-ગતિરીરિત–વેણુઃ ।।૧૬।।

વ્રજતિ તેન વયં સવિલાસ–વીક્ષણાર્પિતમનોભાવ-વેગાઃ ।
કુજ-ગતિં ગમિતા ન વિદામઃ કશ્મલેન કબરં વસનં વા ।।૧૭।।

સાન્વય-વિવેચન : વ્રજ-ભુવઃ = વ્રજભૂમિની, **ખુર-તોદં** = (નિરંતર પશુઓના ચાલવથી તેમની)ખરીઓથી થતી વ્યથાને, **ધ્વજ-વજ્ર-નીરજાકૃતિ-વિચિત્ર-લલામૈઃ** = (આધ્યાત્મિકાદિ-વ્યથામાંથી તામસ-ભૌતિક વ્યથા દૂર કરનાર), ધ્વજ (રાજસ, આધ્યાત્મિક વ્યથા દૂર કરનાર), વજ્ર, (સાત્ત્વિક, આધિદૈવિક વ્યથા દૂર કરનાર)

કમલાકૃતિ (વગેરે) વિચિત્ર (શ્રેષ્ઠ) ચિહ્નો વડે, (તથા), **નિજ-પદાબ્જ-દલૈઃ** = (પૃથ્વીના ક્ષતને દૂર કરનાર) પોતાનાં ચરણકમલનાં તલ વા આંગળીઓ વડે, **શમયન્** = (લૌકિક તથા અલૌકિક પ્રકારે) શમાવતા, **વર્ષ્મ-ધુર્ય-ગતિઃ** = મોટી કાંધવાળા વૃષભ જેવી (મંદ) ગતિવાળા (ગાયોનાં દુઃખનુ દૂર કરનાર), **ઈરિત-વેણુઃ** = વાગતા વેણુવાળા (ભગવાન્), **વ્રજતિ** = (ધીમે ધીમે લીલાપૂર્વક) પધારે છે, **તેન** = તે (વેણુનાદ) વડે, **સવિલાસ-વીક્ષણાર્પિત-મનો-ભવ-વેગાઃ** = વિલાસ–પૂર્વક દૃષ્ટિપાતથી અર્પણ થયેલા કામના વેગવાળાં, **કુજ-ગતિં** = (કામવેગથી મળેલી સ્તબ્ધતાથી) વૃક્ષની દશા (ગતિ) ને, **ગમિતાઃ** = પ્રાપ્ત કરાએલાં, **વયં** = આપણે (ગોપીજન), **કશ્મલેન** = મૂર્છા વડે, **કબરં** = કેશપાશને, **વા** = અથવા, **વસનં** = વસ્ત્રને, **ન વિદામઃ** = (સ્ત્રીઓને અત્યંત આવશ્યક કેશ અને વસ્ત્રનું જ્ઞાન) જાણતાં નથી. (કેશ કે વસ્ત્રનું ભાન રહેતું નથી.)

પ્રભુ મોટી કાંધવાળા છે. વૃષભ જેવી મંદ ગતિવાળા છે. વ્રજભૂમિને પશુઓની ખરીથી વ્યથા થાય છે. પ્રભુના ચરણકમલમાં ધ્વજ, વજ, કમલ વગેરે શ્રેષ્ઠ ચિહ્નો છે. તે દ્વારા તથા આંગળીઓ વડે તે વ્યથા શમાવે છે. વેણુવાદન માટે ભગવાન પધારે છે. વેણુનાદ કરે છે. વિલાસપૂર્વક દ્રષ્ટિપાત કરે છે. આનાથી ગોપીજનો કામના વેગવાળા થયાં છે. વૃક્ષ જેવી દશા થઈ ગઈ છે. આથી પોતાના કેશ કે વસ્ત્રનું ભાન રહેતુ નથી.

ગોપીજનોને એવુ લાગે છે કે આ વેણુનાદ પોતાના માટે જ થાય છે. પ્રભુ ગાયો ચરાવવા વનમાં પધારે છે. પશુઓની ખરી કઠિન હોય તે ભૂમિને વાગે છે. તેથી પીડા થાય છે. ભૂમિ ભકત છે. વ્રજની ભૂમિતો અતિ પ્રિય છે. ભકત ને પશુની ખરીથી થતી વ્યથા પ્રભુ સહન કરી શકતાં નથી.

પ્રભુ ખુલ્લાં ચરણે ધીમે ધીમે ચાલતાં પધારે છે. ચરણમાં ધ્વજ, વજ અને કમલ જેવા ચિહ્નો છે. તે પ્રભુના ચરણની શોભારૂપ છે. આવા ચરણના સ્પર્શથી ભૂમિનો સંતાપ શમાવે છે. ધ્વજથી આધ્યાત્મિક સંતાપ શમાવે છે. અસુર ભય તામસ ભૌતિક છે. ધ્વજથી અભય કરી તે દૂર કરે છે. વજથી

રાજસ આધ્યાત્મિક પાપપીડા દૂર કરે છે. કમલથી સાત્વિક આધિદૈવિક સેવામાં દુઃખનું શમન કરે છે.

વ્રજમાં ત્રણની મુખ્યતા છે. ભૂમિ, ગાયો અને ગોપીજનો. પ્રભુ વૃષભ જેવી મંથરગતિથી ચાલે છે. ગાયોનો સંતાપ શમાવે છે. વેણુનાદથી ગોપીજનોના સંતાપ શાંત થાય છે. ગોપીજનો વૃક્ષ જેવાં સ્તબ્ધ (સ્થિર) થઈ જાય છે. કામવેગ થી વ્યાકુળ બને છે. વસ્ત્ર અને કેશનું ભાન રહેતું નથી.

નવમું યુગલ ૧૮-૧૯ શ્લોકનું છે. તામસ તામસ ગોપીજનો ગાય છે.

મણિ-ધરઃ ક્વચિદાગણયન્ ગા માલયા દયિત-ગન્ધ-તુલસ્યાઃ ।
પ્રણયિનોડનુચરસ્ય કદાંસે પ્રક્ષિપન્ ભુજમગાયત યત્ર ।।૧૮।।

ક્વણિત-વેણુ-રવ-વંચિત-ચિત્તાઃ કૃષ્ણમન્વાસત કૃષ્ણ-ગૃહિણ્યઃ ।
ગુણ-ગણાર્ણમનુગત્ય હરિણ્યો ગોપિકા ઈવ વિમુક્ત-ગૃહાશાઃ ।।૧૯।।

સામન્વય-વિવેચન : દયતિ-ગન્ધ-તુલસ્યાઃ = (ભગવાને નીલરૂપ, સ્ત્રીઓને સ્પર્શ, વેણુનો શબ્દ,નવનીતનો રસ અને તુલસીનો ગન્ધ પ્રિય છે. તેથી) અત્યંતપ્રિય ગંધવાળાં તુલસીજીની, **માલયા** = માલાજી વડે (ઉપલક્ષિત) ઓળખતા, **મણિ-ધરઃ** = (ગાયોના આધિદૈવિક સ્વરૂપ-ભૂત, પોતાનાં પ્રિયાજીઓનુ અભિજ્ઞાન કરાવતા) મણિઓને ધારણ કરનારે, (ગાય-ગોપીજન અને હરિણીઓના સંસારભાવને સૂચવતા, તેમનાં સ્વરૂપ અને તેમનામાં રહેલા ધર્મો પોતાનામાં પ્રતિષ્ઠિત કરનાર ભગાવને), **કવચિત્** = કોઈક વખત, **ગાઃ** = ગાયને, **આગણયન્** = ચારે તરફથી ગણતાં, **પ્રણયિનઃ** = પ્રતિ પ્રેમવાળાં (સ્નેહ સેવાધર્મવાળા), **અનુ-ચરસ્ય** = સેવક (ગોપ)ના, **અંસે** = ખભા પર, **ભુજં** = (પોતાના) હાથને, **પ્રક્ષિપન્** = પધરાવતાં, **કદા** = કયારેક, **યત્ર** = જ્યાં **અગાયત** = ગાન કર્યું, (ત્યાં) **કવણિત-વેણુ-રવ-વગ્િ-ચત-ચિત્તાઃ** = (આકસ્મિક મનોહર વિશિષ્ટ-ધ્વનિ-રૂપ), અનુરણયુકત-વેણુના (અગ્નિ બીજાત્મક અને અમૃતબીજાત્મક “**ર**” કાર અને “**વ**” કારથી અતિશય આર્તિ અને શમન કરનાર) રવથી વંચિત ચિત્તવાળી, **ગોપિકાઃ** = ગોપિકાઓ(ની), **ઈવ** = જેમ, **વિમુક્ત-ગૃહાશાઃ** =

ઘરની (ઘેર જઈશું તેવી) આશા છોડી દીધેલી, **કૃષ્ણ-ગૃહિણ્ય:** = (વેદમાં નિયુક્ત એક-બે ગુણવાળા,) કૃષ્ણસાર (કાળીઆર મૃગ)ની **હરિણ્ય:** = (ભક્તિમાં વિનિયોગ માટે પ્રવૃત થયેલી) હરિણીઓ, **ગુણ-ગણાર્ણં** = ગુણાના સમુદ્ર (પૂર્ણગુણવાળા), **કૃષ્ણં** = (કૃષ્ણસારમાં પણ કૃષ્ણ-બુદ્ધિથી) કૃષ્ણને, **અનુગત્ય** = અનુસરીને (પાછળ જઈને), **અન્વાસત** = નિકટમાં (પાછળ જઈને) બેઠી.

પ્રભુએ પ્રિય ગંધવાળાં તુલસીજીની માળા ધરી છે. મણિઓ ધારણ કર્યા છે. કોઈક વાર ગાયોની ગણત્રી કરે છે. પ્રેમવાળાં ગોપના ખભા પર હાથ પધરાવે છે. વેણુગાન કરે છે. ગોપીજનો આ વેણુરવથી વંચિત છે. ગોપીજનો એ ઘરની આશા છોડી દીધી છે. હરણિઓ પણ આવી જ છે. તે કૃષ્ણ અુનસરી તેમની નિકટમાં આવીને બેસી ગઈ.

ભગવાનને પાંચ વસ્તુ પ્રિય છે. (૧) નીલરૂપ (૨) કોમલ સ્પર્શ (૩) વેણુનો શબ્દ (૪) નવનીતનો રસ અને (૫) તુલસીજીની ગંધ. ભગવાને તુલસીજી માળા ધરી છે. મણિઓ ધારણ કર્યા છે તે ગાયોના આધિદૈવિક સ્વરૂપ છે. આ મણિઓ ગાયોના પ્રકાર પ્રમાણે છે. વૈજયન્તી માલામાં ધર્યા છે ગાયોને ભગવાનમાં નિષ્ઠા છે. ગોપીજન અને હરિણી પણ પ્રભુનાં પ્રિયજન છે. વ્રજવાસી અને વનવાસી કૃષ્ણ પરાયણ છે. અતિપ્રિય ગોપના ખભે પ્રભુએ કરકમળ ધાર્યો છે. આકસ્મિક વેણુરવ કર્યો. મૃગ તો સંગીતના શોખીન છે. મૃગ એટલે કાળિયાર મૃગ. તેમનાં પત્ની એટલે હરિણી. વેણુરવથી ચિત્ત છેતરાઈ ગયાં. કૃષ્ણમતિ થઈ. કૃષ્ણ પાસે આવીને બેસી ગયાં. ગુણસાગર કૃષ્ણને અનુસર્યા. ઘરની આશા છૂટી ગઈ. કૃષ્ણે મૃગી (હરિણી) ના નયન જોયાં. ગોપીજનની સ્મૃતિ થઈ. પ્રિયભાવ ઉમટયો.



વેણુરવ કર્યો. રવમાં ‘ર’ અગ્નિબીજ છે. વિયોગનું સૂચન છે. ‘વ’ અમૃતબીજ છે. સંયોગનું સૂચન કરે છે. વેણુનાદથી હરિણીઓને ગોપીજનોની જેમ વિરહસંતાપ અને સંયોગશાંતિ બંને મળ્યાં.

૧૦મું યુગલ ૨૦-૨૧ શ્લોકનું છે.

ગુણાતીત (કર્મ) ભાવવાળાં ગોપીજનો ગાય છે.

કુન્દ-દામ-કૃતકૌતુક-વેશો ગોપ-ગોધન-વૃતો યમુનાયામ્ ।
નન્દ–સૂનુ-રનઘે તવ વત્સો નર્મદ: પ્રણયિનાં વિજહાર ।।૨૦।।

મન્દ-વાયુરુપવાત્યનુકૂલં માનયન્ મલયજ-સ્પર્શેન ।
બન્દિનસ્તમુપ-દેવ-ગણા યે વાદ્ય-ગીત બલિભિ: પરિવવ્રુ: ।।૨૧।।

સાન્વય-વિવેચન : અનઘે = (ક્રોધાભાવ અને વિશ્વાસ માટે સંબોધન છે.) હે નિષ્પાપ (નિર્દોષ યશોદાજી) !, **પ્રણયિનાં** = સ્નેહવાળાંઓને, **નર્મદ:** = (સુખ થાય-તેમ લીલા કરી.) સુખ આપનાર, **નન્દ-સૂનુ:** = શ્રીનન્દરાયજીના પુત્ર (રૂપે પ્રાકૃત જેવી લીલા કરનાર), **કુન્દ-દામ-કૃત-કૌતુક-વેશ:** = ડોલરની (અનેક પ્રકારની) માલાઓથી બનાવેલા અતિ અદ્ભુત (હાસ્યરસ ઉત્પન્ન કરે તેવા વેશવાળા, **ગોપ-ગોધન-વૃત:** = ગોપ અને ગોધનથી વીંટળળાએલા, **તવ-વત્સ:** = (સર્વ ગુત્તરસથી અજાણ્યાં-ગાય જેવાં ભગવાનને ખાંડણીએ બાંધનાર - છતાં નિર્દોષ) તમારા વત્સે (નિર્દોષ- પ્રિય-પુત્રે-ભગવાને), (જ્યારે), **યમુનાયાં** = શ્રીયમુનાજીના જલમાં (વા કિનારે), **વિજહાર** = (લિલાસકિતથી ગોપો સાથે જલક્રીડા, ગાયોને સ્નાન-વગેરે રૂપ જલક્રીડા નૃત્યક્રીડા, વેણુવાદન ક્રીડારૂપ) વિહારો કર્યા, (ત્યારે), **મલયજ-સ્પર્શેન** = (ભગવત્સ્વરૂપકમાં લેપ કરેલા અથવા દક્ષિણના મલય પર્વતના) ચન્દનના સ્પર્શ (સુંગધ) વડે, **માનયન્** = (પોતાના ગુણથ) સન્માન દેતો, **મન્દ-વાયુ:** = ધીમો પવન, **અનુકૂલં** = (ચંદનના સંગથી અધિક શીતલતાથી) અનુકૂલ રીતે (જે સર્વનુ ભગવદ્ભાવ સંપાદન કરશે), **ઉપવાતિ** = નિકટમાં વાય છે, (અને) **ઉપદેવ-ગણા:** = ઉપદેવ (ગન્ધર્વાદિ) ના સમુદાયો, **યે** = જુ (ભગવદીય હતા, તે), **બન્દિન:** = કીર્તિ ગાનારા (થયા

અને,) **તં** = (ભગવાન)ને, **વાદ્ય-ગીત-બલિભિ:** = વાદ્ય, ગીત અને પૂવા સાધનો સહિચ, **પરિ-વવ્રુ:** = (સર્વત્ર અપેક્ષિત કર્યું) ચારે તરફ વીંટળાઈ વળ્યા.

યશોદાજી નિષ્પાપ કહી સંબોધે છે. શ્રીકૃષ્ણને નંદરાયજીનાં પુત્ર કહે છે. પ્રભુ સ્નેહીજનોને સુખ આપે છે. ડોલરની માળા ધરી છે. અદ્‌ભુત વેશ ધર્યો છે. ગોપો અને ગોધનથી વીટળાઈ ગયા છે. આવા કીર્તિગાન કરે છે. તેમની પાસે વાદ્ય ગીત અને પૂજાનાં સાધનો છે. તે લઈ પ્રભુને વીટળાય છે.

પ્રભુએ કુંદ પુષ્પની માલા ધરી છે. કલામય મંગલ વેષ છે. પુષ્પો શૃંગાર રસમાં ઉપયોગી છે. પ્રભુનો વેષ હસવુ આવે તેવો છે. યશોદાજીને નિષ્પાપ કહી સંબોધી વાત કરે છે. પ્રભુને નંદના પુત્ર અને યશોદાના પ્રિય દીકરા પણ કહે છે. આમ પ્રભુને બંનેના પુત્ર રૂપે જુદા ગણાવ્યા છે. બંને નિર્દોષ બંનેમાં પાપરૂપ રજોગુણ નથી. આથી બંનેને ક્રોધ આવતો નથી.

પ્રભુને જે સ્નેહ કરે તેને પ્રભુ સુખ આપે છે. સ્નેહીઓને સુખ આપવા પ્રભુ યમુના તટે વિહાર કરે છે. લીલામાં આસકત થઈ પ્રભુ ક્રીડા કરે તેને વિહાર કહેવાય પ્રભુ જલક્રીડા પણ કરે છે. ગોપસખાઓ સાથે યમુનાજળમાં ક્રીડા કરે છે. ગાયોને સ્નાન પણ કરાવે છે. બંનેનો ઉદ્વેગ શમાવવા વેણુનાદ પણ કરે છે. આ વખતે વાયુ વાય છે વાયુ મંદ છે. શીતલ છે અને ચંદનની સુંગધીવાળો છે. વાયુ આ ત્રણ ગુણોથી પ્રભુનુ સન્માન કરે છે. આથી ભગવાન અને ભકતોમાં ભાવ વૃદ્ધિ થાય છે. ભગવદીયો અને ગંધર્વો પ્રભુને ચારે તરફથી વીટળાઈ વળે છે. તેમની પાસે વાદ્યગીત અને પૂજાના સાધનો છે.

અગિયારમું યુગલ ૨૨-૨૩ નું છે.
ગુણાતીત (જ્ઞાન) ભાવવાળા ગોપીજન ગાય છે.

વત્સલો વ્રજ-ગવાં યદગધ્રો વન્દ્યમાન-ચરણ: પથિ વૃદ્ધૈ: ।
કૃત્સ્ન-ગોધન-મુપોહ્ય દિનાન્તે ગીત-વેણુરનુગેડિત-કીર્તિ: ।।૨૨।।

ઉત્સવં શ્રમ-રુચાપિ દશીનામુન્નયન્ ખુર-રજ-શ્છુરિત-સ્રક્ ।
દિત્સયૈતિ સુહૃદાશિષ એષ દેવકી-જઠર-ભૂરુડુ-રાજઃ ।।૨૩।।

સાન્વય-વિવેચન : વ્રજ-ગવાં = વ્રજની ગાયોનામ, **વત્સલઃ** = (પ્રતિ) વાત્સલ્યવાળા (ભગવાન્), **યદ્** = જે (ભજનાનન્દ-દાન માટેના કારણે), **અગધ્રઃ** = પર્વત (શ્રીગિરીરાજજી)ને ધારણ કરનાર (પ્રભુ) (છે, અને તે સર્વ પ્રસિદ્ધ માહાત્મ્યથી), **પથિ** = માર્ગમાં, **વૃદ્ધૈઃ** = સર્વ રીતે નિપુણ પુરુષો વડે, **વન્દ્યમાન-ચરણઃ** = વંદન કરાએલા ચરણવાળા, **અનુગુડિત-કીર્તિઃ** = સેવક (ગોપો) વડે (નિરોધ થાય તેમ) ગવાએલ કીર્તિ (રાત્રિગાન) વાળા, **ખુર-રજ-શ્છુરિત-સ્રક્** = (ગાયોની ધર્મરૂપ) ખરીઓની (ઊડેલી અર્થરૂપ) રજ (લાગવા)થી (કામરૂપે) છવાએલા માલાવાળા, **એષઃ** = આ, **દેવકી-જઠર-ભૂરુડુરાજઃ** = (અદિતિના અવતાર-રૂપ ધ્યુ-રૂપ) દેવકીજીના જઠરમાંથી પ્રકટ થયેલા (પરંતુ શ્રીગોપીજનને સુખ દેનારા નક્ષત્રોના રાજા) ચેન્દ્ર (રૂપ), **ગીત-વેણુઃ** = (શ્રમ દૂર કરવા તથા વ્રજસ્થોને જણાવવા) વેણુદ્વારા ગાન કરતાં, (ભગવાન્), **દિનાન્તે** = (રાત્રે વનમાં સ્થિતિ યોગ્ય ન હોવાથી તથા અન્યલીલા કરવાની ઈચ્છાથી) દિવસના અન્તે, **કૃત્સ્ન-ગોધનં** = સંપૂર્ણ ગોધન (ગોયોનાં ધણ) ને, **ઉપોહ્ય** = (એક જ લીલા વ્યાપૃત ગાયો, મુક્ત થઈ જાય, પણ કૃપાથી ભજનાનન્દ-દાન માટે ગોકુલને ગોષ્ઠમાં લાવવા) (સમીપમાં) એક કરી લઈને, **શ્રમ-રુચા** = (સર્વધર્માશ્રય રૂપતાથી તથા વિરુદ્ધધર્માશ્રયત્વથી પ્રભુને શ્રમ થાય છે તે સિદ્ધાન્તે), શ્રમયુક્ત કાન્તિ વડે, **અપિ** = પણ, **દશીનાં** = (વ્રજસ્થોની)દૃષ્ટિઓના, **ઉત્સવં** = (પરમાનન્દ વિસ્તાર-રૂપ) ઉત્સવને, **ઉન્નયન્** = (શ્રાન્ત થયેલા હોવાથી ધીમેથી પધારતાં, સંઘાતમાં દૃષ્ટિને જેટલો-જે આનન્દ મળે તેના કરતાં અધિક સંપાદન-રૂપ) ઉત્તમ રીતે લાવતાં, **સુહૃદાશિષઃ** = (સર્વ-સંબંધીઓને) સર્વ આશાઓ દેવા યોગ્ય છે, તે પ્રકારે શ્રી ગોપીજન દ્વારા સર્વમાં આનન્દ પ્રવેશ-રૂપ) સ્વજનોની આશાઓને, **દિત્સયા** = દેવાની (પૂર્ણ કરવાની) ઈચ્છાથી, **એતિ** = પધારે છે.

શ્રી કૃષ્ણને વ્રજની ગાયો માટે વાત્સલ્ય છે. પ્રભુએ શ્રી ગિરિરાજજીને ધારણ કર્યા છે. આવા પ્રભુ પધારે છે ત્યારે માર્ગમાં નિપુણ પુરુષો તેમનાં ચરણોને વંદે છે. ગોપો તેમની કીર્તિનું ગાન કરે છે. ગાયોની ખરીથી ઉડેલી રજ પ્રભુની માળામાં લાગી છે. દેવકીજીના જઠરમાંથી પ્રગટેલ ભગવાન ચંદ્રરૂપ છે. દિવસના અંતે તે વ્રજમાં પધારે છે. ત્યારે સંપૂર્ણ ગોધન સમીપમાં એકઠું કર્યું છે પ્રભુ શ્રમયુકત દેખાય છે. આવા પ્રભુ વ્રજજનોના નેત્રોના ઉત્સવરૂપ બની જાય છે. સ્વજનોને આશાઓ આપે છે.



સાયંકાળે પ્રભુ વનમાંથી વ્રજમાં પધારે છે. તે વખતે વેણુનાદ કરે છે. તે રીતે વ્રજવાસીઓને આગમની મંગલ વધાઈ આપે છે. પ્રભુને ગાયો પ્રિય છે. ગાયો માટે વાત્સલ્ય છે. પ્રભુને ગાયોમાં વસવું ગમે છે. ગાયની ખુરરજ પ્રભુના અંગે લાગે છે. પ્રભુની માલા પર છવાય છે. ગાયની ખરી ધર્મપુરુષાર્થનું સૂચન કરે છે. તેથી ઉડતી રજ અર્થ પુરુષાર્થનું સૂચન કરે છે. છવાયેલી રજ કામ પુરુષાર્થનુ સૂચન કરે છે. પ્રભુની માલા કીર્તિરૂપ છે. પ્રભુ સર્વને અભિલાષનું દાન્ કરે છે. તે મોક્ષ પુરુષાર્થરૂપ છે.

પ્રભુને ગાયો પ્રિય છે. વ્રજવાસીઓ પ્રિય છે. તેથી શ્રીગિરિરાજને ધારણ કરે છે.

આગે ગાય, પાછે ગાય, ઈતગાય, ઉતગાય ગોવિંદકો ગાયન મે બસવો હી ભાવે, ગાયને કે સંગ ધાવે, ગાયનમેં સચુ પાવે, ગાયનીક ખુર રજ અંગ લપટાવે. ગાયન સોં વ્રજ છાયો. વૈકુંઠ વિસરાયો, ગાયનકે હિત કર ગિરી ઉઠાયો.

પ્રભુ દેવકીજીના જઠરમાંથી પ્રકટયા છે. દેવકીજી અદિતિનો અવતાર છે. તેથી દ્યુ (આકાશ) રૂપ છે આકાશમાં ચંદ્રનો ઉદય થાય એટલે કૃષ્ણ ચંદ્રરૂપે છે. નક્ષત્રો (ગોપીજનોના) પતિ બને છે.

ચંદગોવિંદ ગોપી તારાગણ, રાસમેં બને હૈ બનવારી, લૌકિક ચંદ્ર લૌકિક તાપ શમાવે. કૃષ્ણ ચંદ્ર સર્વના સર્વતાપ શમાવે છે. આવા પ્રભુ સર્વધર્મના આશ્રય રૂપ છે. થાકેલા જણાય છે. વૃદ્ધો(નિપુણો) પ્રભુના ચરણને વંદન કરે છે.

બારમું યુગલ શ્લોક ૨૪-૨૫ નું છે.

ગુણાતીત(ભકિત) ભાવવાળા ગોપીજન ગાય છે.

મદ-વિઘૂર્ણિત-લોચન ઈષન્માનદ: સ્વ–સુહૃદાં વન-માલી ।
બદર-પાણ્ડુ-વદનો મૃદ–ગણ્ડં મણ્ડયન્ કનક-કુણ્ડલ–લક્ષ્મ્યા ।।૨૪।।

યદુ-પતિર્દ્વિરદરાજ–વિહારો યામિની-પતિરિવૈષ દિનાન્તે ।
મુદિત–વક્ત્ર ઉપયાતિ દુરન્તં મોચયન્ વ્રજ-ગવાં દિન–તાપમ્ ।।૨૫।।

સાન્વય-વિવેચન : મદન-વિઘૂર્ણિત-લોચન: = (પોતાના આનંદની સ્થિતિ પૂર્ણ-જ્ઞાન-રૂપ) મદથી (સર્વ વિષયોને દૂર કરવા માટે) વિશેષ-રીતે ઘેરાએલાં (જ્ઞાનમાર્ગ-રૂપ) લોચન (રૂપ સ્વરૂપનિષ્ઠ ધર્મ) વાળાં, **સ્વ-સુહૃદાં** = (સુહૃત્કાર્ય મોટાઓને પણ કર્તવ્ય હોવાથી) પોતાનાં જ (અસાધારણ) સ્નેહી (ગોપી) જનને, **ઈષત્** = અલ્પ, **માનદં:** = (જ્ઞાન-પ્રાકટ્યથી) સન્માન આપનારાં, (રજોગુણની મુખ્યાવાળા વેપુનાદથી રજોગુણ પ્રકટ થતાં આવેલા અભિમાનનું ખંડન કરનારાં), **વન-માલી** = (કીર્તિમયી, ચરણાપર્યંત લાંબી) વનમાલા વાળા, **બદર-પાણ્ડુ-વદન:** = (વનવાસીઓને વનમાં જઈને ઉપભોગ કરવા યોગ્ય, તાપથી પ્રતિક્ષણ (અસમાન) નૂતન કાન્તિ પ્રકટ કરતાં) બોર જેવા (અર્ધ પક્વ, અત્યારે અર્ધરત-આગળ ઉપર અત્યંત રત થનાર, આરક્ત) પાણ્ડુ (વર્ણના) વદનવાળા , **યદુ-પતિ:** = (અનેક સ્ત્રીઓવાળા) યાદવોની પતિ (અસાધારણ લીલા કરનાર), **દ્વિરદ-રાજ-વિહાર:** = (મહાસુરતમાં) ગજેન્દ્ર (જેવાં) (અમર્યાદલીલા)

વિહારવાળા, **એષ:** = આ (અત્યારે શ્રાન્ત દેખાતા, સર્વાલઙ્કાર ભૂત), **મુદિત-વક્ત્ર:** = (પ્રસન્ન) હર્ષિત મુખવાળા, (ભગવાન્), **દિનાન્તે** = (દિવસ પૂર્ણ થતાં) દિવસના અન્તે, **વ્રજ-ગવાં** = વ્રજના અને ગાયોના, **દુરન્તં** = અસહ્ય (દુ:ખથી જેનો અંત આવે તેવા), **દિન-તાપં** = દિવસ (ભર)ના(સંપૂર્ણ) તાપને,**મોચયન્** = છોડાવતા (દૂર કરતા), **યામિની-પતિ:** = (મહાસુરતની પહેલાં તાપ દૂર કરી- શીતલતા દેતો સંપૂર્ણ રાત્રિના પતિ), ચન્દ્ર, **ઈવ** = જેવા (પ્રભુ), **ઉપયાતિ** = સમીપમાં પધારે છે.

પ્રભુનાં લોચન મદથી ઘેરાયેલાં છે. પ્રભુ સ્નેહીજનને અલ્પ સન્માન દે છે. વનમાળા ધારણ કરી છે. બોર જેવા પાણ્ડુ વર્ણ (રંગ) જેવું વદન છે. આપ યાદવોના પતિ છે. ગજેન્દ્ર જેવા વિહારવાળા છે. હર્ષિત મુખવાળા છે. દિવસના અન્તે વ્રજમાં પધારે છે. વ્રજનાં અને ગાયોનાં દિવસ ભરનાં તાપને દૂર કરવાં પ્રભુ સમીપમાં પધારે છે.

શ્રી કૃષ્ણે દશ પ્રકારની લીલાઓ કરી છે. સદા દશલીલા યુકત છે. આ લીલાઓ શ્રીગોપીજન માટે છે. આથી અહીં પ્રભુને દશ વિશેષણથી ઓળખાવે છે. (૧) મદથી ઘેરાયેલાં લોચન વાળાં નેત્ર જ્ઞાનરૂપ છે. મદ વિષય જનિત છે. સર્વ વિષયોને પ્રભુ દૂર કરે છે. (૨) સ્વકીયો (સુહૃદો)ને સન્માન દે છે. અલ્પ માન આપે છે. પ્રભુ માનનું ખંડન પણ કરે છે અને માન આપે પણ છે. (૩) પ્રભુ વનમાલી છે. માલા કીર્તિમય છે. કીર્તિને પ્રકટ કરે છે. (૪) પ્રભુ બોર જેવા પાંડુ(પીળા) મુખવાળા છે. તાપના લીધે બોર પ્રતિક્ષણ જુદા રંગનું લાગે. અર્ધપકવ બોર પાંડ રંગનું હોય છે. જયારે પાકે ત્યારે રાતુ (આરકત) થાય છે. પ્રભુ હમણાં અર્ધરત છે. પછી અત્યંન્ત રકત બનશે. મુખ પાંડુ વર્ણનું છે. તેમાં અધર લાલ છે. તે અનુરાગનું સૂચન કરે છે. પ્રભુ માટે અનુરાગ હોય તેને જ અધરામૃત મળે છે. (૫) સુવર્ણના કુંડલના લીધે મૃદુગંડસ્થલ શોભી રહ્યા છે. પ્રભુ સુકુમાર છે. કિશોર આકૃતિ છે. વ્રજભકતો સુવર્ણ વર્ણના છે. શ્યામ સુંદરની શોભા તેવા ભકતોથી જ છે. પ્રિયજનો માટે પ્રભુ કામરસ પ્રકટ કરે છે. (૬)

યાદવપતિ છે. યાદવોને અનેક સ્ત્રીઓ હોય પ્રભુ પણ અનેક સ્ત્રીઓના પતિ છે. (૭) ગજેન્દ્રની જેમ વિહાર કરે છે. સ્વજનના સર્વ અભિલાષ પૂર્ણ કરે છે. (૮) રાત્રિપતિ અર્થાત્ ચંદ્ર જેવા છે. આથી સંતાપનું શમન કરે છે. આનંદનું દાન કરે છે. (૯) પ્રભુનું વદન પ્રસન્ન છે. પ્રસન્ન પ્રિયજનનું હિત કરે છે. (૧૦) જે ગાયો વ્રજમાં રહી છે. તેના દિવસભરના તાપને શમાવતા, પ્રભુ પાસે પધારે છે. વ્રજભકતો અને ગાયોના સંપૂર્ણ તાપ દૂર કરે છે.

પૂર્ણ વર્ષના બાર માસની સમાનતાથી શ્લોકનાં બાર યુગ્મ છે. આદિ અને અંતમાં બે શ્લોકનું યુગલ તેરમું છે તે અધિક માસની લીલાનું સૂચન કરે છે. આદિ અને અંતના સર્વ સમાય છે. અધિક માસમાં સર્વ મનોરથો થાય છે. આદિ અને અંત એટલે ઉપક્રમ અને ઉપસંહાર. આ બંને શ્લોક શુકદેવજી બોલે છે. આ બંને શ્લોક ક્રમશઃ લીલાગાનનું બીજ અને ફલ છે. તેથી લીલા ગાન રૂપ છે. બીજ અને ફલ અભિન્ન છે. છતાં તેમાં રસ છે. તેથી આ બે શ્લોકનું પણ એક યુગલ છે.

શ્રી શુક ઉવાચ

ગોપ્ય: કૃષ્ણે વનં યાતે તમનદ્રુતચેતસ: ।
કૃષ્ણલીલા: પ્રગાયન્ત્યો નિન્યુર્દ:ખેન વાસરાન્ ।।૧।।

ભગવાન શ્રી કૃષ્ણ રોજ ગાયોને ચરાવવા વનમાં પધારે છે. શ્રી ગોપીજનોનાં ચિત્ત પણ તેમની સાથે વનમાં જતા રહે છે. એમનું મન શ્રીકૃષ્ણનું ચિંતન કરતું રહે છે. વાણી તેમની લીલાઓનું ગાન કરે છે. આમ ખૂબ કઠિનાઈનથી ગોપીજનો દિવસ વિતાવે છે.

એવં વ્રજ-સ્ત્રિયો રાજન્ કૃષ્ણ-લીલાનુ–ગાયતી: ।
રેમિરેડહ:સુ તચ્ચિત્તાસ્તન્મનસ્કા મહોદય: ।।૨૬।।

સાન્વય-વિવેચન : રાજન્ = હે રાજન્ ! (વિશ્વાસ માટે સંબોધન છે.) **તચ્ચિત્તા:**

= તે (ભગવાન્)માં (ભગવનિન્નષ્ઠ, જ્ઞાનપ્રધાન, જ્ઞાનશક્તિ યુક્ત) ચિત્તવાળાં, **તન્મનસ્કા:** = તે (ભગવાન્)માં (ભગવન્નિષ્ઠ કર્મપ્રધાન, ક્રિયાશીલ યુક્ત) મનવાળાં, **મહોદયા:** = મહાન્ (ભાગ્યોદય રૂપ) અભ્યુદવાળાં, **કૃષ્ણ-લીલાનું-ગાયતી:** = (ભગવત્સંબંધ રહિત દશામાં પણ દિવસોમાં આનન્દ રૂપ) કૃષ્ણની લીલાઓ (જ બહુકાલાનુવત્તિ માટે) અનુક્રમે (પૂર્વા પર સંબંધ સહિત) ગાતાં, **વ્રજસ્ત્રિય:** = વ્રજ (માં રહેલાં) સ્ત્રીઓએ (ગોપીજને), **અહ:સુ** = દિવસોમાં, **એવં** = આ પ્રકારે, **રેમિરે** = (સર્વ પ્રકારે પ્રપગ્-ચ-વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ રૂપ નિરોધ સહિત) રમણ કર્યું.

શ્રી શુકદેવજી પરીક્ષિતજીને રાજન કહી સંબોધે છે. વ્રજસ્ત્રીઓનું મન ભગવાનમાં છે. તેમનું ચિત્ત ભગવાનમય છે તેઓ કૃષ્ણની લીલાઓ અનુક્રમે ગાય છે. આ કૃષ્ણ એ અભ્યુદયવાળાં છે. લીલા ગાનથી વ્રજસ્ત્રીઓ દિવસે આ રીતે રમણ કરે છે.

વ્રજમાં રહેલાં શ્રી ગોપીજનોને હમણાં ભગવત્સંબંધ નથી. વિયોગના આ સમયે તેઓ કૃષ્ણલીલાનું ગાન અનુક્રમથી કરે છે. કૃષ્ણકીર્તિ આનંદરૂપ છે. શ્રી ગોપીજનોની જ્ઞાનશકિત અને ક્રિયાશકિત કૃષ્ણનિષ્ઠ જ બની ગઈ છે. મન ક્રિયા પ્રધાન છે. ચિત્ત જ્ઞાન પ્રધાન કરે છે તે બંને કૃષ્ણરૂપ થયાં.

જે જેનું ચિંતન કરે તે તે મય થઈ જાય. હરિ ચિંતવી હરિ બને કીટ ભ્રમને ન્યાય. આનાથી તામસ ભકતોની પ્રપંચ વિસ્મૃતિ થઈ. ભગવાનમાં આસકિત થઈ. આમ પ્રભુમાં નિરોધ થયો. શ્રી ગોપીજનો મહોદય થયાં. વિશ્વને વિસરી ગયાં. કૃષ્ણમાં મગ્ન થઈ ગયાં. શ્રી ગોપીજનોનો આ મહદ્ભાગયોદય છે.

❖ ❖ ❖

ભ્રમર (કથા) ગીતમ્

શ્રી ભાગવતના દશમ સ્કંધના પર્વાર્ધલીલા ૪૬ અને ૪૭ એમ બે અધ્યાય ભ્રમરગીત છે.

શ્રી કૃષ્ણ મથુરામાં બિરાજયા છે. મથુરામાં સુખ છે, સમૃદ્ધિ છે અને સાનુકૂળ સમાજ પણ છે. છતાં પ્રભુ પ્રિય ગોકુલવાસીઓને ભુલ્યા નથી. તે બધાને આશ્વાસન આપવું છે તે માટે દૂત તરીકે ઉદ્ધવજીને પસંદ કર્યા. શ્રી મહાપ્રભુજી ઉદ્ધવજીને ઉત્સવરૂપ કહે છે. ઉદ્ધવજી વૃષ્ણીઓમાં શ્રેષ્ઠ છે, મંત્રી છે, કૃષ્ણના પ્રિયમિત્ર છે અને બૃહસ્પતિના સાક્ષાત્ શિષ્ય છે. આમ ઉદ્ધવજી સુયોગ્ય છે.

ઉદ્ધવજી શ્રી ગોકુલમાં આવે છે. નંદ યશોદાજીને સાંત્વન દે છે. તે કથા ૪૬મા અધ્યાયમાં છે.

ગોપીજનોને ૪૭મા અધ્યાયમાં આશ્વાસન દે છે. ઉદ્ધવજી શ્રીગોપીજનો પાસે આવ્યા. ગોપીજનો ચતુર છે. તેમણે ઉદ્ધવજીને ઓળખ્યાં. કૃષ્ણના સેવક તરીકે જાણ્યા. ઉદ્ધવજી જ્ઞાની ભકત છે. શ્રીગોપીજને એકાંતમાં આદરપૂર્વક આસન આપ્યું. શ્રી ગોપીજન અનન્ય કૃષ્ણાસકત છે. સરલ છે. મુગ્ધ છે. નિર્દોષ છે. કૃષ્ણદૂત ઉદ્ધવજી આવ્યા છે. લોકમર્યાદા મૂકી દીધી. સત્સંગને શ્રેષ્ઠ ગણ્યો. પ્રિયના ગાન કરતાં ભાન ભૂલ્યાં. રડવા લાગ્યા. બેસવાથી કાયાનું, ગાનથી વાણીનું અને રુદનથી અંતઃકરણનું નિવેદન થયું. સંકોચ ગયો. લજ્જા છૂટી. શ્યામની સમૃતિ થઈ. પ્રભુની બાળલીલા અને કિશોરલીલા ગાવા લાગ્યા.

આવાં ગોપીજનને ઉદ્ધવજીનો સત્સંગ હતો. એક ગોપી કૃષ્ણ વિયોગનું ધ્યાન કરતાં હતાં. તેમણે મધુકર (ભમરો) જોયો. કૃષ્ણનો મોકલેલ દૂત ગણ્યો. ભ્રમરને પણ સંભળાવવાનું શરૂ કર્યું. ભ્રમરગીત (કથા)ના દશ



શ્લોક બોલે છે. ભગવાને ઉદ્ધવજી પર કૃપા કરી છે. શ્રી ગોપીજનનાં સ્વરૂપ સમજાવવા માટે આ ભ્રમર મોકલ્યો છે. ભ્રમરને પણ ભગવદીય ગણીને ગોપીજનો બોલે છે. આ બોલેલા શબ્દો ઉદ્ધવજીને પણ લાગુ પડે છે. ગોપી કાલને પણ કહી રહ્યા છે. આ પ્રાર્થના છે. આમ આ કથા ભ્રમર, ઉદ્ધવજી અને કાલ આ ત્રણે અર્થમા છે.

ભ્રમર કથા (ગીત) ના દસ શ્લોક છે. તામસ તામસ શ્રી ગોપીજન બોલે છે. આ સ્થાયીભાવ તેમનામાં છે. બીજા ભાવ અસ્થિર (વ્યાભિચારી) છે.

આ પુષ્ટિમાર્ગીય (મતાંતર) ભાષા છે. પુષ્ટિભકિત છે. સમાધિભાષા સાથે વિરોધી નથી. વ્યાસજીએ સમાધિ મર્યાદા અને પુષ્ટિ એમ બંને ભકિતનાં દર્શન કર્યા છે. આથી આ સમાધિ ભાષા જ છે. પુષ્ટિ ભકિતમાર્ગને અનુકૂલ છે. ભગવદ્રસમાં મગ્ન થયેલા ભ્રમર જેવા ભકતોનું ભ્રમ રહિત કરતું આ ગીત છે. - ભ્રમરગીત.

માલિની છંદ

મુધપ કિતવ-બન્ધો મા સ્પૃશાઙ્ઘ્રિં, સપત્ન્યા: કુચ-વિલુલિત માલા-કુઙ્કુમશ્મ-શ્મશ્રુભિર્નઃ ।
વહતુ મધુપતિસ્તન્માનિનીનાં પ્રસાદં યદુ-સદસિ વિડમ્બ્યં યસ્ય દૂતસ્ત્વમીદક્ ।।૧।।

સાન્વય-વિવેચન : મધુપ = હે ભ્રમર ! (વસંત, ઉદ્ધવ), **કિતવ-બન્ધો** = હે કપટી (ધૂર્ત) ના મિત્ર !, (ગ્રીષ્મના મિત્ર, કૃષ્ણના મિત્ર), **સપત્ન્યા:** = શોકય (દ્યૌ)ના, **કુચ-વિલુલિત-માલા-કુઙ્કુમ-શ્મશ્રુભિ:** = પયોધર-(મેઘ)- ઉપર ઝુલતી (ઘસાતી) માલા (વિદ્યુત)ના કેસર (જેવી કાંતિ) યુક્ત મૂછો (મેઘ-ધારા) સહિત (શોતો તું,) **નઃ** = અમારાં; **અંઘ્રિં** = ચરણને; **મા સ્પૃશ** = ન અડક. (સ્પર્શ ન કર); **ત્વં** =

તું **ઈદક્** = આવો (શ્યામ, કલિ-રૂપ); **યસ્ય**; = જેનો, **દૂત:** = સંદેશાવાહક (છે, તે); **મધુ-પતિ:** = મધુદેશ (મધુરા-શ્રીરાધાજી)ના સ્વામી, **યદુ-સદસિ** = યાદવોની સભામાં; **માનિનીનાં** = માનવાળાં સ્ત્રીઓના, **વિડમ્બ્યં** = (અયોગ્ય) ઉપહાસ યોગ્ય; **તત્પ્રસાદં** = તે (કુઙ્કુમરૂપ) પ્રસાદને, **વહતુ** = (ભલે) પ્રાપ્ત કરે ! (અમે નહિ !)

ગોપીજનો ભ્રમરને કહે છે. કપટીના મિત્ર તરીકે કહે છે. ભ્રમરની મૂછો કેસરવાળી છે. આ કેસર માલા પરનું છે. આ માલા શોકયના પર્યોધર ઉપર ઝૂલતી હતી. આ ભ્રમરને કહે છે. કે અમારા ચરણને અડકીશ નહી. ભ્રમરને પ્રભુનો દૂત કહે છે. પ્રભુને મધુપતિ કહે છે. યાદવોને સભામાં માનવાળાં સ્ત્રીઓના ઉપહાર યોગ્ય તે પ્રસાદ પ્રભુને પ્રાપ્ત થાય તેવું કહે છે.

ભ્રમર કથા (ગીત)ના ૧૦ શ્લોક તામસ તામસ ગોપીજન બોલે છે તે સ્થાયીભાવ છે. બીજા વ્યભિચારીભાવો છે. આ ભાવથી તે પ્રિય કૃષ્ણમાં મોટો દોષ બતાવે છે. આ રીતે શ્રી ગોપીજન પોતાની આસકિત જ પ્રકટ કરે છે. ભગવાને ઉદ્ધવજી પર કૃપા કરવી છે. શ્રીગોપીજનનાં સ્વરૂપ સમજાવવાં છે. આ કારણે ભ્રમરને મોકલ્યાં છે.

આ ભ્રમરને ભગવદીય ગણી કોઈ ગોપીજન બોલે છે. ઉદ્ધવજીને પણ આ શબ્દો લાગુ પડે છે. ગોપીજન કાલને પણ કહી રહ્યા છે. તે અર્થમાં દોષનું આરોપણ નથી પણ પ્રાર્થના છે.

આ રીતે આ ગીત (કથા) ભ્રમર, ઉદ્ધવજી અને કાલને એમ ત્રણે અર્થમાં છે.

શ્રી ગોપીજન કૃષ્ણસંગના ધ્યાનમાં છે. મનથી ગોવિન્દને સંબંધ થયો. આથી માન થયું. આ કારણથી ભગવાને બીજાં ગોપી પર કૃપા કરી. શ્રી ગોપીજન વિચારે છે કે આ સુયોગ્ય નથી. પોતાને ફરી પ્રસન્ન કરવા આ ભ્રમરને મોકલ્યા છે. ભ્રમરને પ્રાર્થના કરવા (શ્રી ગોપીજનની)

મોકલ્યો છે તેવું માની લીધું. આથી માનમાં મગ્ન થયાં. પ્રણયકોપ થયો. વાણીમાં કઠોરતા આવી ગઈ. આ વિપ્રયોગરસ છે. તેમાં નાયકને દૂષણ આપે છે. આ જ રસનો સ્વભાવ છે. ભ્રમરને મધુપ કહ્યો. મધુનું પાન કરે તે મધુપ. મધુ એટલે મધ. ભમરો મધનું પાન કરે છે. મધપાન યાદવો કરે છે. આ લૌકિકરીતે નિંદા છે. આ સર્વધારણ વાત કહી. ખરેખર તો ભગવાન અને ભગવદીયમાં દોષ હોતો નથી. આથી હવે બીજો અર્થ કહે છે.

ભગવાન સ્વામી છે. કાલ પ્રભુનો દૂત છે અને ગોપીજનો શ્રુતિઓ છે. ભગવાનનું સ્વરૂપ કાલ દ્વારા જાણી શકાય. કાલ સંવત્સરરૂપ છે. તેનો આરંભ વસંત ઋતુથી થાય. વસંત માટે પણ મધુ શબ્દ છે. વસંતનું રક્ષણ કરે તે મધુપ. કાલ પહેલા મધુપ (વસંતનું રક્ષણ કરનાર બન્યો) પછી ગ્રીષ્મ ઋતુનો મિત્ર બન્યો ગ્રીષ્મ કપટી છે. છેતરીને સર્વ હરી લેનાર છે. આવો કપટી થયેલ કાલ પ્રભુના ચરણને, વૃંદાવનને કે પ્રભુના સંબંધીને સ્પર્શે તો કલેશ થાય છે. આથી ચરણસ્પર્શ ન કરવા કહ્યું.

ભગવાન વૃંદાવનમાં બિરાજતાં હતાં ત્યારે આ ગ્રીષ્મરૂપ કાલ વૃંદાવનના રસને હરી શકતો ન હતો. હવે પ્રભુ અહીં નથી મથુરા છે. તેથી વૃંદાવનના રસને હરી જાય. આ રીતે પોતાના ચરણે ન નમવા ઉદ્ધવ કે ભ્રમરને કહ્યું.

શ્રી ગોપીજનના ચરણકમલના મકરંદનું પાન મધુપ કરે તો પ્રભુને યોગ્ય ન રહેવાય, મધ (માદક પીણું) પીનારનો સંગ પાપરૂપ બને છે.

શ્રીગોપીજનો માટે શરદઋતુ હિત કરનારી છે. વર્ષાઋતુ તેની સપત્ની રૂપ છે. વર્ષા સંબંધી આકાશ પણ સપત્ની રૂપ છે. તેના પયોધર રૂપ મેઘ છે. તેમાં રહેલી વિદ્યુત (વીજળી) ચોળાયેલી માયારૂપ છે. વીજળીનું તેજ કુંકુમરૂપ છે. આ બંનેના સંબંધવાળી વર્ષાધારા મૂછોરૂપ છે. આ રીતે વર્ષાઋતુ સુધીના કાલ સ્પર્શનો નિષેધ કર્યો. અહીં સર્વ ગોપીજનોના ચરણસ્પર્શ નહીં કરવાનું કહે છે.

ભ્રમરે પુષ્પનું રસપાન કર્યું છે. તેમાં પરાગ છે. તેથી ભ્રમરની મૂછો પણ પીળી છે.

ઉદ્ધવજીને પ્રભુ પ્રસાદી માલા આપે છે. ઉદ્ધવજી આદરથી તે સુંઘે છે. માથે ધરે છે. તેથી મૂછ પર કેસર લાગતાં તે પીળી દેખાય છે. આવો પ્રસાદ યદુઓની સભામાં મધુપતિ પ્રભુને મળે તો ગોપીજનને વાંધો નથી.

સંવત્સર વસંત સંબંધી છે. તે સંબંધી માનીને વસંતઋતુની પ્રસન્નતા થાય. શ્રીગોપીજનને તો શરદમાં પ્રસન્નતા મળે. શરદમાં રાસ થયો છે તેથી શરદમાં ઉત્કર્ષ હંમેશા છે.

ઉદ્ધવજીને પ્રભુએ જેવો પ્રસાદ દીધો છે તેવો પ્રસાદ શ્રીગોપીજનો ઈચ્છે છે. પ્રભુ જો સપત્નીની દાસી બનાવે તો તે ઈચ્છા નથી. ઉદ્ધવ અને ભ્રમરને આ રીતે ના કહી.

વસંત ઉત્સવ ધર્મરૂપ છે. યદુઓની સભામાં તેનું અનુકરણ થાય છે. આ તો કાલકૃત લૌકિક લોકોનો ધર્મ છે. ભગવદ્ ધર્મ તેથી ઉત્તમ છે.

મુખ્ય કાલનો દૂત કાલ શ્યામ છે. પ્રભુના દૂત ઉદ્ધવજી શ્યામ છે. ભ્રમર પણ શ્યામ છે.

શ્રી ગોપીજનને વસંત, ગ્રીષ્મ અને વર્ષાઋતુ નથી. તેમના માટે શરદ, હેમંત અને શિશિર ઉત્તમ છે.

સકૃદધર–સુધાં સ્વાં મોહિનીં પાયયિત્વા સુમનસ ઈવ સદ્યસ્તત્યજેડસ્માન્ ભાવદક્ ।
પરિચરતિ કથં તત્ પાદ-પદ્મં નુ પદ્મા, હ્યપિ બત હૃત-ચેતા ઉત્તમ–શ્લોક-જલ્પૈ: ।।૨।।

સાન્વય-વિવેચન : મોહિનીં = મોહ કરાવતી; **સ્વાં** = પોતાની (અસાધારણ), **અધર-સુધાં** = અધરસુધા; **સકૃત્** = એક વાર, **પાયયિત્વા** = પાઈને; **અસ્માન્** = અમને; **સદ્ય:** = તરત, **તત્યજે** = છોડી દીધાં (ત્યજીને ગયા); **સુમનસ:** = પુષ્પને, **ઈવ** = જેમ; **ભવાદક** = આપ (ભ્રમર) જેવો !, **તત્પાદ-પદ્મં** = તે (આદિત્ય રૂપ થયેલા ભ્રમણશીલ ભગવાન્)નાં ચરણકમલને, **પદ્મા** = પદ્મમાંથી પ્રકટેલાં (**પદ્મિ**

= ચરણમાં **માતિ** = સમાય છે, તે-ચરણ રૂપા) લક્ષ્મીજીન, **કથં** = (કયા ઉપાયે) કઈ રીતે; **પરિચરતિ** = સેવે છે ?!, **અપિ** = પણ, **નુ** = લાગે છે, **બત** = અરે !; **ઉત્તામશ્લોકજલ્પૈઃ** = ઉત્તમકીર્તિવાળા (નારદજી વગેરે ભક્તો)ની (સ્વપક્ષસ્થાનપનપૂર્વક પરપક્ષ નિરાકરણ-રૂપ કથા) વાતો વડે, **હૃત-ચેતાઃ** = હરાએલાં ચિત્તવાળાં (છે)!

પ્રભુએ પોતાની અધરસુધાનું એક વાર પાન કરાવ્યું. આ અધરસુધા મોહ કરાવનારી છે. પ્રભુ પછી તરત ત્યજીને ગયા. પુષ્પને જેમ ભ્રમર છોડે તે રીતે ગયા છે. આવા પ્રભુના ચરણકમલને લક્ષ્મીજી કઈ રીતે સેવતાં હશે ? તેમણે જરૂર ઉત્તમ કીર્તિવાળા ભકતોની વાતો સાંભળી હશે. તેનાથી તેમનાં ચિત્તો હરાઈ ગયાં હશે.

શ્રી ગોપીજનને હૃદયમાં વેદના છે. આ વેદના વાણીમાં વણી લીધી. ભમરો પુષ્પમાંથી પાન કરે છે, પછી પુષ્પને છોડી દે છે. ભગવાને અમને પાન કરાવ્યું અને પછી તરછોડી દીધાં. શ્રીગોપીજનોને લાગે છે કે ભગવાને તેમને છેતર્યા છે. વિવેક, ધૈર્ય, આશ્રય બધું જ શ્યામે છોડવી દીધું. શ્રી ગોપીજનો કહે છે કે આ સઘળું પ્રભુ માટે જ છોડયું ભગવાન અમારું સઘળું લઈને અમને જ છોડીને ગયાં.

શ્રી ગોપીજનો વિચારે છે કે આવા પ્રભુના ચરણ કમલને લક્ષ્મીજી રોજ કઈ રીતે સેવતાં હશે ? લક્ષ્મીજી ચતુર છે. ભગવાન સૂર્યરૂપ થયાં તો લક્ષ્મીજી પદ્મ થયાં. સૂર્ય ભ્રમણ કરે છે. અસહ્ય તાપ વાળો છે. આવા સૂર્યની સેવા કઈ રીતે કરી હશે ?

કૃષ્ણાવતાર પણ સૂર્યના જેવો ભ્રમણ વાળો છે. પહેલાં મથુરા પછી વ્રજ પાછું મથુરા અને છેલ્લે દ્વારકા પધાર્યા. લક્ષ્મીજી શ્રી ઠાકોરજીની ચરણ સેવા ત્યજતાં નથી. શ્રી ગોપીજનોને તેની નવાઈ લાગ છે. તેનું સમાધાન કરે છે કે નારદજી વગેરે ઉત્તમ કીર્તિવાળા છે તે બધા ભગવાનની કથા કરે છે. પોતાના પક્ષનું સ્થાપન કરે છે. આનાથી લક્ષ્મીજીનું ચિત્ત

હરાઈ ગયું છે. આથી ચરણસેવા કરે છે. અહીં ભકતોનો જય લક્ષ્મીજીથી પણ વિશાષે છે.

કિમીહ બહુ ષંડંઘ્રે ગાય સિત્વં યદૂના, મધિપતિગૃહાણામગ્રતો નઃ પુરાણમ્ ।
વિજય સખ સખીનાં ગીયતાં તત્પ્રસઙ્ગઃ, ક્ષપિતકુચ રુજસ્તે કલ્પયન્તીષ્ટમિષ્યઃ ।।૩।।

સાન્વય-વિવેચન : ષડંઘ્રે = હે છ પગવાળા !, **ઈહ** = અહીં (અમારી પાસે,) **અગૃહાણાં** = ઘર વગરનાંઓ, **નઃ** = અમારી (એક નિષ્ઠની), **અગ્રતઃ** = આગળ, **યદૂનાં** = (અમારા નહિ), યાદવોના, **અધિપતિં** = અધિપતિને, **પુરાણં** = પ્રાચીન (બહુ રીતે સાંભળેલાં ભગવાન)ને, **ત્વં** = તું, **બહુ** = વધારે, **કિં** = શુ ?, **ગાયસિ** = ગાય છે !?, **વિજય-સખ-સખીનાં** = (સર્વત્ર) વિજય (પ્રકૃષ્ટ જય) પામનાર (અર્જુન)ના મિત્ર (કાલરૂપે સર્વને મારનાર કૃષ્ણ)ની સખીઓ (મરેલા રાજાઓની) પત્નીઓ, વિજય પામનારને માનનારી સ્ત્રીઓ), (લક્ષ્મણાજી વગેરે) (**અગ્રતઃ** = રાજાઓની પતનીઓ, વિજય પામનારને માનનારી સ્ત્રીઓ), (લક્ષ્મણાજી વગેરે) (અગ્રતઃ આગળ), **તત્પ્રસઙ્ગઃ** = તેમનો પ્રસંગ, **ગીયતાં** = ગાજે, (કારણ કે તે), **ઈષ્ટાઃ** = ઈચ્છેલા (પ્રિય)ને પ્રાપ્ત કરેલી, **ક્ષપિત-કુચ-રુજઃ** = (યુદ્ધમાં કઠિનતાને પ્રાપ્ત થયેલા હસ્તથી) નષ્ટ થયેલી હૃદયપીડાવાળી (ભાક્લેશ નાશથી સુખી) સ્ત્રીઓ, **તે** = તારા, **ઈષ્ટં** = ઈચ્છેલા (પ્રિય)ને, **કલ્પયન્તિ** = સંપાદિત કરશે, (દેશે).

ભ્રમરને છપગવાળો કહીને સંબોધે છે. કહે છે કે અમે ઘર વગરનાં છીએ. અમારી આગળ યાદવોના અધિપતિ પ્રાચીન ભગવાનને શા માટે વધુ ગાય છે? અર્જુનનાં મિત્ર કૃષ્ણ છે. તેમની સખીઓ આગળ તેમનો પ્રસંગ ગાજે. તે સ્ત્રીઓ ઈષ્ટને પ્રાપ્ત કરેલી છે. નષ્ટ થયેલી હૃદયપીડાવાળી છે. આ સ્ત્રીઓ તારું ઈચ્છેલું આપશે.

શ્રી ગોપીજન કહે છે કે હે છપગા! અમે ઘર વગરના છીએ. એક નિષ્ઠ છીએ. અમારી આગળ યદુપતિ બહુ ગા નહી હવે તે અમારા પતિ નથી. યદુઓના પતિ છે આથી ત્યાં ગાજે.

અમે ઘર વગરના છીએ તને કશું આપી શકીશું નહી. બીજુ કે ભગવાનને બહુ સાંભળ્યા છે. તે પછી અમારી આ દશા થઈ વધુ સાંભળીશું તો અમારું સ્વરૂપ પણ ગુમાવીશું જીવતા હોઈશું તો શ્યામ કોઈકવાર મળશે. અર્જુનના તે મિત્ર છે. અર્જુન સર્વત્ર વિજય પામનાર છે. કૃષ્ણની સખીઓ બે પ્રકારની કહી. મરેલા રાજાઓની પત્નીઓ અને જે સ્ત્રીઓ વિજય પામનારને માને છે. આ સખીઓ પાસે ભમરાને ગાન કરવા કહે છે. કારણકે એકે ઈચ્છા પ્રાપ્તિ કરી છે. બીજીની હૃદયપીડા નષ્ટ થઈ છે. કલેશના નાશથી તે સુખી બની છે. આ બંને પ્રકારની સ્ત્રીઓ તારું (ભ્રમરનું) ઈચ્છેલું આપશે. માટે તું પ્રભુનો દૂત બની ત્યાં જઈ ગુણ ગા.

દિવિ ભુવિ ચ રસાયાં કાઃસ્ત્રિયસ્તદ્–દુરાપાઃ કપટ-રુચિર-હાસ-ભ્રૂ-વિજૃમ્ભસ્યઃ યાઃસ્યુઃ ।
ચરણરજ ઉપાસ્તે યસ્ય ભૂતિર્વયં કા અપિ ચ કૃપણ-પક્ષે હ્યુત્તમ–શ્લોક-શબ્દઃ ।।૪ ।।

સાન્વય-વિવેચન : દિવિ = સ્વર્ગમાં, **ભુવિ** = પૃથ્વી ઉપર, **ચ** = (બ્રહ્માંડની બહાર રહેલ, વૈકુંઠ-સ્થિત) અને, **રસાયાં** = પાતાલમાં-(ત્રિલોકમાં), **કાઃ** = કઈ, **સ્ત્રિયઃ** = સ્ત્રીઓ (છે), **યાઃ** = જે (સ્ત્રીઓ), **કપટ-રુચિર-હાસ-ભ્રૂ-વિજૃમ્ભસ્ય** = કપટપૂર્વકના રુચિર હાસ્યથી થતાં (સ્થલ વગેરે સંકેત-પૂર્વકનાં રતિ માટેના આમંત્રણ રૂપે ભ્રૂકુટિ-સૂચન જેનાં છે તેવા, **તત્** = તે (ને), **દુરાપાઃ** = દુર્લભ, **સ્યુઃ** = હોય ? !, **યસ્ય** = જેની, **ચરણ-રજઃ** = ચરણરજઃને, **ભૂતિઃ** = લક્ષ્મીજી, **ઉપાસ્તે** = (અત્યંત આદરથી દાસીત્વ પ્રાર્થતાં) ઉપાસે છે, (તો), **વયં** = અમે (તેના કરોડમાં અંશ શાં (ગોપીજન), **કાઃ** = કોણ (માત્ર) ? !, **ચ** = અને, **અપિ** = છતાં, **કૃપણ-પક્ષે** = (અમારા) દીનનો પક્ષપાત કરતા, **ઉત્તમ-શ્લોક-શબ્દઃ** = ઉત્તમયશઃવાળા-(એ) શબ્દ, (ભગવાન્ માટે), **હિ** = યોગ્ય (થાય).

કૃષ્ણનું કપટપૂર્વક રુચિર હાસ્ય છે તેનાથી ભ્રુકુટિ સૂચન કરે છે. આવા પ્રભુને સ્વર્ગ, પૃથ્વી અને પાતાલની કોઈપણ સ્ત્રી દુર્લભ નથી. લક્ષ્મીજી પ્રભુની ચરણરજને ઉપાસે છે એની સામે અમે કોણ ? કૃષ્ણ દીનનો પક્ષપાત કરે છે તેથી ઉત્તમ શ્લોક છે.

ત્રણ લોક છે. પાતાલ, પૃથ્વી અને સ્વર્ગ. પ્રભુ ત્રણે લોકમાં અને બહાર પણ બિરાજે છે. આમ છતાં ભગવાન દુર્લભ છે. ભગવાનને તો ત્રણે લોકમાં સર્વ સુલભ છે. ત્રણે લોકની સ્ત્રીઓ પ્રભુને પ્રાર્થે છે. પ્રભુનું કટકપૂર્વકનું સ્થિર હાસ્ય છે. પ્રભુ ભ્રુકુટિ સૂચન કરે છે તેનાથી સંકેતપૂર્વક રતિ માટે આમંત્રે છે સ્થલ વગેરે પણ જણાવે છે. પ્રભુ ભ્રૂકુટિ કરે છે તેનાથી સંકેતપૂર્વક રતિ માટે આમંત્રે છે, સ્થળ વગેરે પણ જણાવે છે. પ્રભુ માટે કશું દુર્લભ નથી. લક્ષ્મીજી અત્યંત આદરથી દાસીત્વ પ્રાર્થે છે. પ્રભુના ચરણરજને ઉપાસે છે. ગોપીજનો કહે છે કે લક્ષ્મીજીની સામે અમે કોણ માત્ર? અમે તો લક્ષ્મીજીના કરોડમાં અંશ જેવા છે. પણ પ્રભુ ઉત્તમયશ વાળા છે. દીનનો પક્ષપાત કરનારા છે અમારો પણ પક્ષપાત કરશે.

વિસૃજ શિરસિ પાદં વેદ્મ્યહં ચાટુ-કારૈ, રનુનય–વિદુષસ્તેડભ્યેત્ય દૌત્યૈર્મુકુન્દાત્ ।
સ્વકૃત ઈહ વિસૃષ્ટાપત્યપત્યન્ય-લોકા વ્યસૃજદકૃત–ચેતાઃ કિં નુ સન્ધેયમસ્મિન્ ।।૫।।

સાન્વય-વિવેચન : શિરસિ = મસ્તકે (પરાણે પધરાવેલ), **પાદં** = પગ (ને), **વિસૃજ** = છોડે, **મુકુન્દાત્** = (મારનાર, મોક્ષદાતા) મુકુન્દ પાસેથી, **દૌત્યૈઃ** = દૂતકાર્ય વડે, **અભ્યેત્ય** = આવીને, **ચાટુ-કારૈઃ** = ચપલતાથી, **અનુનય-વિદુષઃ** = મનામણાં કરવામાં નિપુણ, **તે** = તારી, (આ કરે છે.) **સ્વકૃતઃ** = પોતાનાં કરેલાં, **વિસૃષ્ટાપત્યન્ય-લોકાઃ** = (કૃષ્ણ માટે) ત્યજ્યાં છે જેઓએ બાલકો, પતિ અને અન્ય (સ્વર્ગાદિ) લોકો તેવાંનો (શ્રીગોપીજનનો-અમારો), **ઈહ** = અહીં, **અકૃત-ચેતાઃ** = અકૃત(જ્ઞ) ચિત્તવાળા (ભગવાન્ કૃષ્ણો), **વ્યસૃજત્** = ત્યાગ કર્યો **યઃ** = જેણે **અસ્મિન્** = (એવા) આ (ભગવાન્)માં, **કિં** = **શું ?**, **નુ** = કાંઈ!, **સન્ધયમ્** = સંધિ કરવા જેવું (છે)?!

ભ્રમરને કહે છે અમારા મસ્તકે પધરાવેલ પગછોડ તું મુકુન્દ પાસેથી દૂતકાર્ય માટે આવ્યો છે. ચપળતાથી મનામણાં કરવામાં તું નિપુણ છે તે હું જાણું છું પોતાના કરેલાં બાળકો-પતિ અને અન્ય લોકોને અમે ત્યજયા છે. અને અમારો ત્યાગ કર્યો આમાં સંધિ કઈ રીતે કરવી?

ભ્રમર કૃષ્ણના દૂત તરીકે આવ્યો છે. કલ્પિત પ્રકારથી તે માન મનાવવામાં ચતુર છે આથી તેને સુંદર શબ્દો બોલતાં આવડે છે. સ્ત્રીઓને તેથી છેતરી શકે છે. ગોપીજનો કહે છે કે કૃષ્ણ માટે સર્વ છોડયું. ભગવાન માટે કરવા જેવું બધુ કર્યું. પણ ભગવાને અમારા માટે કશું જ ન કર્યું. અમારો વિચાર ન કર્યો. અમને છોડી દીધાં. અમારા ચિત્ત ચોરીને ચાલ્યા ગયા. આથી આવા ભગવાન સાથે સંધિ કઈ રીતે થાય ? માટે એ ભ્રમર! અમારા મસ્તકે તેં પગ પરાણે પધરાવ્યા છે તે છોડી દે.

મૃગયુરિવ કપીન્દ્રં વિવ્યધેડલુબ્ધ-ધર્મા, સ્ત્રિયમકૃત વિરૂપાં સ્ત્રીજિતઃ કામનાયામ્ ।
બલિમપિ બલિમત્ત્વાડવેષ્ટયદ્ધ્વાંક્ષવદ્ય– સ્તદલમસિત સખ્યૈર્દુસ્તયજસ્તત્કથાર્થઃ ।।૬ ।।

સાન્વય-વિવેચન : અલુબ્ધ-ધર્મા = લુબ્ધક જેવા ધર્મ જેનામાં નથી તે (પ્રભુ) એ, **કપીન્દ્રં** = (વાનરરાજા) વાલીને, **મૃગયુઃ** = શિકારી (ની), **ઈવ** = જેમ, **વિવ્યધે** = (વીંધી) નાખ્યો !, **સ્ત્રી-જિતઃ** = સ્ત્રી (સીતા) થી વશ થયેલાએ (પ્રભુ રામે), **કામયાનાં** = કામથી આવેલી (મોહિત), **સ્ત્રિયં** = (શૂર્પણખા)ને, **વિરૂપાં** = (નાક-કાપીને) વિરૂપ, **અકૃત** = કરી, **બલિં** = (અત્યંત પૂજા રૂપ) બલિરાજાને, **બલિં** = બલિ (પૂજા), **અત્ત્વા** = ખાઈને (લઈને), **અપિ** = પણ, **યઃ** = જેણે **ધ્વાઙ્ક્ષવત્** = (અયોગ્ય રીતે, પાપસાદિ ખાતા) કાગડાની જેમ, **આવેષ્ટયત્** = (ખાસ પ્રકારના ખાડા-બંધનમાં) બાંધીને રાખ્યો, **તત્** = તે, **અસિતસખ્યૈઃ** = અશુદ્ધ-મૈત્રીથી, **અલં** = બહુ થયું ! (પણ), **તત્કથાર્થઃ** = તે (તે પ્રભુ)ની કથા-રૂપ અર્થ, **દુસ્ત્યજઃ** = ત્યજવો અશક્ય (છે.)

પ્રભુમાં લુબ્ધક (શિકારી) જેવા ધર્મ નથી છતાં વાલીને શિકારની જેમ વિંધી નાખ્યો.

સ્ત્રીથી વશ થયેલાએ કામ મોહિત સ્ત્રીને વિરૂપ કરી. બલિરાજ પાસે બલિ લઈને પણ કાગડાની જેમ બાંધી રાખ્યો. આવી અશુદ્ધ મૈત્રીથી ઘણું થયુ. છતાં તેની કથારૂપ અર્થ ત્યજવો અશકય છે.

શ્રી ગોપીજન રામાવતાર યાદ કરે છે. સુગ્રીવ ભગવાન રામ સાથે

અગ્નિની સાક્ષીએ સખ્ય કર્યું છે. તેનો ભાઈ વાલી છે. તે રાજા છે. તેનો વધ ન થાય છતાં કર્યો. આ વધ પણ છુપાઈને કર્યો સામી છાતીએ નથી. કર્યો. પ્રભુમાં શિકારી ધર્મ નથી. મારેલાં પશુ પર તેમની આજીવિકા નથી છતાં વાલીને માર્યો.

પોતે સીતાવશ છે આથી સ્ત્રીવશ છે. શૂર્પણખા કામ વશ આવી તો તેને વિરૂપ કરી નાક કાન કાપી લીધાં.

બલિએ આત્મનિવેદન કરી સર્વસ્વ સમર્પણ કર્યું છતાં તેને કાગડાની જેમ બાંધયો. આમ પ્રભુનું સખ્ય અશુદ્ધ છે. કપટવાળું છે. આમ છતાં પ્રભુ અસિત - કૃષ્ણ છે. કૃષ્ણ કથા છોડવી અશકય છે.

યદનુચરિત-લીલ-કર્ણ-પીયૂષ-વિપ્રુટ્- સકૃદદન-વિધૂત-દ્વન્દ્વ-ધર્મા વિનષ્ટાઃ ।
સપદિ ગૃહ-કુટુમ્બં દીનમૃત્સૃજ્ય દીના બહવ ઈહ વિહઙ્ગા ભિક્ષુ-ચાર્યા ચરન્તિ।।૭।।

સાન્વય-વિવેચન : યદનુચરિત-લીલા-કર્ણ-પીયુષ-વિપ્રટસકૃદદન-વિધૂત-દ્વદ્વ-ધર્માઃ = જે ભગવાન નું કરેલું ચરિત, વ્યાસાદિએ પછી વ્યવસ્થિત વર્ણવેલું, લીલારૂપ છે, તે કર્ણામૃતના બિન્દુ (માત્ર)ના ભક્ષણ (સાદર મનથીક ગ્રહણ)થી જેના રાગ-દ્વેષાદિ-(દ્વન્દ્વ) ધર્મો નિવૃત્ત થઈ ગયા છે તેવા, **વિનષ્ટાઃ** = (બંધન વગરનાં થતાં) સર્વને પ્રકટ ન દેખાય તેમ અદૃશ્ય થઈ જાય છે, (લૌકિક-વૈદિક-માર્ગમાંથી છૂટીને પુષ્ટિમાર્ગમાં જ આસક્તિ થતાં), **સપદિ** = તરત જ, **દીનં** = દીન થયેલા, **બહવઃ** = ઘણા, **ઈહ** = આ જન્મમાં જ, **વિહઙ્ગાઃ** = પક્ષી (હંસ કે પરમહંસ) (રૂપ થયા છે.), (તે), **ભિક્ષુ-ચર્યા** = સંન્યસ્તના આચારોને, **ચરન્તિ** = આચરે છે.

ભગવાને લીલારૂપ ચરિત કર્યું. વ્યાસજી વગેરે એ પછીથી તેનું વર્ણન કર્યું. આ વર્ણન પણ લીલારૂપ છે. આ લીલારૂપ કર્ણામૃતના બિન્દુમાત્રનું ભક્ષણ કરવાથી રાગ દ્વેષ ધર્મો નિવૃત્ત થઈ જાય છે. આવા નિવૃત્ત ધર્મવાળા લોકો સર્વને પ્રકટ દેખાતા નથી. અદ્રશ્ય થઈ જાય છે. ઘર અને કુટુંબને

ત્યજી દીન થઈ જાય છે. ઘણા આ જન્મમાં જ હંસ કે પરહંસ રૂપ થાય છે. સંન્યાસના આચારો સ્વીકારે છે.

ભગવાન અને તેમની કથા સમાન ધર્મોવાળી છે. જે કાર્ય ભગવાન કરે તે જ તેમની કથા પણ કરે છે. ભગવાને લીલાઓ કરી છે. ભગવાને લીલાઓ કરી વ્યાસજી વગેરે ભકતોએ તેનું અણુવર્ણન કર્યું. આ ચરિત્ર શ્રવણ કાનથી થાય છે. કાન માટે તે અમૃતરૂપ છે. આ અમૃતનું માત્ર એક બિંદુ કર્ણ દ્વારા મળે અને પચે તો સુખ દુઃખ વગેરે દ્વન્દ્વ ધર્મો દેખાતા નથી. આવા લોકો ઘર વગેરે છોડી દીન બની જાય છે. હંસ-પરમહંસ બની જાય છે. ભિક્ષુક ધર્મોનું આચારણ કરતાં ફરે છે. સંન્યસ્ત આચરે છે. શ્રમ વગર શ્રવણ થઈ કૃષ્ણ કથા આવી છે.

વયમૃતમિવ જિહ્મ-વ્યાહૃતં શ્રદધાનાઃ કુલિક-રુતમિવાજ્ઞાઃ કૃષ્ણ-વધ્વો હરિણ્યઃ ।
દદશુરસકૃદેતતન્નખ-સ્પર્શ-તીવ્ર - સ્મર-રુજ ઉપમન્ત્રિન્ ભણ્યતામન્યવાર્તા ।।૮।।

સાન્વય-વિવેચન : વયં = અમે (ગોપીજને), **જિહ્મવ્યાહૃતં** = કપટથી કહેલું એ સાધન-ફલ-કાલનાં વાક્યો, "**પહેલાં મેં જુઠું કહ્યું નથી,**" અને "આપે કરેલા સત્કાર્યનો બદલો દઈ શકું નહિ" તેમાં અન્યથા સમજ અમારી છે થઈ, - "આ અમને અસત્ય કહેશે નહિ" અને "**ઋણી ગણાવતા હોવાથી ઉદાસીન થશે નહિ**", તેથી તે), **ઋતં** = સત્ય, **ઈવ** = જેમ (હોય તેમ), **શ્રદ્ધાનાઃ** = શ્રદ્ધવાળાં (થયાં), **કુલિક-રુતં** = હરિણના વેષમાં ગાતા શિકારીને વિશિષ્ટ-હરિણ સમજીને, ભ્રમથી, (પોતાના હરિણને છોડીને જતાં), છેતરાએલી હરિણીઓ, **ઈવ** = જેવા, **અજ્ઞાઃ** = અજ્ઞાનવાળાં, કૃષ્ણ-**કૃષ્ણ-વધ્વઃ** = કૃષ્ણાપત્નીઓ (અમે છીએ), **હરિણ્યઃ** = (પેલાં) હરિણીઓ (બંને રીતે નષ્ટ-ભ્રષ્ટ છે, તેમ અમે ગોપભાર્યાઓ છીએ ! ઈશ્વર-ક્ષત્રિય-યાદવ-પત્નીઓ નથી; પરંતુ તે (કૃષ્ણ) ગોપ રૂપે રહેલા, "**આ ગોપ છે, - અમારું હિત કરશે,**" - અમે માનીને પ્રવૃત્ત થયાં, પણ તે ઈશ્વર જ હતા ! ઈશ્વર જ થયા ! પણ નષ્ટ થયાં અમે ગોપિકા) !, **એતત્** = આ, **દદશું:** = જોયાં !, **અસકૃત** = વારંવાર, **તન્નખ-સ્પર્શ-ત્તીવ્ર-સ્મર-રુજઃ** = તે (ભગવાન્

કૃષ્ણ)ના નખોના સ્પર્શથી તીવ્ર સ્મરપીડા જેને છે તેવાં અમને !, (નેત્રકટાક્ષાદિ) તો ભૂલાય પણ ખરા ! નખક્ષત નહિ !- અન્ય-વેદના તો ઔષધથી પણ શમે ! સ્મર તો સ્મરણથી પીડા વધારે !), **ઉપમન્ત્રિન્** = હે ઉપમન્ત્રિન્ ! (નિકટમાં રહેનારા નીતિજ્ઞ !), **અન્ય-વાર્તા** = બીજીવાત, **ભણ્યતાં** = કહો !

કૃષ્ણએ અમને કપટી કહ્યું અમે તેને સત્ય જેવું જાણ્યું. શ્રદ્ધાળું થયાં. હરણિઓ હરિણના વેષમાં ગાતા શિકારીને વિશિષ્ટ હરિણ સમજે છે. આ ભ્રમથી છેતરાય છે. અમે અજ્ઞાનવાળાં કૃષ્ણપત્નીઓ પેલી હરિણીઓ જેવા થયા. અમને કૃષ્ણના નખના સ્પર્શથી થયેલી તીવ્રપીડાનું સ્મરણ છે. ભ્રમરને ઉપમન્ત્રિન્ (નિકટમાં રહેનાર નીતિજ્ઞ) કહી બીજી વાત કરવાનું કહે છે.

શ્રી ગોપીજનો પ્રભુએ કહેલાં વાકયો યાદ કરે છે. ભગવાને કહેલું કે તમારા ઋણમાંથી હું છુટી ન શકું. પ્રભુએ કહ્યુ છે કે પહેલાં જૂઠું કહ્યુ નથી. એમ પણ કહ્યું કે આપે કરેલા સત્કાર્યનો બદલો આપી ન શકાય.

ગોપીજનોને એમ થયું કે આવા પ્રભુ અસત્ય નહી કહે. ઋણી હોવાથી ઉદાસીન થશે નહી. આથી ગોપીજનો તે સત્ય માની શ્રદ્ધાવાળાં થયા.

હરણિઓ પોતાના હરિણ સાથે ફરે છે. તે વખતે શિકારી આવે છે. તેણે હરિણનો વેષ ધર્યો છે. ગીત ગાય છે. હરિણઓ આથી છેતરાય છે. સાથેના હરિણને છોડી આ વિશિષ્ટ હરિણ પાસે જાય છે. આથી હરિણીઓ બંને રીતે નષ્ટ-ભ્રષ્ટ થાય છે. ગોપીજનો કહે છે અમે કૃષ્ણપત્નીઓ છીએ. પેલી હરિણી જેવા અજ્ઞાનવાળાં છીએ અમે કૃષ્ણ પત્નીઓ કૃષ્ણને ગોપ તરીકે માનતા હતા. તે અમારૂં હિત કરશે તેવું વિચાર્યું હતું. કૃષ્ણપત્ની હોવાથી અમે ઈશ્વર-ક્ષત્રિય કે યાદવ પત્નીઓ નથી.

પણ પ્રભુતો ઈશ્વર જ હતાં. ઈશ્વર જ થયાં, પણ અમે નષ્ટ થયાં.

પ્રભુએ, ગોપીજનોને નખના સ્પર્શની તીવ્ર પીડા આપી છે. પ્રભુના નેત્ર કટાક્ષ ભૂલાય પણ ના નખક્ષતની તીવ્ર સ્મરપીડા તો સ્મરણ કરતાં વધે છે. માટે હે નિકટમાં રહેનાર નીતિજ્ઞ ભ્રમર તું હવે બીજી વાત કર.

પ્રિય-સખ પુનરાગાઃ પ્રેયસા પ્રેષિતઃ કિં વરય કિમનુરુન્ધે માનનીયોઽસિ મેઙ્ગ ।
નયસિ કથમિહાસ્માન્ દુસ્ત્યજ-દ્વન્દ્વ-પાર્શ્વં સતતમુરસિ સૌમ્ય શ્રીર્વધૂઃ સાકમાસ્તે ।।૯।।

સાન્વય-વિવેચન : પ્રિયસખ = હે પ્રિયના મિત્ર !, **પુનરાગાઃ** = ફરી પાછા આવો, **પ્રયેસા** = પ્રિયે (ફલદાતા ભગવાને), **પ્રેષિતઃ** = મોકલ્યા છે ?, **કિં** = શું ?, **વરય** = વરાદન માગો !, **કિં** = શું, **અનુરુન્ધે** = ઈચ્છેલુ આપું ?, **અઙ્ગ** = હે મિત્ર **માનનીયઃ** = માન યોગ્ય, **અસિ** = છો !, **ઈહ** = અહીં, (નિરોધ-સ્થાન- ગોકુલથી), **અસ્માન્** = અમને (અનેકને), **કથં** = કઈ રીતે, **નયસિ** = (તમે કએકલા) લઈ જાવ છો ?! **દુસ્ત્યજ -દ્વન્દ્વ-પાર્શ્વં** = દુસ્ત્યજ દ્વન્દ્વ (સ્ત્રી-પુરુષ રૂપ લક્ષ્મીજી અને ભગવાન્) વાળા પાસે ! (ભગવાન્ નિત્ય પત્ની-યુક્ત છે, શક્તિ ભિન્ન કરીને કૃષ્ણ ભગવાન્ અવતર્યા છે.), **સૌમ્ય** = હૈ સૌમ્ય !, **ઉરસિ** = વક્ષઃસ્થલમાં, **સતતં** = નિત્ય, **શ્રીઃ** = લક્ષ્મીજી, **વધૂઃ** = પત્ની, **સાકં** = સાથે, **આસ્તે** = રહે છે. (વક્ષઃસ્થલમાં લક્ષ્મીજી જ પત્ની રૂપે રહે છે, લોકોને બતાવવા માટે (‘‘શ્રીવત્સ’’) લક્ષણ રૂપે થયાં છે.)

હે પ્રિયના મિત્ર ! ફરી પાછા આવો. પ્રિયે મોકલ્યા છે ? વરદાન માંગો. ઈચ્છેલું શું આપું ? હે મિત્ર માન યોગ્ય છો. દુસ્ત્યજય દ્વન્દ્વવાળા પાસે અહીંથી અમને કઈ રીતે લઈ જાવ છો ? હે સૌમ્ય ! તેમના વક્ષઃસ્થલમાં નિત્ય લક્ષ્મીજી પત્નીરૂપે સાથે રહે છે.

ગોપીજનો ભ્રમરને પ્રિયના મિત્ર કહી પાછો બોલાવે છે. પૂછે છે કે ફલદાતા ભગવાને મોકલ્યા છે ? હે ભ્રમર, કંઈક વરદાન માંગો. શું ઈચ્છેલું તમને આપીએ ?

ભ્રમરને મિત્ર કહીને કહે છે કે તમે માન યોગ્ય છો. અહીં ગોકુલથી અમને બધાને કઈ રીતે ભગવાન પાસે લઈ જશો ? આ ભગવાન દ્વન્દ્વ સ્વરૂપ છે અર્થાત્ લક્ષ્મીજી રૂપ સ્ત્રી અને ભગવાન રૂપ પુરુષ વાળા છે. ભગવાન નિત્ય પત્ની યુકત છે. પ્રભુના વક્ષઃ સ્થલે લક્ષ્મીજી નિત્ય રહે છે. લક્ષ્મીજી પત્ની રૂપે જ રહે છે. પ્રભુ લોકોને બતાવવા ‘‘શ્રીવત્સ’’ ચિહ્ન વક્ષઃસ્થળે ધરે છે.

અપિ બત મધુપુર્યામાર્ય પુત્રોઽધુનાસ્તે, સ્મશ્રિત સ પિતૃ ગેહાન્ સૌમ્ય બન્ધૂંશ્ચ ગોપાન્ ।
ક્વચિદપિ સ કથાંનઃ કિઙ્કરીણાં ગૃણીતે, ભુજમગરુ સુગન્ધં મૂદર્ન્યધાસ્યત્ કદા નુ ।।૧૦।।

સાન્વય-વિવેચન : અપિ = શું ?, **બત** = અહો !, **આર્ય-પુત્રઃ** = આર્ય (નન્દ કે વસુદેવના) પુત્ર (ભગવાન્), **અધુના** = અત્યારે (ઉપનયન પછી વિદ્યાભ્યાસ માટે ગયા હતા, તેમ સાંભળેલુ, ત્યાંથી આવીને), **મધુ-પુર્યાં** = (પુષ્ટિનગરી) મથુરામાં, **આસ્તે** = રહે છે. ?, **સઃ** = તે, **પિતૃ-ગેહાન્** = પિતાન ઘરને (સ્વચ્છન્દ-વિહારોને), **સ્મરિત** = સ્મરે છે ?, **સૌમ્ય** = હે સૌમ્ય !, **બન્ધૂન્** = નન્દજીના ગોત્રના ગોવાળોને, **ચ** = અને (ગોકુલ-વાસીઓને સ્મરે છે ?) **ક્વચિત્** = ક્યાંક, (રસાભાસ કે લૌકિક વાતોમાં), **અપિ** = પણ, **સઃ** = તે, **નઃ** = અમારી, **કિઙ્કરીણાં** = દાસીઓની, **કથાં** = વાતને, **ગૃણીતે** = કહે છે ?, **અગરુ-સુગન્ધં** = અગરુસુગંધવાળા, **ભુજં** = ભુજને, **મૂર્ધ્નિ** = (અમારા) મસ્તકે, **કદા** = ક્યારેક ?, **નુ** = શું ?, **અધાસ્યત્** = પધરાવશે ?!

અહો ! શું આર્યપુત્ર અત્યારે મથુરામાં રહે છે ? પિતાના ઘરને સ્મરે છે ? હે સૌમ્યા તે નન્દજીના ગોત્રના ગોવાળોને અને ગોકુલવાસીઓને સ્મરે છે ? અમ દાસીઓની વાત કયાંક પણ કહે છે ? અગરુ સુગંધવાળા ભુજને અમારા મસ્તકે કયારે પધરાવશે ?

ગોપીજનો ભ્રમરને કૃષ્ણ વિષે પૂછે છે. કૃષ્ણને આર્ય પુત્ર અર્થાત્ નન્દ કે વસુદેવના પુત્ર કહે છે. ગોપીજનોએ સાંભળેલુ કે કૃષ્ણ ઉપનયન પછી વિદ્યાભ્યાસ માટે ગયા છે તેથી પુછે છે કે હાલમાં તે ભણી આવીને મથુરાનગરીમાં રહે છે ? પિતાના ઘરે કરેલા સ્વચ્છન્દ વિહારોને યાદ કરે છે. ? ગોવાળો અને ગોકુલવાસીઓને સ્મરે છે ? રસાભાસ વખતે કે લૌકિક વાતોમાં અમ દાસીઓની વાત કહે છે ?

પ્રભુનો ભુજ અગરુની સુંગધવાળો છે તે અમારા મસ્તકે કયારે ધરશે ?

❖ ❖ ❖

લખાયેલા પુસ્તકો		**ન્યોછાવર** **(પોસ્ટેજ ખર્ચ અલગ)**
૧.	શ્રી ગોપીનાથજી	
૨.	શ્રી પુરુષોત્તમજી લેખવાલા	અપ્રાપ્ય
૩.	વિવેક ધૈર્યાશ્રય (ગુજરાતી-અંગ્રેજી)	અપ્રાપ્ય
૪.	કૃષ્ણાશ્રય	અપ્રાપ્ય
૫.	સંપ્રદાય અને અધિકાર	૧૦/-
૬.	રસોવૈસઃ	૧૦/-
૭.	ભક્તિવર્ધિની	૧૦/-
૮.	શ્રી ગુસાંઈજી પ્રકટયા ન હોત તો ?	૧૦/-
૯.	ધન્ય ભાગ્ય જેને વ્રજમંડલ જોયું	૧૦/-
૧૦.	અય મન કરલે સહન (સૂરદાસજી)	૧૦/-
૧૧.	સિદ્ધાંત મુક્તાવલી	૧૦/-
૧૨.	કીર્તન અને પુષ્ટિમાર્ગ	૧૦/-
૧૩.	આર્તિ માટે આરતી (આં.પુ.વૈ.પ. દ્વારા પ્રકાશિત)	
૧૪.	શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ્	૧૦/-
૧૫.	પંચગીત	૧૦/-

આ પુસ્તકોની પ્રાપ્ત થતી ન્યોછાવર પરિષદની ભરૂચ શાખાને ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવે છે.

ગો.વા. સવિતાબેન શાંતિલાલ શાહ (દેત્રોજ)

ના સ્મણાર્થે

હસ્તે ગિરિશભાઈ શાહ (U.S.A.)